નમ: સમયસારાય

# શ્રુત જિજ્ઞાસા

## ડૉ. હરીભાઇ ની શાસ્ત્ર નોંધ


સંકલન કર્તા

ડૉ. રમેશભાઇ હરીભાઇ પારેખ


# સંકલન કર્તા નું નિવેદન

ડૉ. હરીભાઇ મકનજીભાઇ પારેખ સમ્યગ્દ્રષ્ટિ વિદ્વાન સાધક હતા. તેમણે છ દર્શનનો અભ્યાસ કર્યો હતો. જૈન દર્શનનો ખૂબ અભ્યાસ કર્યો હતો અને જૈન દર્શન જ પૂર્ણ સત્ય દર્શન છે તથા મુક્તિ નો માર્ગ જૈન દર્શનમાં જ સ્પષ્ટ છે તેવું માનતા હતા. પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના પ્રવચનો નિયમિત સાંભળતા હતા અને તે માટે સોનગઢ પણ જતાં. ઘણા જૈન સત્ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો અને તેમાંથી ઘણું યાદ હતું. શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથનો તો એટલો અભ્યાસ હતો કે કૃપાળુ દેવના કેટલાય પત્રો અને પદો તેમને મોઢે હતા. શાસ્ત્ર અભ્યાસ કરતી વખતે જે તે વિષયની પરમાર્થ ભૂત વિશેષ વાત તે ગ્રંથમાં તેજ પાના ઉપર અથવા છેલ્લા પાના પછી લખી લેતા. તેમણે અભ્યાસ કરેલા દરેક ગ્રંથમાં આવી અતિ ઉપયોગી નોંધ જોવા મળે છે. વળી જે તે શાસ્ત્રની પ્રયોજન ભૂત વાતની ગાથા અને પ્રકરણ સહિત નોંધ જુદી નોટબુકમાં પણ લખતા. પૂ. ગુરુદેવના પ્રવચન, રાત્રી ચર્ચા તથા પૂ. બહેનશ્રીના વ્યક્તિગત માર્ગ દર્શન વગેરે માંથી પ્રાપ્ત થયેલ, સાધકને માટે અતિ મહત્વની વાતો તેમની વીસેક નોટબુકમાં જોવા મળે છે. આ બધાનો લાભ મને તો થયો જ છે, પણ સ્વાધ્યાય દરમ્યાન આનો ઉલ્લેખ કર્યો તો કેટલાય સ્વાધ્યાયીઓએ તે પ્રાપ્ત કરવા રસ દાખવ્યો, તેથી આ બધી નોંધને સંકલિત કરીને પ્રકાશિત કરવાનો વિકલ્પ આવ્યો. **આ સંકલનમાં ડૉ. હરીભાઇ દ્વારા શાસ્ત્રમાં કરાએલ નોંધનો સમાવેશ કરેલ છે.** જ્યાં (હ) લખેલ છે તે તેમનું સ્પષ્ટતા માટે લખાયેલ વાક્ય છે. તેમની વીસેક નોટબુકના લખાણોનું જુદું સંકલન **“ડો. હરીભાઇ ની આધ્યાત્મિક ડાયરી”** નામથી છે.

આ સંકલન તૈયાર કરવામાં **મેઘાબહેન તથા નિર્મળભાઈ જીતેન્દ્રભાઈ શાહ** એ ઘણી મદદ કરી છે, તેમનો આભાર વ્યક્ત કરીએ છીએ. **જય જીનેન્દ્ર.**

## ડૉ. હરીભાઇ ની શાસ્ત્ર નોંધ

# શ્રુત જિજ્ઞાસા



ડૉ. હરીભાઇ મકનજીભાઇ પારેખ

# શાસ્ત્ર ક્રમણિકા


| શાસ્ત્ર | પાનાં નંબર |
|---|---|
| ૧. અધ્યાત્મ સંદેશ | ૪ |
| ૨. મોક્ષ માર્ગ પ્રકાશક | ૨૫ |
| ૩. દ્રવ્ય દ્રષ્ટિ પ્રકાશ | ૬૪ |
| ૪. કળશ અમૃત (સમયસાર કળશ ટીકા) | ૭૬ |
| ૫. પ્રવચનસાર | ૯૯ |
| ૬. નિયમસાર | ૧૨૫ |
| ૭. પરમાત્મ પ્રકાશ | ૧૩૩ |
| ૮. યોગસાર પ્રાભૃત | ૧૪૫ |
| ૯. આત્મ સંબોધન (યોગસાર પ્રવચન) | ૧૫૩ |
| ૧૦. પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | ૧૬૪ |
| ૧૧. ઇષ્ટોપદેશ | ૧૭૦ |
| ૧૨. બૃહદ્ દ્રવ્ય સંગ્રહ | ૧૭૭ |
| ૧૩. પદ્મનન્દિ પંચ વિંશતિ | ૨૦૭ |
| ૧૪. સર્વાર્થ સિદ્ધિ | ૨૩૪ |


સમયસાર, રત્ન કરંડક શ્રાવકાચાર, તત્વાર્થ સૂત્ર વગેરે શાસ્ત્રોમાં લખાયેલ નોંધો નો અહીં સમાવેશ કરેલ નથી. આ 'શ્રુત જિજ્ઞાસા' ની પ્રથમ ડીજીટલ આવૃત્તિ તા.૧૮-૧૦-૨૦૨૪ આસો વદ ૧ વિ.સં. ૨૦૮૦ ના દિને પ્રકાશિત કરી www.tatvadhara.com ઉપર મૂકેલ છે.

# ડૉ. હરીભાઇ ની શાસ્ત્ર નોંધ માંથી

## અધ્યાત્મ સંદેશ

આ સંકલન મુખ્યપણે પંડિત ટોડરમલજીની રહસ્ય પૂર્ણ ચિઠ્ઠી તથા બનારસીદાસજીની પરમાર્થ વચનીકા વગેરે ઉપર પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામી ના પ્રવચનોના પુસ્તક 'અધ્યાત્મ સંદેશ' (દ્વિતીય આવૃત્તિ) ઉપર આધારિત છે.

# અનુક્રમણિકા


| વિષય | પાનાં નંબર |
|---|---|
| ૧. જ્ઞાયક સ્વભાવને લક્ષે એકાગ્રતાનો અભ્યાસ | ૬ |
| ૨. તા.૨૫-૩-૮૫ ના દિવસે બહેનશ્રી સાથે ની ચર્ચા | ૭ |
| ૩. જ્ઞાનીને અજ્ઞાન ટળતા શું થાય છે | ૮ |
| ૪. નિર્વિકલ્પ અનુભવ કેટલા સમયના આંતરે થાય | ૧૦ |
| ૫. સ્વાનુભૂતિ પૂર્વક કેવા પરિણામ હોય | ૧૦ |
| ૬. સમયસાર (ગાથા-૫) - સ્વાનુભવમાં મતિ-શ્રુતનું પ્રત્યક્ષપણું | ૧૧ |
| ૭. પ્રથમ અનુભવ કેમ (કેવી રીતે) થાય | ૧૨ |
| ૮. સ્વ દ્રવ્યમાં પરિણામની એકાગ્રતા | ૧૪ |
| ૯. સમ્યક્ પ્રતીતિ | ૧૬ |
| ૧૦. સમકિતી નું કાર્ય | ૧૮ |
| ૧૧. જ્ઞાનીનું જ્ઞાન | ૧૯ |
| ૧૨. આગમ – અધ્યાત્મ – શુદ્ધ ચેતના પદ્ધતિ | ૨૨ |

# ડૉ. હરીભાઇની અધ્યાત્મ સંદેશની નોંધ માંથી

## અંતરંગ પુરુષાર્થ

**૧. જ્ઞાયક સ્વભાવને લક્ષે સાંભળે, મનન કરે, ઘોલન કરે, એકાગ્રતાનો અભ્યાસ કરે --- આનો અર્થ શું ?**

જે કંઈ સત્સમાગમ માં સદ્ ગુરુ પાસેથી સાંભળે તેમાં જ્ઞાયક ભાવની વાતને વિશેષ લક્ષ પૂર્વક સાંભળે, તે સંબંધી કોઈ ન્યાય, ઉદાહરણ આદિ હોય તેને યાદ રાખે તે પછી મનન કરે – ચિંતન કરે. જેમ પોલીસ ઇન્સપેક્ટર શકમંદ ચોરો સાથે-ગુનેગારો સાથે વાતે વળગે અનેક પ્રશ્નો પૂછે, આડી અવળી ઘણી જરૂરી-બિન જરૂરી વાતો કર્યે જાય પણ તેનું લક્ષ તો એવા એકાદ વાક્ય, વાત કે શબ્દ ઉપર હોય છે, જેમાંથી તેને ગુન્હાની કડી મળી રહે. આ પ્રકારે સાંભળે તેથી જ્ઞાયક સ્વભાવ પોતે છે તેનો દૃઢ નિર્ણય થાય. સાંભળેલ, વાંચેલ વાતનો મનન દ્વારા વિચાર કરીને વાત પાકી કરે. ઘોલન એટલે વિશેષ સૂક્ષ્મતા થી વિચાર, કે જે વખતે તેને અંતરમાંથી કોઈ નવો ભાવ પ્રગટે – જેનાથી "જ્ઞાયકભાવ" દ્રઢ થાય, અંદરથી ઉલ્લાસ, આનંદ આવે. લીંડી પીપરને ઘૂંટી ત્યારે કહેવાય કે જ્યારે તેમાં તીખાશ વધે. તેમ ઘોલનને ઘોલન ત્યારે કહેવાય કે તેમાંથી ઉલ્લાસ અને આનંદ આવે. જો અંદરથી કંઈ નવું ન આવે તો ધારણા જ્ઞાનમાં જ ઊભો છે. આનંદ અનુભવવો, વેદવો અને આનંદમાં ડૂબી જવું તે મોક્ષ માર્ગ છે.

આનંદમાં ડૂબી જવું એટલે સ્વરૂપમાં ડૂબી જવું, કારણ કે સ્વરૂપ આનંદરૂપ છે.

## ૨. તા.૨૫-૩-૮૫ ના દિવસે બહેનશ્રી સાથે ચર્ચા કરતાં તેમણે નીચેની વાત સ્પષ્ટ પણે કહી.

(૧) જ્ઞાનીને શુદ્ધ પરિણતી ચાલુ હોય છે તેથી તેને સહજ શાંતિ નું વેદન – ભેદજ્ઞાનધારા – જ્ઞાતાધારા ચાલુ જ છે. પછી ભલે ઉપયોગ બહાર હોય – શુભાશુભ ભાવમાં હોય.

(૨) પ્રથમ અસ્પષ્ટ વેદન આવે છે – પછી ધીરે ધીરે સ્પષ્ટ થઇ જાય છે. બનારસીદાસને પ્રથમ અસ્પષ્ટ છાયા ભાષ્યમાન થયેલ અને પછી પૂર્ણ દ્રવ્યનો અનુભવ થાય તેવી દશા હતી.

(૩) દ્રવ્ય સામાન્ય વિશેષાત્મક હોય તેનું વેદન પણ દ્રવ્ય સામાન્ય અને પર્યાય વિશેષ નું હોય છે. દ્રષ્ટિ સામાન્ય ઉપર છે. પર્યાયમાં ક્યારેક વિશેષ શાંતિનું વેદન, ક્યારેક સુખનું વેદન [ક્યારેક બળનું વેદન ( હ)] સામાન્ય વેદન સાથે હોય છે. ષટ્ ગુણ હાનિ વૃદ્ધિ દ્રવ્ય પર્યાય માં ગુણનું વિશેષ વેદન હોય છે.

(૪) કરોડપતિ હોય તેના ખીસામાં કરોડ રૂપિયા ન હોય છતાં તેને પ્રત્યેક પળે કરોડ ની ખુમારી તો વર્તી જ રહી છે. પોતે કરોડપતિ છે તેવી નિ:શંકતા, ખુમારી અને તેનાથી ઉત્પન્ન થતો સંતોષ, સુખ, મોટાઈ આદિ પ્રતિ પળે વર્તી જ રહ્યા છે.

તેમ જ્ઞાનીને લબ્ધ પરિણતિ નું સમજવું. ભલે ઉપયોગ બહારમાં હોય છતાં તેને પ્રતીતિ, સુખ, શાંતિ આદિ તો સદાય વર્તી જ રહ્યા છે.(હ)

## ૩. જ્ઞાનીને અજ્ઞાન ટળતાં શું થાય છે ?

(૧) જ્યારે આત્મા જ્ઞાની થાય ત્યારે જ્ઞાન ને લીધે જ્ઞાન ના આદિથી માંડીને પૃથક પૃથક સ્વાદનું સ્વાદન-અનુભવન હોવાથી (અર્થાત્ પુદગલ કર્મના અને પોતાના સ્વાદ નો એક રૂપે નહિ પણ ભિન્ન ભિન્ન પણે અનુભવ હોવાથી) જેની ભેદ સંવેદન શક્તિ ઉઘડી ગઈ છે એવો હોય છે, તેથી તે જાણે છે કે અનાદિ નિધન નિરંતર સ્વાદમાં આવતો અત્યંત મધુર જે ચૈતન્ય રસ તે જ એક જેનો રસ છે એવો આ આત્મા છે અને કષાયો ભિન્ન રસ વાળા છે, તેમની સાથે એક પણાનો વિકલ્પ કરવો તે અજ્ઞાનતા છે. આ રીતે પોતાને અને પરને ભિન્ન પણે જાણે છે તેથી અકૃત્રિમ (નિત્ય) એક જ્ઞાન જ હું છું, પરંતુ કૃત્રિમ (અનિત્ય) અનેક જે ક્રોધાદિક છે તે હું નથી તેમ જાણતો થકો "હું ક્રોધ છું" તેવો વિકલ્પ કરતો નથી તેથી સમસ્ત કર્તૃત્વ થી છૂટે છે. (સમયસાર ગાથા-૯૭ ની ટીકા માંથી)

(૨) જ્ઞાનીને નિરંતર સ્વ નો સ્વાદ આવે છે – સવિકલ્પ દશામાં પણ અહીં બતાવ્યું કે આત્મા અને રાગ ભિન્ન છે – તેવો ભિન્ન સ્વાદ આવે છે - તે સવિકલ્પ દશામાં જ હોય છે, નિર્વિકલ્પ માં રાગાદિ દેખાતા જ નથી.

(૩) જેટલું દ્રવ્ય નિર્મળ થયું તેટલું નિર્મળ પરિણમન પરિણતિ રૂપે જ્ઞાનીને ચાલુ જ છે. જો ઉપયોગ નું જોડાણ કરે તો આ આનંદ આદિ રૂપ પરિણમન જ્ઞાન માં દેખાય (અનુભવાય) છે. જ્ઞાનીને ત્યાં ગમો હોવાથી વૃતિ સહેજે તે તરફ જાય છે – ઉપયોગ તે તરફ જાય છે. પરિણમન તો ચાલુ જ છે, જો દશા મંદ હોય અને ઉપયોગ બહાર માં હોય તો તે વખતે વેદન ન હોય-અલ્પ હોય તેમ લાગે છે. જેટલા ગુણો અંશે શુદ્ધ થયા તેનું શુદ્ધ આંશિક પરિણમન હોય જ છે. તેથી આનંદ આદિની વર્ષા ચાલુ જ છે. ઉપયોગ જોડતા તે દેખાય છે. વળી સહજ શાંતિ નું વેદન તેને સતત ચાલુ છે, જેટલા કષાય ગયા તેટલી શાંતિ ચાલુ જ છે. ઉપયોગ મૂકે તો વધારે સ્પષ્ટ દેખાય.(હ) જેટલી દ્રવ્યની શુદ્ધિ તેટલી મૂડી અંદર માં જમા થઇ ગઈ, જ્યારે ઈચ્છા હોય ત્યારે વાપરી શકાય. આનંદ આદિનું સતત વહેણ ચાલુ થઇ ગયું છે; સામે જુએ તો વિશેષતા થી દેખાય છે.

(૪) ચોથા ગુણસ્થાન થી શરૂ કરીને દરેક ગુણસ્થાને તે તે ભૂમિકાને યોગ્ય શુદ્ધતા ની ધારા નિરંતર વર્તે છે.

(૫) જ્ઞાનીને વિષય કષાય નો રસ અંતર થી સર્વથા છૂટી જાય, એમાં ક્યાંય અંશ માત્ર આત્મા નું હિત કે સુખ ન લાગે. એટલે એમાં(વિષયોમાં) સ્વછંદે તો ન જ વર્તે. એ 'સદન નિવાસી તદપિ ઉદાસી' હોય છે.

(૬) જ્ઞાની પોતાનું સ્વરૂપ વિચારે, અનુભવે, ધ્યાવે, ગાવે, શ્રવણ કરે તથા નવધાભક્તિ, તપ ક્રિયા પોતાના શુદ્ધ સ્વરૂપની સન્મુખ થઇ કરે, એ જ્ઞાનીના

આચાર છે. જ્ઞાની ઉદય ભાવનો તમાશગીર (પ્રેક્ષક) હોય છે, પણ કર્તા ભોક્તા નથી હોતો. (અધ્યાત્મ સંદેશ માંથી)

## ૪. નિર્વિકલ્પ અનુભવ કેટલા સમયના આંતરે થાય ?

સમ્યગ્દ્રષ્ટિ ને ચોથા ગુણસ્થાને વધુમાં વધુ કેટલા આંતરે નિર્વિકલ્પ સ્વાનુભવ થાય જ એ સંબંધી કોઈ ચોકસ માપ જાણવામાં આવતું નથી. ચોથા ગુણસ્થાને ઘણા કાળના અંતરાળે થાય છે. સાતમાં ગુણસ્થાને મુનિને તો અંતર મુહૂર્ત માં થાય છે.

## ૫. સ્વાનુભૂતિ પૂર્વક કેવા પરિણામ હોય છે ?

(૧) સમ્યગ્દ્રષ્ટિ શ્રાવક ને પણ ધ્યાન વખતે મુનિ જેવો ગણ્યો છે, તે શ્રાવક ધ્યાન વખતે આનંદના વેદનમાં લીન છે – કોઈ વિકલ્પ નથી. (આ ધ્યાન નિર્વિકલ્પ અનુભવરૂપ સમજવું. હ*)

(૨) સ્વાનુભૂતિ ની ઉગ્રતા અનુસાર મોક્ષ સધાય છે.

(૩) જ્ઞાનીઓને સ્વભાવ પરિણામ એક સરખા હોય પણ વિકાર પરિણામ ભિન્ન ભિન્ન છે. (કારણ કે) સમ્યગ્દ્રષ્ટિ નિશ્ચયમાં લીન છે અને વ્યવહારથી મુક્ત છે. (અધ્યાત્મ સંદેશ માંથી)

(૪) જ્ઞાનીની શક્તિ (હેય-ઉપાદેય શક્તિ) ગુણસ્થાન અનુસાર વધતી જાય છે અને ગુણસ્થાન યોગ્ય બાહ્ય ક્રિયા હોય છે – અને તે (બાહ્ય ક્રિયા) એક ગુણસ્થાને વર્તતા ઘણાને જુદી જુદી હોય પણ તે ગુણસ્થાન ને શોભે તેવી હોય. હેય એટલે ત્યાગવારૂપ પોતાની અશુદ્ધતા, જ્ઞેય એટલે વિચાર રૂપ છ દ્રવ્યોનું સ્વરૂપ અને ઉપાદેય એટલે આચરવા રૂપ પોતાના દ્રવ્યની શુદ્ધતા.

(૫) એક ગુણમાં અનંત ગુણનો રસ છે તેથી એક ગુણ દ્વારા અખંડ આત્મા નું સ્થૂળતા થી જ્ઞાન થઇ શકે છે.(હ)

**૬. સમયસાર (ગાથા-૫) માં કહે છે કે ‘હું મારા નિજ વૈભવથી શુદ્ધ આત્મા દેખાડું છું તે સ્વાનુભવ પ્રત્યક્ષથી પ્રમાણ કરજો.’ ત્યાં શ્રોતાઓ તો મતિ-શ્રુત જ્ઞાન વાળા છે, જો સ્વાનુભવમાં મતિ-શ્રુત પ્રત્યક્ષ ન હોય તો આમ  કેમ કહે ?**

(૧) મતિ-શ્રુત જ્ઞાન પણ પ્રત્યક્ષ કેવળ જ્ઞાન જેવા જ જોરદાર-નિ:સંદેહ યથાર્થ છે, તેથી મતિ-શ્રુત જ્ઞાનથી થયેલ સ્વાનુભવને પ્રત્યક્ષ કહીએ છીએ તો કોઈ દોષ નથી. આ રીતે આગમની સામાન્ય શૈલીમાં મતિ-શ્રુતને પરોક્ષ કહીએ છીએ, તેને અધ્યાત્મ શૈલીમાં પ્રત્યક્ષ પણ કહેવાય. તે જ્ઞાનમાં સ્વાનુભવ વખતે સૂક્ષ્મ બુદ્ધિપૂર્વકનું જોડાણ (જેટલા અંશે) છૂટી ગયું છે તેટલા અંશે તેમાં પ્રત્યક્ષ પણું છે. જે અબુદ્ધિપૂર્વક વિકલ્પ છે તેમાં મનનું અવલંબન છે પણ આત્મા નું જે સ્વ સંવેદન

છે તેમાં તો મનનું અવલંબન છૂટી ગયું છે. તેમાં કેવળજ્ઞાન જેવું પ્રત્યક્ષપણું ભલે નથી પણ સ્વાનુભવ પ્રત્યક્ષપણું છે. (અધ્યાત્મ સંદેશ માંથી)

(૨) શ્રુતજ્ઞાન માં પણ એવી બેહદ તાકાત છે કે કેવળ જ્ઞાન અનુસાર બધા તત્વો ને જાણી લ્યે. અહીં પ્રયોજનભૂત તત્વોની અપેક્ષાએ વાત સમજવી. શ્રુત જ્ઞાનીનું જ્ઞાન અને કેવળ જ્ઞાનીનું જ્ઞાન એ બંનેની જાત એક જ છે. શ્રુતજ્ઞાને પણ બધા પદાર્થોના સ્વભાવનો (ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવ, અસ્તિ-નાસ્તિ સ્વભાવ વગેરેનો) કેવળ જ્ઞાન અનુસાર પરોક્ષ નિર્ણય કરી લીધો છે કે જગતના પદાર્થોનો આવો સ્વભાવ હોય. કેવળી ભગવાન બધા પદાર્થોની ક્રમબદ્ધ અવસ્થા જાણે અને શ્રુત જ્ઞાની તેનાથી વિપરીત જાણે તેમ બનતું નથી. મતિ-શ્રુત ભલે અલ્પ હોય પણ તે કેવળજ્ઞાન અનુસાર હોય છે. (અધ્યાત્મ સંદેશ માંથી)

(૩) સમકિતીને સ્વાનુભવ માં જે પ્રત્યક્ષપણું કહ્યું છે તે ઇન્દ્રિયોનું અવલંબન નથી તે અપેક્ષાએ પણ કહ્યું છે.

વળી દર્શન-પ્રતિતી અને આનંદ નું વેદન તો પ્રત્યક્ષ છે, પણ જ્ઞાન માં પરોક્ષ પણું છે.(૨*)

## ૭. પ્રથમ અનુભવ કેમ (કેવી રીતે) થાય ?

(૧) જેને હજી અનુભવ થયો નથી તે "જ્ઞાનસ્વરૂપ છું" એવો પાકો નિર્ણય કરે છે.

"હું શુદ્ધાત્મા જ્ઞાન સ્વભાવી છું" – "જ્ઞાયક માત્ર" છું કે "જ્ઞાનમાત્ર" છું તેવો નિર્ણય કરે છે. અનેક પ્રકારે તત્વોનો વિચાર કરી અનેક રીતે તેનું અન્વેષણ કરી તત્વોના અન્વેષણ થી "હું જ્ઞાનમાત્ર છું" એવો પાકો નિર્ણય કરે છે. જ્ઞાયકને લક્ષે સાંભળે, ચિંતવન કરે, ઘોલન કરે, એકાગ્રતાનો અભ્યાસ કરી ઉપયોગ સૂક્ષ્મ કરે – તેમ કરતાં "હું જ્ઞાનસ્વભાવી છું" તેવો પાકો નિર્ણય થાય છે. ચારે બાજુથી વિચારી એવું પાકું નક્કી કરે કે કદી ફરે નહીં. આવો પરોક્ષ પાકો નિર્ણય પ્રથમ કરે છે.

(૨) શાંત પરિણામ વડે સ્વરૂપનું ધ્યાન કરવાનો ઉદ્યમ કરે છે. પરિણામને જરાક સ્થિર કરે પછી પરના વિચાર છૂટીને કેવળ નિજસ્વરૂપના જ વિચાર રહે. જે સ્વરૂપ મુમુક્ષુએ પરોક્ષ નિર્ણયમાં લીધું છે તેનો અત્યંત મહિમા લાવીને તેના વિચારમાં મનને એકાગ્ર કરે છે. પર દ્રવ્યોમાંથી અને પર ભાવો માંથી તો અહં બુદ્ધિ છોડી છે અને નિજસ્વરૂપને જ પોતાનું માનીને તેમાં જ અહં બુદ્ધિ કરી છે.

(૩) જે મુમુક્ષુએ હજી એક પણ વખત નિર્વિકલ્પ અનુભવ કર્યો નથી તેને પ્રથમ "હું જ્ઞાનસ્વભાવી જ છું" તેવો પરોક્ષ પાકો નિર્ણય થાય છે. આ જે 'સ્વરૂપ નિર્ણય' કર્યો છે તેનો ફરી ફરી મહિમા લાવી તેના જ વિચારમાં એકાગ્ર થાય છે. તેના પરિણામ શાંત થાય છે.

(૪) પરિણામ સ્થિર સાથી થાય છે ? સ્વ પર ના ભેદના વિચાર છે (આવા વખતે પરના વિચારો નથી હોતા કારણ કે પર દ્રવ્યો તથા ભાવો માંથી અહં બુદ્ધિ છૂટી ગઈ છે, પર પદાર્થો માં નિરસતા થઇ ગઈ છે.) પછી કેવળ નિજ સ્વરૂપ ની જ

ભાવના કરે છે. હું શુદ્ધ, બુદ્ધ, આનંદ સ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ, પૂર્ણ સ્વરૂપ, કેવળ જ્ઞાન સ્વરૂપ, કેવળ વીર્ય સ્વરૂપ, કેવળ દર્શન સ્વરૂપ માત્ર દ્રષ્ટા, નિર્વિકલ્પ પરમ ભાવ સ્વરૂપ, નિર્મમ, નિર્મોહ, માત્ર વીતરાગ સ્વરૂપ આદિ – આમ મનને એકાગ્ર કરે છે, મધ્યસ્થતા થાય છે અને આમ ચિંતન કરતાં આનંદ તરંગ ઊઠે છે. આ ઉલ્લાસ નો આનંદ છે, શાંત પરિણામનો આનંદ છે. પછી સ્વભાવ તરફના અતિશય પ્રેમને લીધે રોમાંચ થાય છે, રોમ રોમ ઉલ્લસી જાય છે. અસંખ્ય પ્રદેશે ઉલ્લાસ નો રોમાંચ થાય છે. પછી ચૈતન્ય રસની ઉગ્રતા થતાં તે વિચારો છૂટી જાય છે. પરિણામ સ્વરૂપમાં લીન થાય છે અને સ્વરૂપ (ચિન્માત્ર) જ્ઞાનમાત્ર ભાસવા લાગે છે.

(૫) પહેલાં બધા કષાયનો (શુભ-અશુભનો) રંગ ઉડી જાય...જ્યાં એનો રંગ ઉડી જાય ત્યાં એની અત્યંત મંદતા તો સહેજે થઇ જ જાય, અને પછી ચૈતન્ય નો રંગ ચડતા તેની અનુભૂતિ પ્રગટે. બાકી પરિણામને એકદમ શાંત કર્યા વિના એમ ને એમ અનુભવ કરવા માંગે તો નહીં થાય.

## ૮. સ્વ દ્રવ્યમાં પરિણામ એકાગ્ર કરે એટલે શું ?..... કેવી રીતે કરે ?

### સ્વ દ્રવ્ય એટલે શું ?

(૧) સ્વ દ્રવ્ય એટલે જ્ઞાયક ત્રિકાળ તત્વ. મનમાં જ્ઞાયક તત્વ લેવું એટલે "હું જ્ઞાયક" એમ મનમાં જ્ઞાયકની-સ્વ દ્રવ્યની સ્થાપના થઇ. તેમાં જ મન એકાગ્ર

કરવું. ખરેખર તો "હું જ્ઞાયક" એવા ભાવની સ્થાપના પછી બીજો વિચાર ન આવે ત્યાં સુધી મન એકાગ્ર થયું કહેવાય. ભલે આ કાળ એક સેકન્ડ થી માંડી અનેક સેકંડ સુધી હોય. વળી જે બીજો વિજાતીય વિચાર આવ્યો તેના જવા પછી મનમાં જ્ઞાયક ભાવ જ રહ્યો છે, કારણ કે બીજા વિજાતીય ભાવમાં તમને ગમો (રસ) નથી. તેથી તે જતાં તમને ગમતો જ્ઞાયક ભાવ સહજ જ ત્યાં મનમાં (સ્થાપેલો હતો તે) રહે છે. ફરી "હું જ્ઞાયક" એમ સ્થાપી શકાય પણ તેની જરૂર નથી. ગમતો ભાવ જ મનમાં રહે છે – સ્થાયી રહે છે.

જેમ મનમાં ગુરુ ની મૂર્તિનું સ્થાપન કરીએ તેમ મનમાં પ્રથમ જ્ઞાયક ભાવનું સ્થાપન કરવું. ગુરુ ની મૂર્તિ મનમાં હોય તે જતી રહે અને બીજી કોઈ ચીજ મનમાં દેખાય પણ તે બીજી ચીજ લાંબો વખત રહે નહીં, કારણ કે તે તમને ગમતી ચીજ નથી. તેથી તે દૂર થતાં સહજ ગુરુ મૂર્તિ ફરી મનમાં ખડી થાય છે. વળી જો ખડી ન થાય તો પ્રયત્ન પૂર્વક ખડી કરવી. તેમ "હું જ્ઞાયક" નું સમજવું.

(૨) સાધક જ્યારે આટલો તૈયાર હોય છે ત્યારે તેને સહજ શાંતિ – આનંદ નું (અંશમાત્ર) પણ વેદન હોય છે. તે વેદન પણ જ્ઞાયક નું જ છે. તેથી તેમાં પરિણામ એકાગ્ર કરે તો પણ તેણે સ્વ દ્રવ્યમાં જ પરિણામ એકાગ્ર કર્યા. કોઈને વિકલ્પ થશે કે વેદન તો પર્યાય માં છે અને તેમાં પરિણામ મગ્ન કરે તો પર્યાય માં પરિણામ મગ્ન થયાં, જ્ઞાયકમાં ન થયા. ખરેખર તેમ નથી. જે પરિણામમાં (પર્યાયમાં) શાંતિ તથા આનંદ છે તે પર્યાયમાં દ્રવ્ય છે, તેમાં પર્યાયે દ્રવ્યનો સ્વાંગ ધારણ

કર્યો છે, માત્ર પર્યાય નથી. આનંદ ન હતો ત્યારે પર્યાય રાગ રૂપ હતી જ, પણ જ્યારે આનંદ તે પર્યાય માં આવ્યો ત્યારે પર્યાય દ્રવ્ય રૂપ થઇ. દ્રવ્ય આનંદનો પીંડ છે તેથી આનંદ આવ્યો તેટલે અંશે દ્રવ્ય પર્યાયમાં આવ્યું. પ્રથમ પ્રયોગમાં જ્યાં હું જ્ઞાયક ની સ્થાપના કરી – કલ્પના કરી તે પણ પર્યાયમાં કરી છે. સ્થાપન જ્ઞાયક નું કર્યું છે – બીજાનું નહીં. આ સ્વ દ્રવ્યમાં પરિણામ એકાગ્ર કરવાનો માર્ગ છે, આ સિવાય બીજો કોઈ માર્ગ નથી. "સર્વ અવસ્થામાં ત્રિકાળીને ટાંકી દો".

(૩) એકગ્રતામય ધ્યાનથી પરિણામની વિશુદ્ધતા થતી જાય છે અને રાગના અંશો ઘટતાં ઉપયોગ સૂક્ષ્મ થતો જાય છે. ઉત્કૃષ્ટ વિશુદ્ધ પરિણામ થતાં તુરત તેનો અભાવ થઇ નિર્વિકલ્પતા થાય છે. જ્યારે નિર્વિકલ્પતા થાય છે ત્યારે ઉપયોગ પૂર્ણ રીતે સૂક્ષ્મ થયો કહેવાય. જેમ જેમ પરિણામ વિશુદ્ધ થાય છે તેમ તેમ અશુદ્ધતાના અંશો ઘટતાં જાય છે. વિશુદ્ધ પરિણામ માત્ર શુભ પરિણામ છે તેમ નથી, તેમાં અશુદ્ધતા ક્રમે ક્રમે ઓછી થતાં શુદ્ધતા ગર્ભિત પડી છે તે અવસર પ્રાપ્ત થતાં પ્રગટ થાય છે. ઉત્કૃષ્ટ વિશુદ્ધ પરિણામ થયા વિના તેનો અભાવ થઇ શુદ્ધ ઉપયોગ પ્રગટતો નથી. આ અપેક્ષાએ વ્યવહારને – શુભને શુદ્ધનું કારણ શાસ્ત્રમાં કહ્યું છે. વ્યવહાર સમ્યગ્દર્શન નિશ્ચયનું કારણ કહ્યું હોય ત્યાં ઉપર પ્રમાણે ભાવ સમજવા.

## ૯. સમ્યક્ પ્રતીતિ :-

(૧) કોઈ મુમુક્ષુ જીવ અંતરના પુરુષાર્થથી સ્વ પરના યથાર્થ શ્રદ્ધાનરૂપ તત્વાર્થ

શ્રદ્ધાન કરે ત્યારે તે જીવ સમ્યક્ત્વી થાય છે. જ્ઞાન અંતર્મુખ થતાં આત્માના નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય અને તેની સાથે "આ જ હું છું" એવી સમ્યક્ આત્મ પ્રતીતિ થાય તે જ સમ્યગ્દર્શન છે.

(૨) સમ્યક્ત્વ શુદ્ધ આત્માની પ્રતીતિ રૂપ નિર્વિકલ્પ છે. સમકિતી નો જ્ઞાનનો ઉપયોગ સ્વમાં હો (નિર્વિકલ્પ) કે પરમાં હો (સવિકલ્પ દશામાં) ત્યારે પણ સમ્યક્ત્વ એવું ને એવું જ વર્તે છે. સવિકલ્પ દશા વખતે પણ સમ્યક્ત્વની ધારા તો એવી ને એવી જ વર્તે છે. સમ્યગ્દર્શન થયું તેટલી શુદ્ધ પરિણતી તો શુભ-અશુભ વખતે પણ ધર્મીને વર્તે છે. 'આ શરીર મારું નથી, આ રાગ મારો નથી, હું શુદ્ધ આત્મા છું' એમ ધર્મીને – સમકિતીને કાંઈ ગોખવું નથી પડતું, દરેક ક્ષણે શુભાશુભ વખતે પણ એને સમસ્ત પર દ્રવ્યો અને સમસ્ત પર ભાવોથી ભિન્ન શુદ્ધ આત્માની પ્રતીતિ થઇ છે તે વર્ત્યા જ કરે છે.

(૩) કોઈ પ્રશ્ન કરે કે શુભ-અશુભ માં ઉપયોગ વર્તતો હોય ત્યારે સમ્યક્ત્વ કેવી રીતે સંભવે? ઉત્તર આમ છે કે, સમકિત એ કાંઈ ઉપયોગ નથી, સમકિત એ તો પ્રતીતિ છે. વળી સમ્યગ્દર્શન માં કાંઈ પરોક્ષ-પ્રત્યક્ષ પણું નથી. સમ્યગ્દર્શન તો શુદ્ધ આત્માના શ્રદ્ધાન રૂપ જ છે. શુભાશુભમાં ઉપયોગ વર્તાતો હોય ત્યારે પણ શુદ્ધ આત્માનું અંતરંગ શ્રદ્ધાન તો ધર્મીને એવુંને એવું વર્તે છે, સ્વ-પરનું જે ભેદ વિજ્ઞાન થયું છે તે તો તે વખતે પણ વર્તી જ રહ્યું છે. હું તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ જ છું – એવી નિશ્ચય અંતરંગ શ્રદ્ધા ધર્મીને શુભ અશુભ વખતેય ખસતી નથી.

(૪) સમ્યગ્દર્શન થયા પછી જો શુભ-અશુભ પરિણામ થાય જ નહિ તો તો તરત જ (પૂર્ણ)વીતરાગતા અને કેવળજ્ઞાન થઇ જાય, પણ એમ બધાને બનતું નથી. સમ્યગ્દર્શન પછી પણ જ્યાં સુધી પોતાના સ્વરૂપમાં પૂર્ણ લીનતા (સ્થિરતા) ન થાય ત્યાં સુધી પોતાના ચારિત્રની નબળાઈ ને લીધે ધર્મીને શુભાશુભ ભાવોરૂપ પરિણમન થાય છે. અને તે ભાવોને ધર્મી પોતાનો સ્વભાવ માનતો નથી તેમ જ તે ભાવો કર્મે કરાવ્યા છે એમ પણ માનતો નથી.

## ૧૦. સમકિતી નું કાર્ય :-

(૧) (નિર્વિકલ્પ) સ્વાનુભવમાં જે વિશેષ સ્વાદ ચાખ્યો છે તેમાં ફરી ફરી ને ઉપયોગ જોડાવાની ભાવના તેને વર્તે છે તેથી તેને માટે તે વારંવાર પ્રયત્ન કરે છે, કારણ કે સવિકલ્પ અને નિર્વિકલ્પ ઉપયોગ વખતે શ્રદ્ધા એવી ને એવી હોવા છતાં નિર્વિકલ્પ માં વિશેષ આનંદનું વેદન થાય છે જે સવિકલ્પ માં હોતું નથી. સ્વ ને જાણતી (અનુભવતી) વખતે આનંદ ધારા માં ઉપયોગ તન્મય થયો હતો તે વિશિષ્ટ આનંદ નિર્વિકલ્પ દશામાં અનુભવાય છે.

(૨) નિર્વિકલ્પ અનુભવમાં ચૈતન્ય ગોળો એવો જુદો અનુભવાય છે કે બહારમાં શું બની રહ્યું છે તેનું લક્ષ-ભાન નથી. દેહ છે કે નથી તેનુય લક્ષ નથી. અતીન્દ્રિય આનંદમાં મગ્ન છે. (પોતે આનંદ રૂપ થઇ જાય છે. હ*) આ નિર્વિકલ્પ અનુભવને અતીન્દ્રિય કહીએ છીએ.

(૩) સ્વાનુભવ માં પહેલાં કરતાં કાંઈ બીજું સ્વરૂપ જાણ્યું એમ નથી, એટલે કે જ્ઞાનીને અનુભવમાં જાણપણાની અપેક્ષાએ વિશેષતા નથી પણ પરિણામની મગ્નતા છે તે વિશેષતા છે.

(૪) જે સ્વરૂપ પહેલાં અનુભવ્યું છે અથવા નિર્ણયમાં લીધું છે તેનો મહિમા લાવી તેના વિચારમાં મનને એકાગ્ર કરે છે. હું શુદ્ધ, ચિદાનંદ આદિ રૂપ ચિંતન કરે છે. (નિર્વિકલ્પ દશામાં પહોંચે છે અથવા નથી પહોંચતો તો પણ) જેટલી વીતરાગતા એટલું સુખ જ્ઞાનીને સવિકલ્પ દશા વખતે પણ નિરંતર વર્તે છે.

## ૧૧. જ્ઞાનીનું જ્ઞાન :-

(૧) સ્વને જાણવામાં ઉપયોગ ન હોય તેથી કાંઈ જ્ઞાન અજ્ઞાન થઇ જતું નથી, કેમ કે સ્વ સંવેદન વખતે જે જ્ઞાન થયું છે તે લબ્ધ રૂપે તો વર્તે જ છે. ઉપયોગ ભલે સ્વમાં સદૈવ ન રહે પણ લબ્ધ જ્ઞાન તો પ્રતિ ક્ષણે વર્તી રહ્યું છે, એટલે પર જ્ઞેય ને જાણવા છતાં પણ ધર્મીને તેમાં એકતા થતી નથી. એની પરિણતી અંતરમાં રાગથી કોઈ જુદું જ કામ કરી રહી છે. તેની પ્રતીતિમાં, તેના જ્ઞાનમાં સ્વ જ્ઞેય કદી ભૂલાતું નથી, ઉપયોગ ભલે બહારમાં હો. [જેમ પિતાનો ઉપયોગ ખાવામાં કે બીજા સાથે વાતમાં હો, પણ તે વખતે તેના યુવાન પુત્રના મરણની વ્યથા તેના વેદનમાં ચાલુ જ છે તેમ. (હ)] જ્ઞાનીના અંતરમાં શ્રદ્ધાની અને જ્ઞાનની નિર્મળ ગંગાનો સમ્યગ્ પ્રવાહ વહી રહ્યો છે.

(૨) મતિ-શ્રુત જ્ઞાન જ્યારે સ્વ સન્મુખ થઈને સ્વાનુભવમાં (નિર્વિકલ્પ અનુભવમાં હ*) વર્તે છે ત્યારે તેમાંથી ઇન્દ્રિય-મનનું જેટલું અવલંબન છૂટ્યું તેટલું તો પ્રત્યક્ષ પણું છે. તેમાં જે સ્વાનુભવ થયો તે એકલા આત્માથી થયો છે – બીજા કોઈનું (મનનું હ*) અવલંબન નથી. આત્મા પોતાને ઇન્દ્રિય-મન વગર જ જાણે છે. અલિંગગ્રહણના બોલમાં કહ્યું છે કે આત્મા એકલા અનુમાન વડે કે ઇન્દ્રિય-મન વડે જણાતો નથી.

(૩) અતીન્દ્રિય થયા વિના અતીન્દ્રિય આનંદ ને વેદી શકે નહીં. ઇન્દ્રિય અને અન્ય ચિંતાના નિરોધ વિના આ અનુભવ થતો નથી. અન્ય ચિંતાનો નિરોધ મન દ્વારા થાય છે, માટે મનથી થયું તેમ કહીએ છીએ. (વળી બુદ્ધિ પૂર્વકના વિષયો છૂટી જાય – ચિંતા છૂટી જાય અને અબુદ્ધિ પૂર્વકના વિષયો – ચિંતા રહે છે. હ*) આ બુદ્ધિ પૂર્વકના વિષયો છૂટી જવાથી અંશે મન અને ઈન્દ્રિયોનું અવલંબન છૂટી જાય છે, તેથી મતિજ્ઞાન મનથી છૂટીને અંતર્મુખ થાય છે આમ મતિજ્ઞાન પ્રત્યક્ષ છે કેમકે આત્માના આનંદ ને પ્રત્યક્ષ અનુભવે છે.

(૪) ઇન્દ્રિયો અને મન ઇન્દ્રિયો જ છે, તેના દ્વારા આત્માનો અનુભવ ન થાય કારણ કે આત્મા અતીન્દ્રિય છે. તેથી એકાગ્ર થઈને ઉપયોગ મનથી છૂટો પડે છે ત્યારે સૂક્ષ્મ હોય છે અને તેથી સમગ્ર આત્મામાં ફરી વળે છે, સમગ્ર પ્રદેશોએ ફરી વળે છે અને આત્માને જોઈ લે છે-અનુભવી લે છે.

(૫) અલિંગગ્રહણના બોલમાં સ્પષ્ટ બતાવ્યું છે કે આત્મા ઇન્દ્રિય-મન દ્વારા અનુભવાતો નથી, પ્રત્યક્ષ થતો નથી, આત્મા ઇન્દ્રિય-મન નો વિષય નથી. જો મન અને ઇન્દ્રિયો દ્વારા આત્મા અનુભવાતો હોત તો તે તો પહેલેથી જ હાજર છે તો દરેક સંજ્ઞી પંચેન્દ્રિયો ને આત્માનો અનુભવ થાત જ, પણ થતો નથી, કેમકે આત્મા મન અને ઇન્દ્રિય નો વિષય નથી. (હ)

(૬) કોઈ ભુવનમાં કોઈ માણસ દ્વારથી અંદર પેઠો ત્યારે દ્વાર તેની સાથે ભુવનમાં આવતું નથી. છતાં કહેવાય કે દ્વારથી અંદર પેઠો. તેમ મન દ્વારા અનુભવ થયો તેથી મન સાથે આવ્યું તેમ નથી. મન દ્વારની માફક જ્યાં છે ત્યાં રહે છે અને ઉપયોગ દ્વાર એવા મનને છોડીને અંદર જાય છે. વળી ત્યાં બુદ્ધિપૂર્વક મનનું અવલંબન છૂટી જાય છે તેથી પ્રત્યક્ષ કહીએ છીએ. વળી જ્યાં સુધી અન્ય ચિંતાનો નિરોધ ન થાય ત્યાં સુધી અનુભવ ન થાય. આ અન્ય ચિંતા નિરોધ મન દ્વારા (મનથી) થાય છે, તેથી અનુભવને મન દ્વારા થયો એમ કહીએ છીએ. ખરેખર તો અંતર્મુખ જ્ઞાન મનથી છૂટું પડીને આત્મ પ્રદેશોમાં વ્યાપી જાય છે. જો મન તે વખતે હોય તો આત્માના અભિન્ન કારકો રહેતા નથી, ભિન્ન કારકો થઇ જાય છે.

અહીં બે વિષયોની ચર્ચા કરી છે. [૧] પ્રત્યક્ષ – પરોક્ષ અને [૨] મન દ્વારા – મન રહિત અતિન્દ્રિય. અનુભવ કાળે સ્વાદ-આનંદ પ્રત્યક્ષ છે તેથી પ્રત્યક્ષ કહેવાય અને આત્મ પ્રદેશો પ્રત્યક્ષ નથી તેથી પરોક્ષ કહેવાય. મનથી છૂટીને ઉપયોગ અંતર્મુખ થાય છે, તેથી અનુભવ મન રહિત અતિન્દ્રિય છે, અને આવો

અનુભવ અન્ય ચિંતાના નિરોધ વિના થતો નથી, અને અન્ય ચિંતાનો નિરોધ મન દ્વારા થાય છે માટે મનથી થયો તેમ કહીએ છીએ.

## ૧૨. આગમ – અધ્યાત્મ – શુદ્ધ ચેતના પદ્ધતિ :- ('પરમાર્થ વચનિકા' માંથી)

(૧) આગમ પદ્ધતિ :- (આગમ એટલે જીનવાણી એવો અર્થ અહીંયાં નથી પરંતુ આગમ એટલે નવા આગંતુક વિકારી ભાવો, જે અનાદિ થી ચાલુ છે, તે અશુદ્ધ પર્યાય ની મુખ્યતા થી કથન કરે તે આગમ પદ્ધતિ. આગમ પદ્ધતિ ઉદય ભાવ રૂપ છે. આગમ અનેક દ્રવ્ય આશ્રિત છે.

(૨) અધ્યાત્મ પદ્ધતિ :- જીવમાં જે શુદ્ધ પર્યાય પ્રગટે તે-તે પર્યાયને – શુદ્ધ પર્યાયને મુખ્ય કરીને વર્ણન કરવામાં આવ્યું હોય તે અધ્યાત્મ પદ્ધતિ અને તેના શાસ્ત્રો તે અધ્યાત્મ શાસ્ત્રો. અધ્યાત્મ એક દ્રવ્ય આશ્રિત છે.

અધ્યાત્મ પદ્ધતિ ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક ભાવરૂપ છે.

(૩) આગમ રૂપ કર્મ પદ્ધતિ :- પૌદ્ગલિક દ્રવ્યરૂપ – ભાવરૂપ, દ્રવ્યરૂપ તે દ્રવ્ય કર્મ રૂપ અને ભાવરૂપ તે પુદ્ગલાકાર આત્માની અશુદ્ધ પરિણતી રૂપ પરિણામ. બંને પરિણામ આગમ રૂપ કર્મ પદ્ધતિ.

(૪) શુદ્ધ ચેતના પદ્ધતિ :- શુદ્ધ આત્મ પરિણામ. [૧] જીવત્વ રૂપ એટલે દ્રવ્યત્વ રૂપ શુદ્ધ પરિણામ તે દ્રવ્ય રૂપ શુદ્ધ ચેતના પદ્ધતિ. [૨] ભાવ રૂપ શુદ્ધ પરિણામ એટલે શુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ એટલે ભાવ રૂપ શુદ્ધ ચેતના પદ્ધતિ.

અંતરના આવા માર્ગનો આદર કરીને વારંવાર તેનું ઘોલન કરવા જેવું છે, તેનો ઉત્સાહ કરવા જેવું છે. પર્યાય છોડવાનું કહ્યું છે ત્યાં નિર્મળ પર્યાય છોડી દેવાનું નથી કહ્યું, પણ પર્યાયનો (ભેદનો – અંશનો) આશ્રય છોડાવ્યો છે. અભેદના આશ્રય માટે અનુભવ વખતે પણ પર્યાય છૂટી જતી નથી. પર્યાયને અભૂતાર્થ કહેતા કોઈ નિર્મળ પર્યાયને જ સર્વથા સમજી લે તો તે બરાબર નથી. સત્ ને બધા પડખેથી જેમ છે તેમ સમજવું જોઈએ.

(૫) મુમુક્ષુને અતીન્દ્રિય સુખની વાત કાને પડતાં જ અસંખ્ય પ્રદેશે ઝણઝણાટ થઈને આત્મા ઉછળી જાય. જગત આખાની રુચી તેને છૂટી જાય. જેને અંશ માત્ર પણ રાગની (અને રાગના નિમિત્તોની) રુચિ રહે તેના પરિણામ ચૈતન્ય તરફ વળી શકે નહીં, મોક્ષ સાધે નહીં. પહેલાં બધા કષાય (શુભ-અશુભ)નો રંગ ઉડી જાય...જ્યાં એનો રંગ ઉડી જાય ત્યાં એની અત્યંત મંદતા તો સહેજે થઈ જ જાય અને પછી ચૈતન્યનો રંગ ચડતા તેની અનુભૂતિ પ્રગટે. બાકી પરિણામને એકદમ શાંત કર્યા વગર એમને એમ અનુભવ કરવા માંગે તો નહિ થાય.

(૬) મોક્ષમાર્ગ ચોથા ગુણ સ્થાન થી માંડીને ચૌદમાં ગુણ સ્થાન સુધી કહ્યો છે. સમ્યગ્દર્શન પહેલાં પણ જેમ જ્ઞાનમાં જાણપણું ઉઘડ્યું તેમ કષાયની મંદતારૂપ વિશુદ્ધતા થઇ. વિચાર દશા જાગે ત્યાં કષાયની મંદતા તથા વૈરાગ્ય પરિણામ ભેગા હોય જ. મોક્ષ માર્ગ સાધવો તે વ્યવહાર અને શુદ્ધ દ્રવ્ય અક્રિયારૂપ તે નિશ્ચય

છે. (અધ્યાત્મમાં નિર્મળ પરિણામ ને વ્યવહાર કહે છે અને ત્રિકાળી જીવ - ધ્રુવને નિશ્ચય કહે છે.)

(૭) જગતમાં અનંતા દ્રવ્યો તે પરસ્પર અસહાય, એક દ્રવ્યના અનંતા ગુણો તે પરસ્પર અસહાય, એકેક ગુણની અનંતી પર્યાયો તે પરસ્પર અસહાય, તો પછી તારે બહારમાં કોની સહાય લેવી છે? મારા ગુણ-પર્યાય માં બીજાની સહાય એટલે મારા ગુણ-પર્યાય પર ને આધીન. આવા પરાશ્રિત બુદ્ધિવાળા જીવની પરિણતી સ્વ તરફ ક્યાંથી વળે? વિભાવ પર્યાયનો ઉત્પાદ પણ તેના ઉપાદાનથી છે, કાંઈ પરથી નથી, પણ તે સ્વ આશ્રયે થયેલ નથી પણ પર આશ્રયે થયેલ છે, માટે તેને નિમિત્ત આધીન કહ્યો. છતાં તેનો અર્થ એવો નથી કે તે નિમિત્તે કરાવેલો છે.

(૮) સ્વભાવ કે વિભાવ પર્યાય રૂપ વસ્તુ પોતે પોતાના તે પ્રકારના ઉપાદાનથી પર સહાય વિના પરિણમે છે. આવું વસ્તુ સ્વરૂપ સદાકાળ છે. ઉપાદાન એટલે વસ્તુની સહજ શક્તિ એમ કહ્યું તેમાં એકલી ત્રિકાળી શક્તિ ન સમજવી પણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય ની શક્તિ ઉપાદાન છે.

(૯) જ્ઞાન સ્વ સત્તાવલંબન શીલ હોય છે. તે જ્ઞાનને સહકારભૂત નિમિત્તરૂપ નાના પ્રકારના ઔદયિક ભાવ હોય છે, તે ભાવનો જ્ઞાતા છે પણ તેનો કર્તા, ભોક્તા કે અવલંબી નથી. ઔદયિક ભાવના ભરોશે જ્ઞાન નથી, જ્ઞાન સ્વ શક્તિ પ્રમાણ છે. સ્વ-પર પ્રકાશક જ્ઞાનની શક્તિ, જ્ઞાયક પ્રમાણ જ્ઞાન, સ્વરૂપ આચરણ ચારિત્ર યાથાનુભવ પ્રમાણ – એ જ્ઞાતાનું સામર્થ્ય છે.

# ડૉ. હરીભાઇ ની શાસ્ત્ર નોંધ માંથી

## મોક્ષમાર્ગ પ્રકાશક

આ સંકલન મુખ્યપણે પંડિત ટોડરમલજી રચિત મોક્ષમાર્ગ પ્રકાશક ઉપર  પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામીના પ્રવચનો પર આધારિત છે. પાનાં નંબર 'મોક્ષ માર્ગ પ્રકાશક' ની નવમી આવૃત્તિ ના છે. આ ગ્રંથ ના આઠમાં અધિકારમાં પૂ. હરીભાઇએ કોઈ ખાસ નોંધ લખેલ નથી તેથી આઠમો અધિકાર અનુક્રમણિકા માં નથી.

# અનુક્રમણિકા


| વિષય | પાનાં નંબર |
|---|---|
| ૧. પ્રથમ અધિકારમાંથી સંકલિત અંશો | ૨૭ |
| ૨. બીજા અધિકારમાંથી સંકલિત અંશો | ૨૮ |
| ૩. ત્રીજા અધિકારમાંથી સંકલિત અંશો | ૨૯ |
| ૪. ચોથા અધિકારમાંથી સંકલિત અંશો | ૩૩ |
| ૫. પાંચમાં અધિકારમાંથી સંકલિત અંશો | ૩૫ |
| ૬. છઠ્ઠા અધિકારમાંથી સંકલિત અંશો | ૩૬ |
| ૭. સાતમાં અધિકારમાંથી સંકલિત અંશો | ૩૯ |
| ૮. નવમાં અધિકારમાંથી સંકલિત અંશો | ૫૧ |
| ૯. વચનામૃત | ૫૨ |

# ડૉ. હરીભાઇની મોક્ષમાર્ગ પ્રકાશકની નોંધ માંથી

## ૧. પ્રથમ અધિકાર

૧. જેટલા અંશે ઘાતી કર્મ હીન થાય તેટલા અંશે વીતરાગ વિશેષ જ્ઞાન પ્રગટ થાય છે. અરિહંતાદિક ના સ્તવનાદિ થી ઘાતી કર્મ હીન થાય છે (અહીં શુભને શુદ્ધ ભાવનું નિમિત્ત કારણ કહ્યું છે). સ્તવનાદિમાં તેમના સ્વરૂપનું ચિંતવન, તેમના વચનનું શ્રવણ, તેમના નિકટમાં રહેવું, તેમના વચન પ્રમાણે પ્રવર્તન આદિ સમાય છે. (પાનું-૮)

૨. પર પદાર્થો પ્રત્યેનો રાગ તે તીવ્ર કષાય છે, તેથી પાપનો બંધ થાય છે. અરિહંતાદિ પ્રત્યેનો રાગ-વિનય ભક્તિ તે મંદ કષાય છે, તેથી પૂણ્યબંધ થાય છે. અરિહંતાદિના સ્વરૂપ ચિંતવનથી પૂણ્યનો બંધ પડે છે અને ઘાતી કર્મો હીન થાય છે. (વળી સાચા દેવ ગુરુ માં નવ તત્ત્વ સમાય છે, તેમના સ્વરૂપના ચિંતવનમાં નવ તત્વનું ચિંતવન આવી જાય છે.) રત્નકરંડક શ્રાવકાચારમાં સાચા દેવ-ગુરુ-ધર્મ ની શ્રદ્ધાને સમકિત કહ્યું છે. આ બધા નિમિત્ત કારણો છે.

3. જૈન શાસ્ત્રનું પ્રયોજન શું છે?

કષાય મટાડવા નું તથા લૌકિક કાર્ય ઘટાડવા નું પ્રયોજન છે. (પાનું-૧૬)

[જેટલો સમભાવ પ્રગટે – વીતરાગ ભાવ પ્રગટે, તેટલો કષાય નાશ થાય અને

જેટલી સમતા રહે તેટલી સ્વરૂપ સ્થિરતા રહે અને તેટલો કષાય ઉત્પન્ન ન થાય. (નગીનભાઈ તા.૩-૬-૮૭)]

૪. જેને પોતાના સ્વરૂપનો  અનુભવ નથી તે જૈન ધર્મનો મર્મ ન જાણી શકે. માત્ર શાસ્ત્ર જ્ઞાનધારી પદ્ધતિ દ્વારા વક્તા થાય પણ જૈન ધર્મનું સ્વરૂપ પ્રગટ ન કરી શકે. (પાનુ-૧૬)

## ૨. બીજો અધિકાર

૧. કર્મ બંધન રોગ છે, તે રોગ તને લાગુ પડ્યો છે તે પ્રથમ નક્કી કર, કારણ કે રોગીની જ દવા થાય.

૨. કર્મ કર્તા થઈને ઇચ્છા પૂર્વક જીવનો ઘાત કરે તો કર્મમાં ચૈતન્ય પણું હોવું જોઈએ તો જ ચિંતન કરી, નક્કી કરી જીવનો ઘાત કરે, પણ કર્મ તો જડ છે, તેમાં તેવી શક્તિ નથી.

૩. ઉદીરણા – સમય વિના કર્મનો પાક થવો, સમય થયા પહેલાં કર્મફળ આવવું.
૪. અબાધાકાળ - કર્મ જ્યાં સુધી ઉદય સ્વરૂપ કે ઉદીરણા સ્વરૂપ નથી થતું ત્યાં સુધીના સમયને અબાધાકાળ કહે છે.

૫. ચૈતન્ય એટલે જ્ઞેય ને સામાન્ય-વિશેષ પણે જાણે. (ચેત=જાણવું, અન્ય જ્ઞેય પદાર્થને) જે જ્ઞેય માત્રને જાણે તે ચૈતન્ય.

૬. મતિ જ્ઞાન પરાધીન છે, કારણ કે તે ઇન્દ્રિય તથા મન ની અપેક્ષા રાખે છે. મતિ જ્ઞાન કુંઠિત એટલા માટે છે કે તે પોતાની મર્યાદા બહાર જાણી ન શકે. દરેક ઇન્દ્રિય જાણવાની ઉત્કૃષ્ટ લબ્ધિરૂપ છે, પણ મર્યાદા બહાર ન જાણી શકે.

૭. જીવને એક કાળમાં કોઈ એક જ વિષયનું દેખવું થાય તે દર્શનોપયોગ અને જીવને એક કાળમાં કોઈ એક જ વિષયનું જાણવું થાય તે જ્ઞાનોપયોગ.

૮. શ્વાસોચ્છવાસ એ પવન છે અને હાડ-માંસ ની જેમ તે શરીરનું અંગ છે.

## ૩. ત્રીજો અધિકાર

૧. મિથ્યા દર્શન ના નિમિત્ત થી ક્ષયોપશમિક જ્ઞાન અજ્ઞાન રૂપ થયું.

૨. મોહના નિમિત્ત થી જીવને ઇન્દ્રિય વિષયની ઈચ્છા નિરંતર થયા કરે છે, તેથી તે દુઃખી થાય છે અને તે દુઃખ દૂર કરવા વિષયોમાં ઝંપલાવે છે. જો દુઃખી ન હોય તો શા માટે વિષય સેવન કરે ? ઇન્દ્રિય વિષયની ઈચ્છા જ દુઃખરૂપ છે. ("ઇન્દ્રિય વિષયો પ્રત્યે તારું મન જાય છે એ જ બતાવે છે કે તું દુઃખી છે" – પ્રવચનસારમાંથી) સુખ વિષય રૂપ પદાર્થમાં નથી, પણ મનમાં છે, મનની કલ્પનામાં છે, કલ્પિત છે, મોહયુક્ત મનમાં છે, મોહથી દૂષિત જ્ઞાનમાં છે, જુઠું છે. ખરેખર તો ક્ષયોપશમિક જ્ઞાન દુઃખનું કારણ નથી, પણ મોહથી વિષય ગ્રહણની ઇચ્છા છે તે જ દુઃખનું કારણ છે.

૩. દર્શનમોહના ઉદયથી મિથ્યા દર્શન થાય છે. મિથ્યા એટલે વિપરીત, દર્શન એટલે શ્રદ્ધા, પ્રતીતિ, નિર્ણય.

મિથ્યાદર્શન એટલે વિપરીત જ્ઞાન શ્રદ્ધાન. (હરિભદ્રસૂરી)

૪. મોહથી જ દુઃખ થાય છે. તે મોહ બે પ્રકારે છે. દર્શનમોહ અને ચારિત્ર મોહ.

૫. શરીર કર્મનું રૂપ છે, (નામ)કર્મે આપ્યું છે. તે કર્મને આધીન છે, જીવને આધીન નથી.

## મિથ્યાદર્શન થી થતી મિથ્યા પ્રવૃત્તિ:-

૧. કર્મરૂપ શરીર, કર્મના ઉદયે પ્રાપ્ત શરીરને પોતાનું માને, તેમાં થતી ક્રિયાને પોતાની માને.

૨. સ્વયં પ્રાપ્ત પુત્ર, સ્ત્રી, કુટુંબ, ધન આદિને પોતાના માને. શરીર તથા પુત્ર, સ્ત્રી, કુટુંબ આદિ પોતપોતાને આધીન છે, છતાં આ જીવ તેને પોતાને આધીન માનીને જયારે તે બધા પોતાની ઇચ્છા પ્રમાણે ન પરિણામે ત્યારે ઘણો દુઃખી થાય છે.

૩.બાહ્ય સામગ્રીમાં ઇષ્ટ-અનિષ્ટ પણું કરી નિરંતર વિષયોની ઈચ્છા કરે છે, પર પદાર્થોમાં સુખ માને છે- અને તેથી રાગ દ્વેષ કરે છે, કષાય ભાવે પરિણામે છે.

## તેના ઉપાયનું જૂઠાપણું:-

૧. અભાગ્યથી કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્રનું નિમિત્ત મળતાં (તત્ત્વ શ્રદ્ધાનને બદલે ઊલટું) અતત્ત્વ શ્રદ્ધાન પુષ્ટ કરે છે.

૨. કદાચિત સુદેવ, સુગુરૂ, સુશાસ્ત્રનું નિમિત્ત મળી જાય તો ત્યાં તેમના નિશ્ચય ઉપદેશની તો શ્રદ્ધા કરતો નથી, માત્ર વ્યવહાર શ્રદ્ધા કરે તેથી અતત્ત્વ શ્રદ્ધાન ચાલુ રહે છે.

૩. પોતાની શ્રદ્ધા પ્રમાણે, ઇચ્છા પ્રમાણે પદાર્થોને પરિણમાવવા ઇચ્છે છે – પણ અનાદિનિધન વસ્તુ ન્યારી ન્યારી પોતાની મર્યાદા પૂર્વક પરિણમે છે. આવી ઇચ્છા જુઠ્ઠો ઉપાય છે, આવી પોતાની શ્રદ્ધા મિથ્યા દર્શન છે.

## સાચો ઉપાય શું છે?

ભ્રમ દૂર કરવો, તે ભ્રમ દૂર કરવાથી સમ્યક શ્રદ્ધા થાય એ જ સાચો ઉપાય છે. જેવું પદાર્થનું સ્વરૂપ છે તેવું જ શ્રદ્ધાન થાય તો સર્વ દુઃખ દૂર થાય.

## સુખી થવાનો સાચો ઉપાય શું છે?

૧. જેવું પદાર્થનું સ્વરૂપ છે, તેવું યથાર્થ શ્રદ્ધાન થાય તો દુઃખ મટે. પદાર્થ મારા પરિણમાવ્યા પરિણમે નહિ એમ માની એને પરિણમાવવાનું છોડે તો દુઃખ દૂર થાય. ભ્રમ છોડી સ્વરૂપનું યથાર્થ શ્રદ્ધાન કરવું. પર પદાર્થોમાં ઇષ્ટ અનિષ્ટ પણું ન કરવું.

૨. પરમાં ઇષ્ટ અનિષ્ટ પણું મટવાથી ચારિત્રમોહનો અનુભાગ ઘટે, કષાયો ઘટતાં ઘટતાં નાશ થાય, તેથી અનાકુળ સુખની પ્રાપ્તિ થાય.

૩. મોહના ઉદયે જીવને દાન, લાભ, ભોગ, ઉપભોગ અને પરલક્ષી વીર્ય શક્તિનો ઉત્સાહ ઉપજે છે, પણ અંતરાય કર્મના ઉદયથી તે બની શકતું નથી. અંતરાય કરનાર ચેતન અચેતન દ્રવ્યોને દૂર કરવાનો જૂઠો ઉપાય કરે છે – સાચો ઉપાય સમ્યગ્દર્શન છે – તેનાથી મોહ દૂર થતાં ભોગ ઉપભોગની ઈચ્છા દૂર થાય છે, તેથી સુખ થાય છે.

૪. વેદનીય કર્મ જનિત સુખ દુઃખ સમ્યગ્દર્શન થતાં દૂર થાય છે, તે થતાં પર સામગ્રીથી સુખ દુઃખ ન ભાસે, સુખ દુઃખ પોતાના પરિણામથી થાય છે તેમ ભાસે. વળી સમ્યગ્દર્શન થતાં મોહ મંદ થાય તેથી અનેક ઇષ્ટ અનિષ્ટ કારણો મળતાં સુખી દુઃખી ન થાય. સાચા સુખને અનુભવે. તત્ત્વ વિચારના અભ્યાસથી ઇષ્ટ અનિષ્ટ સામગ્રી મળતાં સુખી દુઃખી ન થાય.

૫. આયુકર્મ – શરીરમાં અહં બુદ્ધિ થતાં મરણનો ભય ઉત્પન્ન થાય છે. મરણથી બચવા ઔષધ આદિ કરે, ગઢ કોટ આદિ બનાવે પણ આ ઉપાય જૂઠા છે, કારણ કે આયુ કર્મ પૂરું થતાં મરણ તો થશે જ. સમ્યગ્દર્શન પ્રગટ કરે તો શરીર આદિમાં અહં બુદ્ધિ છૂટે, અનાદિનિધન ચૈતન્યમાં અહં બુદ્ધિ થાય, શરીરને એક સ્વાંગ માને. આમ થતાં મરણ ભય ટળે.

૬. નામકર્મના ઉદયથી ગતિ, જાતિ, શરીર આદિ ઉપજે છે. પૂણ્યથી સાતાવેદનીય અને પાપથી અસાતાવેદનીય ની માફક સારા કે ખરાબ શરીર સુખ દુઃખ ના કારણ નથી (મિથ્યાત્વ થી એમ લાગે છે પણ) સમ્યગ્દર્શન થી તેમાં ઇષ્ટ અનિષ્ટ પણું

જતાં જીવ સુખી થાય છે.

૭. ગોત્ર કર્મથી ઊંચ-નીચ માની જીવ સુખી દુઃખી થાય છે. પણ સમ્યગ્દર્શન થી ઊંચ નીચ ગોત્રમાં સારા માઠા પણું મટે. તેથી તે સુખી થાય. જેમ જેમ કષાય ઘટતાં જાય અને જ્ઞાન શ્રદ્ધા વીર્ય રૂપ શક્તિ વધતી જાય તેમ તેમ દુઃખ ઘટતું જાય.

૮. જેટલો કષાય તીવ્ર એટલી ઇચ્છાઓ વધારે. ઇચ્છા મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમ થી થાય છે. ઇચ્છા ત્યારે જ દૂર થાય જયારે મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમ દૂર થાય અને સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર ની પ્રાપ્તિ થાય. માટે સાચા સુખની પ્રતિ અર્થે તેનો ઉદ્યમ કરવો.

## ૪. ચોથો અધિકાર

૧. તદ્ ભાવ = તત્ત્વ = અર્થ.

ભાવ = સ્વરૂપ.

પદાર્થનું સ્વરૂપ = પદાર્થનો ભાવ

પૂણ્ય એક તત્ત્વ છે, તે તત્ત્વ ભાવ રૂપ છે, તેનું સ્વરૂપ કે ભાવ જાણવો જરૂરી છે. તે જાણ્યે તત્ત્વ નું યથાર્થ જ્ઞાન થાય છે.

૨. ક્ષયોપશમ ઘણો હોય તે કાર્યકારી નથી, પણ યથાર્થ શ્રદ્ધાન સંસાર નું નાશક છે તેથી યથાર્થ શ્રદ્ધાન કાર્યકારી છે.

૩. સુખ થાય તેવા પ્રયોજનની સિદ્ધિ જીવાદિક તત્ત્વો નું સત્ય શ્રદ્ધાન કરતાં જ થાય છે. સ્વ-પર નું જ્ઞાન અવશ્ય જોઈએ. સ્વ-પરનું જ્ઞાન થતાં દુઃખ દૂર થાય છે. સ્વ-પર નું જ્ઞાન જીવ-અજીવ નું  જ્ઞાન થતાં થાય છે. નવ તત્ત્વ નું જ્ઞાન થતાં જીવ-અજીવ નું જ્ઞાન થાય છે, સ્વ-પર નું જ્ઞાન થાય છે. દુઃખનું કારણ કર્મ બંધન છે અને તેનું કારણ મિથ્યાત્વ આદિ આશ્રવ છે.

આશ્રવ જાણવો જોઈએ. આશ્રવનો અભાવ સંવર છે, તેથી સંવર જાણવો જોઈએ. કર્મ બંધનનો અભાવ કરવો તે નિર્જરા છે, તેથી નિર્જરા જાણવી જોઈએ. કર્મ બંધનો સર્વથા અભાવ તે મોક્ષ છે, માટે મોક્ષને પણ જાણવો જોઈએ.

૪. મિથ્યા દર્શન સહિત મિથ્યા જ્ઞાન હોય છે. તે મિથ્યા જ્ઞાન જ્યારે તત્ત્વો ને જાણે છે ત્યારે ત્રણ દોષ ઉત્પન્ન થાય છે – સંશય, વિપર્ય અને અનધ્યવસાય. જીવાદિ તત્ત્વો માં સંશય, વિપર્ય અને અનધ્યવસાય રૂપ જે જાણવું થાય છે તે મિથ્યા જ્ઞાન છે. પ્રયોજનભૂત જીવાદિ તત્વોને જાણવાની અપેક્ષાએ જ્ઞાન ને મિથ્યા જ્ઞાન કે સમ્યગ્ જ્ઞાન કહ્યું છે. મિથ્યા દ્રષ્ટિ (મિથ્યા જ્ઞાન થી) જાણે છે તે સત્તા-અસત્તા ના ભેદોને યથાર્થ જાણતો નથી તેથી તેના જાણવામાં તે કારણ વિપરીતતા, સ્વરૂપ વિપરીતતા અને ભેદાભેદ વિપરીતતા ઉપજાવે છે.

૫. મિથ્યાદર્શન સંસારનું કારણ છે - છતાં મિથ્યાજ્ઞાન ને જુદું શા માટે કહો છો?

જ્ઞાન પ્રયોજનભૂત તત્ત્વો ને જાણવામાં અને નિર્ણય કરવામાં ન લાગે તે જ જ્ઞાનનો દોષ થયો, તેથી તેને મિથ્યા જ્ઞાન કહ્યું. તે મિથ્યાજ્ઞાન અપ્રયોજનભૂત ને જાણવામાં અને તેનો નિર્ણય કરવામાં લાગે છે – પણ પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વો જાણવા અને નિર્ણય કરવામાં લાગતું નથી. જે કાંઈ વિવેક થાય છે, નિર્ણય થાય છે તે જ્ઞાન દ્વારા જ થાય છે.  મતિ જ્ઞાનના ભેદો અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા છે, તે જ બતાવે છે કે નિર્ણય જ્ઞાન દ્વારા થાય છે.

૬. રાગ-દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ અને નોકષાય તે મિથ્યા ચારિત્ર છે. મિથ્યા ચારિત્ર ના ભેદો છે.

૭. પરમાં ઇષ્ટ-અનિષ્ટ પણું માની અનુકુળનો સદ્ ભાવ અને પ્રતિકુળ પદાર્થોના અભાવ ઈચ્છે છે. પણ કોઈ પદાર્થનું પરિણમન પોતાની ઈચ્છા પ્રમાણે થતું નથી. સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવ રૂપ પરિણમે છે.

૮. કોઈ પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ નથી, છતાં તેમ માનવું તે મિથ્યા છે.

## ૫. પાંચમો અધિકાર

**શ્વેતાંબર કથનો જે યથાર્થ ન ગણાય તે આ પ્રમાણે છે:**

**કેવળી સબંધી મિથ્યા માન્યતા:**

૧. કેવળી ને આહાર, નિહાર અને રોગ હોય

૨. કેવળી નમસ્કાર કરે

૩. કેવળી કોઈને ઘેર જઇ ઉપદેશ આપે

**ગુરુ સબંધી મિથ્યા માન્યતા:**

૧. મુનિને વસ્ત્ર-પાત્ર નું ગ્રહણ માનવું

(મુનિને તો નવ કોટીએ પરિગ્રહ ત્યાગ હોય છે, વસ્ત્ર-પાત્ર તો પરિગ્રહ કહેવાય)

૨. આહાર માટે ગૃહસ્થને ઘેર જઇ યાચના કરવી

**ધર્મમાં અયથાર્થતા:**

૧. સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર માં ભૂલ - વ્યવહાર શ્રદ્ધાન, જ્ઞાન, ચારિત્ર ને નિશ્ચય સમ્યક્ દર્શન, જ્ઞાન ચારિત્ર માને છે.

૨. વ્યવહાર ધર્મમાં પણ વિપરીતતા છે:

(અ) નિંદકને મારવામાં પાપ નથી (સુમળાચાર્યનું દ્રષ્ટાંત)

(બ) પ્રતિમાને આભરણ આદિ બનાવે છે.

## ૬. છઠ્ઠો અધિકાર

૧. કુદેવ-દેવી, ભૈરવ, પીર આદિને ન માનવા.

૨. જૈન માં માનવા વાળા ક્ષેત્રપાળ, પદ્માવતી દેવી, યક્ષ- યક્ષિણીઓને દેવ તરીકે

માની તેમની પૂજા-સત્કારાદિ ન કરવા, કારણ કે જૈન માં સંયમ ધારવાથી પૂજ્યપણું થાય (૧૭૭).

૩. દિગંબર મુનિ સિવાયનાને મુનિ ન માનવા (૧૮૩).

૪.સમ્યક્ત્વ રહિત જીવ વંદન યોગ્ય નથી (૧૮૫).

૫. મિથ્યા દ્રષ્ટિ કુગુરુને મિથ્યા દ્રષ્ટિ છે એમ જાણવા છતાં પણ લજ્જા, ભય અને ગારવથી સન્માન કરે છે તે પાપની અનુમોદના કરે છે (૧૮૫) માટે જાણીને સન્માનાદિક ન કરવું.

૬. નિર્ગ્રંથ મુનિ વિના બીજા સર્વ પ્રકારે ગુણવાન નથી – પછી ભલે શાસ્ત્ર ભણાવે – તેવાને ગુરુ ન માનવા, તેમની સ્તુતિ ન કરવી, તેથી પાપ થાય છે.

નગીનભાઈ સાથેની વાતમાંથી :-

કોઈ પણ વેશ – સંપ્રદાય માં સમ્યગ્દ્રષ્ટિ થઇ શકે છે, તો શ્વેતાંબર મતના સાધુને આહાર આદિ ન આપવા તે યોગ્ય નથી – આવે તો આપવા જોઈએ. પોતાના ધર્મગુરુ (માનવા)ની અહીં વાત નથી. જે સાધુ કોઈ દિવસ ન આવ્યા હોય, અપરિચિત હોય તેને મિથ્યા દ્રષ્ટિ કેવી રીતે માની લેવા ? માટે આહાર આપવો.

૭. સાચા શ્રદ્ધાની તો કુગુરુની સેવા- શુશ્રુષા ન કરે.(૧૯૬) કુગુરુને સેવ્યા તે કારણ વિપરીતતા થઇ, તેથી તેનું (ધર્મનું) શ્રદ્ધાન દૃઢ ન થયું (૧૯૭).

**ખાસ નોંધ :-**

છઠ્ઠા અધિકારમાં જેને નિશ્ચય પ્રગટ છે તેનો વ્યવહાર કેવો ન હોય અને કેવો હોય તે બતાવ્યું છે. તેને સાચા વીતરાગ દેવ, નિર્ગ્રંથ ગુરુ (અઠ્યાવીશ મૂળ ગુણ પાળનાર) તથા દયા મૂળ ધર્મની શ્રદ્ધા હોય. જેમાં વિષય કષાય વધે તેવી ધર્મની ક્રિયા, દાન આદિને ધર્મ ન માને. વીતરાગ ભાવ પોષક ધર્મ ક્રિયા, દાન આદિને ધર્મ માને.

જે જીવને નિશ્ચય પ્રગટ નથી તેને તો જીન-આજ્ઞા પ્રમાણે વર્તવું પડે. તેને તો નિશ્ચય સહિતનો સાચો વ્યવહાર કેવો હોય તેની ખબર નથી અને સમ્યગ્દ્રષ્ટિ ને ઓળખવાની તેની યોગ્યતા નથી.

જેમને નિશ્ચય પ્રગટ છે તે વ્યવહારને યથાર્થ જાણે છે અને ભૂમિકા ( ગુણસ્થાન) પ્રમાણે તેમનો વ્યવહાર હોય છે. વળી સમજે છે કે વ્યવહાર તે ધર્મ નથી. વ્યવહારને દ્રષ્ટા ભાવે જુએ છે. વ્યવહારની ક્યાંય તાણાતાણ કરતા નથી. તેમની પ્રત્યેક ક્રિયા વીતરાગભાવ-સમભાવ યુક્ત અને સહજ હોય છે. તેમના મુખ ઉપર અને પ્રત્યેક અંગમાં સહજતા અને સમભાવ હોય છે, પ્રત્યેક ક્રિયામાં પણ સમભાવ હોય છે (દેખતા આવડવું જોઈએ).

જ્ઞાનીની વાણીમાં તેમના અનુભવની વાત આવવી જોઈએ, કારણ કે પોતે અનુભવે છે તે કહે છે. કોઈ શાસ્ત્રની ગાથા ઉપર વાત ચાલતી હોય ત્યારે ભલે

અનુભવની વાત ન આવે પણ સામાન્ય સત્સંગમાં તે વાત આવવી જોઈએ. (નગીનભાઈ સાથેની વાતચીતમાંથી તા.૩-૬-૧૯૮૭)

શાસ્ત્ર શીખવાડે તેને ગુરુ ન મનાય, કારણ કે નિર્ગ્રંથ ની માફક સર્વ પ્રકારે મહંતતા ધરાવતા નથી. નિર્ગ્રંથ ચારિત્રધારી જ સાચા ગુરુ છે. (સાધર્મીભાઈ સત્સંગી થાય પણ તેમને ગુરુ ન મનાય).

## ૭. સાતમો અધિકાર

**જૈન ને રહેતું સૂક્ષ્મ મિથ્યાત્વનું કારણ નિશ્ચય અને વ્યવહારનું અયથાર્થ જ્ઞાન:-**

**નિશ્ચયાભાસી મિથ્યાદ્રષ્ટિ નું સ્વરૂપ:-**

૧. પોતાને સર્વથા દ્રવ્ય અને પર્યાય દ્રષ્ટિથી સિદ્ધ સમાન માને. ખરેખર તો તે પર્યાય દ્રષ્ટિએ સંસારી જ છે.

૨. પોતાને કેવળજ્ઞાનાદિનો સદ્ ભાવ પર્યાય અપેક્ષાએ માને, ખરેખર તો શક્તિ અપેક્ષાએ કેવળજ્ઞાન છે.

3. આત્માના પ્રદેશોમાં કેવળજ્ઞાન છે, પણ આવરણ હોવાથી પ્રગટ નથી થઇ શકતું.

૪. રાગાદિ નો પ્રત્યક્ષ સદ્ ભાવ હોવા છતાં પોતાને રાગાદિ રહિત માને છે, પણ રાગાદિ ચેતનમાં થાય છે.

૫. કર્મ-નોકર્મ નો સબંધ હોવા છતાં આત્માને નિબંધ માને છે. એ પ્રમાણે અનેક પ્રકારથી કેવળ નિશ્ચયનયના અભિપ્રાયથી વિરુદ્ધ શ્રદ્ધાનાદિક કરે છે.

## નિશ્ચયાભાસીની સ્વચ્છંદતા – સ્વચ્છંદ પ્રવૃત્તિ અને તેનો નિષેધ:-

૧. પોતાને શુદ્ધ આત્માનો અનુભવ છે - અને તેથી પોતાને સમ્યગ્દ્રષ્ટિ માને છે. જિનવાણીમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાને મોક્ષમાર્ગ કહ્યો છે, તેથી સમ્યગ્દર્શન-જ્ઞાનમાં તો સાત તત્વોનું શ્રદ્ધાન-જ્ઞાન થવું જોઈએ – તેનો આને વિચાર નથી અને સમ્યગ્ ચારિત્ર માં રાગાદિ દૂર કરવા જોઈએ – તેનો આને ઉદ્યમ નથી.

૨. સર્વ અન્ય સાધનોનો નિષેધ કરે છે. શાસ્ત્રાભ્યાસ, દ્રવ્યનું સ્વરૂપ, ગુણસ્થાન, માર્ગણા સ્થાન અને ત્રિલોક આદિના વિચારોને વિકલ્પ ઠરાવે છે, તપશ્ચરણને ક્લેશ માને છે, વ્રતાદિને બંધન માને છે, પૂજાને શુભાશ્રવ જાણી ત્યાગે છે, ઇત્યાદિ સર્વ સાધનોને ત્યાગી પ્રમાદી થાય છે.

## કેવળ નિશ્ચયાવલંબી જીવની પ્રવૃત્તિ:-

૧. નિશ્ચયાભાસી તો પોતાને અનુભવ છે તેમ માને છે. નિશ્ચયાવલંબીની માન્યતા

એમ હોય છે કે માત્ર શુદ્ધાત્માને જાણવાથી (પરલક્ષી – તે પણ યથાર્થ નહિ)

જ્ઞાની થઇ જવાય છે. તેથી કોઈ વખત "હું શુદ્ધ છું - સર્વ કર્મ ઉપાધિ રહિત છું" આદિ વિચારથી સંતુષ્ટ થાય છે. તે વિશેષમાં કેવી રીતે છે તે જાણતો નથી અથવા

અચલ, અનુપમ, અખંડિત આદિ વિશેષણો વડે આત્માને ધ્યાવે છે – પણ તે વિશેષણો તો અન્ય દ્રવ્યમાં પણ સંભવે છે.

૨. વળી કોઈ વેળા વિષય કષાયરૂપ થાય પણ પોતાને બંધ માનતો નથી, માત્ર સ્વચ્છંદી બની રાગાદિ રૂપ પ્રવર્તે છે. પોતાને જ્ઞાની માને છે – તેથી પોતાને બંધ નથી. પરંતુ ત્યાં તેને જ્ઞાન વૈરાગ્ય શક્તિ તો નથી – જે જ્ઞાનીને હોય છે.

૩. કોઈ અશુભમાં ક્લેશ માની વેપારાદિ કે સ્ત્રી સેવન આદિ કાર્ય ઘટાડે છે – શુભને હેય જાણી શાસ્ત્રાદિ અભ્યાસ કરતો નથી અને પ્રમાદિ થઇ પ્રવર્તે છે.

૪. પર દ્રવ્યો – વ્યાપાર, સ્ત્રી-પુત્રાદિક – તેમને ખેદના કારણ જાણી ઉદાસ થાય- [વળી નરકાદિના ભયથી પાપ પ્રવૃત્તિ છોડે (હ)] તેને વૈરાગ્ય તો કષાય ગર્ભિત છે, તેમ પરદ્રવ્ય એવા શાસ્ત્રાદિ વાંચતા વિચારતાં રતિ ઉત્પન્ન થાય તેને અનુભવ જનિત આનંદ કહે, પણ તે તો કષાય ગર્ભિત છે. આ તો પર દ્રવ્યમાં ઇષ્ટ અનિષ્ટ પણું થયું, તેથી વીતરાગતા નથી. દુઃખની સામગ્રી પ્રાપ્ત થતાં સંક્લેશ ન થાય, રાગ દ્વેષ ન ઉપજે ત્યાં નિષ્કષાય ભાવ છે – વીતરાગતા છે.

૫. એ સર્વ વિકલ્પો દર્શન જ્ઞાન આદિના, નય નિક્ષેપ-પ્રમાણ આદિના, નું ચિંતવન વસ્તુ સ્વરૂપનો નિશ્ચય કરવામાં કારણ છે [નિમિત્ત કારણ છે. (હ)]

૬. છદ્મસ્થને વિચાર છે તે જ્ઞાન છે – વિચારનો અભાવ થતાં જ્ઞાન નો અભાવ થાય. વિચાર ન હોય તો જડપણું થાય (૨૧૯).

૭. પર દ્રવ્યને જાણવા અથવા સ્વ દ્રવ્યને જાણવા તેનું નામ વિકલ્પ નથી, પણ રાગ દ્વેષ વશ કોઈ જ્ઞેય જાણવામાં ઉપયોગ લગાવવો કે કોઈ જ્ઞેયને જાણતાં ઉપયોગને છોડાવવો એમ વારંવાર ઉપયોગને ભમાવવો તેનું નામ વિકલ્પ છે. રાગ સહિત જાણવાનું નામ વિકલ્પ છે. જ્યાં સુધી વીતરાગતા રહે ત્યાં સુધી જાણવાનું નામ નિર્વિકલ્પતા છે.

**વ્યવહારાભાસી મિથ્યા દ્રષ્ટિ:-** **[અ] જેને ધર્મ બુદ્ધિ નથી પણ...**

૧. કુળ-ધર્મ માની પ્રવર્તે, જૈન ધર્મનું સ્વરૂપ ન જાણે. ધર્મમાં કુળ ધર્મનું કાંઈ પણ પ્રયોજન નથી. જો કુળમાં જિન દેવની આજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ હોય તો પોતે તે જ પ્રમાણે પ્રવર્તે તે યોગ્ય છે, પણ તેને કુળ આચરણ ન જાણી, ધર્મ જાણી તેના સ્વરૂપ તથા ફળનો નિશ્ચય કરી અંગીકાર કરવો.

૨. કોઈ જૈન આજ્ઞા માને છે પણ પરીક્ષા કર્યા વિના માને છે, માટે મોક્ષમાર્ગના પ્રયોજનભૂત દેવ-ગુરુ-ધર્મ, જીવાદિ તત્વ, તથા બંધમાર્ગ ને માનવામાં ભૂલ રહે – તેથી મોક્ષમાર્ગની તો પરીક્ષા કરવી. દ્રવ્યલિંગી આજ્ઞા માને છે છતાં મિથ્યાત્વ રહી જાય છે કારણ કે તેને પરીક્ષા નથી કરી. કોઈ પરીક્ષા કરે છે પણ મૂળ પરીક્ષા નથી કરતા – માત્ર દયા, શીલ, પૂજા આદિ ધર્મ માની પ્રવૃત્તિ કરે છે, પણ જૈન દર્શનનું સાચું લક્ષણ તો સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આ લક્ષણ ઓળખી શ્રદ્ધા કરે તો સાચો શ્રદ્ધાની છે, બાકી મિથ્યાદ્રષ્ટિ છે (૨૨૬-૨૨૭)

હા, એટલું સાચું છે કે, વ્યવહાર ધર્મથી પાપ પ્રવૃત્તિ ઓછી થાય છે અને પૂણ્યના

નિમિત્તો ઘણાં છે, તથા સાચા મોક્ષમાર્ગ ના કારણ પણ ત્યાં છે તેથી [યથાર્થ સમજે તો પામે (હ)] બીજા દર્શન કરતાં જૈન કુળી તથા વ્યવહાર પરીક્ષાવાળા સારા છે.

**૩. સંસાર પ્રયોજન અર્થે ધર્મ ધારક વ્યવહારાભાસી:-**

જે આજીવિકા અર્થે, મોટાઈ માટે અથવા કોઈ વિષય-કષાય સંબંધી પ્રયોજન વિચારી કપટથી જૈન થાય – [જૈન ધર્મ અંગીકાર કરે (હ)] તે તો પાપી જ છે, કારણ કે અતી તીવ્ર કષાય થતાં જ એવી બુદ્ધિ થાય, તે મટવું મુશ્કેલ છે. તે તો મિથ્યાદ્રષ્ટિ જ છે. [ભોજન આદિ માટે દિક્ષા લે તે આમાં આવી જાય છે] (૨૨૭) આજીવિકા માટે હિંસા આદિ વડે વ્યાપારાદિ કરો તો કરો [તેમાં તો પાપ છે જ] પણ પૂજન, શાસ્ત્ર અભ્યાસ આદિમાં આજીવિકાનું પ્રયોજન વિચારવું યોગ્ય નથી, તેઓ પાપી છે – મિથ્યાદ્રષ્ટિ છે.(૨૨૮)

**ઉપરના ત્રણ પ્રકારના વ્યવહારાભાસી ની પ્રવૃત્તિ:-**

૧. તેઓ દયા, દાન, વ્રત,ભક્તિ, તપ, સ્વાધ્યાય, પૂજા-પ્રભાવના આદિ કરે પણ તેમનો મર્મ ન જાણે, દેખાદેખીએ કરે, તેમાં માન કષાય પોષણ કરે. આ બધા કાર્યો તો પરિણામ સુધારવા માટે કરવાના છે – પણ તે પરિણામને તો જાણે નહિ. કાર્યો મર્મ જાણ્યા વિના કરે છે.(૨૨૯)

૨. તેમાં કોઈ જીવને કુળ બુદ્ધિ રૂપ ધર્મ બુદ્ધિ પણ છે, તેથી આગમ પ્રમાણે પ્રવૃત્તિ કરે છે, કંઈક પરિણામ સુધારે તેવું મિશ્રપણ કરે છે. (૨૨૯)

**[બ] જે ધર્મ બુદ્ધિથી ધર્મ ધારે છે (પહેલાની માફક કુળ પ્રવૃતિથી કે આજીવિકા માટે ધર્મ ધારતા નથી) તેવા વ્યવહારાભાસી ની મિથ્યા શ્રદ્ધા પ્રવૃત્તિ આદિ:-**

૧. **નિશ્ચય ધર્મને જાણતા નથી** અને માત્ર વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને મોક્ષમાર્ગ માની પ્રવર્તે છે – અભૂતાર્થ ધર્મમાં પ્રવર્તે છે.

૨. **દેવ ભક્તિનું અન્યથા રૂપ:-**

**(ક).** સાચા દેવ-ગુરુ-ધર્મ ને માને છે, પણ પરીક્ષા કર્યા વિના એટલે કે યથાર્થ નિશ્ચય-વ્યવહારથી તેમનું સ્વરૂપ જાણ્યા વિના માને છે. કોઈ પરીક્ષા કરે છે તો માત્ર બાહ્ય કારણથી કરે છે.

**(ખ).** અરહંતોને મોક્ષદાતા, દીન-દયાળ, પતિત-પાવન માને છે, પણ ફળ તો પોતાના પરિણામો નું લાગે છે, અરહંત તો નિમિત્ત માત્ર છે, એ વિશેષણો તો ઉપચારથી સંભવે છે.

**(ગ).** કોઈ (દેવના) નામ આદિને મહત્વ આપે છે, પણ ફળ તો પરિણામથી છે. ઉપચારથી નામાદિ ની મુખ્યતા છે.

**(ઘ).** કોઈ ભક્તિને મોક્ષ નું કારણ માની અનુરાગી થઇ પ્રવર્તે છે, પણ ભક્તિ (વ્યવહાર) તો રાગરૂપ છે-બંધનું કારણ છે. અશુભ રાગ છોડવા જ્ઞાની ભક્તિમાં પ્રવર્તે છે, તેને મોક્ષમાર્ગ નું બાહ્ય નિમિત્ત પણ માને છે, પણ તેને ઉપાદેય પણું માનતા નથી. શુધ્ધ ઉપયોગના ઉદ્યમી છે.

(ચ). જ્ઞાનીને અજ્ઞાની જેટલો તીવ્ર અનુરાગ (ભક્તિ વિષે) નથી, કારણ કે, જ્ઞાની તેને શુભબંધ (નું કારણ) માને છે. કોઈ જ્ઞાની ને બહારથી તીવ્ર રાગ હોય- અજ્ઞાની જેવો, છતાં શ્રદ્ધામાં ભેદ છે, અજ્ઞાની તેને મોક્ષનું કારણ માને છે.

વળી યથાર્થ માં તો જ્ઞાનીને સાચી ભક્તિ હોય છે [કારણ કે સ્વરૂપની મહાનતાનો તેને અનુભવ છે, તેથી તે તીર્થંકર ના સ્વરૂપને જાણીને ભક્તિ કરે છે (હ)]. તીર્થંકરના સ્વરૂપની ઓળખાણ સહિત ભક્તિ (હોય) છે.

**3. ગુરુ ભક્તિનું અન્યથા રૂપ:-**

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ની એકતા રૂપ મોક્ષમાર્ગ તે મુનિઓનું સાચું લક્ષણ છે – તેને ઓળખતો નથી, માત્ર શુભ ક્રિયારૂપ ગુણોને ઓળખી મુનિની ભક્તિ કરે છે. જો ઓળખી ને કરે તો મિથ્યાદ્રષ્ટિ ન રહે.

**૪. શાસ્ત્ર ભક્તિનું અન્યથા રૂપ:-**

**(અ).** કેવળી ની વાણી છે માટે પૂજ્ય માની ભક્તિ કરે.

(બ). આ શાસ્ત્રમાં વૈરાગ્ય, દયા, ક્ષમા, શીલ, સંતોષ આદિનું નિરૂપણ છે માટે ઉત્કૃષ્ટ માની ભક્તિ કરે છે. અનેકાંત સ્વરૂપ સાચા જીવાદિ તત્વોનું નિરૂપણ છે તથા સાચો રત્નત્રય રૂપ માર્ગ દર્શાવ્યો છે માટે ઉત્કૃષ્ટ છે તેમ ઓળખાતા નથી. જો ઓળખે તો મિથ્યાદ્રષ્ટિ ન રહે.

આ પ્રમાણે દેવ-ગુરુ-શાસ્ત્ર નું સાચું સ્વરૂપ ભાસ્યું નથી [જાણ્યું નથી (હ)] તેથી તેની પ્રતીતિ પણ સાચી નથી [તેથી તેને સાચું વ્યવહાર સમ્યગ્દર્શન પણ નથી (હ)].

શાસ્ત્ર જ્ઞાનનું ફળ સમ્યગ્ જ્ઞાન અને તેથી સમ્યગ્ શ્રદ્ધાન થવું તે છે. એટલે સમ્યગ્ જ્ઞાન શ્રદ્ધાન શાસ્ત્રજ્ઞાન નું ફળ છે. જ્ઞાન દ્વારા સ્વરૂપ નિર્ણય કરવો તે શાસ્ત્ર જ્ઞાનનું પ્રયોજન છે. સ્વરૂપનું જ્ઞાન થતાં નિર્ણય સમ્યક થાય છે. બંને એક સમયે છે. પ્રથમ શાસ્ત્ર દ્વારા તત્વોનું જ્ઞાન કરે પછી અભ્યાસથી તત્વનું શ્રદ્ધાન કરે.

## દ્રવ્ય લિંગી ની ભૂલ:-

૧. પર દ્રવ્યોને ભલા-બુરા જાણી રાગ દ્વેષ કરે છે. શરીર અશુચિમય, સગાં સ્વાર્થી, નરક આદિને દુ:ખના સાધન જાણી દ્વેષ બુદ્ધિએ છોડે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, તપ, મહાવ્રતના ફળ હિતકારી જાણી અંગીકાર કરે છે.

૨. પૂણ્ય આદિ પર્યાય આશ્રિત કાર્યોમાં અહં બુદ્ધિ ધારે છે, પોતે તેના કર્તા છે તેમ માને છે. હું જીવોની રક્ષા કરું છું, હું નગ્ન પરિગ્રહ રહિત છું એવી માન્યતા કરે છે. પર્યાય આશ્રિત કાર્યમાં અહં બુદ્ધિ છે તે જ મિથ્યાત્વ છે. એ રીતે મુનિ ધર્મની ક્રિયામાં મન-વચન-કાયાની પ્રવૃત્તિ નિરંતર રાખે છે. આ ભાવો રાગ રૂપ છે. તેને મોક્ષનું સાધન માની પ્રવર્તે છે તે મિથ્યાત્વ છે. (૨૫૬)

૩. પાપ કાર્યને હેય અને પૂણ્ય કાર્યને ઉપાદેય માને છે – એટલે પરમાં રાગનો અભિપ્રાય ચાલુ રહ્યો. સામ્યભાવ પર દ્રવ્યોમાં ન રહ્યો. (૨૫૭)

જ્ઞાની પાપ છોડી પૂણ્ય કાર્યોમાં પ્રવર્તે છે પણ પૂણ્યને પણ હેય જાણે છે. પૂણ્ય-પાપ જ્ઞાનીને દંડ સમાન લાગે છે. અજ્ઞાની પૂણ્યને વ્યાપાર સમાન નફાનું સાધન માને છે, પણ દંડ નથી માનતો માટે અભિપ્રાયમાં ભેદ થયો.

## સમ્યક્ સન્મુખ મિથ્યાદ્રષ્ટિ શું કરે છે?

૧. પ્રયોજનભૂત દેવ-ગુરુ-શાસ્ત્ર, જીવાદિ તત્વો, સ્વ-પરની ભિન્નતા આદિ ઉપદેશથી જાણે.

૨. જાણ્યા પછી તે વાત તેમ જ છે તેવો વિચાર દ્વારા નિર્ણય કરે, તેને માટે પોતે વિચારે, બીજાને પૂછે, જ્યાં સુધી નિર્ધાર ન થાય ત્યાં સુધી પ્રશ્ન ઉત્તર કર્યા કરે, બીજા સાથે ચર્ચા કરે. આ નિર્ણય ભાવભાસન થી જ થાય છે – તે ન થાય ત્યાં સુધી ઉદ્યમ કર્યા કરે.

વળી જિન વચન અને પોતાની સ્વાનુભવ દ્વારા પરીક્ષા – એ બંને ની સમાનતા થાય ત્યારે જાણવું કે સત્ય પરીક્ષા થઇ છે.

"આ આમ જ છે" એવી પ્રતીતિ સહિત જીવાદિ તત્ત્વો પોતાને ન ભાસે, જેવી પર્યાયમાં અહં બુદ્ધિ છે તેવી આત્મામાં ન થાય, હિત-અહિત રૂપ પોતાના ભાવોને

ન ઓળખે ત્યાં સુધી તે સમ્યક્ત્વ સન્મુખ મિથ્યાદ્રષ્ટિ છે. આવો જીવ થોડા કાળ માં સમ્યક્ત્વ પામશે – આ જ ભવમાં કે અન્ય પર્યાય (ભવ)માં. (૨૭૧-૨૭૨)

## સમ્યક્ત્વનો અધિકારી કોણ?

તત્ત્વો ના વિચાર વાળો જ. ઘણા શાસ્ત્રો વાંચે, વ્રતાદિ પાળે, તપશ્ચરણ આદિ કરે તો પણ તે સમ્યક્ત્વનો અધિકારી નથી. (૨૭૨)

કરણ લબ્ધિ વાળો જીવ તત્ત્વ વિચારમાં તદ્ રૂપ થઇ જાય છે. તેથી પરિણામ નિર્મળ થતાં પ્રતીતિ થઇ જાય છે. (૨૭૪)

## પ્રતિજ્ઞા શા માટે?

જે કાર્ય કરવાની આશા રહે તેની પ્રતિજ્ઞા લેવાતી નથી તો આશા રહે અને તેનાથી રાગ પણ રહે છે, તથા એ રાગભાવ થી કાર્ય કર્યા વિના પણ અવિરતી નો બંધ થયા જ કરે છે. (૨૧૨)

## વ્રત શા માટે?

વ્રત આદિકને બંધન માને છે, સ્વચ્છંદ વૃતિ રોકે જ છે, છતાં પરિણતી રોકવા માટે બાહ્ય હિંસાદિક ના કારણો નો ત્યાગી અવશ્ય થવો જોઈએ. (૨૧૨)

## પૂજા-આદિ શુભ કર્યો શા માટે?

વળી તું પૂજન આદિ કાર્યોને શુભ આશ્રવ જાણી હેય માને છે, એ સત્ય છે, પણ જો એ કાર્યોને છોડી તું શુદ્ધ ઉપયોગ રૂપ થાય તો તો ભલું જ છે, પરંતુ વિષય-કષાય રૂપ – અશુભ રૂપ પ્રવર્તે તો તે તારું પોતાનું બૂરું જ કર્યું. (૨૧૩)

## શાસ્ત્ર અભ્યાસ શા માટે?

શાસ્ત્ર વડે તો તત્ત્વ ના વિશેષો જાણવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન નિર્મળ થાય છે, તથા જ્યાં સુધી તેમાં ઉપયોગ રહે, ત્યાં સુધી કષાય મંદ રહે છે, અને ભાવી વીતરાગ ભાવોની વૃદ્ધિ થાય છે.

બધાય જૈન શાસ્ત્રો કાર્યકારી છે. તેમાં પણ મુખ્યપણે અધ્યાત્મ શાસ્ત્રો. તેમાં તો આત્મસ્વરૂપ નું કથન મુખ્ય છે. જ્ઞાનની નિર્મળતા માટે વા ઉપયોગને મંદ કષાય રૂપ રાખવા અર્થે અન્ય શાસ્ત્રોનો અભ્યાસ જરૂરનો છે, તથા આત્મસ્વરૂપનો નિર્ણય થયો છે તેને સ્પષ્ટ રાખવા માટે અધ્યાત્મ શાસ્ત્રોનો અભ્યાસ પણ જરૂરનો છે. અન્ય (જૈન) શાસ્ત્રોમાં અરુચિ તો ન હોવી જોઈએ. જેને અન્ય (જૈન) શાસ્ત્રોની અરુચિ છે તેને અધ્યાત્મની રુચિ પણ સાચી નથી. આત્મ રુચિ થઇ હોય તે આત્મ રુચિના ધારક તીર્થંકર આદિના પુરાણ ને પણ જાણે. (૨૦૯)

## શાસ્ત્ર અધ્યન (વાંચન-ચિંતવન-મનન) શા માટે?

વળી કેવળ આત્મજ્ઞાન થી જ મોક્ષમાર્ગ થાય નહિ, પણ સાત તત્વોનું શ્રદ્ધાન-જ્ઞાન થતાં તથા રાગાદિક દૂર કરતાં મોક્ષમાર્ગ થશે. માટે જીવ-અજીવ ના વિશેષો અને કર્મના આશ્રવ-બંધ આદિકના વિશેષો અવશ્ય જાણવા. રાગ આદિક દૂર કરવા માટે જે રાગાદિ વધવાના કારણો હોય તેને છોડવા. દ્રવ્ય આદિના તથા ગુણસ્થાન આદિના વિચારો રાગાદિ ઘટવાના કારણો છે, કારણ કે તેમાં કોઈ રાગાદિ નું નિમિત્ત નથી માટે સમ્યગ્દર્શન થયા પછી પણ ઉપયોગ ત્યાં જ લગાડવો. (૨૧૦)

## તપ શા માટે?

સંસારી જીવને ઇષ્ટ-અનિષ્ટ સામગ્રી થી રાગ-દ્વેષ હોય છે. ત્યાં રાગ છોડવા અર્થે તે ભોજન આદિ સામગ્રીનો ત્યાગી થાય છે તથા દ્વેષ અનિષ્ટ સામગ્રી (છોડવા) અનશન આદિને અંગીકાર કરે છે. જો સ્વાધીન પણે એવું સાધન થાય તો પરાધીન પણે ઇષ્ટ-અનિષ્ટ સામગ્રી મળતાં પણ રાગ-દ્વેષ ન થાય. (૨૧૧)

# ૯. નવમો અધિકાર

૧. તત્ત્વ એટલે સ્વરૂપ – ભાવ. અર્થ એટલે દ્રવ્ય-ગુણ-પર્યાય વાળો પદાર્થ. 'હું આત્મા છું' એવું શ્રદ્ધાન કર્યું પણ આત્માનું સ્વરૂપ જેવું છે તેવું ન કર્યું તો ભાવના (સ્વરૂપના) શ્રદ્ધાન વિના પદાર્થનું શ્રદ્ધાન કાર્યકારી નથી. આત્મા તો બધા આસ્તિક દર્શનવાળા કહે છે પણ યથાર્થ સ્વરૂપ જાણ્યા વિના કહે છે.

૨. સ્વરૂપ સહિત સાત પદાર્થો કે તત્ત્વો નું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન.

૩. સમ્યગ્દર્શન નું લક્ષણ શું? [એટલે કે જ્યાં સમ્યગ્દર્શન હોય ત્યાં હોય જ (હ)]

યથાર્થ જીવાદિ તત્ત્વો નું શ્રદ્ધાન-પ્રતીતિ. દરેક તત્ત્વ નું સ્વરૂપ ઓળખીને શ્રદ્ધાન હોય, (તેમાં) વિપરીત અભિપ્રાય, દ્રવ્યલીંગીને હોય છે તેવો ન હોવો જોઈએ. આ શ્રદ્ધાન આત્માનું રૂપ છે-આત્મા છે. (૩૩૦)

જ્ઞાની રાગાદિ ને ઓળખે છે તેમ તેનો ત્યાગ કરે છે. સંવરને ઓળખી ઉપાદેય માની ગ્રહણ કરે છે. (૩૩૧)

સાત તત્ત્વો નું શ્રદ્ધાન થતાં (જ્ઞાની) રાગાદિ છોડી શુદ્ધભાવ રૂપ થવા ઈચ્છે છે. મુમુક્ષુ જીવે સાત તત્ત્વો ને શાસ્ત્ર અભ્યાસથી જાણ્યા પણ જો તે તત્ત્વો નો નિર્ણય કરવામાં ઉપયોગ ન લગાવે (વારંવાર વિચાર દ્વારા નિર્ણયનો પુરુષાર્થ ન કરે) તો મિથ્યાદ્રષ્ટિ જ રહે છે. [(૩૨૪) ના ભાવાર્થ્ રૂપ લખ્યું છે.]

૪. મિથ્યાદ્રષ્ટિ જીવને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નું શ્રદ્ધાન હોય તેને વ્યવહારથી સમ્યક્ત્વ છે – પરંપરાએ નિશ્ચયનું કારણ છે માટે. બીજી અપેક્ષાએ મિથ્યાદ્રષ્ટિને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નું શ્રદ્ધાન તે આભાસ માત્ર છે કારણ કે તે વ્યવહાર સમ્યક્ત્વ નામ ત્યારે જ પામે કે તેના નિમિત્ત થી નિશ્ચય સમ્યક્ત્વ પ્રગટ થયું હોય. અહીં જેને ભેદ જ્ઞાન પ્રગટે તેને સમ્યગ્દ્રષ્ટિ કહ્યો છે.

## વચનામૃત

૧. રાગનો નાશ કરવા ત્રણ સાધનોની જરૂર છે:

(અ) વિષયરૂપ રાગના નિમિત્તો થી દૂર રહેવું

(બ) શુભ રાગના નિમિત્તો અંગીકાર કરવા અને વિષયનું તુચ્છ પણું, દુઃખરૂપ પણું અને પાપરૂપ પણું વારંવાર વિચારી વિષય સુખ ક્ષણિક, ભાવિના દુઃખનું કારણ અને ધ્યાનાદિ ના વિઘ્ન રૂપ જાણી તેનો રાગ મંદ કરવો.

(ક) સ્વરૂપ પ્રાપ્તિ અને સ્થિરતા દ્વારા રાગ નિર્મૂળ કરવો.

[પહેલા બે કારણો સિધ્ધ થયા વિના ત્રીજું સિધ્ધ થશે નહિ. (હ)] અનુક્રમમાં પહેલા તીવ્ર રાગાદિ છોડવા, અનેક અશુભ કર્યો છોડી શુભ કાર્યોમાં લાગવું, પછી મંદ રાગાદિને છોડવા અર્થે શુભને છોડી શુદ્ધ ઉપયોગ રૂપ થવું. (૨૧૬)

૨. મુનીને શુભયોગ રૂપ બાહ્ય સાધનો શુદ્ધ ઉપયોગના બાહ્ય સાધનો છે.(પેજ.3) મુનિ અધ્યનાદિ બાહ્ય ધર્મ ક્રિયામાં પ્રવર્તે છે.(પેજ.૪) [અહીં શાસ્ત્ર સ્વાધ્યાયને બાહ્ય ધર્મ ક્રિયા કહી છે (૬)]

3. બાહ્ય સામગ્રી કષાય વિના સુખ-દુઃખ ની દાતા નથી. કષાય ભાવ વડે બાહ્ય સામગ્રીમાં ઇષ્ટ-અનિષ્ટ માની આત્મા પોતે જ સુખ-દુઃખ ની કલ્પના કરે છે.(૯)

૪. મોક્ષમાર્ગ વીતરાગ ભાવ છે.(૧૪)

૫. જ્ઞાની જ જૈન ધર્મના મર્મને જાણે અને કહે. માત્ર શાસ્ત્રથી જૈન ધર્મનું સ્વરૂપ (મર્મ) ન કહી શકાય.(૧૬)

૬. પર નિમિત્ત વિના હોય તેનું નામ સ્વભાવ.(૨૬)

૭. શરીર, ધન, કુટુંબ આદિ બધા પર દ્રવ્ય છે, તેઓ બંધનું કારણ નથી. બંધનું કારણ મિથ્યાત્વ આદિ મમત્વ ભાવ છે.(3૦)

૮. શુભ યોગ હો કે અશુભ પણ સમ્યક્ત્વ પામ્યા વિના ઘાતી કર્મોનો નિરંતર બંધ પડ્યા કરે છે.(3૦)

૯. જીવનું ઘણું તો એક ઇન્દ્રિય પર્યાયનું ધારવું થાય છે. કોઈ જીવ સ્થાવર એક ઇન્દ્રિય પર્યાયમાંથી ઈતર નિગોદમાં જાય, પાછો એક ઇન્દ્રિયમાં જાય, પાછો નિગોદમાં જાય. તે એક ઇન્દ્રિય પર્યાયનું ધારવું ઉત્કૃષ્ટ પણે અસંખ્યાત પુદ્ગલ પરાવર્તન કાળ થાય છે.(3૫)

૧૦. એક પુદ્ગલ પરાવર્તન કાળના અનંતમાં ભાગમાં અનંતા સાગર હોય છે.

૧૧. દિગમ્બરમાં શ્વેતામ્બરની પણ સાક્ષી અપાય છે.(૧૮૪) [એટલે એનો અર્થ એમ થયો કે બીજા દર્શન ની સાક્ષી આપવી અસંગત નથી.(હ)]

૧૨. તત્ત્વ શ્રધ્ધાન નું પ્રયોજન તો રાગદિ છોડવા તે છે, તે ભાવનું નામ ધર્મ છે. રાગાદિક વધારીને ધર્મ માને ત્યાં તત્વ શ્રધ્ધાન ક્યાં રહ્યું ? જિન આજ્ઞા વિરુદ્ધ થયું.(૨૦૦)

૧૩. મિથ્યાત્વ નું પાપ સાત વ્યસનોથી પણ વિશેષ છે.(૨૦૧)

૧૪. સંસારી પ્રયોજન અર્થે – દુઃખ દૂર કરવા કે સુખ પ્રાપ્ત કરવા – દાન આદિ આપે [પૂજા-ભક્તિ કરે (હ)] તો પાપ જ છે.(૧૭૭)

૧૫. ક્ષેત્રપાલ, દહાડી અને પદ્માવતી દેવી તથા યક્ષ-યક્ષિણી કે જેઓ જૈન મતને અનુસરે છે તેમને પણ પૂજવા નહિ. પૂજ્યપણું સંયમથી જ હોય છે. જો સમ્યગ્દ્રષ્ટિ માની પૂજા કરો તો પણ યોગ્ય નથી. સર્વાર્થ સિદ્ધિ અને લોકાંતિક દેવો પણ સમ્યગ્દ્રષ્ટિ છે, તેમને પૂજતા નથી તો આને કેમ પૂજાય?(૧૭૭)

૧૬. ઇન્દ્રિયના વિષયોની નિરંતર ઈચ્છા રહે છે, પણ તેની કદી તૃપ્તિ થઇ શકે નહિ. કેવળ જ્ઞાન થતાં જ સંપૂર્ણ (તૃપ્તિ થતાં ઈચ્છા ઉત્પન્ન જ ન) થાય, ક્ષયોપશમ રૂપ ઇન્દ્રિય દ્વારા કદી (તૃપ્તિ) ન થાય.(૫૦)

૧૭. જેમ જેમ કષાય ઘટે અને [જ્ઞાન-શ્રદ્ધાનાદિ (હ)] શક્તિ વધે તેમ તેમ દુઃખ ઘટતું જાય છે.(૬૬)

૧૮. અંતરાય કર્મના ઉદયથી ઘણી ચાહના છતાં ઈચ્છા અનુસાર થતું નથી તેથી દુઃખ થાય છે.(૬૬)

૧૯. ઈચ્છા થાય છે તે મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમ થી થાય છે. ઈચ્છા માત્ર આકુળતામય છે અને આકુળતા એ જ દુઃખ છે. હવે દુઃખથી છૂટવું હોય તો ઈચ્છા દૂર કરવાનો ઉપાય કરવો. ઈચ્છા ત્યારે જ દૂર થાય કે જ્યારે મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમ જાય અને સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર ની પ્રાપ્તિ થાય.

૨૦. મન વડે સ્પર્શાદિકને જાણીએ છીએ.(૭૫) મન વડે અતીત-અનાગતને તથા અવ્યક્તને અંશે જાણી શકાય. [અતીત સ્મરણથી, અનાગત ચિંતનથી-અનુમાનથી અને અવ્યક્ત ચિંતનથી નવી શોધ માફક જાણી શકાય.(હ)]

૨૧. દાન, લાભ, ભોગ-ઉપભોગ [પર પદાર્થના (હ)] એ બધા કાર્યો રોગના ઉપચાર હતા, હવે કેવળજ્ઞાન થતાં રોગ જ ન રહ્યો પછી ઉપચાર કેમ કરે?(૭૬)

૨૨. દુઃખનું ન હોવું અને સુખનું હોવું બંને એક જ છે. દુઃખનો અભાવ તે સુખ છે નિરાકુળતા એજ સુખનું લક્ષણ છે. (૮૧ તથા ૭૭)

૨૩. શાસ્ત્ર આદિ વડે નવ તત્વો જાણે પણ “તે એમ જ છે” એવી પ્રતીતિ ન આવી તો જાણવાથી પણ શું(લાભ)?

૨૪. જેને અસાતાનો ઉદય હોય તે દુઃખના કારણભૂત પદાર્થોને જ વેદે, પણ સુખના કારણભૂત પદાર્થોને ન વેદે.

૨૫. કેવળીને અઘાતી કર્મના ઉદયથી થતી ક્રિયા હોય છે, પણ ઘાતી કર્મનો અભાવ છે તેથી મોહાદિ અભાવ છે અને તેથી ઉપયોગ જોડવો પડે તેવી ક્રિયાનો અભાવ છે.(૧૫૫)

૨૬. સમોસરણ ખાલી ન રહે.(૧૫૪)

૨૭. જ્યારથી સમ્યગ્દ્રષ્ટિ થાય ત્યારથી શ્રદ્ધાન અપેક્ષાએ સર્વ પર દ્રવ્યના મમત્વનો અભાવ છે.(૧૫૬)

૨૮. પરિષહ સહન કરવાની શક્તિ ન હોય તે પરિગ્રહ રાખી ધર્મ સાધે તે ગૃહસ્થ ધર્મ. જેના પરિણામ નિર્મળ હોય, પરિષહથી વ્યાકુળ ન થાય, પરિગ્રહ ન રાખે અને ધર્મ સાધે તે મુનિ ધર્મ.(૧૫૬)

૨૯. માત્ર દેવ-ગુરુ-શાસ્ત્ર ના શ્રદ્ધાન થી સમ્યક્ત્વ નથી. (અનુભવ સહિત) તત્ત્વ શ્રદ્ધાન થી સમ્યક્ત્વ છે.(૧૬૨)

30. યથાર્થ જૈનના દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા દ્રવ્ય લિંગી ને હોય છે તેથી જ નવ ગ્રેવિક જાય છે.(૧૬૧)

૩૧. ધર્મ થોડો પણ પાળવો ભલો છે,  પણ પ્રતિજ્ઞા તો મહાન ધર્મની કરવા માં

આવે અને પાળીએ થોડો તો તે પ્રતિજ્ઞા ભંગ થી મહા પાપ થાય છે. ઉચ્ચ નામ (સાધુનું) ધરાવી નીચી ક્રિયા કરે તો પાપી પણું છે.(૧૬૩)

૩૨. કુદેવ-કુગુરુની પ્રશંસા કરતાં સમ્યક્ત્વમાં અતિચાર દોષ લાગે છે. [અનાચાર નહિ (હ)] (૧૬૪)

૩૩. ધર્મ બુદ્ધિથી અરિહંતની પ્રતિમામાં અનુરાગ કરે તેને શુભ બંધ થાય છે. ભક્તિરૂપ પોતાના ભાવથી જીવ શુભ ફળ પામે છે, પૂજાથી શુભ ફળ પ્રાપ્ત થાય છે.(૧૬૬ તથા ૧૬૭)

૩૪. ત્યાગીને પ્રતિમા આદિ કરાવવા, પૂજન આદિ કરવું ઉચિત નથી.(૧૬૮)

૩૫. ઇન્દ્ર સમ્યગ્દ્રષ્ટિ છે.

૩૬. થોડી હિંસા (ચૈત્યાલય, પ્રતિમા, સ્વામી વાત્સલ્ય આદિ કરતાં થાય) છતાં જો ધર્મ ઉપજતો હોય (પૂણ્ય) તો તે કાર્ય કરવું યોગ્ય છે.(૧૬૯)

૩૭. ધર્મનું મુખ્ય અંગ રાગાદિ ઘટાડવા તે છે, માત્ર (પર દયારૂપ) અહિંસા જ ધર્મનું અંગ નથી. પોતાના પરિણામ જોઈ યોગ્ય ધર્મ સાધન કરવું. (ધર્મનું મુખ્ય અંગ) પ્રતિક્રમણ-સામાયિક(દ્રવ્ય) શા માટે નહિ? તે વિચારવું. [વળી પ્રતિક્રમણ-સામાયિક શા માટે અને કેવી રીતે કરવા તે વિચારવું. (હ)] (૧૬૯)

૩૮. જૈનોમાં નિશ્ચય અને વ્યવહાર ના અજ્ઞાન થી સૂક્ષ્મ મિથ્યાત્વ રહે છે, તે મિથ્યાત્વનો અંશ પણ બૂરો છે.(૨૦૨)

૩૯. એક કાર્ય થવામાં અનેક કારણોની આવશ્યકતા છે, તેમાં બુદ્ધિપૂર્વક ઉદ્યમથી મેળવે અને અબુદ્ધિપૂર્વક સ્વયં મળે. વિભાવ દૂર કરવાનું બુદ્ધિપૂર્વક કારણ તત્ત્વ વિચાર છે, અબુદ્ધિપૂર્વક મોહ કર્મના ઉપશમ આદિ છે.

૪૦.  જીવનું શુદ્ધ પણું બે અપેક્ષાએ છે (૧) પર દ્રવ્યો થી ભિન્ન પણું અને પોતાના ભાવોથી અભિન્ન પણું – તે દ્રવ્ય અપેક્ષાએ શુદ્ધપણું છે. તે રીતે આત્મા પ્રમત અપ્રમત નથી.(૨) પર્યાય અપેક્ષાએ ઔપાધિક ભાવનો અભાવ તે શુદ્ધ પણું છે. તે રીતે નિર્મળ અનુભૂતિ વાળો શુદ્ધ છે.(૨૦૮)

૪૧. સાધનો – શાસ્ત્ર અભ્યાસ (ચારે અનુયોગ), ગુણસ્થાન, માર્ગણા સ્થાન, ત્રિલોક સ્વરૂપ આદિ જાણવા, તપ, વ્રત, દેવ પૂજા, યાત્રા આદિ.(૨૦૯)

૪૨. શાસ્ત્ર અભ્યાસનું ફળ – તત્ત્વો ના વિશેષો જાણવાથી શ્રદ્ધાન-જ્ઞાન નિર્મળ થાય છે,  જ્યાં સુધી ઉપયોગ રહે  ત્યાં સુધી કષાય મંદ રહે છે, તથા  વીતરાગતા ની વૃદ્ધિ થાય છે.(૨૦૯)

૪૩. કેવળ આત્મ જ્ઞાનથી જ મોક્ષમાર્ગ થાય નહિ, પણ સાત તત્ત્વો ના શ્રદ્ધાન જ્ઞાન થતાં અને રાગાદિ દૂર કરતાં મોક્ષમાર્ગ થશે. [અહીં આત્મ જ્ઞાન પરલક્ષી-પરોક્ષ સમજવું. (હ)] રાગાદિક દૂર કરવા જે રાગાદિક વધારવાના કારણો [નિમિત્તો (હ)] હોય તેને છોડી જે રાગાદિ ઘટાડવાના કારણો હોય ત્યાં ઉપયોગ લગાવવો. દ્રવ્યાદિક તથા ગુણસ્થાન આદિ ના વિચારો રાગાદિ ઘટાડવાના કારણો છે, કારણ કે તેઓ રાગાદિ ના નિમિત્તો નથી માટે સમ્યગ્દ્રષ્ટિ થયા પછી પણ ત્યાં

જ ઉપયોગ લગાવવો.(૨૧૦)

૪૪. મોક્ષમાર્ગ થતાં સંસારી જીવથી ઊલટી પરિણતી હોય, હોવી જોઈએ.(૨૧૧)

૪૫. (અ) રાગ છોડવા ઇષ્ટ ભોજન આદિ સામગ્રી છોડે છે, દ્વેષ છોડવા અનિષ્ટ અનશન આદિ અંગીકાર કરે છે, જો સ્વાધીનપણે એવું થાય તો પરાધીનપણે ઇષ્ટ અનિષ્ટ સામગ્રી મળતાં પણ રાગ-દ્વેષ ન થાય.(૨૧૧)

(બ) તત્વજ્ઞાન થતાં રાગાદિ મટાડવા તપ કરવું, શક્તિ પ્રમાણે કરવું. ગણધર આદિ પણ તપ કરે છે. (૨૧૨)

૪૬. જ્ઞાની કિંચિત માત્ર પણ કષાય ઈચ્છતા નથી પણ જ્યાં ઘણા કષાય રૂપ અશુભ કાર્ય થતું જાણે, ત્યાં પોતાની ઈચ્છાથી અલ્પ કષાય રૂપ શુભ કાર્ય કરવાનો ઉદ્યમ કરે છે.(૨૧૪)

૪૭. જ્ઞાનીને રાગાદિ થાય છે પણ બુદ્ધિપૂર્વક (ઈચ્છાપૂર્વક-રસપૂર્વક) રાગાદિ થતાં નથી. તે રાગાદિને બૂરા જાણે છે. શ્રદ્ધા પણ તેવી જ છે. તે ખેદ પૂર્વક, નિંદા આદિ પૂર્વક વિષયમાં પ્રવર્તે છે. તેનાથી છૂટવા ઈચ્છા છે.(૨૧૫)

૪૮. ઉપયોગ નિર્મળ કેમ થાય? શાસ્ત્ર અભ્યાસ, તપશ્ચરણ, ભક્તિ આદિ કાર્યોથી ઉપયોગ નિર્મળ થાય છે.(૨૧૮)

૪૯. સાચો આનંદ – વીતરાગ ઉદાસીન દશામાં જે નિરાકુળતા થાય છે તે સાચો આનંદ, જ્ઞાન, વૈરાગ્ય જ્ઞાની જીવોને ચારિત્ર મોહની હીનતા થતાં પ્રગટે છે. વળી

દુ:ખ સામગ્રીનો સંયોગ મળતાં સંક્લેશ ન થાય, રાગ દ્વેષ ન ઉપજે ત્યાં નિષ્કષાય ભાવ છે.(૨૧૮)

૫૦. સ્વદ્રવ્ય-પરદ્રવ્ય ના ચિંતનથી નિર્જરા-બંધ નથી, પરંતુ રાગાદિના ઘટતાં નિર્જરા છે.(૨૧૯)

૫૧. ચિંતન રૂપ વિકલ્પો – જ્ઞાન દર્શન આદિના – વસ્તુનો નિર્ણય કરવા માટે કારણ છે.(૨૧૯)

૫૨. નિર્વિચારનું નામ નિર્વિકલ્પતા નથી, એ તો જડ પણું થયું. છદ્મસ્થનું જાણવું વિચાર સહિત હોય.

૫૩. રાગાદિ મટાડવા નું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે, રાગાદિ મટાડવા માટે જે જાણવું થાય તે સમ્યગ્જ્ઞાન છે અને રાગાદિ મટે તે સમ્યગ્ ચારિત્ર છે.(૨૨૨)

૫૪. વીતરાગ રૂપ ઉદાસીન દશામાં જે નિરાકુળતા છે તે સાચો આનંદ, જ્ઞાન, વૈરાગ્ય છે, તે જ્ઞાની જીવોને ચારિત્ર મોહની હીનતા [અનંતાનુંબંધી કષાયની હીનતા-નાશ] થતાં પ્રગટે છે.(૨૧૮)

૫૫. જૈન દર્શનનું સાચું લક્ષણ શું છે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ મોક્ષમાર્ગ

તે સાચું લક્ષણ છે. માત્ર દયા, શીલ, વ્રત, તપ, પૂજા આદિ તે સાચું લક્ષણ નથી કેમકે અન્ય મતમાં પણ તે હોય છે.(૨૨૬-૨૨૭)

૫૬. મુનિનું સાચું લક્ષણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ મોક્ષમાર્ગ છે.(૨૩૨) [જેના અંતરમાં મોક્ષમાર્ગ છે અગર આત્મ જ્ઞાન છે તે મુનિ છે.]

૫૭. નિશ્ચય ધર્મ વીતરાગ ભાવ છે.(૨૪૨)

૫૮. બાર ભાવનાનું ચિંતવન સાચી ઉદાસીનતા પ્રગટ કરવાને લક્ષે કરવું જોઈએ. શરીર આદિને બૂરા જાણી તેનાથી ઉદાસ થવું તે ઉદાસીનતા દ્વેષ રૂપ છે, પણ સ્વ સ્વભાવ તથા પર દ્રવ્યોને યથાર્થ ઓળખી, શરીર આદિ તથા સ્વર્ગ આદિ પ્રત્યે દ્વેષ કે રાગ ન કરવો તેવી સાચી ઉદાસીનતા માટે ચિંતવન કરવું. [તે બાર ભાવનાનું સાચું ચિંતવન છે.] (૨૩૭-૨૩૮)

૫૯. સર્વ કષાય રહિત ઉદાસીન ભાવ તે ચારિત્ર છે.(૨૩૮)

૬૦. કેવળ અનશન આદિ બાહ્ય તપથી નિર્જરા ન થાય. ધર્મ બુદ્ધિએ કરે તો પણ શુભ-અશુભ કે શુદ્ધ, જેવા પરિણામ કરે તે મુજબ બંધ કે નિર્જરા થાય. જો ઘણા ઉપવાસ આદિ કરતાં ઘણી નિર્જરા થાય અને થોડા કરતાં થોડી થાય, તો ઉપવાસ આદિ નિર્જરાનું કારણ ઠરે – પણ તે બને નહિ – પરિણામ પ્રમાણે થાય. બાહ્ય તપ શુદ્ધ ઉપયોગ વધારવા માટે કરવામાં આવે છે. શુદ્ધ ઉપયોગ નિર્જરાનું કારણ છે, તેથી ઉપચારથી સહયોગી બાહ્ય તપને નિર્જરાનું કારણ કહ્યું છે.(૨૩૯)

૬૧. જ્ઞાનીને એક શુદ્ધ ઉપયોગની ઈચ્છા છે, બાહ્ય તપની નથી. બાહ્ય તપથી શુદ્ધ ઉપયોગ વધે તો બાહ્ય તપ કરે.(૨૩૯)

૬૨. ઈચ્છા પૂર્વક અનશન આદિ તપ બાહ્ય નિમિત્ત છે તે વખતે પરિણામ હોય તેવું ફળ થાય.(૨૦૦)

૬૩. તપ વીતરાગ ભાવ રૂપ છે. જેટલો વીતરાગ ભાવ તેટલી વિશુદ્ધતા.(૨૪૧)

૬૪. બીજ વાવ્યા વિના બધા સાધનો કરે છતાં અન્ન થતું નથી, તેમ સત્ય શ્રદ્ધા વિના સમ્યક્ત્વ થતું નથી.(૨૪૪)

૬૫. શાસ્ત્ર અભ્યાસનું પ્રયોજન તત્વ આદિકનો નિર્ણય કરવાનું છે, તે કરે તે જ પંડિત છે.(૨૪૫)

૬૬. શાસ્ત્ર જ્ઞાનનું ફળ સમ્યગ્જ્ઞાન અને તેથી સમ્યગ્ શ્રદ્ધાન થવું તે છે. એટલે સમ્યગ્જ્ઞાન-શ્રદ્ધાન શાસ્ત્ર જ્ઞાનનું ફળ છે. બંને સાથે થાય છે. શાસ્ત્ર અધ્યનનું ફળ (પ્રયોજન) પરથી ભિન્ન આત્માને જાણવો તે છે.(૨૪૬-૨૪૭)

૬૭. વ્યવહારાભાસી ની દ્રષ્ટિ ક્રિયા ઉપર છે, પોતાના પરિણામ સુધારવા ઉપર નથી. અભિપ્રાયમાં જે વાસના છે તે વિચારતો નથી. ફળ તો અભિપ્રાયમાં વાસના છે તેનું લાગે છે.

૬૮. પર દ્રવ્યોને ભલા બુરા ન જાણે. પોતાને પોતારૂપ અને પરને પર રૂપ જાણી સાક્ષીભૂત રહે તેવી સાચી ઉદાસીનતા જ્ઞાનીને હોય છે.(૨૪૫)

૬૯. સમ્યગ્દ્રષ્ટિ પાપ છોડવા પૂણ્ય કાર્યોમાં જોડાય છે, પણ શ્રદ્ધાન માં તેને હેય જ માને છે.(૨૫૭)

૭0. દુઃખનું વેદન કષાય છે, તેને અને તેના નિમિત્તો ને જ્ઞાની હેય તરીકે જાણે છે, કારણ કે (તેને) વીતરાગતા છે.(૨૫૭)

૭૧. પ્રવૃત્તિ તો દ્રવ્યની પરિણતી છે, તેમાં નય નું પ્રયોજન નથી. જે દ્રવ્યની પરિણતી હોય તેને તે રૂપે (તે દ્રવ્યની) કહીએ તે નિશ્ચય નય, બીજા દ્રવ્યની (કે બીજી રીતે) કહીએ તે વ્યવહાર નય.(૨૬૨)

૭૨. કાંઇ વ્રત, શીલ, સંયમ નું નામ વ્યવહાર નથી, પણ તેને મોક્ષમાર્ગ માનવો તે વ્યવહાર છે.(૨૬૫)

૭3. પર દ્રવ્ય આશ્રિત વ્યવહાર છે, સ્વ દ્રવ્ય આશ્રિત નિશ્ચય છે.(૨૬૫)

૭૪. પોતાના પરિણામ બગડે નહિ તેનું ધ્યાન રાખવું તથા તેને સુધારવાનો ઉપાય કરવો.(૨૭૭)

# ડૉ. હરીભાઇ ની શાસ્ત્ર નોંધ માંથી

## દ્રવ્ય દ્રષ્ટિ પ્રકાશ

આ સંકલન મુખ્યપણે શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા લખાએલ આધ્યાત્મિક પત્રોના પુસ્તક 'દ્રવ્ય દ્રષ્ટિ પ્રકાશ' ના સ્વાધ્યાય ઉપર આધારિત છે. પત્ર નંબર દ્રવ્ય દ્રષ્ટિ પ્રકાશ પુસ્તકની પ્રથમ આવૃત્તિ પ્રમાણે છે.

# અનુક્રમણિકા


| વિષય | પાનાં નંબર |
| --- | --- |
| ૧. વચનામૃત ૧ તથા ૨ | ૬૬ |
| ૨. વચનામૃત ૩ થી ૯ | ૬૭ |
| ૩. વચનામૃત ૧૦ થી ૧૫ | ૬૮ |
| ૪. વચનામૃત ૧૬ થી ૨૦ | ૬૯ |
| ૫. વચનામૃત ૨૧ થી ૨૬ | ૭૦ |
| ૬. વચનામૃત ૨૭ થી ૩૨ | ૭૧ |
| ૭. વચનામૃત ૩૩ થી ૩૬ | ૭૨ |
| ૮. વચનામૃત ૩૭ થી ૪૩ | ૭૩ |
| ૯. વચનામૃત ૪૪ થી ૪૯ | ૭૪ |
| ૧૦. નિહાલચંદજી સોગાની નો પરિચય | ૭૫ |

# ડૉ. હરીભાઇ ની દ્રવ્ય દ્રષ્ટિ પ્રકાશ ની નોંધ માંથી

## દ્રવ્ય દ્રષ્ટિ વચનામૃત

૧. પ્રથમ યથાર્થ સમજણ કરવી. આ સમજણમાં ભવિષ્યનો પુરુષાર્થ ગર્ભિત છે. યથાર્થમાં તો અસ્તિત્વપણાની અખંડ દ્રષ્ટિના બળ ઉપર પર્યાયનો ક્રમ અખંડની તરફ વધતો [વહેતો] રહે છે. પર્યાયમાં મારી દ્રષ્ટિના વિષયનું અસ્તિત્વ જ નથી, હું ચૈતન્ય ચૈતન્યમાં ચાલુ છું. જડ જડમાં – વિભાવ વિભાવમાં – મારા નિત્યમાં મારી પર્યાયનો પ્રવેશ નથી, તો બીજાની તો વાત શું ?(પત્ર-૧૭) [દ્રવ્યને યથાર્થ સમજવું – દ્રવ્ય-ગુણ-પર્યાય સમજવા, નય-પ્રમાણ-નિક્ષેપ થી સમજવું, અનેક પડખેથી આત્માની યથાર્થ સમજણ કરવી. આ સમજણનો નિષ્કર્ષ એવો આવશે કે હું તો ત્રિકાળ અખંડ જ્ઞાયક માત્ર છું. (હ)]

૨. હું માત્ર ત્રિકાળ જ્ઞાયક અનંત સામર્થ્ય અને ગુણરૂપ શક્તિથી પરિપૂર્ણ છું તેવી દ્રઢ બુદ્ધિપૂર્વકની શ્રદ્ધા કરવી. આવી શ્રદ્ધામાં સહજ પુરુષાર્થ હોય જ છે અને દ્રષ્ટિના-શ્રદ્ધાના બળથી પર્યાયનો ક્રમ સહજ અખંડની તરફ ઢળે છે-વધે છે. કોઈ પર્યાયને ફેરવવાની ઈચ્છા કરવી નહિ કારણ કે પર્યાય મારી દ્રષ્ટિના વિષયમાં નથી. જેટલો પાકો નિર્ણય તેટલો સાચો પુરુષાર્થ. આ અંતરંગ પુરુષાર્થ છે. જેટલા અંશે નિર્ણયનું પરિણમન તેટલા અંશે પર્યાયનો ત્રિકાળી તરફ ઝુકાવ, જેટલું

પરિણમન તેટલો સાચો અંતરંગ પુરુષાર્થ, બાકી જે કંઇ શ્રવણ-સ્વાધ્યાય ચિંતન-ધ્યાન આદિ છે તે સાચા અંતરંગ પુરુષાર્થના નિમિત્તો છે. (પત્ર-૨૨)

૩. પ્રથમ અને પછીનો એક જ પુરુષાર્થ છે, તેના પ્રકારમાં કોઈ ફેર નથી. અનુભવ પ્રથમ પુરુષાર્થ છે, તે કેવળ ત્રિકાળી જ્ઞાયક માત્રની દ્રઢ શ્રદ્ધાના અવલંબને પ્રગટ થાય છે. જેટલી શ્રદ્ધાની કચાશ તેટલો અનુભવ દૂર. પછી પણ વારંવાર આ જ પુરુષાર્થ છે. પહેલો અને પછીનો એક જ પ્રકારે છે.(પત્ર-૨૨)

૪. દ્રવ્ય તો સહજ પુરુષાર્થનો પીંડ છે.(પત્ર-૧૪)

૫. દ્રવ્ય ચૈતન્ય ભગવાન જ્ઞાયક સ્વરૂપ જે વસ્તુ છે તે પર્યાય અને ઉત્પાદ વિનાની છે.

૬. ઈચ્છા પ્રમાણે થાય – તે ન થાય ત્યાં સુધી તેની સામું જોયા કરવાની વૃત્તિ જ્ઞાનીને હોતી જ નથી. બહાર શું થાય છે તેની પરવા જ્ઞાનીને હોતી નથી.

૭. જગત પ્રત્યે – એટલે કે પર પ્રત્યે અને વૃત્તિઓ પ્રત્યે બહેરા, મૂંગા અને આંધળા થાઓ જેથી જગતના કોઈ બનાવનો પ્રત્યાઘાત ન પડે.(પત્ર-૨૦)

૮. ધ્રુવનું  ભજન ક્યારે ? મન-વચન-કાયા શુદ્ધ હોય ત્યારે ધ્રુવના રટણ માટે પાત્રતા જોઈએ (પત્ર-૧૦)

૯. ઉત્કૃષ્ટ ચિદાનંદ સ્વભાવના અનુપમ મહિમાના દ્રઢ નિર્ણયનું પરાક્રમ-પુરુષાર્થ થાય ત્યારે અંતર સ્વભાવ તરફ વલણ થાય છે [ઢલણ-ઢળવું થાય છે](પત્ર-૨૪)

૧૦. પરિણતીને આત્મા જ નિમિત્ત થાય અથવા ભગવાન – ભગવાનની (વાણી) ગુંજાર કરતા આપ (ગુરુદેવ શ્રી કાનજી સ્વામી). બીજાનો સંગ નહિ એવી જ ભાવના (કરું છું).

૧૧. હે ગુરુદેવ ! આપની તીવ્ર ભક્તિનો ઉદય થશે ત્યારે અહીંના દુઃખોનો ઈલાજ થશે, બીજો કોઈ ઈલાજ નથી તે બરાબર જાણું છું. હે પ્રભુ ! જલદી અહીંથી નિવૃત થઇ ગુરુ ચરણમાં વાસ થાય, રહેવાનું થાય.(પત્ર-૨૭)

૧૨. યોગ્યતા પ્રમાણે શુભ કે અશુભ નિમિત્તો માં રહેવાનું જ્ઞાનીને થાય છે, પણ તે નિમિત્તો જ્ઞાનીને અસર કરતા નથી, સહજ દ્રષ્ટાભાવે રહેવાય છે, છતાં અશુભથી વિશેષ પૂર્ણ છૂટવાની ભાવના જ્ઞાનીને હોય છે, શુભથી પણ નિવૃત્તિ ઈચ્છે છે – પણ પ્રથમ તો અશુભથી નિવૃત્તિ ઈચ્છે છે.(પત્ર-૨૭)

૧૩. અશુભ ભાવો છોડી શુભમાં આવો - શુદ્ધમાં આવો વગેરે વાત તો જે સાધક પોતાનું અસ્તિત્વ પર્યાયમાં માની રહેલ છે અને તેમાં લીન છે એવા અજ્ઞાની માટે છે. ત્રિકાળી માં અધિકતા વાળાને પરિણામ માં ફેરફાર કરવાની બુદ્ધિ હોતી નથી. સહજ યોગ્યતા અનુસાર પર્યાય શુભાશુભ કે શુદ્ધ થાય છે.(પત્ર-૨૮)

૧૪. નિવૃત્તિ કે પ્રવૃત્તિ અપેક્ષિત છે, ધ્રુવ તો નિર્પેક્ષ છે. (હું) નિવૃત્તિ પ્રવૃત્તિ થી ભિન્ન નિર્પેક્ષ તત્ત્વ છું.(પત્ર-૨૯)

૧૫. ગુરુદેવશ્રી કાનજી સ્વામી ના પ્રવચનનો મુખ્ય સાર – અહીં સ્પષ્ટ લખ્યું છે કે, સ્વરૂપ વેદનના જોરે રાગાદિ પર્યાય વેદનને ગૌણ કરવું તે મુમુક્ષુનું ધ્યેય છે.

આકુલિત રાગાદિની ઉપેક્ષા કરવી – પ્રગટ વેદનને આધારે. જ્ઞાન સાથે વેદન અવિનાભાવી છે. એક માત્ર જ્ઞાન ક્રિયા જ જીવની છે. જ્ઞાન ક્રિયા જ્ઞાનીની છે. અહીં વેદન સિવાય બીજી ક્રિયા નથી તેમ લખ્યું છે.(પત્ર-૩૦)

૧૬. પ્રસિદ્ધ વેદન–બાહ્ય વિકલ્પરૂપ વેદન–અજ્ઞાન દશાનું વેદન–પર્યાય વેદન.

૧૭. પરમાં [દેવ-ગુરુ-શાસ્ત્રમાં] એકાંતે રસ અને જાગૃતિ રહે તે સ્વભાવમાં અરસપણાનું [અરુચિ પણાનું (હ)] સૂચક છે. વર્તમાનમાં જ દેવાદિકથી કે તેના તરફના રાગથી કંઇ લાભ નથી. લાભ માનવો તે સ્વરૂપનો અલાભ છે. આ ન્યાય તીરની માફક બહારની વૃત્તિ-લક્ષ ઉપર અસર કરે તો વર્તમાનમાં જ સ્વભાવ સન્મુખનો પ્રયત્ન થાય.(પત્ર-૩૧)

૧૮. પ્રથમ તો "હું" શું છું અને શું કરી શકું તેનો યથાર્થ ખુલાસો થવાથી કાર્યની યથાર્થ સીમા બની શકે. હું આત્મા છું અને પોતાના પરિણામ ને કરવું તથા ભોગવવું તે જ આત્માની ક્રિયા છે. જડ શરીર આદિની તથા પર આત્માની ક્રિયા હું નથી કરી શકતો. જડના પરિણામનું કર્તા જડ છે અને પર આત્માના પરિણામનો કર્તા તે (પર) આત્મદ્રવ્ય છે.(પત્ર-૩૨)

૧૯. અરિહંત જે ઉપદેશ આપે છે તેમાં અરિહંતને રાગ નિમિત્ત નથી પણ કંપનની અસ્થિરતા નિમિત્ત છે. [અરિહંતોને રાગાંશ નો અભાવ છે. (હ)]

૨૦. મુનિઓને કોઈ કર્તવ્ય નથી.  ઉપદેશ આપવો તેને મુનીઓ પોતાનું કર્તવ્ય

નથી સમજતાં, પરંતું અસ્થિરતાનો – [ચારિત્રમોહથી થતી અસ્થિરતાનો] દોષ સમજે છે. (પત્ર-૩૨)

૨૧. પ્રથમ સદ્ ગુરૂ પ્રત્યે પ્રેમ-ભક્તિ, પછી આત્મરૂપ સદ્ ગુરૂ પ્રત્યે પ્રેમ-ભક્તિ. એમ સાચા ગુરુ પોતાનો આશ્રય છોડાવીને સ્વ આશ્રય બતાવે છે. व्यवहार से देव जिन, निश्चय से आप અહીં દેવમાં ગુરુપણું પણ સમાઇ જાય છે.(પત્ર-૩૨)

૨૨. ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વભાવમાં અસ્તિત્વ રૂપ શ્રદ્ધાની યથાર્થ વ્યાપકતા નિરંતર કાયમ રહે [તો કામ થાય.] (પત્ર-૩૩)

૨૩. અજ્ઞાનીને પણ પર્યાયમાં આત્મા છે છતાં રાગાદિ મલીનતાથી તીરોભૂત થયેલ હોવાથી દેખાતો નથી, તેથી જે બાહ્ય પર્યાય દેખાય છે તેમાં અજ્ઞાની એકત્વ કરી લે છે. જ્ઞાની ત્રિકાળીમાં એકત્વ કરે છે અને રાગના દ્રષ્ટા રહે છે.

૨૪. (૧) ત્રિકાળી અસ્તત્વમય સ્વ, (૨) આને આશ્રિત પરિણમેલી આંશિક શુદ્ધિ તથા (૩) દેવાદિક પ્રત્યેની આંશિક બાહ્ય વૃત્તિ, ત્રણે અંશો એક જ સમયે ધર્મીને અનુભવમાં આવે છે, તેમાં મુખ્ય ગૌણનો પ્રશ્ન નથી.(પત્ર-૩૩)

૨૫. ઉદ્દેશ્ય નો નિર્ણય કરવો સહજ છે; પરંતુ તેની પ્રાપ્તિમાં વધુ સમય લાગે છે. યથાર્થ નિર્ણય પછી જ યથાર્થની પ્રાપ્તિ થાય છે. અનુભૂતિ જ યથાર્થ નિર્ણયની નિઃશંકતા બતાવી શકે છે.(પત્ર-૩૫)

૨૬. જ્ઞાન જ્ઞાનીમાં છે, શાસ્ત્રમાં નથી. “જ્ઞાન જ્ઞાનીમાં કળો”. જ્ઞાન આત્મામાં છે.

૨૭. આત્મ સ્વરૂપના યથાર્થ નિર્ણય બાદ યથાર્થની પ્રાપ્તિ થાય છે. જેવો સર્વજ્ઞએ જોયો, અનુભવ્યો, કહ્યો તેવો જ આત્મા છે. જેવો જ્ઞાનીએ જોયો, અનુભવ્યો, કહ્યો તેવો જ આત્મા છે એમ નિર્ણય પછી અનુભવ થાય.(પત્ર-૩૫)

૨૮. અનુભવ વિના ભેદ જ્ઞાન હોય જ નહિ. એક પર્યાયના બે ભાગ, અનાકુળ અને આકુળ. બંને ભાવનો એક સમયે અનુભવ જ્ઞાનીને થાય છે.(પત્ર-૩૭)

૨૯. નિઃશંક નિર્ણય માટે કેવા રટણ પુરુષાર્થ આદિ કરવા જોઈએ ? પોતાના અસ્તિત્વની યથાર્થ સમજમાં બધી વાતો ગર્ભિત છે.(પત્ર-૩૯)

૩૦. પરિણામોમાં ફેરફાર કરવાની દ્રષ્ટિ અસમ્યક્ છે. વર્તમાનમાં જ હું પરિપૂર્ણ છું તો કોઈનાથી લાભ કે નુકશાન નથી.(પત્ર-૩૯)

૩૧. સાધકને નિજ સ્વરૂપનો અનુભવ થતાં નિત્યતા નો અનુભવ થાય છે. નિત્યતા પણ આત્માનો ગુણ છે. તેનો પણ બીજા ગુણોની જેમ અનુભવ થવો જોઈએ. સર્વ ગુણાંશ તે સમકિત. (પત્ર-૩૯)

૩૨. જ્ઞાનીના અનુભવમાં ત્રિકાળી અને ક્ષણિક બંને દેખાય છે, ત્યારે પોતાને ધ્રુવરૂપ અનુભવે છે અને રાગાદિ પરિણામને ક્ષણિક અનુભવે છે. ધ્રુવમાં પરિણતી એકરૂપ થઇ છે – અભેદ થઇ છે એટલે આત્માને અભેદ ધ્રુવરૂપ અનુભવે છે, પરિણતી નો બીજો ભાગ રાગાદિ રૂપ થાય છે તે રાગરૂપે – ક્ષણિક રૂપે પરરૂપે જ્ઞાની અનુભવે છે. ધ્રુવમાં પરિણતી એકરૂપ થઇ તે વ્યવહાર અપેક્ષાએ – નિશ્ચયથી

તો ભિન્ન છે,  જો નિશ્ચયથી થાય તો પર્યાયના નાશથી દ્રવ્યનો પણ નાશ થાય.(પત્ર-૩૯)

૩૩. શ્રદ્ધા એક સમયમાં ત્રિકાળીને પકડીને અભેદ થઇ જાય છે, કારણ કે શ્રદ્ધાનો વિષય પૂર્ણ દ્રવ્ય છે. જ્યારે જ્ઞાન દ્રવ્ય અને પર્યાયને – ભિન્ન પર્યાયને પણ વિષય કરે છે. "હું ત્રિકાળી દ્રવ્ય છું" તેવી શ્રદ્ધા-પ્રતીતિ થઇ જાય ત્યારે "શ્રદ્ધા એક સમયમાં ત્રિકાળીને પકડીને અભેદ થઇ જાય છે" એમ કહેવાય. શ્રદ્ધાનો વિષય પૂર્ણ દ્રવ્ય છે – અહીં દ્રવ્યનો અર્થ સામાન્ય અને વિશેષ બંને અંશો મળીને દ્રવ્ય તેવો લેવાનો નથી પણ ત્રિકાળી ધ્રુવ અંશને "દ્રવ્ય" સંજ્ઞા આપવામાં આવેલ છે. સામાન્ય વિશેષ રૂપ દ્રવ્ય તો પ્રમાણ જ્ઞાનનો વિષય છે, સમ્યગ્દર્શન નો વિષય નથી. "દ્રવ્ય" સંજ્ઞા સામાન્ય વિશેષ રૂપ પ્રમાણ જ્ઞાનના વિષયરૂપ દ્રવ્યને આપવામાં આવે છે અને ત્રિકાળી ધ્રુવ અંશને પણ "દ્રવ્ય" સંજ્ઞા આપવામાં આવે છે. [જ્યાં જે યોગ્ય હોય તે સમજવું.]

૩૪. વિનય ભાવનું એકાંત વેદન ન હોવું જોઈએ. પરાશ્રય વિનય ભાવ દુઃખરૂપ છે તેથી ઉપાદેય કેમ થાય ? (પત્ર-૪૦)

૩૫. અપરિણામી ત્રિકાળી ધ્રુવ બિંબ હું છું – ક્ષણિક પરિણામ નહિ. આ શ્રદ્ધાનો વિષય છે, શ્રદ્ધા એક સમયમાં ત્રિકાળી ને પકડી અભેદ થઇ જાય છે.

૩૬. પરિણામની પક્કડ છોડી દો – એને સહજ પરિણમવા દો, એમાં અટકો નહિ.

પરિણામ સ્વભાવની સાથે અપરિણામી સ્વભાવ સાથે જ છે. આ અપરિણામી સ્વભાવને નિત્ય પકડતા રહો, ત્યાં જામી જાઓ, એ વિના આરો નથી.(પત્ર-૪૦)

૩૭. પર્યાયની સ્વતંત્રતાનો સ્વીકાર કરો, મારી શુદ્ધ પર્યાયનો પણ હું કર્તા નથી તો રાગાદિની તો વાત જ ક્યાં રહી?

૩૮. પર્યાય પર છે, તેના સામું શું જોવું? વિકલ્પ અનુસાર ક્રિયા થવી આવશ્યક નથી – જેવો યોગ તેવું થશે.(પત્ર-૪૨)

૩૯. 'ધ્રુવ આત્મા અપરિણામી છે' એ વાત જયસનાચાર્યની ૩૩૮-૩૩૯ ગાથાની ટીકામાં છે તેમજ તેમની સમયસાર ગાથા ૩૨૦ ની ટીકામાં તે માટે 'નિષ્ક્રિય' શબ્દ લખેલ છે, એટલે આત્મા નિષ્ક્રિય – અપરિણામી. (પત્ર-૪૮)

૪૦. યોગ્યતા સ્વયં સત્ અહેતુ છે, જેમાં ન [સ્વ]દ્રવ્ય કારણ છે ન પર દ્રવ્ય કારણ છે.(પત્ર-૪૯)

૪૧. સહજ દ્રવ્ય સ્વભાવની અરુચિ હોવાથી [જીવને] સહજ પુરુષાર્થ નથી ઉઘડતો [ઉપડતો].(પત્ર-૪૯)

૪૨. નિત્ય શુદ્ધ સુખ સાગરનું આસ્વાદન કરતાં રહેવું તે જ દરેક આત્માનું કાર્ય છે, અન્ય સર્વ અકાર્ય છે. નિકટભવીને આ હેતુ વિના અન્ય લક્ષ કિંચિત પણ નથી હોતું.(પત્ર-૫૧)

૪૩. વસ્તુ સ્વરૂપમાં નિશ્ચયનયથી બંધ થાય તો કદી છૂટે નહિ.

૪૪. નિશ્ચય મોક્ષ માર્ગ હેય છે – મોક્ષ પણ હેય છે – દ્રવ્ય જ ઉપાદેય છે.

૪૫. ગુરુના વચન ઉપર લક્ષ જાય ત્યાં સુધી નિમિત્ત, શાસ્ત્ર, ગુરુ અને જ્ઞાન બધું વિનાશી છે પણ ધ્રુવની ઉપર લક્ષ લાગે ત્યારે જ્ઞાન અવિનાશી થાય છે.

૪૬. તું અભૂતાર્થ નો તારામાં સ્વીકાર કરતો નહિ. શુભાશુભ રાગ અને તેના નિમિત્તો ક્ષણિક છે – તું નિત્ય છો – ક્ષણિક કદી નિત્ય ન થાય તેથી [શુભાશુભ ભાવ] તારા ન થાય.

૪૭. રાગ ક્ષણિક છે, પલટન શીલ છે – ક્યારે દ્વેષમાં પલટી જશે તે ન કહી શકાય. રાગ રાખી શકતો નથી તો રાગના નિમિત્તો ને કેવી રીતે રાખી શકે?

૪૮. રાગ સમય વર્તી જ છે, [રાગની પર્યાય એક સમયની છે] બીજી ક્ષણે તેનું અસ્તિત્વ જ નથી, તેને કેવી રીતે તોડી શકાશે? તેમ સંસાર અને સંસારના

નિમિત્તો ક્ષણિક છે, પણ તું નિત્ય ધ્રુવ આનંદ સ્વરૂપ છો [ધ્રુવનું લક્ષ કરતા રાગ ટળે છે – સંસાર ટળે છે.]

૪૯. નિશ્ચય નયથી તો તું સદા પરમાત્મા જ છો, વ્યવહારથી – અભૂતાર્થ વ્યવહારથી સંસારી છો, તેથી તું શુભાશુભ ક્ષણિક ભાવનો કર્તા થાય છે. નિશ્ચયથી યથાર્થમાં તો તું પરમાત્મા છો.(શક્તિ ઉપરના પ્રવચનમાંથી)

# શ્રી નિહાલચંદજી સોગાની

જન્મ: મે ૧૯૧૨ [ વૈશાખ સુદ ૧૧ વિક્રમ સંવત ૧૯૬૯ ]

દેહાંત: ૭ જુન ૧૯૬૪

સમ્યગ્દર્શન: ૧૯૪૫ [ વિ.સં. ૨૦૦૨ ]

( સમ્યગ્દર્શન ૧૯૪૫ માં પ્રાપ્ત થયા પછીના આ પત્રો ૧૯૪૯ થી ૧૯૬૪ સુધીના છે. દ્રવ્ય દ્રષ્ટિ પ્રકાશ પુસ્તકમાં કુલ ૫૧ પત્રો છે.)

# ડૉ. હરીભાઇ ની શાસ્ત્ર નોંધ માંથી

## કળશ અમૃત

આ સંકલન મુખ્યપણે આચાર્ય શ્રી અમૃતચન્દ્રસુરી રચિત 'કલાશામૃત' ('કળશ અમૃત' ) તથા તેની પંડિત રાજમલજી કૃત ટીકા ઉપર પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામીના પ્રવચનો પર આધારિત છે.

# અનુક્રમણિકા


| વિષય | પાનાં નંબર |
| --- | --- |
| ૧. કળશ અમૃત જીવ અધિકારમાંથી સંકલિત અંશો | ૭૮ |
| ૨. કળશ અમૃત અજીવ અધિકારમાંથી સંકલિત અંશો | ૮૨ |
| ૩. કળશ અમૃત કર્તા કર્મ અધિકારમાંથી સંકલિત અંશો | ૮૩ |
| ૪. કળશ અમૃત પૂણ્ય પાપ અધિકારમાંથી સંકલિત અંશો | ૮૫ |
| ૫. કળશ અમૃત આશ્રવ અધિકારમાંથી સંકલિત અંશો | ૮૭ |
| ૬. કળશ અમૃત સંવર અધિકારમાંથી સંકલિત અંશો | ૮૭ |
| ૭. કળશ અમૃત નિર્જરા અધિકારમાંથી સંકલિત અંશો | ૮૮ |
| ૮. કળશ અમૃત બંધ અધિકારમાંથી સંકલિત અંશો | ૮૯ |
| ૯. કળશ અમૃત મોક્ષ અધિકારમાંથી સંકલિત અંશો | ૯૦ |
| ૧૦. કળશ અમૃત સર્વ વિશુદ્ધ જ્ઞાન અધિકારમાંથી સંકલિત અંશો | ૯૧ |
| ૧૧. કળશ અમૃત સ્યાદ્વાદ અધિકારમાંથી સંકલિત અંશો | ૯૪ |
| ૧૨. કળશ અમૃત સાધ્ય સાધક અધિકારમાંથી સંકલિત અંશો | ૯૬ |

# ૧. કળશ અમૃત જીવ અધિકારમાંથી સંકલિત અંશો

## ૧. સાધના કેમ (કેવી રીતે) થાય ?

સાધના ગુણ-ગુણી જ્ઞાન દ્વારા થાય છે, બીજો ઉપાય તો કોઈ નથી. તેથી વસ્તુ સ્વરૂપને ગુણ-ગુણી ભેદ રૂપ વિચારતાં પ્રમાણ-નય-નિક્ષેપ રૂપ વિકલ્પો ઉપજે છે. તે વિકલ્પો પ્રથમ અવસ્થામાં ભલા છે તો પણ સ્વરૂપ માત્ર અનુભવતા જૂઠા છે. – (કળશ અમૃત પાના નંબર ૧૨) [આ વિકલ્પો વસ્તુનો નિર્ણય કરવા માટે છે. વસ્તુ સ્વરૂપનો નિર્ણય થતાં સમ્યગ્દર્શન થાય છે. "મારું સ્વરૂપ આવું જ છે"- તેવો (યથાર્થ) નિર્ણય થતાં સમ્યગ્દર્શન થાય છે, વિકલ્પ રહિતતા થાય છે. વિપરીતતા માત્ર યથાર્થ નિર્ણય થી દૂર થાય છે. બીજી કોઈ રીત નથી.] અનુભવ ગોચર થતાં કાંઇ ભ્રાંતિ રહેતી નથી.

## ૨. જીવ અજ્ઞાની સાથી ?

સ્વરૂપને જાણતો નથી તેથી અજ્ઞાની છે. નવ તત્ત્વો ને જાણે છે પણ નવ તત્ત્વો વિકલ્પરૂપ છે, તેથી નવ તત્ત્વો વિભાવ પરિણતી છે. વિકલ્પરૂપ છે તેથી તેમાં સંવર, નિર્જરા તથા મોક્ષની શુદ્ધ સ્વભાવ પર્યાય નથી. અહીં નવ તત્ત્વો નો અનુભવ મિથ્યાત રૂપ ગણ્યો છે કારણ કે નવ તત્ત્વ ના સંવર, નિર્જરા અને મોક્ષ અહીં શુદ્ધ નથી – વિકલ્પરૂપ છે. તે સ્વભાવ પરિણતી નથી તેથી સ્વરૂપને ન જાણતો થકો અજ્ઞાની છે.

## ૩. અનુભવ માટે શું કરવું ?

વારંવાર મનમાં – ઉપયોગમાં "હું શુદ્ધ છું – જ્ઞાનાનંદરૂપ છું" એવી ભાવના કરવી. જે કોઈ વિકલ્પ ઉઠે તેને ગૌણ કરવા – એટલે કે તેની ઉપેક્ષા કરવી, તેની સાથે ન જોડાવું. આમ વારંવાર ધારણા કરતાં કરતાં એકાગ્રતા-ધ્યાન ઉત્પન્ન થશે. ધ્યાન પરિપકવ થતાં તન્મયતા થશે - તન્મયતા થતાં સમાધી થશે – નિર્વિકલ્પ અનુભવ થશે.

અરૂપી આત્માનું ધ્યાન બીજી કોઈ રીતે ન થઇ શકે. રૂપી (ભગવાનની પ્રતિમા આદિ) ઉપર એકાગ્રતાનો અભ્યાસ થઇ શકે. તે અભ્યાસ દ્વારા ધ્યાન-સ્થિરતા થાય, મનને એકાગ્ર થવાની ક્ષમતા ઉત્પન્ન થાય. આ ક્ષમતાનો ઉપયોગ પછી અરૂપી આત્મામાં સ્થિર થવા માટે કરી શકાય.(હ)

## ૪. સમ્યક્ત્વ થતાં મોક્ષ માર્ગ શા માટે છે ?

સમ્યક્ત્વ ભાવ થતાં નૂતન જ્ઞાનાવરણ આદિ દ્રવ્ય કર્મ આશ્રવ મટે છે, પૂર્વ બદ્ધ કર્મ નિર્જરે છે તેથી મોક્ષ માર્ગ છે.

શું છે સમ્યક્ત્વ ? "પોતાને શુદ્ધ વસ્તુ માત્ર રૂપે અનુભવવો તે સમ્યક્ત્વ છે. જેમ નટ રાજાના સ્વાંગમાં પણ પોતાને નટરૂપ અનુભવે છે તેમ સંસારમાં સ્થિત જીવે પોતાને જ્ઞાન માત્ર શુદ્ધરૂપ અનુભવવો તે જ સમ્યક્ત્વ છે અને તેનું કારણ છે. પોતાને જ્ઞાનમાત્ર શુદ્ધ રૂપ અનુભવવા નો અભ્યાસ તે કારણ છે. તે અભ્યાસ

સહજ થતાં અનુભવ થાય છે. જ્ઞાની સંસારી વેશમાં પણ પોતાને શુદ્ધ અનુભવે છે. આ જ ભેદ જ્ઞાન છે અને તે ભાવતા ભેદ જ્ઞાન થાય છે." (કલશ-૮ માંથી)

પરિણતી – પરિણમન તેના બે પ્રકાર લબ્ધ રૂપ અને ઉપયોગ રૂપ. લબ્ધ રૂપ ગોડાઉન જેવું છે. ઉપયોગ રૂપ વર્તમાન એક વખત માલ કાઢવા જેવું છે. સમકીતીને સમ્યગ્ શ્રદ્ધાન સતત રહેવાનું કારણ લબ્ધ રૂપ પરિણમન છે. સમ્યગ્દ્રષ્ટિને ઉપયોગ પર લક્ષે હોય ત્યારે પણ શ્રદ્ધાન સમ્યગ્ હોય છે. તેને શુદ્ધ પરિણતી પણ કહેવાય છે.

પર (સ્ત્રી, પુત્ર, કુટુંબ, ગામ દેશ વગેરે) માં 'આમ થાય તો ઠીક, આમ ન થાય તો ઠીક" એવી ઈચ્છા રૂપ મિથ્યાત્વ તે દુઃખનું કારણ છે. પરમાં ફેરફાર પોતાને આધીન નથી. દરેક દ્રવ્ય અનાદિનિધન ન્યારા ન્યારા છે. કોઈને કોઈની સાથે કાંઇ પણ સબંધ નથી છતાં જીવ ઈચ્છા કરી દુઃખી શા માટે થાય છે ?

"જ્ઞાની નિર્વિકાર છે - અરીસાની માફક. જ્ઞાની ને શુભાશુભ ભાવ થાય છે પણ તે વીતરાગ ભાવ રૂપ સ્વરૂપમાં પેસતા નથી, ભિન્ન રહે છે. તેથી જ્ઞાની નિર્વિકાર રહે છે. (જેમ દર્પણમાં સામે રહેલા પદાર્થો પ્રતિબિંબિત થાય છે પરંતુ દર્પણમાં ધૂસતા નથી, તેમ શુભાશુભ ભાવો જ્ઞાનમાં જણાય છે પરંતુ સ્વરૂપમાં પેસતા નથી.) જ્ઞાનીને શુભાશુભ ભાવો થાય તેથી શું? પોતાની શુદ્ધતામાં તો ફેર પડતો નથી. તે શુભાશુભ ભાવ બહાર રમે છે."

## ૫. મિથ્યાત્વનો રસ કેમ ઘટે ?  કેમ મટે ?

પરમાં સ્વામિત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, સુખબુદ્ધિ, દુઃખબુદ્ધિ મટે, જગતના જીવો પરથી સુખી-દુઃખી થાય તે ભાવ પણ મટે, વળી ભૂતકાળમાં જે ભાવો કર્યા હતા તે જૂઠા હતા તેમ નક્કી થઇ તે છૂટે - ભવિષ્ય અને વર્તમાનમાં પણ તે છોડે, તેમજ જે પ્રગટ તે કર્મના ફળ સ્વરૂપ દુઃખ તે પ્રત્યે ઉપેક્ષા થવી જોઈએ, કર્મ ફળ સ્વરૂપ સુખાભાસ પ્રતે ઉપેક્ષા થવી જોઈએ, કર્મ ફળ સ્વરૂપ રાગ-દ્વેષ-મોહ ભાવ પ્રત્યે ઉપેક્ષા થવી જોઈએ, કર્મ ફળ સ્વરૂપ શરીર આદિ પ્રત્યે પણ ઉપેક્ષા થવી જોઈએ - ત્યારે મિથ્યાત્વ નો રસ ઘટે.

જીવોનું ભલું થાય, જગતમાં આમ થાય તો ઠીક આદિ ભાવો પ્રતે પણ ઉપેક્ષા. કોઈના બુરાની તો વાત જ નહિ. ખાવા પીવા આદિ ભોગ ભાવો પ્રત્યે પણ ઉપેક્ષા. જે પોતાના સ્વરૂપની બહાર છે તેને કંઇ સાંભળવું નથી, વાંચવું નથી, સૂનમૂન થઇ ગયો છે, આમ થતાં જીવની દશા સહજ ઉપેક્ષામય થાય છે. ક્યાંય રસ રહેતો નથી, બધું ફિક્કું શુષ્ક લાગે છે. ઉદયના બળે રસ રહિત શરીર આદિની ક્રિયા થાય છે, ઢોરને દોરી જતા હોય તેમ. આવી ઉદાસીન દશામાં સ્વરૂપ પ્રગટે. જેમ ગાંડો માણસ ઘણો દોડ દોડ કરે, શરીરે ઉઘાડો ફરે છતાં થાકે નહિ, ભૂખ નહિ, તરસ નહિ – તેમ સાધકને એવી એકાકારતા હોય કે ટાઢ-તડકો, ભૂખ-તરસ આદિ પ્રત્યે અર્ધ ભાન જેવી દશા વર્તે તેને ઉદાસીનતા સ્વરૂપ અને અન્ય ભાવો વચ્ચે સંધિ દેખાય અને "આ હું" એમ દેખાય.

લીંડી પીપરને ફરી ફરી ઘૂટવાથી તેના પરમાણુંઓના નાના સ્કંધોના પડ છૂટા પડતા જાય છે અને સૂક્ષ્મ સૂક્ષ્મ સ્કંધો થતાં જાય છે. પરમાણુઓ વચ્ચેની સ્નિગ્ધતા રુક્ષતા ના પડ ઘસાતા જઇ સૂક્ષ્મ - અતિ સૂક્ષ્મ સ્કંધો પ્રગટી વધારે વધારે તીખાશ પ્રગટે છે. તેમ જીવ ઉપર રહેલા રાગ, દ્વેષ, મોહ ના પડો ધ્યાન દ્વારા – એકાગ્રતા દ્વારા ખસતા જાય છે – હટતા જાય છે – પાતળા પડતા જાય છે તેમ તેમ સ્વરૂપ પ્રકાશતું જાય છે. આવી એકાગ્રતાની દશા હોવી જોઈએ, એટલે કે ઉદાસીનતાની દશામાં એકાગ્રતા હોવી જોઈએ તો જ કામ કરે. માત્ર મેસમેરીઝમ ની એકાગ્રતા કામ ન લાગે."

## ૨. કળશ અમૃત અજીવ અધિકારમાંથી સંકલિત અંશો

### ૧. વિલાસ

વિલાસ એટલે પ્રગટ ક્રિયા. (મૂળ સંસ્કૃત શબ્દ विलसति છે) પરમાત્માનું પ્રગટ રૂપ તે તેનો વિલાસ છે, જે પ્રતિ પળે અનેક રૂપ ધારણ કરે છે.

### ૨. ભિન્ન અનુભવ

કાદવ મિશ્રિત જળને જોઇને માત્ર જળ છે તેમ કહેવું અજ્ઞાન છે, કારણ કે તેમાં કાદવનો જળ તરીકે સ્વીકાર થઇ જાય છે. વ્યવહારથી કાદવવાળું જળ કહો પણ સાચા જ્ઞાનમાં તો બંને ભિન્ન જ છે. તેમ શરીર, રાગ આદિ ભાવ, સુખ-દુઃખ,

વચન અને મન ને જીવ કહેવા તે સાચા જ્ઞાન થી જોતા જૂઠું છે. વ્યવહારથી જીવને શરીરી, રાગી, દ્વેષી, સુખી, દુઃખી વગેરે ભલે કહો પણ તે માત્ર વ્યવહાર છે, જૂઠ છે. સંસાર અવસ્થામાં પણ જીવનો એકરૂપ અનુભવ થઇ શકે છે. કેવી રીતે ? તે જ સમયે જીવની શરીર આદિ વિભાવ પર્યાય ન જોઇને – ગૌણ કરીને. વસ્તુ પણે બે છે તો બે ને (જુદી) જોઈ શકાય.

કોઈ અજ્ઞાની કહેશે આ પાણી તો મેલું છે. જ્ઞાની વિવેકી કહેશે પાણી તો જેવું છે તેવું જ છે, જો આ કતકફળ નાખ, તેથી તને કાદવ અને પાણી ભિન્ન જણાશે. તેમ વિવેક રૂપી કતકફળ નાખવાથી જીવ અને અજીવ બંને ભિન્ન જણાશે. મેલ ઉપરથી દ્રષ્ટિ ખસેડીને – અત્યંત ગૌણ કરીને અને પાણી ઉપર દ્રષ્ટિ સ્થાપીને જોવાથી બંને ભિન્ન જોવાશે, તેવી રીતે મલિનતા અને પર ઉપરથી દ્રષ્ટિ ખસેડીને – અત્યંત ગૌણ કરીને અને આત્મા ઉપર દ્રષ્ટિ કરતાં બંને ભિન્ન જણાશે. આ પ્રયોગ સતત કરવાથી (ભેદ જ્ઞાન થતાં) બંને નો ભિન્ન અનુભવ થશે.

(કલશ અમૃત-33 માંથી)

## 3. કળશ અમૃત કર્તા કર્મ અધિકારમાંથી સંકલિત અંશો

(૧) "ખરેખર તો દ્રવ્ય એક સત્વ રૂપ અભેદ છે. દ્રવ્યને પોતાના પરિણામનો કર્તા કહેવો તે પણ વ્યવહાર છે ત્યાં એક દ્રવ્યને બીજા દ્રવ્યનો કર્તા કહેવો તે તો ઉપચાર માત્રથી – વ્યવહારથી પણ નથી, કારણ કે બંને ભિન્ન સત્વ છે. એક સત્વમાં જ

વ્યાપ-વ્યાપકતા હોય છે તેથી કર્તા કર્મ પણ કહેવાય છે. જીવ અને પુદ્ગલ ભિન્ન સત્તા હોવાથી "જ્ઞાનાવરણ આદિ પુદ્ગલ કર્મનો કર્તા જીવ દ્રવ્ય" તે ઘટતું નથી."

(૨) "જીવ દ્રવ્ય અને પુદ્ગલ દ્રવ્ય બંને ભિન્ન સત્તા હોવાથી વ્યાપ-વ્યાપક પણાના અભાવને લીધે બે વચ્ચે કર્તા-કર્મપણું નથી – આ સિદ્ધાંત છે. તેથી જીવ કર્તા અને જ્ઞાનાવરણ આદિ (દ્રવ્ય કર્મ) જીવનું કર્મ તેમ બનતું નથી."

(૩) "સત્તા માત્ર વસ્તુ છે – સત્વ માત્ર વસ્તુ છે – તે અવસ્થા વિના હોતી નથી – અવસ્થા તે સત્તાનું કર્મ છે. એક અવસ્થાથી બીજી અવસ્થાનું ઉપજવું તે ક્રિયા છે. બધા એક દ્રવ્યમાં જ છે. એક સત્તા રૂપે છે. કર્તા કર્મ ક્રિયાની ભિન્ન સત્તા નથી." (કળશ અમૃત-૫૧)

(૪) "કર્તા પરિણામી દ્રવ્ય. કર્મ રૂપ પરિણામ. ક્રિયા પર્યાયની ફેરવણી. વસ્તુ એક, ત્રણ નામ."

(૫) "અનુભવ ભેદજ્ઞાન રૂપ જ છે અને થાય છે પણ ભેદજ્ઞાનથી. કારણ અને કાર્યનું અવિનાભાવ પણું છે."

(૬) "વસ્તુનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં ભિન્ન પણાનો સ્વાદ આવે છે. હું તો શુદ્ધ જ્ઞાન સ્વરૂપ જ છું, આ રાગ આદિ મારા નથી – આમ વારંવાર અભ્યાસ કરતાં સ્વ-પરના ભિન્ન પણાનો સ્વાદ આવે છે. ઉના પાણીને વિચારતાં ઉષ્ણતા અગ્નિની છે, પાણી તો શીતળ જ છે – એમ ખ્યાલ આવે છે. સ્વ-પરની ભિન્નતાનો સ્વાદ આવ્યા પછી પરમાં ઉદાસીન હોવાથી – સાક્ષી હોવાથી સ્વ દ્રવ્યમાં દ્રઢતાથી રહ્યો છે, મુખ્યતા તેની જ છે."

(૭) “અભેદને સમજવા માટે ભેદ પાડ્યા વિના છૂટકો નથી. વસ્તુ તો અભેદ જ છે. ભેદથી સમજી ભેદ છોડી અભેદનો અનુભવ કરવાનો છે. ભેદથી (નય પક્ષથી) અભેદનો અનુભવ કેમ થાય ? (ન જ થાય.) કેવું છે આત્મ સ્વરૂપ ? અનુભૂતિ માત્ર (સ્વને-પોતાને અનુભવમાં આવે તેવું સ્વરૂપ છે.)” (કળશ અમૃત-૯૦)

(૮) “જેમ અભેદ રૂપ કચોરી પ્રાપ્ત કરવી હોય તેને કચોરીના લોટ – દાળ – તેલ – મસાલો વગેરે ભિન્ન ભિન્ન પદાર્થોને જાણવા પડશે. માત્ર ભેદ રૂપ લોટ ખાધે તેને કચોરીનો સ્વાદ નહિ આવે, તેલ કે મસાલો ખાધે પણ નહિ આવે. અભેદના સ્વાદ માટે ભેદને જાણી પછી ભેદને છોડવા પડશે.”

(૯) “વિવેકથી શુદ્ધ આત્મ સ્વરૂપનો અનુભવ થાય છે. વિવેકનો બીજો અર્થ થાય છે ભેદ જ્ઞાન. વિવેક એટલે વસ્તુ સ્વરૂપ જેમ છે તેમ જાણી અનુભવવું.”

## ૪. કળશ અમૃત પૂણ્ય–પાપ અધિકારમાંથી સંકલિત અંશો

### ૧. મોક્ષમાર્ગ

જેટલી દ્રવ્યની શુદ્ધતા તેટલો મોક્ષ માર્ગ. જેટલી દ્રવ્યની શુદ્ધતા તેટલું મોક્ષનું કારણ. પૂર્ણ શુદ્ધતા પૂર્ણ મોક્ષ નું કારણ છે.

### ૨. જ્ઞાન અને ક્રિયા

સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાન અને ક્રિયા બંને એક સાથે હોય છે. જ્ઞાન એટલે શુદ્ધ સ્વરૂપ અનુભવ અને ક્રિયા એટલે બાહ્ય શુભાશુભ ક્રિયા. જ્ઞાન અને ક્રિયા એક સાથે હોય છે તેથી જ્ઞાનીને તે બંનેથી મોક્ષ થાય તેવી જૂઠી માન્યતા અજ્ઞાની જીવોમાં પ્રવર્તે

છે. ખરેખર તો જ્ઞાન મોક્ષ નું કારણ છે અને ક્રિયા બંધનું કારણ છે. વળી આ બંને થી મોક્ષ થાય એવું વ્યવહાર કથન શાસ્ત્રમાં મળે છતાં પરમાર્થ દ્રષ્ટિ થી તેમ નથી. વળી શાસ્ત્રમાં એમ પણ આવે કે જ્ઞાનીનું દ્રવ્ય શુદ્ધ સ્વરૂપ પરિણમ્યું છે, તેથી જેટલી શુભ કે અશુભ ક્રિયા જ્ઞાનીને હોય તે જ્ઞાન જાતિમાં ઘટે છે – સંવર નિર્જરાનું કારણ છે – પરંતુ જ્ઞાનીને પણ શુભ કે અશુભ ભાવ તો બંધ નું જ કારણ છે.

જ્ઞાનીનું દ્રવ્ય શુદ્ધતા રૂપ પરિણમ્યું છે, છતાં અનેક પ્રકારની શુભાશુભ ક્રિયાથી મોક્ષમાર્ગ માની જ્ઞાની પ્રવર્તતા નથી, પરંતુ શુભાશુભ રૂપ ક્રિયાને હેય રૂપ જાણી પ્રવર્તે છે. જેટલી ક્રિયા છે તે બધી મોક્ષમાર્ગ નથી એમ જાણી સમસ્ત ક્રિયામાં (શુભાશુભથી) મમત્વ છોડે છે.

જ્ઞાનીને શુભમાં પણ રાગ નથી – રંજીત પરિણામ નથી – અંતરંગમાં પરમ ઉદાસીન છે. નાના પ્રકારની ભોગ સામગ્રી કર્મનું સ્વરૂપ છે, ઉપાધિ છે અને દુઃખરૂપ છે – એમ જાણતા થકા જ્ઞાનીના પરિણામ અતિ લૂખા છે.

જેમ રોગ-દારિદ્ર વાંછા વિનાના (ઈચ્છ્યા વિના) હોય છે તેમ જ્ઞાનીને ભોગ સામગ્રી છે. છૂટવા ઘણું ઈચ્છે છે પણ છૂટતું નથી. જ્ઞાનીને ભોગ ક્રિયા વાંછા રહિત છે. તેને ભોગ તો રોગ કે ઉપદ્રવ જેવો લાગે છે. જ્ઞાની ઇન્દ્રિય સુખને અંગીકાર કરવા અસમર્થ છે.

" જ્ઞાનીને બાહ્યક્રિયા અજ્ઞાની જેવી હોય પણ તે બધી અંતરથી છૂટી ગઈ છે – કહેવા માત્ર છે – વ્યવહારથી છે. જે બાહ્યક્રિયા છે તેને મોક્ષમાર્ગ માનતા નથી પણ તેને હેય રૂપ માને છે અને આ ક્રિયાનું મમત્વ નથી. દ્રવ્ય અને ભાવરૂપ બંને ક્રિયા અંતરથી જ્ઞાનીને છૂટી જાય છે."

# ૫. કળશ અમૃત આશ્રવ અધિકારમાંથી સંકલિત અંશો

## ૧. આશ્રવ

આશ્રવ એટલે મિથ્યાત્વ-રાગ-દ્વેષ રૂપ પરિણમન. (આ ભાવ આશ્રવ છે અને તેના નિમિત્તે દ્રવ્ય આશ્રવ થાય છે.)

## ૨. રાગ

રાગ એટલે પર દ્રવ્ય સાથે રંજીત પરિણામ. (પર દ્રવ્યના લક્ષે થતાં બધા પરિણામ આશ્રવનું કારણ છે.)

## ૩. મોહ

મોહ એટલે પુદગલ દ્રવ્યની વિચિત્રતામાં આત્મ બુદ્ધિ રૂપ વિપરીત પરિણામ.

# ૬. કળશ અમૃત સંવર અધિકારમાંથી સંકલિત અંશો

## ૧. પરરૂપ વ્યાવૃત (**पर रूपत: व्यावृतं**)

જ્ઞેયાકાર પરિણમન થી પરાંગમુખ એટલે કે જ્ઞેયાકાર પરિણમન રૂપ રાગ-દ્વેષ ભાવ અને રાગ દ્વેષના નિમિત્તો રૂપ પર પદાર્થો – તેમનું પરિણમન એટલે સમગ્ર પર જ્ઞેય રૂપ જગત – તેનાથી પરાંગમુખ. (રાગ દ્વેષ ને જાણે પણ કરે નહિ એવી પરાંગમુખતા) (કળશ અમૃત – ૧૨૫)

## ૨. ભેદ વિજ્ઞાન વિનાશી છે - કેમ?  ભેદ વિજ્ઞાન તો શુદ્ધ ઉપયોગ રૂપ છે ને?

ભેદ વિજ્ઞાન પર્યાય છે તેથી વિનાશને પામે છે અને સ્થૂળતા થી શુદ્ધ ઉપયોગ રૂપ છે, વળી અજ્ઞાની ને માત્ર વિકલ્પ રૂપ છે. ભેદ જ્ઞાનનો અભ્યાસ છે તેથી તે પર્યાય વિનાશી છે.

શુદ્ધ ઉપયોગ સ્થૂળતાથી છે ત્યાં પણ અબુદ્ધિ પૂર્વકના રાગ-દ્વેષ છે, પરમ શુદ્ધ ઉપયોગ નથી. પરમ શુદ્ધ ઉપયોગ થતાં ભેદ જ્ઞાન કરવા પણું રહેતું નથી.

(કળશ અમૃત – ૧૨૯)

# ૭. કળશ અમૃત નિર્જરા અધિકારમાંથી સંકલિત અંશો

૧. અજ્ઞાનીની નિર્જરા ઉદય ભાવ રૂપ છે. જ્ઞાનીની નિર્જરા ક્ષયોપશમ ભાવ રૂપ છે. અજ્ઞાનીને અકામ - સવિપાક નિર્જરા હોય છે. જ્ઞાનીને સકામ એટલે કે મોક્ષ માટે કામની તેવી ક્ષયોપશમ ભાવે હોય છે. વળી તે અવિપાક પણ હોય છે.

૨. જ્ઞાની ભોગને દુઃખ રૂપ અનુભવે છે – ઉપાધિ માને છે, તેના પરિણામ લૂખા છે, તેને રંજીત પરિણામ થતાં નથી, તે ઉદાસીન છે, તેને ભોગ રોગ રૂપ લાગે છે, પરવશ પણે ભોગવે છે. છૂટવા ઘણું ઈચ્છે છે પણ છૂટાતું નથી. જેમ કોઈને રોગ, શોક, દરિદ્ર વાંછા વિનાના હોય છે તેમ જ્ઞાનીને ભોગ સામગ્રી અને ભોગ ક્રિયા વાંછા રહિત છે. તેને કર્મના ઉદયની સામગ્રીમાં અભિલાષા નથી.

૩. મિથ્યાદ્રષ્ટિ પંચેન્દ્રિય ભોગોમાં અવશ્ય રંજીત છે. ક્યાં સુધી રંજીત છે? જ્યાં સુધી સમ્યક્ત્વ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી.

૪. મિથ્યાદ્રષ્ટિ કર્મની સામગ્રીમાં ભેદ પાડે છે – એક સારી – સુખ આપવા વાળી, બીજી ખરાબ – દુઃખ આપવા વાળી. સમ્યગ્દ્રષ્ટિ બધી બાહ્ય સામગ્રીને ચારિત્ર અપેક્ષાએ દુઃખ રૂપ જાણે છે અને શ્રદ્ધા-જ્ઞાન અપેક્ષાએ જ્ઞેય રૂપ માત્ર જાણે છે – માને છે. તેથી તેને કોઈ સામગ્રીમાં ઉપાદેય બુદ્ધિ નથી. (કળશ-૧૪૭)

૫. જ્ઞાનીને નિ:શંકતા આદિ આઠ ગુણો હોય છે. જેટલા ગુણો છે તેટલા જ્ઞાનીને શુદ્ધ પરિણમ્યા છે, તેથી શુદ્ધ છે, તેથી નિર્જરા થાય છે – કર્મનું ગળવું થાય પણ કર્મ બંધ થતાં નથી. (કળશ-૧૬૧)

## ૮. કળશ અમૃત બંધ અધિકારમાંથી સંકલિત અંશો

૧. "આશ્રવ અને બંધમાં તફાવત છે. મન વચન કાયાના યોગથી આશ્રવ થાય પણ બંધ ન થાય. પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ સહીત બંધ હોય છે, જેમાં સ્થિતિ અને અનુભાગ નું કારણ કષાય છે. ૧૩ મા ગુણસ્થાને યોગ ને કારણે આશ્રવ છે પણ કષાય નથી તેથી સ્થિતિ અને અનુભાગ બંધ પડતો નથી. વળી સમ્યગ્દ્રષ્ટિ ને બંધ નથી તે મિથ્યાત્વના બંધ માટે કહ્યું છે, ચારિત્રમોહનો બંધ તો (યોગ અને મંદ કષાય હોવાથી) છે, પણ તે અલ્પ છે. (કળશ-૧૬૪)

૨. ઈચ્છાપૂર્વક રુચિથી ભોગ સામગ્રીને ભોગવતા બંધ થાય જ છે. અજ્ઞાની એવી યુક્તિ કરે કે અમને આ જે ભોગ છે તે પૂર્વ કર્મના ઉદયથી છે, અમને તેમાં રસ નથી – પણ તે જૂઠો છે. જ્ઞાની આવી યુક્તિ કરે જ નહિ, પ્રવૃતિમાં ઈચ્છાપૂર્વક ભળે જ નહિ અને એવી પ્રવૃતિને નીંદે. એ પ્રવૃત્તિ ક્યારે છૂટે ક્યારે છૂટે એમ તેને અંતરમાં આવ્યા જ કરે, તે તેને છોડવા જ ઈચ્છે છે. તીવ્ર સ્વરૂપ વેદન વખતે અત્યંત ભિન્ન પણે તે દ્રષ્ટા રહે છે. પ્રત્યેક ક્રિયાથી અંતરથી છૂટ્યા છે, બાહ્યથી પણ છૂટવાને ઈચ્છે છે. રોગની માફક આ પ્રવૃત્તિ ગમતી નથી , તેથી છૂટવા જ ઈચ્છે છે. (કળશ-૧૬૬)

૩. જ્ઞાની દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ તથા તેમની પર્યાયો ને પોતારૂપ માનતા નથી. એટલું જ નહિ પરંતુ જે પરિણતી રૂપ અશુદ્ધિ છે – અબુદ્ધિ પૂર્વકની છે તેને પણ પોતાની માનતા નથી. વળી જે અશુદ્ધિ સત્તારૂપ પડી છે, ઉપયોગરૂપ નથી તેને પણ પોતાની માનતા નથી. માત્ર ત્રિકાળી માં જ પોતાપણું કરે છે.

## ૯. કળશ અમૃત મોક્ષ અધિકારમાંથી સંકલિત અંશો

વૈશેષિક આદિ મતવાળા ચૈતન્ય ગુણ નથી માનતા – જૈન માને છે. આ શ્લોક માં તેનો ઉત્તર છે કે જો ન માને તો ત્રણ દોષ ઉત્પન્ન થાય છે.

(૧) લક્ષણનો નાશ

(૨) લક્ષણના નાશ થી સત્તાનો નાશ

(૩ ) સત્તાના નાશ થી મૂળ વસ્તુનો નાશ થાય છે.

(સમયસાર નાટક પાનું ૨૨૦)

જેમ દરેક દ્રવ્ય સામાન્ય વિશેષ રૂપ છે તેમ ચેતના પણ સામાન્ય વિશેષ રૂપે છે. સામાન્ય ચેતના તે દર્શન ચેતના અને વિશેષ ચેતના તે જ્ઞાન ચેતના. આ સમજણ યથાર્થ છે – ચેતના માત્ર ભાવ નિર્વિકલ્પ છે, નિર્ભેદ છે.

સામાન્ય ચેતના દર્શન ચેતના છે અને વિશેષ ચેતના તે જ્ઞાન છે. પદાર્થ જાણવા પહેલા પદાર્થના અસ્તિત્વનું કિંચિંત ભાન થાય છે (પદાર્થના અસ્તિત્વનો પ્રતિભાસ – સામાન્ય અવલોકન) તે દર્શન છે. દર્શન એ નથી જાણતું કે પદાર્થ નો આકાર-રંગ વગેરે કેવા છે. દર્શન એટલે દર્શન ચેતના તો સામાન્ય અસ્તિત્વ માન્ય જાણે છે, તેથી દર્શન ગુણ નિરાકાર અને સામાન્ય છે. દર્શનમાં મહાસત્તા અથવા સામાન્ય સત્તાનો પ્રતિભાસ થાય છે. આકાર રંગ આદિનું જાણવું તે જ્ઞાન છે તેથી જ્ઞાન સાકાર કહેવાય છે, સવિકલ્પ છે, વિશેષને જાણે છે. (સમયસાર નાટક પાનું ૨૧૯ .... કળશ-૧૮૩ )

## ૧૦. કળશ અમૃત સર્વ વિશુદ્ધ જ્ઞાન અધિકારમાંથી સંકલિત અંશો

આ અધિકારમાં શુદ્ધ જીવ દ્રવ્યનું વર્ણન કરવામાં આવે છે. શુદ્ધ જીવ દ્રવ્ય એટલે શુદ્ધ પર્યાયના ભેદ સહિત એક રૂપ જ્ઞાયક ભાવ – ધ્રુવ ભાવ. અહીં દ્રવ્ય-ગુણ-પર્યાય રૂપ શુદ્ધ જીવનું વર્ણન છે. આ અધિકારમાં પર દ્રવ્ય થી ભિન્ન આત્માને

તેના શુદ્ધ સ્વરૂપે બતાવવો છે. કળશ-૧૯૩ માં સ્પષ્ટ બતાવ્યું છે કે નિરાવરણ જ્યોતિ રૂપ આત્મા છે. નિરાવરણ એટલે શુદ્ધ પર્યાય સહિત છે (અન્ય કર્મ આદિના આવરણ નથી). આ કળશમાં શુદ્ધ શુદ્ધ બે વખત શુદ્ધ શબ્દ વાપર્યો છે, તે દ્રવ્યથી અને પર્યાયથી શુદ્ધ એમ બતાવ્યું છે.

બંધ, મોક્ષ, કર્તા, ભોક્તા આદિ વિવિધ પર્યાય થી ભિન્ન દ્રવ્યાર્થિક નયના વિષય ભૂત શુદ્ધ જીવાસ્તિકાયનું વર્ણન નાસ્તિ અપેક્ષાએ સવિશેષ કરેલ છે. તેથી કર્તા નથી, ભોક્તા નથી, બંધ રહિત છે, એટલે કે કર્તા, ભોક્તા બંધ ઈત્યાદી ભાવો નથી તેમ વર્ણન કરેલ છે. જીવ અજ્ઞાન અવસ્થામાં રાગ આદિનો – દ્રવ્ય કર્મનો કર્તા છે અને દ્રવ્ય કર્મના ફળનો – સુખ દુઃખ આદિનો ભોક્તા છે. જ્ઞાન અવસ્થામાં એટલે જ્ઞાની તે રાગ આદિ ભાવોનો અકર્તા છે – સુખ દુઃખનો અભોકતા છે. બીજા શબ્દોમાં જીવ સ્વભાવથી રાગ આદિનો કર્તા ભોક્તા નથી. આ અધિકારમાં આત્મા અને પર દ્રવ્યને કર્તા-કર્મ સબંધ છે જ નહિ એમ સ્પષ્ટ કર્યું છે. ખરેખર આત્માને અન્ય દ્રવ્ય સાથે કોઈ સબંધ નથી. દરેક દ્રવ્ય પોતે પોતાથી પરિણમે છે, સ્વતંત્ર રૂપે બીજાની સહાય રહિત પરિણમે છે.

જીવ દ્રવ્ય પુદગલ કર્મનો વ્યવહારથી કર્તા છે, ખરેખર કર્તા નથી કારણ કે કર્તા અને કર્મ માં જે વ્યાપ્ય-વ્યાપક સબંધ જોઈએ તે અહીં નથી.

કોઈ એમ માને છે કે પરદ્રવ્ય - જ્ઞાનાવરણીય કર્મ, શરીર-મન-વચન રૂપ નોકર્મ કે બાહ્ય ભોગ સામગ્રી બળાત્કારે રાગ-દ્વેષ રૂપ પરીણમાવે છે – તે જૂઠું છે.

પર દ્રવ્યનો જરા પણ દોષ નથી. જીવમાં વિભાવ શક્તિ (યોગ્યતા રૂપ વૈભાવિક શક્તિ) છે, તેથી મિથ્યાત્વ રૂપ ભ્રમથી પોતે જ રાગ દ્વેષ રૂપ પરિણમે છે. જીવને અન્ય કોઈ રાગ દ્વેષ ભાવે પરિણમાવતું નથી.

કર્મ ચેતના અને કર્મ ફળ ચેતના રૂપ અશુદ્ધ પરિણતી ને મટાડવા નો સાધક (સમ્યગ્દ્રષ્ટિ) અભ્યાસ કરે છે. કેવી રીતે? દ્રવ્ય કર્મ, ભાવ કર્મ અને નોકર્મનું સ્વામિત્વ છોડીને અને માત્ર ચેતના રૂપ પોતાને અનુભવીને.

## અશુદ્ધ પરિણતિ

૧. અતીત કાળની – "મેં આમ કર્યું – આમ ભોગવ્યું"

૨. ભવિષ્ય કાળની – "આમ કરીશ અને આમ ભોગવીશ"

૩. વર્તમાન કાળમાં – "હું દેવ – હું રાજા – હું સુખી-દુઃખી ઇત્યાદિ રૂપ આ ત્રણ પ્રકારની અશુદ્ધ પરિણતિ ને હું મન વચન કાયાથી ન કરીને, ન કરાવીને, ન અનુમોદીને છોડું છું.

જ્ઞેયના જાણવાથી જીવ અશુદ્ધ થાય છે તેમ કોઈ માને છે પણ તે જૂઠું છે. જ્ઞેયને જાણવા છતાં જ્ઞાન પોતાનો સ્વભાવ છોડતું નથી. જ્ઞેયના જાણવાથી જ્ઞાન અશુદ્ધ થતું નથી, જેમ વૈશેષિક માને છે તેમ નથી. જેમ કાળી- લાલ ઝાંયથી સ્ફટિક કાળો કે લાલ થતો નથી પરંતુ તે ઝાંય તો સ્ફટીકની સ્વચ્છતા દર્શાવે છે.

નિમિત્ત-નૈમિતિક કે જ્ઞેય-જ્ઞાયક સબંધ જીવ અને અજીવ વચ્ચે માત્ર વ્યવહારથી છે. નિશ્ચય થી કોઈ સબંધ નથી આત્મા જ્ઞાન સ્વરૂપ છે તેમ કહેવું તે પણ વ્યવહાર કથન છે.

સર્વ કર્મ કેમ છોડાય? દ્રવ્ય કર્મ, ભાવ કર્મ, નોકર્મ નું સ્વામિત્વ છોડીને. કેટલું સ્વામિત્વ છોડીને? ત્રણે કાળનું – ભૂત, વર્તમાન અને ભવિષ્યનું. કેવી રીતે? મન-વચન-કાયાથી અને ધૃતકારિત અનુમોદનાથી પુરુષાર્થ પૂર્વક છોડાય.

રાગ-દ્વેષ કેમ મટે? આત્મ અનુભવથી, બીજો તો કોઈ ઉપાય નથી. જીવ દ્રવ્ય સ્વભાવે તો શુદ્ધ છે પણ મિથ્યાત્વ થી અશુદ્ધ પરિણતી થઇ છે. જો જીવ દ્રવ્ય શુદ્ધત્વ રૂપે પરિણામે તો અશુદ્ધિ મટે. બીજો તો કોઈ ઉપાય નથી.

વળી બૌદ્ધ મતિ, એક કરે છે અને બીજો ભોગવે છે – એમ માને છે તથા વેદાંત સર્વથા જીવને અકર્તા માને છે – તે જૂઠા છે. સ્યાદ્વાદથી જીવનું કર્તા-અકર્તા પણું, ભોક્તા-અભોકતા પણું, એક જીવ કરે બીજો ભોગવે તે યથાર્થ સધાય છે.

બાહ્ય દ્રવ્ય ક્રિયા રૂપ યતિ લિંગ કે ગૃહસ્થ લિંગ થી મુક્તિ નથી. મોક્ષ તો આત્માને આત્મામાં મગ્ન કરવાથી જ થાય છે. મોક્ષ નિજ અનુભવ સ્વરૂપ છે.

## ૧૧. કળશ અમૃત સ્યાદ્વાદ અધિકારમાંથી સંકલિત અંશો

આત્મામાં અનેક ગુણો છે-ધર્મો છે.  જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો અને

નિત્ય-અનિત્ય આદિ ધર્મો. આવું સ્વરૂપ તો અન્ય મતાવલંબી ઓ પણ સ્વીકારે છે, પણ પરસ્પર અનેક વિરોધી ધર્મો છે તે ધર્મોનો સમ્યક પ્રકારે વિરોધ મટાડનાર કથન પદ્ધતિ તે સ્યાદ્વાદ જે અનેકાંત દ્વારા વસ્તુ સ્વરૂપને પ્રકાશે છે તે જૈન દર્શન સિવાય બીજે ક્યાંય નથી. દ્રવ્યનું સ્વરૂપ નિત્ય-અનિત્ય રૂપ, એક-અનેક રૂપ હોવાથી પરસ્પર વિરોધો દેખાય છે, તેને સ્યાદ્વાદ મટાડે છે.

જે અજ્ઞાની એકાંતવાદિ જ્ઞેય થી જ્ઞાન માને છે, જ્ઞેય ના નાશથી જ્ઞાન નો નાશ માને છે તે ત્રિકાળ જ્ઞાન સત્તાને સ્વીકારતો નથી. અનેકાંતવાદિ ત્રિકાળ જ્ઞાન સત્તાને સ્વીકારે છે અને પર્યાય જ્ઞાનમાં જ્ઞેય નિમિત્ત છે તેવું પણ સ્વીકારે છે. યુક્તિથી સમજ આ પ્રમાણે છે – (૧) જો જ્ઞેયથી જ્ઞાન થતું હોય એટલે કે જ્ઞેય જ્ઞાનનું કારણ હોય તો ઘડાનું જ્ઞાન સામે રહેલા થાંભલાને પણ થવું જોઈએ, પણ થતું નથી. (૨) ઘટ ના નાશ થી ઘટ ના જ્ઞાન ની નાસ્તિ થવી જોઈએ પણ થતી નથી. જેવું જ્ઞાનમાં હતું તેવું ઘટનું જ્ઞાન ઘટના નાશ પછી પણ રહે છે. તેથી (સિદ્ધ થાય છે કે) જ્ઞેય થી જ્ઞાન નથી પરંતુ જ્ઞાનથી જ્ઞાન છે.

બીજા પ્રકારનો એકાંત મિથ્યાદ્રષ્ટિ સર્વ વિશ્વને એક સત્તા માત્ર માને છે – જ્ઞાન વસ્તુ રૂપ માને છે એટલે કે એક આત્મ તત્ત્વ રૂપ સત્તાને માને છે તેથી જ્ઞાન અને જ્ઞેય રૂપ ભિન્ન ભિન્ન સત્તાનો અસ્વીકાર કરે છે, તેથી જ્ઞાનને માને છે – જ્ઞેયની અસ્તીને માનતો નથી તેથી પર્યાય સત્તાને માનતો નથી. જ્ઞાન વસ્તુ પર્યાય રૂપે જ્ઞેયાકાર થાય છે, તે માનતો નથી.

# ૧૨. કળશ અમૃત સાધ્ય સાધક અધિકારમાંથી સંકલિત અંશો

## સમ્યગ્દર્શન ને પાત્ર કોણ ?

૧. વસ્તુ સ્વરૂપને જે પ્રમાણે છે તે પ્રમાણે અંગીકાર કરનાર – અનંત ધર્માત્મક વસ્તુને સ્યાદ્વાદ થી યથાર્થ જાણનાર અને તે જ પ્રમાણે છે તેવું અંગીકાર કરનાર.


૨. સમસ્ત રાગાદિ પરિણતીનો ત્યાગી.

૩. શુદ્ધ જીવ સ્વરૂપને નિરંતર અખંડ ધારા પ્રવાહરૂપે ભાવના ભાવનાર.

રાગાદિ પરિણતી નો ત્યાગી એટલે એકત્વ રૂપ રાગાદિ ત્યાગી – એટલે જેના અંતરમાં એવો નિશ્ચય થઇ ગયો છે કે મારું સુખ જગતના કોઈ પદાર્થમાં નથી, તેથી સમસ્ત દ્રશ્યમાન જગત મારા હિત માટે-સુખ માટે અસત્ છે- મિથ્યા છે – જૂઠું છે – માત્ર પુદ્ગલનો વિકાર છે. આ નિર્ણયથી રાગ દ્વેષનો ત્યાગ થાય છે. સમસ્ત રાગાદિ રૂપ પર્યાય ગૌણ થાય છે, પછી અભાવ રૂપ થાય છે. મિથ્યાત્વના અભાવ માટે મિથ્યાત્વનો જે વિસ્તાર છે તેનો વિચાર કરી પોતે જ્યાં જ્યાં અટક્યો છે ત્યાંથી બને તેટલે અંશે ઉઠી જાય. આ પ્રમાણે મિથ્યાત્વના અંશો મોળા પડતાં ધ્રુવ સ્વરૂપમાં ધીરે ધીરે એકાગ્રતા થાય છે અને વધે છે. પછી અસ્તિ ના જોરે વિશેષ પણે એકાગ્ર થતાં શુદ્ધિની વૃદ્ધિ થતાં અનુભવને લાયક બને છે. તે પછી સ્વરૂપનો તીવ્ર અભ્યાસ થતાં અનુભવ થાય છે.

कलश अमृत

જયારે અનુભવ થાય છે ત્યારે અનેક પ્રકારના વિચારો બંધ થઇ જાય છે. વિકલ્પો બંધ થાય છે. કેવા વિકલ્પો બંધ થાય છે? "રાગ દ્વેષ મોહ થી થતાં વિકલ્પો બંધ થાય છે. વળી સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર થી મોક્ષ થાય છે, રાગાદિ રૂપ પર્યાય મારાથી ભિન્ન છે, હું તો એક શુદ્ધ ચૈતન્ય ધામ છું" – વગેરે.... આવા વિકલ્પો જ્યાં સુધી હોય છે ત્યાં સુધી અનુભવ થતો નથી, કારણ કે તે નય પક્ષ વાળા છે.



ડૉ. હરીભાઇ ની
શાસ્ત્ર નોંધ

# શ્રુત જિજ્ઞાસા

ડૉ. હરીભાઇ મ. પારેખ

# ડૉ. હરીભાઇ ની શાસ્ત્ર નોંધ માંથી

## પ્રવચનસાર

આ સંકલન મુખ્યપણે શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્ય દેવ રચિત 'પ્રવચનસાર' શાસ્ત્ર ઉપર  પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામીના પ્રવચનો પર આધારિત છે. પાનાં નંબર 'પ્રવચનસાર' ગ્રંથની તૃતીય આવૃત્તિ પ્રમાણે છે. અહીં આપેલ શબ્દાર્થ આ શાસ્ત્રની અપેક્ષાએ છે.

'અલિંગગ્રહણ પ્રવચન' પુસ્તકમાં લખાયેલ નોંધનો અહીં સમાવેશ કરેલ છે. ત્યાં તે પુસ્તકની પહેલી આવૃત્તિ પ્રમાણે પાનાં નંબર છે.

# અનુક્રમણિકા

| વિષય | પાનાં નંબર |
|---|---|
| ૧. પ્રવચનસાર વચનામૃત | ૧૦૧ |
| ૨. શબ્દાર્થ | ૧૧૨ |
| ૩. 'અલિંગગ્રહણ પ્રવચન' માંથી | ૧૧૭ |
| ૪. અલિંગગ્રહણ પ્રવચન વચનામૃત | ૧૨૨ |

# ડૉ. હરીભાઇ ની પ્રવચનસાર ની નોંધ માંથી

## પ્રવચનસાર વચનામૃત

૧. સ્વ સંવિતિ સમુત્પન્ન પરમાનંદ લક્ષણ સુખામૃત આત્મ અનુભૂતિ.

૨. નિજ શુદ્ધાત્મ પરિણતીરૂપ નિશ્ચય ધર્મ ભવતિ.

૩. નિર્વિકાર નિશ્ચલ ચિત્તવૃત્તિરૂપ ચારિત્ર.

૪. વ્યવહાર ધર્મ – પંચ પરમેષ્ટિ ભક્તિરૂપ વ્યવહાર ધર્મ.

૫. શુદ્ધ ઉપાદાન – વિકલ્પ રહિત સ્વસંવેદન જ્ઞાન – કેવળ જ્ઞાનથી ઉત્પન થયેલ શુદ્ધ પર્યાય.

૬.અશુદ્ધ ઉપાદાન – રાગાદિ ભાવરૂપ અશુદ્ધ પર્યાય.

૭. સિદ્ધાંત – उपादान सदसं कार्यम - જેવું ઉપાદાન હોય તેવું કાર્ય થાય તેવો સિદ્ધાંત છે. ઉપાદાન કારણ શુદ્ધ અને અશુદ્ધ એમ બે પ્રકારે છે.

(૧) રાગાદિ સહિતનો અશુદ્ધ આત્મા અશુદ્ધ ઉપાદાન કારણ છે. કેવળજ્ઞાન સહિતનો આત્મા શુદ્ધ ઉપાદાન છે. વળી....

(૨) અશુદ્ધ પર્યાય આત્મા અશુદ્ધ ઉપાદાન છે અને શુદ્ધ પર્યાય આત્મા શુદ્ધ ઉપાદાન કારણ છે. આમ બન્ને રીતે કહી શકાય છે.

૮. અભેદનયે ધર્મ પરિણત આત્મા ધર્મ છે. (પાના ૧૩)

૯. નિશ્ચય સમ્યક્ત્વ – નિર્વિકાર શુદ્ધ આત્મતત્વ રૂચી તે નિશ્ચય સમકિત.

૧૦. નિશ્ચય ચારિત્ર – શુદ્ધાત્માની અવિક્ષિપ્ત ચિત્તવૃત્તિ તે નિશ્ચય ચારિત્ર.

૧૧. મિથ્યાત્વ – વિપરીત અભિનિવેશ ઉત્પન્ન થયેલ દ્રષ્ટિ, શ્રુત અને અનુભત પાંચ ઇન્દ્રિયોના વિષયોની અભિલાષા રૂપ મિથ્યાત્વ.

૧૨. ત્રણ પ્રકારના સમય – દ્રવ્ય સમય, ગુણ સમય અને ભાવ સમય ને સાધક પોતાના મન વડે કળી લે છે – જાણી લે છે, અવ્યક્ત પણે મનમાં સ્વરૂપને ધારી લે છે.

૧૩. અર્હંત ભગવાનના (૧) સામાન્ય ગુણ, (૨) વિશેષ ગુણ – કેવળજ્ઞાનરૂપ, (૩) વ્યંજન પર્યાય, અર્થ પર્યાય, આ લક્ષણભૂત પર્યાયના આધારભૂત ( અસંખ્યાત પ્રદેશી શુદ્ધ ચેતના સહિત) દ્રવ્ય એમ અર્હંતનું સ્વરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદથી પ્રથમ જાણી, પછી ભેદને ગૌણ કરી એક અભેદ આત્માને લક્ષમાં લેતા, તેની ભાવના કરતા આત્મા અનુભવમાં આવે છે.

ટીકામાં લખ્યું છે કે, " મોતીઓ અને ધોળાશને અંતર્ગત કરી કેવળ હારને જ જાણવામાં આવે છે. તેમ આત્મ પર્યાયો અને ચૈતન્ય ગુણને આત્મામાં જ અંતર લીન કરીને કેવળ આત્માને જાણતા પરિણામી-પરિણામ-પરિણતી ના ભેદોનો વિકલ્પ નાશ પામતો જતો હોવાથી જીવ નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે." તેના અર્થ પર્યાય અને ગુણ-ગુણી ના ભેદને ગૌણ કરી માત્ર નિર્વિકલ્પ અનુભવ કરવો. આ નિર્વિકલ્પ અનુભવની વાત (રીત) છે.

કર્તા-કર્મ-ક્રિયાનો વિભાગ એટલે ધ્યાતા-ધ્યેય-ધ્યાન ક્રિયાનો ધીરે ધીરે ક્ષય પામતા નિર્વિકલ્પ અનુભવ થાય છે.

અભેદ ત્રિકાળી આત્મા અનંત ગુણ અને પર્યાયનો પીંડ છે, ભલે પર્યાય વર્તમાનમાં અવ્યક્ત હોય, દ્રવ્યમાં પર્યાયો અવ્યક્ત પણે પડી જ છે. પર્યાયના નાશ વખતે પર્યાયનો સર્વથા નાશ નથી થતો, અવ્યક્ત રૂપ પડેલો અંશ દ્રવ્યમાં ભળી જાય છે, માટે દ્રવ્ય અપેક્ષાએ તે પર્યાયનો પીંડ છે.

સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી પણ પૂર્ણતા ન થાય ત્યાં સુધી જાગૃતિની જરૂર છે, કેમકે ચારિત્ર મોહ બાકી છે. ચારિત્રમોહના ઉદયમાં રાગ-દ્વેષ કરે, તેમાં પ્રમાદથી વારંવાર જોડાય તો સમ્યગ્દર્શન ચોરાઈ જાય છે, નાશ પામે છે માટે જાગૃતિની જરૂર છે.

૧૪. ચેતન દ્રવ્ય છે, ચૈતન્ય ગુણ છે અને ચિદવિવર્તન પર્યાય છે.

૧૫. અર્થ પર્યાય ષટગુણ હાનિ-વૃદ્ધિ થી થાય છે.     (જયસેન આચાર્યની ટીકા)

૧૬. ૭૦,૫૬,૦૦૦,૦૦૦૦૦૦૦ (સિત્તેર લાખ છપ્પન હજાર કરોડ) વર્ષ = ૧ પૂર્વ અને ૮૪,૦૦,૦૦૦ (ચોર્યાશી લાખ) વર્ષ = એક પૂર્વાંગ. વળી
૮૪,૦૦,૦૦૦ X ૮૪,૦૦,૦૦૦ = ૭૦,૫૬,૦૦૦,૦૦૦૦૦૦૦ (સિત્તેર લાખ છપ્પન હજાર કરોડ) એટલે કે, ૧ પૂર્વાંગ X ૧ પૂર્વાંગ = ૧ પૂર્વ.   સીમંધર ભગવાનનું આયુષ્ય એક કરોડ પૂર્વ નું છે. (૮૪ લાખ X ૮૪ લાખ X ૧ કરોડ વર્ષ)

૧૭. જ્યારે દ્રવ્યને અનંત પર્યાયનો પીંડ કહેવામાં આવે ત્યારે અવ્યક્ત પર્યાય લેવી, આ પ્રગટ પર્યાયની વાત નથી. પ્રગટ એક જ પર્યાય હોય છે.

૧૮. સમ્યક્જ્ઞાન એટલે નીરૂપરાગ સ્વસંવેદન જ્ઞાન.

૧૯. દશ પ્રાણ (કે ચાર પ્રાણ) આ પ્રમાણે છે. (૧) ઇન્દ્રિય પ્રાણ-પાંચ (૨) બળ પ્રાણ મન-વચન-કાયા એમ ત્રણ (૩) આયુ પ્રાણ (૪) શ્વાસોશ્વાસ.

૨૦. જે જીવ ઇન્દ્રિયોને જીતી ઉપયોગ માત્ર આત્માને ધ્યાવે છે અને કર્મ વડે (એટલે કર્મથી ઉત્પન્ન સુખાભાસ રૂપ ફળ વડે) રંજીત થતો નથી (તેને ઉપરક્ત પણાનો અભાવ છે તેથી) તેને દ્રવ્ય પ્રાણોનો સંબંધ થતો નથી. (ગાથા ૧૫૧ નો અર્થ) [આ ગાથામાં આત્માને ઉપયોગ માત્ર કહ્યો છે. (હ)]

૨૧. પંચ પરમેષ્ટિ નું જ્ઞાન, તેમની શ્રદ્ધા અને જીવો પ્રત્યે અનુકંપા રૂપ આચરણ તે શુભ ઉપયોગ છે. આમાં જ્ઞાન-દર્શન-આચરણ ત્રણે આવી ગયા.(ગાથા-૧૫૭)

૨૨. રાગાદિ ને શુદ્ધ દ્રવ્યના પરિણામ કહ્યા છે, સ્વ દ્રવ્ય પરિણામ અપેક્ષાએ કહ્યા છે.(૩૫૦) [આ પરંપરાએ (જયારે જીવ) શુદ્ધ આત્મ સાધક હોય (ત્યારે) અશુદ્ધ નિશ્ચય નય હોવા છતાં ઉપચારથી શુદ્ધ નય કહ્યો છે. અશુદ્ધ નિશ્ચય નયને ઉપચારથી શુદ્ધ નિશ્ચય નય પણ કહેવાય છે. (જયસેન આચાર્યની ટીકા ૩૫૨).]

ખરેખર અશુદ્ધ નિશ્ચય નય છે પણ સ્વ દ્રવ્યના પરિણામ અપેક્ષાએ શુદ્ધ દ્રવ્યના રાગાદિ પરિણામ છે એમ કહ્યું છે. અહીં નિશ્ચય નય જીવ રાગનો કર્તા છે, બીજું દ્રવ્ય નહિ એમ કહીને રાગનો કર્તા નિમિત્ત છે તે ભાવ છોડાવ્યો છે. તેમ સુખ દુઃખ

આદિ પરિણામ નિમિત્ત થી થાય છે તે વાત છોડાવી છે. આ રીતે પર દ્રવ્ય સુખી કરે દુઃખી કરે તે ભાવ છોડાવ્યો છે. જ્યારે જીવ એમ જાણે છે કે રાગાદિ નો કર્તા આત્મા છે અને તેથી બંધ થાય છે ત્યારે રાગાદિ છોડે છે, કેવી રીતે? શુદ્ધ આત્માને ભાવવાથી. શુદ્ધ આત્માને ભાવવાથી શુદ્ધાત્મા થાય છે. તેથી પરંપરાએ શુદ્ધાત્મ સાધક અશુદ્ધ નિશ્ચય નયને પણ ઉપચારથી શુદ્ધ નય કહ્યો છે. આત્મા શુદ્ધાત્મા થાય છે એટલે કે ધ્યાન કાળે તેને શુદ્ધ ઉપયોગ થાય છે, નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ થાય છે તેથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે. રાગાદિ ભાવ રૂપ વ્યવહારમાં મધ્યસ્થ રહી, શુદ્ધ ત્રિકાળી જ્ઞાયક ભાવ લક્ષમાં, ચિંતનમાં, ભાવનામાં લીધો છે – પણ તેમાં લીનતા (એકાગ્રતા) કરે છે તેને (જ) મોહ દૂર થાય છે, તેથી શુદ્ધ જ્ઞાન જ હું છું તેમ નિર્ણય થાય છે. પછી "હું શુદ્ધાત્મા છું" તે આત્મ રૂપ એક વિષયમાં ધ્યાન કરે છે તેને શુદ્ધ ઉપયોગ થાય છે. તેથી તે સમયે શુદ્ધ આત્મા હોય છે. (જયસેન આચાર્યની ટીકા પાના ૩૫૧ થી ૩૫૪)

વળી મન્યે નો અર્થ (જયસેન આચાર્ય પ્રમાણે) મનથી ભાવું છું, ધ્યાવું છું – કોને ? જે ઉપાદેય છે તે શુદ્ધ આત્માને. કેવો છે શુદ્ધાત્મા? જ્ઞાન-દર્શનમય, અતીન્દ્રિય, ત્રિકાળી, ધ્રુવ, અચળ, નીરાલંબી અને શુદ્ધ. તેવા આત્માને મનથી ભાવું છું, ધ્યાવું છું.

૨૩. ઉપયોગને ધ્રુવ કહ્યો છે – જીવને કેવળજ્ઞાન દર્શન રૂપ ઉપયોગ ધ્રુવ છે. આ ધ્રુવત્વ ને જાણી ધ્રુવ સ્વભાવમય શુદ્ધાત્માની ભાવના કર્તવ્ય છે.

દ્રષ્ટિની અપેક્ષાએ, દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ ત્રિકાળ આત્મા ધ્રુવ છે. પર્યાર્થિક નયે કેવળજ્ઞાન-દર્શન ધ્રુવ છે. જયસેનાચાર્યની ટીકામાં કહ્યું છે કે જીવને કેવળજ્ઞાન દર્શન ધ્રુવ છે. વળી અહીં કેવળજ્ઞાન દર્શનને શુદ્ધ જ્ઞાન દર્શન ગુણ લઇ શકાય, એટલે શુદ્ધ જ્ઞાન દર્શનમય ધ્રુવ આત્મા આત્માને ધ્રુવ છે.

આત્માને શું અધ્રુવ છે? આત્માને શું પર છે? – (૧) પાંચ પ્રકારના શરીર, (૨) પાંચ ઇન્દ્રિયોના ભોગો તથા ઉપભોગો ના સાધનરૂપ દ્રવ્યો, (૩) સંસારી સુખ-દુઃખ, (૪) શત્રુ મિત્ર આદિ જનો અને (૫) શુભ-અશુભ ભાવો અધ્રુવ છે.

આત્માને શું ધ્રુવ છે? – ત્રણ કાળ ત્રણ લોકને દ્રવ્ય-ગુણ-પર્યાયો થી યુગપદ જાણતો, એવા જ્ઞાન-દર્શન ઉપયોગમય આત્મા ધ્રુવ છે. અહીં કેવળજ્ઞાન દર્શન ને શુદ્ધ ગુણો તરીકે લઇ શકાય. તેથી જે આત્મમાં શુદ્ધ જ્ઞાન દર્શન ગુણો છે તેવો ત્રિકાળ ધ્રુવ આત્મા આત્માને ધ્રુવ છે. (પાના ૩૫૭-૩૫૮)

## ૨૪. ધ્યાન સબંધી વિચારણા.

[૧] ધ્યાનઃ- એકાગ્ર ચિંતા નિરોધ. નિરોધ એટલે કષાય ઉત્પન્ન વિકલ્પ જાળ સ્વરૂપ મનનો નિરોધ. કેવી રીતે નિરોધ? – મનને અચળ કરીને નિરોધ. [શેમાં અચળ કરીને? – આત્મામાં કે બીજા કોઈ વિષયમાં અચળ કરીને.(હ)]

[૨] ધ્યાન સંતતિઃ- અંતર મૂહુર્ત ધ્યાન, પછી અંતર મૂહુર્ત તત્ત્વ ચિંતન (ચિંતા), વળી પાછું અંતર મૂહુર્ત ધ્યાન પછી અંતર મૂહુર્ત તત્ત્વ ચિંતન. આમ અપ્રમત પ્રમત ગુણસ્થાન માં જાય તેને ધ્યાન સંતતિ કહે છે.

[૩] ચિંતા (ધ્યાન પછીના):- (૧) તત્ત્વ ચિંતા-ચિંતન (૨) શુક્લ ધ્યાનમાં ધ્યાન સંતતિ નથી, ત્યાં માત્ર ધ્યાન ચિંતા છે. આ શુક્લ ધ્યાનને ધ્યાન ચિંતન કહે છે. [અહીં અબુદ્ધિ પૂર્વક ચિંતન સમજવું.(હ)]

[૪] ધ્યાન સામગ્રી-ધ્યાન અન્વયની સૂચના–ધ્યાન સાથે રહેનાર સામગ્રી:- (૧) બાર ભાવનાનું ચિંતન, (૨) ધ્યાન સબંધી સંવેગ અને વૈરાગ્ય વચનનું વ્યાખ્યાન, (૩) ધ્યાતા, ધાન, ધ્યેય અને ધ્યાન ફળનું વ્યાખ્યાન, (૪) આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ ધ્યાનનું વ્યાખ્યાન. (પાના ૩૬૧-૩૬૨)

[૫] ધ્યાનનું લક્ષણ (ઉપલબ્ધિનું):- એકાગ્ર સંચેતન એટલે કે જેનું ધ્યાન કર્યું હોય તેનું અનુભવવું. ધ્યેયનું અનુભવન. શુદ્ધાત્માની ઉપલબ્ધિનું ફળ શું? મોહ ગ્રંથીનો ભેદ. નિજ શુદ્ધાત્મ એકાગ્રતા તે ધ્યાન. મોહનો ક્ષય કરી વિષયથી વિરક્ત થઇ મનનો નિરોધ કરી આત્મ સ્વરૂપમાં સમવસ્થિતિ કરવી-થવી, સ્વરૂપમાં પ્રવર્તવું તે ધ્યાન. (પાના ૩૫૯ થી ૩૬૪ તથા ગાથા ૧૯૬ નો અર્થ)

૨૫. તેરમે ગુણસ્થાને સ્થિત ભગવાનને સર્વ આત્મ પ્રદેશે આહ્લાદકારી પરમ અનંત સુખ હોય છે. (પાનું ૩૬૫)

૨૬. મોક્ષ માર્ગનું લક્ષણ શું? – શુદ્ધાત્મ ઉપલબ્ધિ (૩૬૬), શુદ્ધાત્મ પ્રવૃત્તિ રૂપ મોક્ષ માર્ગ(૩૬૭), નિજ શુદ્ધાત્મ ભાવના રૂપ મોક્ષ માર્ગ. (૩૬૯)

૨૭. જીવ અનાદિ સંસારથી જ્ઞાયક રૂપે જ રહ્યો છે, છતાં મોહ વડે અન્યથા જણાય છે, મનાય છે.(૩૬૯)

૨૮. નિશ્ચયથી જ્ઞેય જ્ઞાયક સબંધ નથી. (૩૬૮)

૨૯. પર દ્રવ્ય ઇચ્છા નિવૃત્તિ રૂપ તપ. (૩૭૭)

૩૦. નિર્ગ્રંથ એટલે નિર્વિકાર રૂપ. (૩૭૯)

૩૧. ઇન્દ્રિયો અને મન, પર સાથેના સ્વ-સ્વામી સબંધનો આધાર છે. (૩૮૧)
[જો આ જીતાઈ જાય તો સ્વ-સ્વામી સબંધ છૂટી જાય. (હ)]

૩૨. કાયાનો ઉત્સર્ગ = કાયાની ઉપેક્ષા કરીને (૩૮૭)

૩૩. સમયમાં આરૂઢ આત્મા સામાયિક છે. (૩૮૬)

૩૪. શ્રમણ કોણ? - શુદ્ધ આત્મ પરિણત(૩૫૨), એકાગ્ર પ્રાપ્ત તે શ્રમણ છે. જ્યાં એકાગ્રતા છે ત્યાં શુદ્ધ ઉપયોગ છે, શુદ્ધ આત્મા છે.(૩૫૪) સમયને પ્રાપ્ત તે શ્રમણ છે, સાધુ છે. તે એકાગ્ર પરિણતપણા રૂપ શ્રમણ છે. (૪૪૦)

૩૫. જેને ભોગવવાની ઈચ્છા છે તેને આખું વિશ્વ ભોગવવાની ઈચ્છા છે. (૪૩૧)

૩૬. જેને એકાગ્રતા નથી (અજ્ઞાનીને) તેને સતત વ્યગ્રતા હોય છે. (૪૩૧)

૩૭. આત્મ તત્ત્વ માં એકાગ્રતા એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ વૃત્તિ-પરિણતિ.

૩૮. સ્વાનુભવ કેવો હોવો જોઈએ? – સ્વ-પર નિશ્ચાયક આગમ ઉપદેશ પૂર્વક (આગમથી અવિરુદ્ધ) સ્વાનુભવ હોય. (૪૩૪)

૩૯. જ્ઞાનનિષ્ઠ પણું શું છે? – શુદ્ધ આત્મ તત્વ સંવેદન (૪૩૬)

૪૦. મુમુક્ષુઓએ આગમ ચક્ષુ વડે જ દેખવું.(૪૩૭)

૪૧. અજ્ઞાનીને ભલે બાહ્યથી ઇન્દ્રિય વિષયના સંયોગ ન દેખાતા હોય, દ્રવ્ય હિંસા દેખાતી ન હોય, નિવૃત્તિ દેખાતી હોય તો પણ તેને કષાય અને કાયા સાથે એકતા છે તેથી વિષયોની અભિલાષા છે, હિંસા છે, પરભાવથી નિવૃત્તિ નથી. (૪૩૯)

૪૨. સમ્યક્ શ્રુતજ્ઞાન ઉપયોગ અનેકાત્મક છે. (૪૩૮)

૪૩. ત્યાગ એટલે નિજ શુદ્ધ આત્મ પરિગ્રહ કરી, બાહ્ય અભ્યંતર પરિગ્રહનો ત્યાગ તે ત્યાગ. (૪૪૬)

૪૪. અણારંભ એટલે નિજ શુદ્ધ આત્મામાં સ્થિરતા કરી, મન-વચન-કાયા ના વ્યાપારની નિવૃત્તિ. (૪૪૬)

૪૫. વૈરાગ્ય – વિષય વિરાગ:- નિ:વિષય શુદ્ધ આત્મ ભાવથી ઉત્પન્ન સુખથી વૃતિ કરી, પંચેન્દ્રિય સુખ અભિલાષ ત્યાગ તે વૈરાગ્ય. (૪૪૬)

૪૬. જ્ઞાનીને પીણાની માફક અનેકાત્મક એકનો અનુભવ છે.(૪૫૦) અને સમસ્ત પરદ્રવ્યથી નિવૃત્તિ છે તેથી એકાગ્રતા છે.

૪૭. મોક્ષ તત્વનું સાધન:- શુદ્ધ ઉપયોગ તે જ સાધન છે. (૪૮૯)

૪૮. એકાગ્રતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ના યુગપદ પણા રૂપ છે. (૪૯૦)

૪૯. ભાવ નમસ્કાર:- ભાવક તથા ભાવ્ય પોતે જ છે. (૪૯૦)

૫૦. આશ્રમ એટલે આશ્રય સ્થાન, પંચ પરમેષ્ટિ નું આશ્રય સ્થાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મય આત્મ સ્વરૂપ છે. પંચ પરમેષ્ટિ ના આત્મ સ્વરૂપનો આશ્રય પામીને હું સમ્યગ્દર્શન-જ્ઞાન સંપન્ન થયો. (૮)

૫૧. ભગવાન આરાધ્ય અને ભક્ત આરાધક પણે નમસ્કાર કરે તે દ્વૈત નમસ્કાર થયો. રાગાદિ રહિત પરમ સમાધિના બળથી ઉત્પન આરાધક ભાવ વડે નિજ સ્વરૂપને નમસ્કાર તે ભાવ નમસ્કાર.(૯)

૫૨. કેવળીને ઔદારિક શરીર નથી પણ પરમ ઔદારિક છે – જે સાત ધાતુ રહિત છે. અશાતા વેદનીય ઉદયને મોહનું સહકારી પણું નહિ હોવાથી દુઃખ રૂપ વેદન થતું નથી – જેમ બીજ ને પાણીનો સંસર્ગ મળે તો જ અંકુર થાય તેમ.

૫૩. જેને સ્વરૂપ લાભ નથી તેવા સમસ્ત અજ્ઞાની સંસારી જીવોને તૃષ્ણા – વિષયકાંક્ષા રૂપ તૃષ્ણાનો સદભાવ હોવાથી સદાય વિષય કષાય રૂપ અગ્નિમાં બળતા રહે છે. પૂણ્ય (પણ) અજ્ઞાનીને વિષય કાંક્ષા ઉત્પન્ન કરે છે. ખરેખર તો મિથ્યાત્વ છે તે જ મૂળ કારણ છે. તેથી મિથ્યાત્વ સહિતના પૂણ્યને પણ વિષય કાંક્ષાનું કારણ કહ્યું છે. (ભાવાર્થ પાનું ૧૨૮)

૫૪. પરમાણુ નું આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશે જવું તે પણ ક્રિયારૂપ પરિણમન છે – તેથી તે ક્રિયાનું નિમિત્ત હોવું જોઈએ – તે નિમિત્ત કાળ દ્રવ્ય છે.

૫૫. જીવે પ્રથમ જિનેશ્વર પ્રરૂપિત આગમો- જે આગમો પ્રમાણ આગમો છે (ભલે પરોક્ષ પ્રમાણ રૂપ છે), તે દ્વારા પદાર્થોના યથાર્થ સ્વરૂપને [ગુરુ દ્વારા-જ્ઞાનીગુરુ

દ્વારા (હ)] જાણીને, પછી તેના જ શ્રવણ, અધ્યન દ્વારા તેમાં ક્રીડા કરી તેના સંસ્કાર દૃઢ કરવા. આ દૃઢ સંસ્કારથી સ્વસંવેદન પ્રાપ્ત કરવું. આ સંવેદન પ્રત્યક્ષથી જીવને પ્રત્યક્ષ પ્રમાણ જ્ઞાનની પ્રાપ્તિ થશે. તેથી દર્શન-મોહનો નાશ થશે. આ પ્રત્યક્ષ પ્રમાણ વડે, નિજ અનુભવના પ્રત્યક્ષપણા વડે તથા તેની સાથે અનુમાન-તર્ક પ્રમાણની સહાયથી આગમોનો અભ્યાસ કરવો જેથી ચારિત્રમોહનો નાશ થાય છે. આવા પ્રત્યક્ષ પ્રમાણ સહિતના શાસ્ત્ર અભ્યાસ જેમાં અનુમાન-તર્ક આદિ નો પણ સહારો લઇ યથાર્થ અભ્યાસ કરતાં ચારિત્રમોહનો નાશ થાય છે એમ ગાથા ૮૬ નો અર્થ થાય છે. (પાનું-૧૪૭)

૫૫. જે અવિનાશી ચેતના એટલે ધ્રુવ ચેતના ગુણ [જ્ઞાન અને દર્શન ગુણનું જોડલું તે ચેતના (હ)] અને તે ચેતના પરિણામ રૂપ (જ્ઞાન-દર્શન) ઉપયોગમય તે જીવ છે, એટલે કે જીવમાં ચેતના (ધ્રુવ) અને ઉપયોગ એટલે ચેતનાની પર્યાય-ચેતનાના વ્યાપાર રૂપ પરિણામ છે. આ ભગવતી ચેતના તે જ જીવ દ્રવ્ય નું લક્ષણ છે. માત્ર (ધ્રુવ) ચેતના ન લીધું. એમ લેવામાં આવે તો જીવ  માત્ર (ફક્ત-કેવળ) નિત્ય છે તેમ થાય, અને તેથી જીવનું લક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ ન રહ્યું. તેથી ચેતના અને તેના વ્યાપાર રૂપ ચેતના ઉપયોગ બંને લીધા.

જયસેનાચાર્યની ટીકામાં ચેતનાને સ્વતઃ સિદ્ધ પરનિર્પેક્ષ સ્વ-પર પ્રકાશક નિત્ય રૂપ નિશ્ચય નયના વિષય ભૂત પરમ શુદ્ધ ચેતના અને વ્યવહારથી-પર્યાયથી શુદ્ધ ચેતના તે બંનેથી યુક્ત ચેતના કહી. વળી ઉપયોગની વ્યાખ્યા જુદી કરી છે.

વ્યવહાર ચેતના તે ઉપયોગ. તેની વ્યાખ્યા સવિશેષ સ્પષ્ટ કરી છે. ઉપયોગ એટલે નિશ્ચય નયથી શુદ્ધ કેવળદર્શનજ્ઞાન રૂપ વ્યાપાર અને વ્યવહાર નયથી મતિજ્ઞાન આદિ [આદિમાં શ્રુતજ્ઞાન લીધું છે (હ)] અશુદ્ધ ઉપયોગ. (પાનું ૨૫૩)

૫૬. શુભ ઉપયોગની વ્યાખ્યા:- પંચ પરમેષ્ટિ ની શ્રદ્ધા છે તેને શુભ ઉપયોગ છે. વળી પંચ પરમેષ્ટિ નું જ્ઞાન પણ શુભ ઉપયોગ છે એટલે કે પંચ પરમેષ્ટિ ના જ્ઞાન તથા શ્રદ્ધા શુભ ઉપયોગ છે. આચરણમાં તો જીવો પ્રત્યે અનુકંપા રૂપ આચરણ તે શુભ ઉપયોગ છે. આમ શુભ ઉપયોગમાં જ્ઞાન, શ્રદ્ધા અને આચરણ ત્રણે આવી જાય છે. (પાનું ૩૫૦)

## શબ્દાર્થ

૧. જ્ઞાન:- સ્વસંવેદન જ્ઞાન(૪૪૭), સ્વ-પર પદાર્થોનું ભિન્નતા પૂર્વક યુગપદ અવભાસન તે જ્ઞાન.

૨. અવભાસન:- પ્રગટવું, જણાવું, પ્રકાશવું, અવભાસવું (૨૪૪)

૩. ઉપાસના:- પરમ ભક્તિથી સેવા (૪૭૨ જયસેન આચાર્ય)

૪. અબુદ્ધિપૂર્વક:- ઈચ્છા વિના (૭૪)

૫. દર્શન મોહ:- શુદ્ધ આત્મ રુચિ પ્રતિબંધક (૩૫૯)

૬. અધિષ્ઠાન:- આધાર (૧૨૫), સ્થાન

૭. પ્રતિપત્તિ:- જ્ઞાન, પ્રાપ્તિ, નિર્ણય, સમજણ, વસ્તુ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન

૮. અપ્રતિપત્તિ:- વસ્તુ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન, અજ્ઞાન (૧૪૪)

૯. પર્યાય:- આત્માના ભેદો, દ્રવ્યના ભેદો (૧૩૬), અવસ્થા

૧૦. સંચેતન:- અનુભવન (૩૫૮)

૧૧. વિષય વિરક્તતા:- પર દ્રવ્ય પ્રવૃતિનો અભાવ (૩૬૧)

૧૨. આરાધના:- શીખવું, પ્રગટ કરવું, પામવું, પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવો. વિદ્યા આરાધના એટલે વિદ્યાની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવો. (૩૬૪)

૧૩. મોક્ષ માર્ગ:- નિજ પરમાત્મ તત્વ અનુભૂતિ જે લક્ષણ છે તે (૩૬૬) નિશ્ચય રત્નત્રયાત્મક નિર્વિકાર સ્વસંવેદન લક્ષણ (૩૬૭) શુદ્ધ આત્મ ઉપલબ્ધિ લક્ષણ મોક્ષ માર્ગ , શુદ્ધ ઉપયોગી શ્રમણ મોક્ષ માર્ગ (૪૮૯), શ્રામણ્ય અપરનામ મોક્ષ માર્ગ (૩૭૨)

૧૪. મૂર્છા:- મમત્વ પરિણામ જેનું લક્ષણ છે (૪૦૬), મમત્વ (૩૮૩)

૧૫. આરામ:- કર્મ કરવાના પરિણામ (૪૦૬)

૧૬. સંસ્કાર:- પૂર્વે જાણેલા પદાર્થોની ધારણા

૧૭. આયતન:- સ્થાન (૧૦૫) રહેવાના સ્થાન

૧૮. અધ્યાસ:- આશ્રય,  નિજિ + અધ્યાસ = નિદિધ્યાસ

૧૯. વૃતિ:- પર્યાય, વર્તવું (૨૭૯) ચારિત્રથી, વર્તનથી (૪૩૧),

૨૦. સમિતિ:- શુદ્ધ આત્મ સ્વરૂપમાં સમ્યક પ્રકારે જવું તે (૩૯૮)

૨૧. ત્રિગુપ્તગુપ્ત:- મન, વચન, કાયાના કર્મોનું અટકી જવું (૪૪૩)

૨૨. જ્ઞપ્તિ:-જ્ઞાનની ક્રિયા

૨૩. ગૌણ કરવું:- લક્ષ છોડી દેવું, તે ન જોવું, ઉપેક્ષા કરવી

૨૪. આપત્તિ:- (ચિંતાજનક-મુશ્કેલ-વિપરીત-પ્રતિકુળ સંયોગનું) આવી પડવું

૨૫. સ્ફૂરણ:- પ્રગટતા, ઝરા, ફુવારા

૨૬. અર્થ:- તે પમાય તે અથવા પામે તે (૧૪૬) પદાર્થ, દ્રવ્ય, ગુણ, પર્યાય

૨૭. પરિછિન્નતિ:- જાણે છે (૧૫૩)

૨૮. ભાવવું:- ચિંતવવું, સમજવું, અનુભવવું (૨૪૯)

૨૯. ભાવ:- પરિણામ માત્ર (૨૫૬)

3૦. ક્રિયા:- પરિસ્પંદન (૨૫૬)

3૧. ઉત્સર્ગ:- સામાન્ય નિયમ (૩૧૬)

3૨. નિમિત્ત:- આશ્રય (૩૨૨)

33. શ્રામણ્ય:- શુદ્ધ આત્મ પરિણતી (૩૫૨)

૩૪. અગ્ર:- વિષય, ધ્યેય, આલંબન (૩૫૪)

૩૫. એકાગ્ર:- એક + અગ્ર = એક વિષય આલંબન (૩૫૪)

૩૬. ધ્યાવવું:- એકાકાર સમરસી ભાવરૂપ થઇ પરિણમવું, અનુભવવું (૩૬૪)

૩૭. ધ્યાન:- એક અગ્ર વિષયનું સંવેદન (૩૬૫)

૩૮. વિકલ્પ:- ભેદ (૪૯૬)

૩૯. અદ્ ભુત:- સત્તાથી અભિન્ન, ધ્રુવ (૩૦)

૪૦. કેવળી:- કેવળ અર્થાત્ શુદ્ધાત્માને જાણતા-અનુભવતા હોવાથી કેવળી છે

૪૧. પ્રવજ્યા:- નિર્વિકલ્પ સમાધિ રૂપ સામાયિક (૩૮૯) સંયમ, દિક્ષા

૪૨. ધર્મ:- નીરૂપરાગ આત્મ તત્વની ઉપલબ્ધિ તે ધર્મ (૧૫૭)

૪૩. પ્રણમન:- દેહથી નમવું

૪૪. વંદન:- વચનથી સ્તુતિ કરવી. નમસ્કાર માં પ્રણમન અને વંદન બંને સમાય છે. (૩)

૪૫. અવિશિષ્ટ:- જુદા નહિ તેવા, અભિન્ન (૨૧૩)

૪૬. સંસરણ:- ગોળ ફર્યા કરવું, પલટાયા કરવું (૨૩૭)

૪૭. વેદન:- જ્ઞાન વેદનથી વેદ્ય = જ્ઞાનથી જણાવા યોગ્ય (૨૧૬) [ વેદ ચાર છે. વેદ એટલે જ્ઞાન. જ્ઞાન શાસ્ત્રો તે વેદો છે.]

૪૮. અવગાઢ:- મગ્ન (૩૦૬)

૪૯. ઉત્સર્ગ:- સામાન્ય નિયમ (૩૧૬)

૫૦. આરાધન:- પ્રાપ્તિ (૩૬૪)

૫૧. શ્રામણ્ય:- પરમ મધ્યસ્થતા (૩૬૦), નિજ શુદ્ધાત્મ અનુભૂતિ લક્ષણ વિશુદ્ધ જ્ઞાન પ્રધાન સામ્ય (૩૭૪), શુદ્ધ ઉપયોગ (૩૯૭), વીતરાગ ચારિત્ર (૩૬૦)

૫૨. તપ:- સ્વરૂપની સ્થિરતા રૂપ ચૈતન્ય નું પ્રતપન તે તપ. અનશન, અવમૌદર્ય, વૃતિ પરિસંખ્યાન, રસ પરિત્યાગ, વિવિક્ત શૈયાસન અને કાયક્લેશ એ છ બાહ્ય તપ છે તથા પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એ છ અભ્યંતર તપ છે.

૫૩. ૨૮ મૂળ ગુણ:- ૫ મહાવ્રત, ૫ સમિતિ, ૫ ઇન્દ્રિય રોધ, ૬ આવશ્યક, અચેલ, અસ્નાન, અદંતધોવન, કેશ લોચ, ભૂમિ શયન, એક વખત આહાર તથા ઉભા ઉભા આહાર એ મુનિના ૨૮ ગુણ છે.

૫૪. આલોચના:- સૂક્ષ્મતાથી જોઈ જવું તે, બારીકાઇથી વિચારવું તે (૩૯૧)

૫૫. ઉપાસના:- શુદ્ધાત્મ ભાવના ના નિમિત્ત કારણો [દેવ-ગુરુ-શાસ્ત્ર, અધિક ગુણવાન શ્રમણો ઇત્યાદિ (હ)] ની સેવા (૪૭૪)

૫૬. સ્વસંવિત્તિ:- સ્વમાં સમ્યક પ્રકારે - વિત્તિ = વૃત્તિ

૫૭. સદ્ ભૂત:- સત્તા ભૂત, સત્તાથી અભિન્ન (૩૦) = ધ્રુવ (૩૦)

# અલિંગગ્રહણ પ્રવચન માંથી

**[ પ્રવચનસાર ગાથા -૧૭૨ ]**

## અલિંગગ્રહણ:-

૧. આત્મા ઇન્દ્રિયો વડે જાણતો નથી.

૨. આત્મા ઇન્દ્રિયો વડે જણાતો નથી.

૩. આત્મા ઇન્દ્રિય પ્રત્યક્ષ અનુમાનથી (ઇન્દ્રિયોથી જણાવા યોગ્ય ચિહ્ન દ્વારા) જણાતો નથી.

૪. આત્મા કેવળ અનુમાનથી જણાવા યોગ્ય નથી.

૫. આત્મા અનુમાનથી જાણતો નથી. (કેવળ અનુમાન કરનારો નથી)

આ પાંચ બોલ નાસ્તિના બોલ છે.

૬. આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. આત્મા પોતાના જ્ઞાન સ્વભાવથી જણાય છે. અને પ્રત્યક્ષ જણાય છે.

આમ છ બોલથી સામાન્ય વર્ણન કર્યું. હવે ઉપયોગની વાત સાતમાં બોલથી અગિયારમાં બોલ સુધી કરે છે.

૭. આત્માને – ઉપયોગને, પરનું એટલે કે જ્ઞેય પદાર્થોનું અવલંબન નથી.

प्रवचनसार

૮. ઉપયોગ બહારથી લવાતો નથી. કોઈ પરના એટલે કે દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્સંગ ના અવલંબને થતો નથી, પણ અંતરના અવલંબને થાય છે. અહીં શુદ્ધ ઉપયોગ ની વાત છે.

૯. આ શુદ્ધ ઉપયોગ કોઇથી હરાતો નથી – એટલે એક વખત પ્રગટ્યો પછી કોઈ સંયોગો – પરિષહો, પ્રતિકૂળતાઓ, કોલાહલ વાળું વાતાવરણ વગેરેથી તેનો નાશ થતો નથી.

૧૦. આ શુદ્ધ ઉપયોગમાં રાગ નથી. દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને આત્માની પર્યાય પણ શુદ્ધ છે, તેમ કહી સમગ્ર દ્રવ્યને શુદ્ધ કહી દીધું છે. જે રાગાદિ ભાવ થાય તે તો ક્ષણિક છે, તે ટકી શકે તેવા નથી. માત્ર શુદ્ધ ઉપયોગ જ ત્રિકાળ ટકે તેવો છે અને તે જીવનું સાચું સ્વરૂપ છે, માટે ક્ષણિક રાગાદિ ઉપરથી દ્રષ્ટિ હટાવીને શુદ્ધ દ્રવ્ય તરફ દ્રષ્ટિ (કરી) છે. ( શુદ્ધ ઉપયોગ પણ દ્રવ્યનો સ્વાંગ લે છે – તેમાં દ્રવ્ય જ દેખાય છે.) ક્ષણિક રાગ ઉપરથી દ્રષ્ટિ હટાવી – ગૌણ કરી શુદ્ધ દ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરવાનું કહ્યું છે.

૧૧. શુદ્ધ ઉપયોગ કર્મને ગ્રહતો નથી, તે કર્મ બંધમાં નિમિત્ત નથી.

૧૨. આત્મા પરનો ભોક્તા થઇ શકતો નથી, મિથ્યા માન્યતાથી માને ભલે પણ પરનો ભોક્તા થઇ શકતો નથી. અજ્ઞાની પણ હરખ શોકનો ભોક્તા છે, પણ પર પદાર્થો લડવા-રોટલી-સ્ત્રી આદિ નો ભોક્તા નથી તેમ કહી સ્વદ્રવ્ય ભોગવવાની પ્રેરણા કરી છે.

આ પ્રમાણે છ બોલ ઉપયોગના કહ્યા. ઉપયોગ પોતાથી છે તેને પર જ્ઞેય નું અવલંબન નથી તેમ કહી પર્યાયની સ્વતંત્રતા બતાવી છે.

૧૩. આત્મા જડ પ્રાણથી જીવતો નથી પણ ભાવ પ્રાણથી જીવે છે.

૧૪. આત્મામાં મેહનાકાર પુરુષ આદિની ઇન્દ્રિયો નથી. તે પુત્ર આદિનો ઉત્પાદક નથી પણ શુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્ર નો ઉત્પાદક છે.

૧૫. આત્મા લોક વ્યાપક નથી.

૧૬. આત્મામાં દ્રવ્ય તેમ જ ભાવ વેદનો અભાવ છે. ત્રિકાળ સ્વભાવમાં વેદ નથી. આત્મા અવેદી છે તેથી સ્ત્રી આદિને ભોગવવું આત્મામાં નથી માટે વેદો ઉપરથી દ્રષ્ટિ છોડી અવેદી આત્મા ઉપર દ્રષ્ટિ કર. (પાનું-૭૧)

૧૭. આત્મામાં બાહ્ય ધર્મ ચિહ્નો નથી - નગ્ન દિગંબર પણું આદિ, પણ આ વાત યથાર્થ વ્યવહારને સ્વીકાર્યા પછીની છે. ત્યાં તો એમ કહેવું છે કે બાહ્ય વ્યવહારથી આત્મા જણાતો નથી – છતાં બાહ્ય વ્યવહાર યોગ્ય હોય – બીજો અયોગ્ય ન હોય.

૧૮. આત્મા ગુણભેદને સ્પર્શતો નથી, એટલે ગુણ-ગુણી ભેદથી આત્માની પ્રાપ્તિ થતી નથી. અભેદમાં ભેદ કરે તો શુદ્ધ આત્માની પ્રાપ્તિ ન થાય. સમ્યગ્દર્શનનો વિષય અભેદ ત્રિકાળી આત્મા છે. આ વીસ બોલમાં પહેલાં વ્યવહાર સ્થાપે છે અને પછી તેનો નિષેધ કરે છે. ગુણ-ગુણી ભેદ છે પણ તેનાથી પ્રાપ્તિ ન થાય.

प्रवचनसार

૧૯. આત્મા નિર્મળ પર્યાયને પણ સ્પર્શતો નથી. ઓગણીસમાં બોલમાં પર્યાય આત્માને – સામાન્ય દ્રવ્યને સ્પર્શતી નથી એમ કહી અંશ ઉપરથી લક્ષ છોડાવીને દ્રવ્ય સામાન્ય ઉપર લક્ષ કરાવ્યું છે.

૨૦. વીસમાં બોલમાં શુદ્ધ પર્યાય તે આત્મા છે તેમ કહ્યું છે. અહીં પર્યાય દ્રષ્ટિ કરાવવી નથી પણ નિશ્ચયથી પર્યાય અહેતુક સ્વતંત્ર નિર્પેક્ષ છે તે બતાવવું છે. આ દ્રવ્યની આ પર્યાય છે તેમ કહેવું તે વ્યવહાર છે. નિશ્ચયથી તો પર્યાયને દ્રવ્યનો આધાર નથી – પોતે જ પોતાથી સત્ છે, તેને બીજા કોઈના અવલંબન ની જરૂર નથી. પર્યાય ધ્રુવનું અવલંબન લે છે એમ કહેવું તે વ્યવહાર છે. પર્યાય પોતાના સ્વકાળે પ્રગટશે – આગળ પાછળ નહિ.

અલિંગગ્રહણના વીસ બોલ કહ્યા છે તેવા આત્માની શ્રદ્ધા જ્ઞાન કરે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે. (પાનું-૮૧)

દ્રવ્ય (સામાન્ય ત્રિકાળી સ્વભાવ), ગુણ અને પર્યાય – ત્રણે સ્વતંત્ર છે, એકથી બીજું નથી, કોઈને કોઈનો આધાર નથી, ત્રણે મળીને એક દ્રવ્ય છે. એક ઘરના ત્રણ માણસો જેમ એક બીજાથી સ્વતંત્ર છે – છતાં એક ઘરના છે તેવી રીતે. એક માણસ 'છે' તો બીજો 'છે' તેમ નથી છતાં બધા એક ઘરના છે. નિશ્ચયથી એક બીજાને સ્પર્શતા નથી – વ્યવહારથી એક ઘરના છે. સામાન્ય જ્ઞાન ગુણમાંથી જ્ઞાનની પર્યાય આવી તેમ કહેવું તે વ્યવહારથી છે. જો તેમ હોય તો સામાન્ય જ્ઞાન ગુણ બધાને સરખો છે – તો બધાની પર્યાય સરખી થવી જોઈએ પણ તેમ

થતું નથી, માટે દ્રવ્યની પર્યાય કે ગુણની પર્યાય તેમ કહેવું તે વ્યવહારથી છે. નિશ્ચયથી ત્રણે પોતપોતાથી છે, એકને બીજાનો આધાર નથી. વિશેષને પરાધીન માને તો પરાધીન દશા થાય છે, તેવું માનનાર પર્યાય બુદ્ધિ છે. (પાના ૮૦-૮૧)

**ભક્તિ સ્વરૂપ ચિંતવન અને અંતર્મુખ ઉપયોગ :-**

અંતર્મુખ ઉપયોગ થતાં પહેલાં સ્વરૂપ ચિંતવન હોય છે – કે ભગવાનના સ્વરૂપ ચિંતવન રૂપ ભક્તિ હોય છે. બંને પ્રકાર વિકલ્પરૂપ હોવાથી અટકાવ છે, બંનેની એક જ જાત છે – વિકલ્પરૂપ. તેથી ભક્તિ અટકાવ છે અને સ્વરૂપ ચિંતવન અટકાવ નથી તેમ નથી, બંનેની એક જ જાત છે. અંતર્મુખ ઉપયોગ તો સ્વરૂપના ઉગ્ર તીવ્ર અવલંબને – અંતર અવલંબને સહજ થાય છે. ત્યાં 'આમ કરું તો, વિચારું તો' થાય એમ નથી. ભક્તિથી એકાગ્રતા વિશેષ થાય છે. પ્રભુનું મુખ અંતરથી જોતાં એકાગ્રતા વિશેષ થાય છે. ભગવાનના સ્વરૂપ ચિંતવન થી એકાગ્રતા થાય છે. (નિજ)સ્વરૂપ ચિંતવન પણ એવું જ છે. ખરેખર તો ભગવાનના સ્વરૂપનું ચિંતવન કે નિજ સ્વરૂપનું ચિંતવન એક જ છે. આ ચિંતવન થી સાધક આંગણાથી દૂર જતો નથી અને જેમ જેમ અંતર શુદ્ધિ વધતી જાય છે તેમ તેમ અંતરંગ ઉગ્રતા-તીવ્રતા વધતી જાય છે, તે તીવ્ર થતાં ઉપયોગ <u>**સહજ**</u> અંતર્મુખ થાય છે. (તા.૪-૧૦-૮૦)

ભગવાનના સ્વરૂપનું ચિંતવન તે નિજ સ્વરૂપનું ચિંતવન છે અને નિજ સ્વરૂપનું ચિંતવન તે ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન છે કારણ કે ભગવાનના સ્વરૂપમાં અને સાધકના સ્વરૂપમાં નિશ્ચયે કોઈ ભેદ નથી. (પાનું-૫૧ ભાવાર્થ રૂપ છે)

## 'અલિંગગ્રહણ પ્રવચન' વચનામૃત

૧. અશુભથી બચવા શુભભાવ આવે તે જુદી વાત છે, પણ તેનાથી ધર્મ માનવો તે મિથ્યાત્વ છે. (પાનું-૩૩)

૨. ભગવાનના ગુણગ્રામ તે સ્વરૂપના જ ગુણગ્રામ છે. (પાનું-૫૧)

૩. આત્મા અવેદી છે – તેના લક્ષે ધર્મ થાય છે. (પાનું-૬૬)

૪. ભાવવેદ પાપ તત્વ છે, તેના ઉપરની દ્રષ્ટિ છોડ. (પાનું-૬૭)

૫. જો પર્યાય દ્રવ્યને લીધે છે એમ કહો તો પર્યાયનું 'છે' પણું રહેતું નથી, અહેતુક સત્ પણું રહેતું નથી. (પાનું-૭૮)

૬. 'દ્રવ્ય સામાન્ય' નિશ્ચયથી પર્યાય વિનાનું છે. (પાનું-૭૬)

૭. સ્વતંત્ર અનુભવની પર્યાય સામાન્ય દ્રવ્યને અડતી નથી, કારણ કે નિશ્ચયથી પર્યાય દ્રવ્યને અડે તો બંને એક થઈ જાય. (પાનું-૭૯)

૮. શુદ્ધ પર્યાય સામાન્ય દ્રવ્યના આધારે પ્રગટે એમ માનવામાં આવે તો વિશેષ જે નિર્પેક્ષ તત્વ છે તેની સ્વાધીનતા રહેતી નથી. (પાનું-૭૯)

૯. જેટલો સ્વ તત્ત્વ નો આશ્રય એટલી શુદ્ધિ. (બોલ ૧૬ ઉપરના ટેપ પ્રવચન માંથી)

૧૦. અલિંગગ્રહણ ના વીસ બોલથી આત્માને સમજાવ્યો છે. વીસ બોલથી જુદા જુદા ભાવો બતાવીને આત્માને ઓળખાવ્યો છે(પાનું-૭૦) આવા આત્માની શ્રદ્ધા તથા જ્ઞાન કરવું તે ધર્મ છે.

૧૧. વીસ પ્રકારથી કહ્યો છે એવા આત્માને જાણ તો તેને લક્ષે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ની પર્યાય પ્રગટ થાય તેમ છે. (પાનું-૮૧)

૧૨. અંતરથી મિથ્યા અભિપ્રાય છૂટી જાય તે જ ક્રિયા છે. બાહ્ય પદાર્થના ગ્રહણ ત્યાગ આત્મામાં છે જ નહિ. અંતર્મુખ ઉપયોગ તે જ સાચી ક્રિયા છે, બાકી બધી મંદ કે તીવ્ર રાગની ક્રિયા છે. અધૂરી દશામાં રાગ થાય તે જુદી વાત છે અને 'રાગ કરવા યોગ્ય છે' તે જુદી વાત છે. રાગ કરવા જેવો માનવો તે મિથ્યાત્વ છે. (પાનું-૧૯)

૧૩. જે અરિહંતને દ્રવ્ય-ગુણ-પર્યાય થી જાણે તેનો મોહ નાશ પામે. (પ્રવચનસાર ગાથા-૮૦) અરિહંત કદી અનુમાન કે શાસ્ત્ર જ્ઞાનથી જણાય નહિ. અંશે પ્રત્યક્ષપૂર્વક અનુમાનથી જણાય. (પાનું-૨૪)

૧૪. જો પર્યાય અકારણિય છે તો તેને આત્માના અવલંબન ની શી જરૂર છે? પર્યાય માત્ર સ્વતંત્ર હોવા છતાં કોઈ ને કોઈ અવલંબન લે છે – કાં તો સ્વનું કાં તો પરનું. માટે સ્વનું અવલંબન લેવાનું કહ્યું છે. "ધ્રુવ સત્તા તે જ હું" તેમ ધ્રુવમાં

પોતાપણાનું સ્થાપન તેને જ સ્વનું અવલંબન લીધું કહે છે. બીજા કોઈ પ્રકારે સ્વનું અવલંબન લેવાતું નથી.

ત્રિકાળ ધ્રુવ સ્વભાવ તે શુદ્ધ પર્યાયનું સાક્ષાત કારણ નથી પણ નિમિત્ત કારણ છે. અવલંબન એટલે નિમિત્ત.

૧૫. સરાગ દ્રવ્યાર્થિક નયથી "હું શુદ્ધ છું" એવા ભાવને પણ છોડી, 'છે' માત્ર ભાવ રહે  ત્યારે કામ થાય. જ્યાં "હું શુદ્ધ છું, બુદ્ધ છું" આદિ ભાવ છોડવાના છે ત્યાં દયા, દાન આદિ શુભભાવ વાળો છું એવી પર્યાય દ્રષ્ટિ રાખવાની વાત જ રહેતી નથી. એટલે સામાન્ય તથા વિશેષના સવિકલ્પ રૂપ ભાવો છોડવા પ્રેરણા કરી છે તેથી નયાતિક્રાંત થવાની વાત કરી છે. માત્ર 'છે' ભાવ રહે તે પણ છૂટે ત્યારે – સહજ છૂટી જાય ત્યારે - શુદ્ધ પર્યાય પ્રગટે છે. શુદ્ધ પર્યાય નિર્પેક્ષ પ્રગટે છે, તેને કોઈના આધારની જરૂર નથી. શરૂઆતમાં "હું શુદ્ધ" આદિ વિકલ્પો રહે છે, પછી "છે" એવો ભાવ રહે છે તે બંને અટકાવ છે – પછી સહજ તે ભાવ જતો રહે છે અને શુદ્ધ પર્યાય પ્રગટે છે. (પાનું-૯૧-૯૨)

# ડૉ. હરીભાઇ ની શાસ્ત્ર નોંધ માંથી

## નિયમસાર

આ સંકલન મુખ્યપણે શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્ય દેવ રચિત 'નિયમસાર' શાસ્ત્ર ઉપર પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામીના પ્રવચનો પર આધારિત છે. પાના નંબર નિયમસાર શાસ્ત્ર ની તૃતીય આવૃત્તિ પ્રમાણે છે.

# અનુક્રમણિકા


| વિષય | પાનાં નંબર |
|---|---|
| ૧. વચનામૃત ૧ થી ૭ | ૧૨૭ |
| ૨. વચનામૃત ૮ થી ૧૨ | ૧૨૮ |
| ૩. વચનામૃત ૧૩ થી ૨૦ | ૧૨૯ |
| ૪. વચનામૃત ૨૧ થી ૩૦ | ૧૩૦ |
| ૫. વચનામૃત ૩૧ થી ૩૬ | ૧૩૧ |
| ૬. વચનામૃત ૩૭ થી ૪૧ | ૧૩૨ |

# નિયમસાર પ્રવચનો – ત્રીજો અધ્યાય – શુદ્ધભાવ અધિકારમાંથી

## વચનામૃત

૧. ગતિની શું ચિંતા ? ભાવ ફેરવવો છે – ગતિ ફરો કે ન ફરો. પાંચ ઇન્દ્રિના વિષયોમાં જેને સુખની માન્યતા છે તેને અનુભવ થતો નથી. (પાનું ૯૬)

૨. "હું આ નહિ" – એમ અંતરથી આવે ત્યારે પર તરફના એકાકાર ભાવમાં કાપ પડે છે – આંતરો પડે છે [હું રાગ નહિ, દ્વેષ નહિ, શરીર નહિ વગેરે]

૩. વિભાવ ગુણરૂપ મતિ શ્રુત જ્ઞાન અને રાગાદિ રૂપ પર્યાય તે બંને કર્મની અપેક્ષા રાખે છે. આથી ભિન્ન નિર્પેક્ષ ધ્રુવ તત્વ જ ઉપાદેય છે. (૭)

૪. હું મોક્ષ કરું – મને મોક્ષ ક્યારે થશે? વગેરે વિકલ્પો છે તે છોડવા જેવા છે. (કારણ કે) અહીં પ્રગટ મોક્ષ પર્યાય ક્યાં છે? માત્ર મોક્ષની વાત છે. સાત તત્વોનું વિકલ્પવાળું જ્ઞાન અને વિકલ્પવાળી પરોક્ષ શ્રદ્ધા છોડવા કહ્યું છે, કારણ કે તેમના તરફ જોવાથી શુદ્ધતા નહિ પ્રગટે. (૯-૧૦)

૫. અચિંત્ય તાકાત જ્ઞાનની છે – પરને સ્પર્શ્યા વિના પરને પોતામાં રહીને જાણી લે તેવી તાકાત છે.

૬. જેના અંતરમાં એક (ત્રિકાળ) શુદ્ધાત્મા સિવાય કંઇ જ ઉપાદેય નથી તેને સાચો વૈરાગ્ય હોય છે. (૧૮)

૭. આસન્ન ભવ્ય જીવોને એક શુદ્ધાત્મા સિવાય કંઇ જ ઉપાદેય નથી.(૨૦)

૮. માત્ર ત્રિકાળી શુદ્ધ ભાવને ઉપાદેય પણે સ્વીકારતા વિકાર સાથેની એકતા છૂટી ત્રિકાળી ભાવ સાથે એકતા થાય છે. પર્યાયમાં શુદ્ધ ભાવ પ્રગટે છે. (૨૨)

૯. સ્વભાવ છે તે ત્રિકાળ છે – તે કદી નથી તેમ નથી. તેનો ક્યારેય નાશ કે અભાવ નથી.  જ્યારે ક્ષાયિક ભાવાદિ ક્ષણિક છે – નાશવંત છે, તેથી સ્વભાવ નથી. (૨૫)

૧૦. જો ત્રિકાળ સ્વભાવને જ આત્મા માનવો – તો શું આત્મા પર્યાય વિનાનો છે? પર્યાય સહિતનો કેમ ન માનવો? ઉત્તર આમ છે કે, પોતે છે છે છે – તે માત્ર ત્રિકાળી દ્રવ્યમાં છે. ક્ષણિક પર્યાયમાં છે - તે છે પણ નથી. પોતાને નાશવંત કેવી રીતે માનવો? માટે અહીં પર્યાયને ગૌણ કરીને શુદ્ધ સ્વભાવનું લક્ષ કરવાનું કહ્યું છે. વળી શ્રદ્ધા કરનાર પર્યાય છે. પર્યાય વિના શ્રદ્ધા કોણ કરશે? શ્રદ્ધેય અને શ્રદ્ધા કરનાર જોઇશે – તેમ બંને મળીને દ્રવ્ય છે. દ્રવ્ય દ્રષ્ટિ કરાવવા પર્યાયને ગૌણ કરી છે, અભાવ નથી કર્યો. (૨૬-૨૭)

૧૧. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ની નિર્મળ પર્યાય પણ ઉપાદેય નથી કારણ કે ક્ષણિક છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન ન થાય. (૩૭)

૧૨. વિશ્વના પદાર્થ માત્ર નું પરિણમન સ્વતંત્ર છે એમ માન્યા વિના ધર્મ થાય નહિ. મકાન કડીયાએ નથી બનાવ્યું – આ વાત લોકોને વિચિત્ર લાગે પણ તે સાચો સિદ્ધાંત છે, આ વાત ગાંડપણે નથી કહેવાતી પણ વીતરાગ દેવનો અપૂર્વ ધર્મ છે. (૩૫)

૧૩. આખું જગત બહારના અભિમાનમાં અટક્યું છે.(૩૬)

૧૪. જીવ શુભ રાગને કર્તવ્ય માને તો મિથ્યાત્વનું પાપ છે. જ્ઞાની કે અજ્ઞાની કોઈ બહારમાં કંઇ કરી ન શકે. (૩૬)

૧૫. શુભ રાગ થાય તે જુદી વાત છે પણ તેને નિશ્ચયનું સાધન માનવું તે મિથ્યાત્વ છે, અજ્ઞાન છે. (૩૭)

૧૬. રાગી જીવ શુભ રાગ છોડશે તો અશુભ રાગ જ થશે [કારણ કે રાગ અંતર્મૂહરતથી વધારે ટકી શકે નહિ (હ)] અશુભથી બચવા ધર્મી જીવને પણ શુભ રાગ થાય છે, પણ તેઓ રાગને કરવા જેવો માનતા નથી. (૪૧)

૧૭. સાધક જીવને નીચલી દશામાં સર્વથા રાગ ન છૂટી શકે પણ રાગમાં ઉપાદેય બુદ્ધિ છૂટી શકે. (૪૧)

૧૮. શરીરની ક્રિયાથી ધર્મ થાય નહિ, તેનાથી ધર્મ માને તે અધર્મ છે. (૪૨)

૧૯. ત્રિકાળી શુદ્ધ ભાવ તે નિશ્ચય અને તેના આશ્રયે પ્રગટેલ નિર્મળ પર્યાય તે સાચો વ્યવહાર છે. શુભ રાગ તે સાચો વ્યવહાર નથી. (૪૩)

૨૦. શુદ્ધ સ્વરૂપને બતાવનારી વાણીનું બહુમાન કરવામાં ખરેખર પોતાના શુદ્ધ સ્વભાવનું જ બહુમાન છે. શુદ્ધાત્માના નિમિત્તરૂપ શાસ્ત્રોમાં પણ શુદ્ધાત્માનો ઉપચાર કરી બહુમાન કરે છે. [તેમ બીજા દેવ-ગુરુ આદિ નું પણ સમજવું.(હ)]

૨૧. જ્યાં જ્ઞાન મૂર્તિ સ્વભાવનો આદર અને સ્વીકાર થયો ત્યાં ક્ષણિક વૃતિનો આદર કે સ્વીકાર નથી. (૫૫)

૨૨. પરને પોતાનું કરવું અશક્ય જ છે.

૨૩. વારંવાર સ્વભાવનું શ્રવણ કરવું, તેને જાણવો, માનવો, વિચારવો, તેનું મનન કરવું, અનુભવ કરવો એ જ મુક્તિનો ઉપાય છે. (૬૦)

૨૪. પર નિમિત્ત થી થતો હર્ષ ભાવ તે કષાય છે. પર નિમિત્ત વિના અંતરમાંથી આવતો નિરાકુળ ભાવ તે સુખ છે. (૬૫)

૨૫. સત સાંભળીને જે જીવ અંતર મંથન ન કરે તેને આત્મ ભાન ન થાય. (૯૫)

૨૬. અંતર મંથન = વલોવવું

૨૭. સાધકને રાગ થાય તે જુદી વાત છે અને તેને આદરણીય માનવો તે જુદી વાત છે. રાગ થાય તે ચારિત્ર મોહ છે – ચારિત્ર દોષ છે, આદરણીય માનવો તે શ્રદ્ધાનો દોષ છે. (૧૧૬)

૨૮. શુભ અશુભ ભાવ થાય તેથી મિથ્યાત્વ થઇ જતું નથી, પણ શુભ રાગને ધર્મ માને તો મિથ્યાત્વ અને અજ્ઞાન થાય છે. (૧૧૭)

૨૯. ઇન્દ્રિય સુખોને ઝેર સમાન જાણીને ભવ્ય આત્મા છોડે છે. (૧૧૮)

૩૦. 'સકલકર્મોપાધિ વિનિર્મુક્ત: પરિણામેભવ: પારિણામિકભાવ:' જે સદાય સહજ [સકળ કર્મ ઉપાધિ રહિત] પરિણામમાં – ભાવમાં રહે તે પારિણામિક ભાવ. (૧૨૬)

૩૧. દ્રવ્ય-ગુણ અને તેનું નિરપેક્ષ વર્તમાન થઈને પારિણામિક ભાવ છે. ત્રિકાળી દ્રવ્ય-ગુણ તે સામાન્ય પારિણામિક ભાવ અને નિરપેક્ષ ધ્રુવ પરિણામ તે વિશેષ પારિણામિક, બંને થઈને પારિણામિક છે. સમજાવવા ભેદ કર્યા છે. સામાન્ય વિશેષરૂપ ખરેખર તો અભેદ છે.(૧૨૨) તે ધ્રુવ રૂપ ભાવ વર્તમાન શક્તિરૂપ છે. [વ્યક્ત પર્યાય નહિ (હ)] તેમાં પ્રગટ અપ્રગટ એવા ભેદ નથી. વર્તમાન જો નિર્મળતા નહિ વર્તતી હોય તો નિર્મળ સ્વભાવ ટકશે ક્યાં ? (૧૨૩)

૩૨. રાગાદિ આત્મ સ્વભાવમાં નથી –તેમ પુદ્ગલમાં નથી તેથી સ્વભાવની દ્રષ્ટિએ જોતા રાગાદિ કોઈ વસ્તુ જ નથી. પર્યાય દ્રષ્ટિથી જોતા એક સમય પૂરતા છે. અજ્ઞાનીના રાગ દ્વેષનો આધાર એક સમય પૂરતું અજ્ઞાન છે. (૧૨૮)

૩૩. પાંચ લબ્ધિ જીવનો પુરુષાર્થ છે તે વીર્યગુણના ક્ષયોપશમે પ્રગટે છે. (૧૩૧)

૩૪. મોક્ષ દશા થતા ભવ્યત્વ ભાવનો અભાવ થાય છે. (૧૪૧)

૩૫. દરિયામાં પાંચ વાંસ પાણી ઊંડું હોય તેમાં મલીન કે નિર્મળ મોજાં સપાટી ઉપર હોય છે, પાણીના દળમાં પ્રવેશ નથી કરતા, તે મોજામાં પાણીનું આખું દળ નથી આવી જતું. તેમ આત્મા અનંત ગુણનું દળ છે અને તેની(આત્માની) મલીન કે નિર્મળ પર્યાય ઉપર ઉપર છે. (૧૪૩)

૩૬. આત્માને જયારે જુઓ ત્યારે વર્તમાન પણે જ રહ્યો છે. ભૂત કે ભવિષ્ય પણે રહેતો નથી. કોઈ દ્રવ્ય ભૂત કે ભવિષ્ય પણે રહે નહિ તો દ્રવ્યનું ત્રિકાળી પણું શી રીતે છે? – જે વર્તમાનમાં છે તે જ દ્રવ્ય ભૂતકાળમાં હતું અને ભવિષ્યકાળમાં હશે.

એ રીતે વર્તમાનમાં ત્રિકાળનું સામર્થ્ય છે. સદાય ચાલુ વર્તમાન પણે જ દ્રવ્ય વર્તે છે. વર્તમાનમાં રહીને ભૂત કે ભવિષ્યનું જ્ઞાન કરે તેથી (આત્મા) ભૂત કે ભવિષ્ય માં વર્તતો નથી – પણ વર્તમાનમાં વર્તી ભૂત કે ભવિષ્યનું જ્ઞાન કરે છે. વસ્તુ સદાય વર્તમાન પણે વર્તે છે, એ રીતે વર્તમાનમાં આત્માનો પરિપૂર્ણ ભાવ છે.(૧૪૬)

૩૭. સમસ્ત પ્રકારના શુભ કર્મ પણ ભોગી જીવોના ભોગનું મૂળ છે. (૧૪૭)

૩૮. સમયસાર ગાથા ૫૧ થી ૫૫ માં ૨૯ બોલથી પરમ પારિણામિક ભાવનું જ વર્ણન કર્યું છે. (૧૪૮)

૩૯. પુદ્ગલો જે શરીર આકારે પરિણમે તે કુળ કહેવાય. જેમ હાથી, ઘોડા વગેરે કુળ કહેવાય, તેવા એકસો સાડીસત્તાણું લક્ષ કોટી કુળ છે. (૧૫૯)

૪૦. યોની એટલે ઉત્પતિ સ્થાન. જેના રૂપ-રસ-ગંધ-સ્પર્શ સરખા હોય તેનું નામ એક ઉત્પતિ સ્થાન. તેવા ૮૪ લાખ સ્થાનો છે. (૧૫૯)

૪૧. પૃથ્વીકાય જીવ પથ્થર અનેક પ્રકારના હોય છે. તેમાં રૂપ-રસ-ગંધ-સ્પર્શના ફેરફારથી પૃથ્વીકાય જીવોના કુળના ૨૨ લક્ષ કોટી ભેદ છે.

# ડૉ. હરીભાઇ ની શાસ્ત્ર નોંધ માંથી

## પરમાત્મ પ્રકાશ

આ સંકલન મુખ્યપણે શ્રીમદ્ ભગવત્ યોગીન્દ્ર દેવ રચિત 'પરમાત્મ પ્રકાશ' શાસ્ત્ર ઉપર પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામીના પ્રવચનો પર આધારિત છે. આ સંકલનમાં લખેલ પાનાં નંબર 'પરમાત્મ પ્રકાશ' ગ્રંથ ની પ્રથમ આવૃત્તિ પ્રમાણે છે. અહીં આપેલ શબ્દો ના અર્થ આ શાસ્ત્રને વધુ સારી રીતે સમજવાની અપેક્ષાથી છે.

# અનુક્રમણિકા


| વિષય | પાનાં નંબર |
|---|---|
| ૧. વચનામૃત ૧ થી ૧૧ | ૧૩૫ |
| ૨. વચનામૃત ૧૨ થી ૨૨ | ૧૩૬ |
| ૩. વચનામૃત ૨૩ થી ૨૭ | ૧૩૭ |
| ૪. વચનામૃત ૨૮ થી ૩૬ | ૧૩૮ |
| ૫. વચનામૃત ૩૭ થી ૪૧ | ૧૩૯ |
| ૬. વચનામૃત ૪૨ તથા શબ્દાર્થ | ૧૪૦ |
| ૭. પૂ. ગુરુદેવશ્રી ના ગાથા ૪૩ ના પ્રવચનમાંથી | ૧૪૧ |
| ૮. પૂ. ગુરુદેવશ્રી ના ગાથા ૬૫ ના પ્રવચનમાંથી | ૧૪૨ |
| ૯. પૂ. ગુરુદેવશ્રી ના ગાથા ૬૮ ના પ્રવચનમાંથી | ૧૪૩ |

# ડૉ. હરીભાઇ ની પરમાત્મ પ્રકાશ ની નોંધ માંથી

## વચનામૃત

૧. વીતરાગ નિર્વિકલ્પ રૂપાતીત ધ્યાન.(૮)

૨. પારમાર્થિક સિદ્ધ ભક્તિ – વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન રૂપ ભક્તિ.

૩. મોક્ષમાર્ગ – શુદ્ધાત્માના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાન રૂપ અભેદ રત્નત્રયાત્મક માર્ગ (સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ).

૪. ચારિત્ર – સંકલ્પ વિકલ્પ રહિત સુખના આસ્વાદ રૂપ સ્થિર અનુભવ.(૧૭)

૫. તપ – પરદ્રવ્યના ઈચ્છા નિરોધથી ઉત્પન્ન સહજ આનંદનું પ્રતપન [વિશેષ શુદ્ધિ (હ)] (૧૭)

૬. ભાવના – શુદ્ધાત્મ ભાવના તે કે જેનાથી પરમાનંદ સમરસીભાવ ઉત્પન્ન થાય. (૨૦)

૭. બોધિ – સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પામવું તે.

૮. સમાધિ – બોધીને ધારી રાખવું તે સમાધિ. (૨૧)

૯. સ્વજ્ઞાનથી – વીતરાગ નિર્વિકલ્પ સ્વ સંવેદન જ્ઞાનથી. (૨૫)

૧૦. શુદ્ધ – રાગાદિ રહિત. [શુદ્ધ બુદ્ધ ચૈતન્ય ઘન સ્વયં જ્યોતિ સુખ ધામ]

૧૧. બુદ્ધ – અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ સહિત.

૧૨. જ્ઞાની – એટલે પરમ સમાધિમાં સ્થિત અંતરાત્મા.

૧૩. પંડિત કોણ – વિવેકી, અંતરાત્મા. વિવેકી=જ્ઞાની=પંડિત અધ્યાત્મ અપેક્ષાએ

૧૪. ઇન્દ્રિય જનિત સુખ દુઃખ આકુળતાને એટલે કે દુઃખને ઉત્પન્ન કરે છે.(૪૧)

૧૫. તું જીવ અને અજીવ ને એક ન કર, કારણ કે બંનેમાં લક્ષણના ભેદ થી ભેદ છે. (૪૪)

૧૬. આત્મા દેહને સ્પર્શતો નથી અને દેહ આત્માને સ્પર્શતો નથી. (૪૮)

૧૭. સમભાવમાં [વીતરાગભાવમાં (હ)] સ્થિત યોગી પરમાનંદને ઉત્પન્ન કરે તો જે કંઇ સ્ફુરાયમાન થાય છે તે પરમાત્મા છે.

૧૮. સિદ્ધના ગુણો – સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ, અવ્યાબાધ. (૮૦)

૧૯. શુદ્ધ નિશ્ચય નયથી સંસારી સુખ દુઃખ કર્મ જનિત છે, અને આત્મા રાગાદિ કરતો નથી. (૮૪)

૨૦. આત્મા આત્મા છે, પર પર છે, આત્મા પર રૂપ થતો નથી, પર આત્મા રૂપ થતું નથી. (૮૮)

૨૧. પરમાર્થે આત્મા જન્મતો નથી, મારતો નથી, બંધ-મોક્ષ કરતો નથી. (૮૯)

૨૨. સ્વ સંવિત્તિ રૂપ વીતરાગ સમ્યગ્દર્શન હોય છે. (૧૦૦)

૨૩. ઋષભદેવ થી માંડી શાંતિનાથ ભગવાન સુધીના સોળ તીર્થંકરને જે દિવસે દિવ્ય ધ્વનિ છૂટી તે જ દિવસે બહુ મુનિઓને  ચારિત્ર પતિ અને કેવળજ્ઞાન ની પ્રાપ્તિ અંતર્મૂહરતમાં થઇ. (૧૨૦)

૨૪. હે જીવ ! દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષા સ્વરૂપે અપધ્યાન છોડીને ચિત્તને પરમાત્મ સ્વરૂપમાં (શુદ્ધ સ્વરૂપમાં) સ્થિર કર અને  નિજ શુદ્ધ આત્માનું ધ્યાન કર.(૧૪૦)  પોતાના રાગાદિ રહિત નિર્મળ ચિત્તમાં નિજ પરમાત્મા નિયમથી દેખાય છે.(૧૪૪)  જેના મનમાં સ્ત્રી(કે અન્ય) વસે છે તેને આત્મા દેખાતો નથી. એક મ્યાનમાં બે તલવાર કેમ રહે ? (૧૪૬)

૨૫. બ્રહ્મ નું નિવાસ સ્થાન નિર્મળ ચિત્ત છે, જેમ હંસ નું માનસરોવર. (૧૪૭) સમભાવે પરિણમેલા ચિત્તમાં નિજ પરમાત્મા સ્થિત છે.(૧૪૮)

૨૬. શત્રુ-બંધુ, સુખ-દુઃખ, પ્રશંસા-નિંદા, લોહ-કાંચન, જીવન-મરણ જેને સમાન છે તેને સમતા છે. (૧૪૯)

૨૭. ધ્યાન કોનું કરવું? – સવિકલ્પ અવસ્થામાં વીતરાગ સર્વજ્ઞ સ્વરૂપ, વીતરાગની પ્રતિમા, તેના આરાધક પુરુષો ધ્યાવવા યોગ્ય છે. વીતરાગ નિર્વિકલ્પ ત્રિગુપ્તિ વડે ગુપ્ત પરમ સમાધિ કાળમાં નિજ શુદ્ધ આત્મા જ ધ્યાવવા યોગ્ય છે.(૧૬૧)

૨૮. વ્યવહાર નયથી સવિકલ્પ દશામાં સર્વજ્ઞદેવ, પ્રતિમા, આરાધક પુરુષો, સર્વજ્ઞને સૂચવનારા મંત્રો ધ્યાન કરવા યોગ્ય છે. સમાધિ કાળમાં શુદ્ધ આત્મા જ ધ્યાવવા યોગ્ય છે. (૨૦૪)

૨૯. સામ્યભાવમાં સ્થિત થઇ શુદ્ધ આત્માને ધ્યાવ. (૧૬૨)

૩૦. મોક્ષમાર્ગ - નિશ્ચયરત્નત્રયી રૂપે પરિણમેલો આત્મા જ મોક્ષમાર્ગ છે. અથવા નિશ્ચયરત્નત્રયી રૂપે પરિણમેલો પુરુષ જ મોક્ષમાર્ગ છે. (૧૬૭)

૩૧. વ્યવહાર મોક્ષમાર્ગ નિશ્ચય મોક્ષમાર્ગનો સાધક કેવી રીતે છે? ઉત્તર આમ છે કે, ભૂત નૈગમનયથી પરંપરાએ સાધક છે.(૧૭૦)

૩૨. નિશ્ચય મોક્ષમાર્ગ સવિકલ્પ તથા નિર્વિકલ્પ ના ભેદથી બે પ્રકારે છે.
(૧) ત્યાં "હું રાગાદિ રૂપ છું" આદિ સવિકલ્પ સાધક છે અને નિર્વિકલ્પ સાધ્ય છે.
(૨) આત્મ તત્ત્વ બે પ્રકારનું છે. જે આશ્રવ સહિત છે તે સવિકલ્પ છે અને આશ્રવ રહિત નિર્વિકલ્પ છે. (૧૭૧) [આત્મ તત્ત્વ શુદ્ધ લેવું.(હ)]

૩૩. ઉપાદાન સદૃશ કાર્યમ ભવતિ. (૧૮૧)

૩૪ . નિશ્ચયથી નિષ્ક્રિય શુદ્ધ જીવ દ્રવ્ય ઉપાદેય છે. (૧૮૫)

૩૫. નિશ્ચયથી પાંચ દ્રવ્યો જીવને દુઃખનું કારણ છે (નિમિત્ત કારણ છે) તે જાણી સ્વરૂપમાં સ્થિર થા. (૧૯૧)

૩૬. જેના નિમિત્તથી કષાય રૂપ અગ્નિ થાય છે તે છોડવું જોઈએ. (૨૧૫)

૩૭. દેવ, ગુરુ, શાસ્ત્ર ની ભક્તિથી મુખ્ય પણે પૂણ્ય થાય છે  પણ  મોક્ષ થતો નથી. (૨૪૨)

૩૮. જ્ઞાનીને માટે પૂણ્ય-પાપ સરખા છે, છતાં ચારિત્ર અપેક્ષાએ જ્ઞાનીને પૂણ્ય-પાપનો વિવેક છે. જયારે જ્ઞાનીને આમ જ છે તો અજ્ઞાનીએ વિવેક રાખવો યોગ્ય છે. સરખા માની પાપમાં પ્રવૃત્તિ ન કરવી કે પોતે પાપ કરતો હોય તો પાપને છાવરવાનો પ્રયત્ન આ ન્યાયે (પૂણ્ય પાપ સરખા છે તે ન્યાયે) ન કરવો જોઈએ. પાપનો ભાસ થવો જોઈએ.

૩૯. શુદ્ધ પરિણામ તે ધર્મ છે.(૨૫૧) વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન માં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે.(૨૫૭)

૪૦. કારણ સમયસાર ના આધારે સ્વભાવ ભાવ છે (સ્વ દ્રવ્ય એ અંતઃતત્વ છે) દ્રવે તે દ્રવ્ય. દ્રવ્યમાંથી પ્રવાહ વહે છે. પર્યાયમાંથી પ્રવાહ વહેતો નથી. સ્વ દ્રવ્ય એ જ ઉપાદેય છે. સ્વ દ્રવ્યને આધારે થતી પર્યાય જેમકે સમ્યગ્દર્શન તે પણ (અપેક્ષાથી) પર દ્રવ્ય છે, તે ઉપાદેય નથી, કારણ કે તે પર્યાય છે તેને આધારે સમ્યગ્જ્ઞાન કે સમ્યગ્ચારિત્ર નહિ થાય. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર પણ સ્વ દ્રવ્યને આધારે જ થશે. કારણ પરમાત્મા = કારણ સમયસાર તે જ ઉપાદેય છે. (આધારે એટલે આશ્રયે)

૪૧. ગમે તે અનુષ્ઠાન કરો  પણ જો ચિત્તની શુદ્ધિ નથી તો મોક્ષ નથી. દેખેલા,

સાંભળેલા, અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ દુર્ ધ્યાન માં જ્યાં સુધી ચિત્ત રંજીત-મૂર્છિત-તન્મય રહે છે ત્યાં સુધી કોઈ પણ અનુષ્ઠાનથી મોક્ષ નથી. (૨૫૪)

૪૨. જે જીવ અણુમાત્ર પણ રાગને છોડતો નથી, પરમાર્થને જાણવા છતાં પણ મૂકતો નથી ત્યાં સુધી મોક્ષ પામતો નથી. (૨૬૬)

## અગત્યના શબ્દાર્થ

પરિચ્છિતિરૂપ = જાણવા રૂપ (૮૦)

પરિછેદન કરે છે = જાણે છે (૧૬૮)

ધર્મ, અર્થ તથા કામ = ધર્મ તે પૂણ્ય, અર્થ તે પૂણ્ય ફળ અને કામ તે સ્ત્રી, વસ્ત્ર આદિ ભોગો સમજવા (૧૫૪)

જ્ઞાની = વીતરાગ સ્વસંવેદન સહિત (૧૬૪)

સમ્યક્ત્વ = શુદ્ધાત્મ અનુભૂતિ રૂપ વીતરાગ સમ્યક્ત્વ છે, તેનો વિષય શુદ્ધ આત્મા જ છે (૧૭૩)     દ્રષ્ટિ = સમ્યક્ત્વ (૧૯૨)

દર્શન = દર્શન ઉપયોગ(૬) = અવલોકન (૨૦૫)

પ્રતપન = વિજયન (૨૫૦)

નિર્ગ્રંથ = પૂણ્ય પાપની ગાંઠ રહિત

નિક્ષેપ જ્ઞેયના ભેદ છે અને નય જ્ઞાનના ભેદ છે.

# પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમાત્મ પ્રકાશ પર ના પ્રવચનમાંથી

ગાથા ૪૩:- મૂળ ગાથા

**भावाभावहिं संजुव भावाभावहिं जो जि |**

**देहि जि दिट्ठुउ जिणवरहिं मुणि परमप्पउ सो जि ||४३||**

ગુજરાતી અર્થ:-

જો વ્યવહારનયથી યદ્યપિ ઉત્પાદ અને વ્યય થી સહિત છે તો પણ દ્રવ્યાર્થિકનયથી ઉત્પાદ અને વિનાશથી રહિત છે તથા જિનદેવે દેહમાં પણ જોઈ લીધેલ છે તેને તું પરમાત્મા જાણ - અર્થાત્ વીતરાગ પરમ સમાધિ ના બળથી અનુભવ કર.

આત્મ દ્રવ્યમાં પરિણમન નથી તેવું બીજા ફકરા(પેરેગ્રાફ)માં છે. દ્રવ્ય શબ્દ બે અર્થમાં વપરાય છે. એક સામાન્ય વિશેષરૂપ અને બીજો માત્ર ત્રિકાળી અંશરૂપ. પહેલા અર્થમાં દ્રવ્ય તે સામાન્ય વિશેષાત્મક હોઇ પ્રમાણ જ્ઞાન નો વિષય છે અને બીજા અર્થમાં તે માત્ર સામાન્ય ત્રિકાળી અંશ હોઇ દ્રવ્યાર્થિક નય નો વિષય છે. જ્યારે દ્રવ્યાર્થિક નયના વિષયરૂપ ધ્રુવ અંશ માટે દ્રવ્ય શબ્દ વાપર્યો હોય ત્યારે તેમાં પર્યાય હોય જ નહીં એટલે દ્રવ્ય પર્યાય વિનાનું છે તેમ કહેવામાં આવે છે, શું દ્રવ્ય પર્યાય વિનાનું છે? હા, સમ્યગ્દર્શન ના વિષયભૂત દ્રવ્યમાં પર્યાય નથી, પર્યાય તેને સ્પર્શતી નથી, બિલકુલ જુદી છે. ધ્રુવમાં પર્યાય નથી. જો ધ્રુવમાં

પર્યાય હોય તો ધ્રુવ ધ્રુવ રહે નહીં. ધ્રુવનો નાશ થાય. [વળી એક પર્યાય આત્મા છે. અલીંગગ્રહણ ના વીસમાં બોલમાં આ વાત આવે છે.]

ધ્રુવ સામાન્ય – દ્રવ્યાર્થિક નય નો વિષય તેને દ્રવ્ય કહે છે તે ઉચિત જ છે, કારણ કે તે માત્ર એક સમયની પર્યાય નથી. અનંત પર્યાયનો પીંડ તો ધ્રુવ સામાન્ય છે, જે ધ્રુવ સામાન્ય માટે આત્મા-વસ્તુ-દ્રવ્ય-ત્રિકાળી વગેરે શબ્દ વપરાય છે. વળી જ્ઞાનીને ધ્રુવ આત્મા જ આત્મારૂપે દેખાય છે – એટલે સામાન્ય અંશને જ આત્મા કહી દીધો છે. જ્ઞાનીને પર્યાય દેખાતી જ નથી કારણ કે શુદ્ધ પર્યાય ધ્રુવ સાથે અભેદ થઈ જાય છે અને અશુદ્ધ રાગાદિ રૂપ પર્યાય પોતાથી ભિન્ન પર દ્રવ્ય સ્વરૂપ દેખાય છે. જ્ઞાનીને તો આત્મા એકરૂપ સત ચિદાનંદ સ્વરૂપ જ દેખાય છે.(૫-૬)

ગાથા ૬૫:- મૂળ ગાથા

**बंधु वि मोक्खु वि सयलु जिय जिवहं कम्मु जणेइ |**

**अप्पा किंपि वि कुणइ णवि णिच्छउ एउं भणेइ ||६५||**

ગુજરાતી અર્થ:-

હે જીવ ! બંધ અને મોક્ષને – બધાને જીવોના કર્મ જ કરે છે, આત્મા કંઇ પણ નથી કરતો એમ નિશ્ચયનય કહે છે. અહીં આત્માને અકર્તા બતાવ્યો છે – કોનો (અકર્તા) ? બંધ અને મોક્ષનો. એટલે શુભાશુભ કે શુદ્ધ પર્યાયનો આત્મા તો નિશ્ચય

નયે (અકર્તા છે) એકરૂપ નિષ્ક્રિય વસ્તુ છે. બંધ અને મોક્ષ કર્મ જનિત છે, કર્મના યોગથી બંધ થાય છે અને કર્મના વિયોગથી મોક્ષ થાય છે.

મકાન, સ્ત્રી-પુત્ર આદિ અસદ્ભૂત ઉપચરિત વ્યવહારથી જીવના છે. જ્ઞાનાવરણ આદિ જડ કર્મ અનુપચરિત અસદ્ભૂત વ્યવહારથી જીવના છે. રાગાદિ ભાવ ઉપચરિત સદ્ભૂત વ્યવહારથી જીવના છે. શુદ્ધ પર્યાય અનુપચરિત સદ્ભૂત વ્યવહારથી જીવની છે.

મોક્ષમાં બંધના અભાવની અપેક્ષા પણ અશુદ્ધ નિશ્ચય નયથી લાગુ પડે છે. અશુદ્ધ નિશ્ચય અને વ્યવહાર એકાર્થ છે – અહીં શુદ્ધ પર્યાયને અશુદ્ધ નિશ્ચય નયનો વિષય કહ્યો છે. પરમ શુદ્ધ નથી તો બંધ મોક્ષ નથી, માત્ર ધ્રુવ પરમાત્મા જ છે. ધ્રુવ પરમાત્મા પરમ શુદ્ધ નિશ્ચય નયનો વિષય છે. વળી શુદ્ધ પર્યાયને પણ શાસ્ત્રમાં નિશ્ચય નયનો વિષય કહેવામાં આવે છે. "સ્વ આશ્રયો નિશ્ચયો"- આ તો રાગ જે પર આશ્રયે થાય છે – ત્યારે સ્વ આશ્રયે શુદ્ધ પર્યાય થાય છે – એ અપેક્ષાએ કથન છે. શુદ્ધ નિશ્ચય નયે – દ્રવ્યાર્થિક નયે તો પર્યાય દ્રવ્યમાં નથી, માત્ર ધ્રુવ તત્ત્વ જ દ્રવ્યરૂપ છે.

ગાથા ૬૮:- મૂળ ગાથા

**भाउ विसुद्धउ अप्पणउ धम्मु भणेविणु लेहु |**

**चउ-गइ-दुक्खहं जा धरइ जीउ पडन्तउ एहु ||६८||**

ગુજરાતી અર્થ:-

હે યોગેશ્વર ! નિશ્ચયનયથી વિચાર કરતાં આ જીવ ન તો ઉત્પન્ન થાય છે, ન મરે છે અને ન બંધ મોક્ષને કરે છે. અર્થાત્ શુદ્ધ નિશ્ચયનયથી બંધ મોક્ષ થી રહિત છે – એવું જિનવરદેવ કહે છે.

આત્મા બે પ્રકારે છે એક દ્રવ્ય આત્મા, એક વ્યવહાર આત્મા. અજ્ઞાન અવસ્થામાં શુભાશુભ ભાવ થાય છે તે પર્યાય કરે છે – દ્રવ્ય નહીં. પર્યાય કરે છે એટલે પર્યાય આત્મા કરે છે – વ્યવહાર આત્મા કરે છે. મોક્ષ પર્યાય પણ વ્યવહાર છે. પર્યાય કહો કે વ્યવહાર આત્મા કહો.

સાધ્ય વસ્તુ – સાધન નિર્ણય. સાધ્ય સાધનનો ભેદ નિશ્ચયમાં નથી.

(નોંધ: આ ત્રણ ગાથા ૪૩, ૬૫ અને ૬૮ 'દ્રવ્ય દ્રષ્ટિ પ્રકાશ' ના પત્રો માંથી લીધી છે.)

# ડૉ. હરીભાઇ ની શાસ્ત્ર નોંધ માંથી

## યોગસાર પ્રાભૃત

આ સંકલન મુખ્યપણે શ્રીમદ્ ભગવત્ યોગીન્દ્ર દેવ રચિત 'યોગસાર પ્રાભૃત' શાસ્ત્ર ઉપર પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામીના પ્રવચનો પર આધારિત છે. પાનાં નંબર 'યોગસાર પ્રાભૃત' ગ્રંથ ની પ્રથમ આવૃત્તિ પ્રમાણે છે.

# અનુક્રમણિકા


| વિષય | પાનાં નંબર |
|---|---|
| ૧. વચનામૃત ૧ થી ૫ | ૧૪૭ |
| ૨. વચનામૃત ૬ થી ૧૨ | ૧૪૮ |
| ૩. વચનામૃત ૧૩ થી ૧૭ | ૧૪૯ |
| ૪. વચનામૃત ૧૮ થી ૨૬ | ૧૫૦ |
| ૫. વચનામૃત ૨૭ થી ૩૧ | ૧૫૧ / ૧૫૨ |

# ડૉ. હરીભાઇ ની યોગસાર પ્રાભૃત ની નોંધ માંથી

## વચનામૃત

૧. અનંત જ્ઞાન-દર્શન આદિ યુક્ત સર્વજ્ઞ ને ખૂબ ભક્તિ ભાવ પૂર્વક ભવ્ય શ્રદ્ધે છે , અભવ્ય નહિ. (૩૧)

૨. આત્મ દર્શન અભ્યાસ દ્વારા થાય છે. ઇન્દ્રિયોનો વ્યાપાર રોકી, મનનો વ્યાપાર રોકી, સ્થિર, નિર્વિકલ્પ થઈને, શ્રુત જ્ઞાન અંતર્મુખ કરી આત્મ ધ્યાનનો અભ્યાસ કરનારને આત્મ અનુભવ થાય છે. જો મન રાગ દ્વેષથી આકુળ હોય તો ગમે તેટલા શ્રુત અભ્યાસ કરે પણ આત્મ દર્શન ન થાય. (૩૩,૩૪,૪૨)

૩. પંચ પરમેષ્ઠિ નું ધ્યાન-સેવા થી પૂણ્ય બંધાય પણ કર્મ ક્ષય ન થાય. (૪૪)

૪. પર દ્રવ્યોના ચિંતનમાં – ચિંતામાં મગ્ન પર દ્રવ્ય સમાન થાય છે. આત્માના ધ્યાનમાં મગ્ન સ્વરૂપની પ્રાપ્તિ કરે છે. આત્માનું ધ્યાન એટલે શુદ્ધ આત્માનું ધ્યાન જે દ્રવ્ય કર્મ, ભાવ કર્મ, નોકર્મ થી રહિત, નિત્ય-પૂર્ણ, સામાન્ય ત્રિકાળ રૂપ છે તેનું ધ્યાન.

૫. ધર્મ-અધર્મ-આકાશ અને કાળ એ ચાર દ્રવ્યો નિષ્ક્રિય દ્રવ્યો છે. નિષ્ક્રિય શા માટે કહ્યા છે? નિષ્ક્રિય એટલે વિભાવ રૂપ પરિણમતા નથી, માત્ર સ્વભાવ રૂપ જ પરિણમે છે.  જે સ્વભાવ રૂપ પરિણમે છે તેને પણ નિષ્ક્રિય કહેવાય છે, કારણ કે

બીજા પ્રકારની ક્રિયા દેખાતી નથી, એકરૂપ ક્રિયાને ક્રિયા કહેવાતી નથી. તે જ રીતે સિદ્ધ અને પરમાણું ને પણ નિષ્ક્રિય કહ્યા છે. (૫૭)

૬. પુદ્ગલમાં મૂર્ત ગુણો છે માટે મૂર્તિક કહેવાય. મૂર્ત ગુણો એટલે ઇન્દ્રિય ગ્રાહ્ય ગુણો, સ્પર્શ-રસ-ગંધ-વર્ણ. આ ચાર મૂર્ત ગુણો છે તેના ભેદ ૨૦ છે. સ્પર્શ-૮, રસ-૫, ગંધ-૨ વર્ણ-૫. (૭૪-૭૫)

૭. મોહી જીવો ચૌદ ગુણ સ્થાન ને જીવ કહે છે, જ્ઞાની અજીવ કહે છે, કારણ કે કર્મ પ્રકૃતિ થી નિર્મિત છે. [જીવની અંતરંગ દશામાં કર્મ નિમિત્ત છે.] (૮૭)

૮. જે જીવ અને અજીવને ભિન્ન જાણતા નથી તે આત્માને પામતા નથી. (૯૬)

૯. દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ એ ત્રણે જીવના સ્વભાવને આચ્છાદક છે. (૧૦૬)

૧૦. જ્યાં સુધી જીવ પર દ્રવ્યથી સુખી દુઃખી થવાની ઈચ્છા-અપેક્ષા રાખે છે ત્યાં સુધી આશ્રવનો વિચ્છેદ થતો નથી. (૧૦૮)

૧૧. કષાય રહિત જીવને અપરિણામી માનવામાં આવ્યો છે. (૧૧૧)

૧૨. અચારિત્રરૂપ હિંસા, જૂઠ, ચોરી, ભોગ, પરિગ્રહ ઇત્યાદિ કર્મના ઉત્પત્તિ, સ્થિતિ અને પરિપાટી નું કારણ છે. પરમાં રાગ-દ્વેષ કરનાર અચારિત્રી છે, કારણ કે પોતાના સ્વભાવથી વિમુખ છે. સંસારી સુખને દુઃખ ન માનનાર અચારિત્રી છે – મૂઢ છે. (૧૧૪-૧૧૫-૧૧૭)

૧૩. જીવના પ્રદેશો સાથે કર્મ પુદ્ગલ પ્રદેશોનું ચોંટી જવું – અવસ્થાન થવું, સંશ્લેષ થવું – આવીને રોકાઈ જવું તે બંધ છે. સંયોગ સંબંધ કરતાં સંશ્લેષ સંબંધમાં ચોંટી રહેવાની શક્તિ વિશેષ છે. જીવ સાથે શરીરનો સંયોગ સંબંધ છે, કર્મનો સંશ્લેષ સંબંધ છે. (૧૨૨-૧૨૩)

૧૪. કોઈ જીવ કોઈને સુખી-દુઃખી કરે, મારે-જીવાડે તે અશક્ય છે. કોઈ કોઈનો ઉપકાર-અપકાર કરી શકે નહિ. (૧૨૮)

૧૫. ઇન્દ્રિય વિષયોના સંગ (ભોગ)થી જ્ઞાની બંધાતા નથી તો તેમને જાણવાથી કેમ બંધ થાય ? સંસારી સુખ દુઃખને જ્ઞાની જાણે છે અને અજ્ઞાની ભોગવે છે. તેથી જ્ઞાની કર્મનો અબંધક અને અજ્ઞાની બંધક છે. (૧૩૭)

૧૬. જ્ઞાની સંસારી સુખને દુઃખ જ જાણે છે તેથી તેને કેમ પ્રીતીથી ભોગવે ? તેને દુઃખ કેમ ગમે ? જ્ઞાની સંસારી દુઃખને પણ સ્વરૂપથી ભિન્ન જુએ છે – જાણે છે. [જ્ઞાની સંસારી સુખ કે દુઃખમાં તન્મય થતો નથી.]

૧૭. સારા નરસા ચેતન કે અચેતન મૂર્તિક પુદ્ગલો દ્વારા અમૂર્તિક આત્મા કેવી રીતે સુખ દુઃખ પ્રાપ્ત કરી શકે ? ન જ કરી શકે કેમકે બંનેમાં પરસ્પર તાદાત્મ્ય સંબંધનો અભાવ છે. સંબંધના અભાવથી કોઈ પુદ્ગલ આત્માને ઉપકાર કે અપકાર કરવા સમર્થ નથી, તેથી જ્ઞાનીઓ ઉપકાર કે અપકારના સમયે પર દ્રવ્યો ઉપર રાગ-દ્વેષ કરતા નથી. (૧૫૦)

૧૮. જે શત્રુ કે મિત્ર છે તે શરીર ઉપર અપકાર કે ઉપકાર કરે છે – મારા આત્મ ઉપર નહિ, તેથી કેમ રાગ-દ્વેષ કરું ? જ્યાં મારું શરીર મારા આત્માને ઉપકાર કે અપકાર કરતું નથી ત્યાં બીજા શરીરો(માતા-પિતા આદિ) શું કરશે? (૧૫૧-૧૫૨)

૧૯. પાંચ ઇન્દ્રિયોના વિષયો અચેતન છે, ઉપકાર કે અપકાર કરતા નથી છતાં જીવ ભ્રમથી તેમને સુખ દુઃખ દાતા માને છે. (૧૫૪)

૨૦. સ્વ દ્રવ્યને સ્વ અને પર દ્રવ્યને પર માને છે તે આત્મ તત્વમાં લીન થયેલ યોગી સદા સંવર કરે છે. (૧૫૫)

૨૧. મોહના દોષથી બાહ્ય પદાર્થો આત્માના સુખ દુઃખ ના દાતા કરાય છે. વળી મારી સ્તુતિ  નિંદા કરવામાં આવે છે તેમ જીવ મોહથી માને છે. (૧૬૦)

૨૨. જે બધાય કર્મોના વિપાકોને પૌદ્ગલિક જાણે છે તે શુદ્ધાત્માને પ્રાપ્ત થાય છે.

૨૩. જે યોગી શરીરને અચેતન, નાશવાન, કર્મ નિર્મિત જાણી તેના કાર્યમાં વર્તતો નથી તે કાયોત્સર્ગ કરે છે. (૧૭૧)

૨૪. સવિપાક નિર્જરામાં પાકેલા – ફળ દેવાને તૈયાર થયેલા કર્મની નિર્જરા થાય છે, અવિપાક નિર્જરામાં નહિ પાકેલા કર્મ ની નિર્જરા થાય છે. (૧૭૯)

૨૫. આત્મા અને કર્મના (બંધના) સ્વરૂપને જાણી કર્મની ઉપેક્ષા કરી આત્મ સ્વરૂપમાં સ્થિર થવું તે મુક્તિનો ઉપાય છે. (૨૨૦)

૨૬. આત્મા અને કર્મના સંયોગને  ભવ  કહે છે,  વિયોગને ભવ અભાવ કહે છે.

૨૭. મંત્ર જેમ વિષને દૂર કરે છે તેમ ધ્યાન કર્મને દૂર કરે છે. (૨૨૫)

૨૮. અધ્યાત્મ ચિંતનથી જુદો બીજો કોઈ સાચો પરબ્રહ્મ ની પ્રાપ્તિનો ઉપાય નથી. આત્મ ચિંતન શુદ્ધ આત્માના ધ્યાન માટે ઉત્સાહ, નિશ્ચય, ધૈર્ય, સંતોષ, તત્વ દર્શન અને જનપદ ત્યાગ બાહ્ય સામગ્રી છે.(૨૨૮)

૨૯. આગમ દ્વારા, અનુમાન દ્વારા અને ધ્યાનના અભ્યાસ રૂપ રસ દ્વારા એમ ત્રણે પ્રકારે બુદ્ધિને વિશુદ્ધ કરતો થકો ધ્યાતા વિશુદ્ધ ધ્યાનને પ્રાપ્ત થાય છે. આગમથી જીવાદિ તત્ત્વો જાણી અનુમાન દ્વારા (તર્ક દ્વારા) તેને દ્રઢ કરતાં અને ધ્યાનનો અભ્યાસ કરતાં તેમાં જે એક પ્રકારની રુચિની વૃદ્ધિ રૂપે રસ-આનંદ ઉત્પન્ન થાય છે તેને ધ્યાનાભ્યાસ રસ કહે છે. આ ત્રણ ઉપાયથી બુદ્ધિની શુદ્ધિ થાય છે. આ બુદ્ધિથી શુદ્ધ આત્મ ધ્યાન બને છે, જેનાથી આત્માનું સાક્ષાત દર્શન થાય છે. કર્મ ભૂમિમાં મનુષ્યપણુ અને ઉત્કૃષ્ટ જ્ઞાન બીજ પામીને જે પ્રશસ્ત ધ્યાન રૂપ ખેતીમાં પ્રવૃત થતાં નથી તે અવિવેકી છે, ભલે તે શાસ્ત્રના જાણકાર હોય.(૨૨૯-૨૩૨)

૩૦. ધ્યાનની સિદ્ધિ માટે બુધ જનોએ ભોગની બુદ્ધિ ત્યાગવા યોગ્ય છે. ભોગ બુદ્ધિ ખારા જળ સમાન છે. તત્વ શ્રવણ બુદ્ધિ મધુર જળ સમાન છે, તે ગ્રહણ કરી પોતાના શુદ્ધ આત્માને ધ્યાવવો.(૨૩૫-૨૩૭)

૩૧. જ્ઞાન તથા વેદન એટલે જાણવું. બંનેનો એક જ અર્થ છે – જાણવું. છતાં તેનો ભિન્ન અર્થ પણ કરાય છે. વેદન એટલે રાગ સહિત જાણવું – રાગ દ્વેષનું ભોગવવું. જ્ઞાન એટલે રાગ રહિત જાણવું. પર પદાર્થ જણાય અને જાણનારના પરિણામમાં

ક્ષોભ ઉત્પન્ન કરે તો વેદન અને ક્ષોભ ઉત્પન્ન ન કરે તો જ્ઞાન. જ્ઞાની સ્વરૂપને એક સાથે જાણે છે અને વેદે છે, જ્યારે પર પદાર્થને જાણે જ છે, વેદતો નથી. (ચારિત્ર અપેક્ષાએ અલ્પ વેદનને ગૌણ કરીને વેદતો નથી તેમ સમજવું) વળી શ્લોક ૨૨ માં કેવળી નું વિશ્વ વેદવું કહ્યું છે. એટલે વેદન અને જ્ઞાનને જેમ ઠીક લાગે તેમ પ્રયોજાય છે. બંને એકાર્થ વાચક છે અને અનેકાર્થ વાચક પણ છે. જ્ઞાની જાણે છે, વેદતા નથી. અજ્ઞાની વેદે છે પણ જાણતા નથી.(૧૩૪-૩૫) સમયસાર ગાથા ૩૨૦ માં પણ જાણનાર છે વેદનાર નથી તેમ લીધું છે. માટે જ્યાં જે અપેક્ષાએ અર્થ કર્યો હોય તે પ્રમાણે અર્થ સમજવો.

# ડૉ. હરીભાઇ ની શાસ્ત્ર નોંધ માંથી

## આત્મ સંબોધન (યોગસાર પ્રવચનો)

આ સંકલન મુખ્યપણે શ્રીમદ્ ભગવત્ યોગીન્દુદેવ રચિત યોગસાર શાસ્ત્ર ઉપર પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામીના પ્રવચનો ના પુસ્તક 'આત્મ સંબોધન' પર આધારિત છે. પાના નંબર 'આત્મ સંબોધન' ની પ્રથમ આવૃત્તિ પ્રમાણે છે.

# અનુક્રમણિકા


| વિષય | પાનાં નંબર |
|---|---|
| ૧. વચનામૃત ૧ થી ૬ | ૧૫૫ |
| ૨. વચનામૃત ૭ થી ૧૪ | ૧૫૬ |
| ૩. વચનામૃત ૧૫ થી ૨૦ | ૧૫૭ |
| ૪. વચનામૃત ૨૧ થી ૨૬ | ૧૫૮ |
| ૫. વચનામૃત ૨૭ થી ૩૧ | ૧૫૯ |
| ૬. વચનામૃત ૩૨ થી ૩૭ | ૧૬૦ |
| ૭. વચનામૃત ૩૮ થી ૪૨ | ૧૬૧ |
| ૮. વચનામૃત ૪૩ થી ૪૭ | ૧૬૨ / ૧૬૩ |

# ડૉ. હરીભાઇ ની આત્મ સંબોધન ની નોંધ માંથી

## આત્મ સંબોધન (યોગસાર પ્રવચનો)

### વચનામૃત

૧. હે જીવ ! તું સિદ્ધ સમાન છો, અમે તને સિદ્ધ સમાન જોઈએ છીએ, તું પણ એમ જોતાં શીખ - એમ સર્વજ્ઞ ભગવાન કહે છે. (૫)

૨. જેને પૂણ્યના ફળમાં, સંસારી વિષયોમાં રસ છે, ભવનો ભય નથી તેને ઉપદેશ કેમ લાગે? (એટલે કે પરમાર્થે ઉપદેશ કાર્યકારી ન થાય) (૧૧)

૩. જેને ભવનો ભય નથી તેને વિષય કષાય રૂપ સંસારનો પ્રેમ છે. જેને ભવનો ભય છે, ત્રાસ છે અને મોક્ષની લાલશા છે તેવા પાત્રમાં શુદ્ધ આત્મ રુચિ રૂપ બીજ ફાલશે. (૯)

૪. જેને દેવ ગતિમાય ચેન પડતું નથી, પૂણ્યમાં અને સ્વર્ગના વૈભવમાં સુખ નથી લાગતું તે સંતો પાસે ધા નાખે છે કે, આ દુઃખથી કેવી રીતે છૂટવું? જ્યાં ખરેખર દુઃખ લાગે ત્યાં જીવ જાય નહિ, તે પરભાવોથી પાછો પડી ચૈતન્ય તરફ આવે. (૧૬)

૫. ધર્મીને પણ ભૂમિકા પ્રમાણે રાગ આવે પણ તે જાણે છે કે શુભ રાગ પણ પોતાના બહારના કે અંદરના કામ માટે નિરર્થક છે. (૧૭)

૬. પૂણ્ય પાપના ફળમાં રાજી થનારો જીવ બહિરાત્મા છે. (૨૦)

૭. સ્વભાવને જાણ્યા વિના પરભાવ કદી છૂટે નહિ.(૨૨)

૮. જે પરમાં કાંઈ પણ ફેરફાર કરવાનું માને છે તે સર્વજ્ઞને માનતો નથી. જ્યાં સર્વજ્ઞનો સ્વીકાર થયો ત્યાં પોતે અકર્તા થયો. (૨૩)

૯. પરમાત્મા થવા માટે પરમાત્માને ઓળખ. (૨૪)

૧૦. બહારના સંયોગો અને વિકાર વડે આત્માની શોભા માનીશ તો મનુષ્ય ભવ ગુમાવીશ. જેમ શરીર ઉપર ગાંઠ તે કલંક છે તેમ બહારના સંયોગો અને વિભાવ તે આત્માને કલંક રૂપ છે. (૨૮)

૧૧. જ્ઞાયક ભાવ માં સમાય તેટલો જ હું છું, બાકી બીજા કોઈ પરભાવમાં હું નથી. (૨૮)

૧૨. જ્ઞાની વિકલ્પથી ડરતો નથી. જાગૃત જ્ઞાન, અનુભવ તથા વૈરાગ્ય તેના મહાન રક્ષક છે, જે કદી જ્ઞાનીને શુભાશુભ વિકલ્પમાં એકતા કરવા દેતા નથી. શુભાશુભ વિકલ્પ આવે છે જરૂર, પણ અનુભવની ધારા આગળ તે લૂખા અને દુઃખ રૂપ લાગે છે. (નગીનભાઈ)

૧૩. આત્મા શરીરના કર્યો કરે તો જડ થાય. જડ કાર્યનો કર્તા જડ, ચેતન કાર્યનો કર્તા ચેતન. ચેતન કદી જડ કાર્ય કરે નહિ અને જડ ચેતન કાર્ય કરે નહિ – આવું ભેદજ્ઞાન કરી આત્મામાં આવ. (૨૯)

૧૪. તપ જીવમાં થાય છે જડમાં થતું નથી. શુદ્ધતામાં રમવું તેટલું તપ છે. (૩૧)

૧૫. પોતાના જ્ઞાયક તત્વનો પરમ મહિમા અને અત્યંત રસ જાગે ત્યારે પરિણામ સ્વ સન્મુખ થઈને આત્મ દર્શન થાય છે. (૪૧)

૧૬. ગુણસ્થાન તે જીવની શુદ્ધ-અશુદ્ધ પર્યાય છે. જીવનો ગુણ - ચેતન ભાવ અને તેની સાથે મોહ જોગના (યોગના) પરિણામ ભળવાથી ૧૪ (ચૌદ) ગુણસ્થાન ની રચના થાય છે. (૪૩)

૧૭. ચૌદ માર્ગણા વડે જીવનું અસ્તિત્વ શોધી શકાય છે, પણ તેમાં શુદ્ધ જીવ ખરેખર ગતિવાળો, ઇન્દ્રિયવાળો કે કષાય વાળો નથી. શુદ્ધ જીવ નિશ્ચયથી જ્ઞાયક સ્વરૂપ છે. ગુણસ્થાન – માર્ગણાસ્થાન ની દરેક પર્યાયમાં રહેલા શુદ્ધ જ્ઞાયક ને દેખવો તે પરમાત્મ પદની પ્રાપ્તિનો ઉપાય છે. (૪૩)

૧૮. આ ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસ્થાનનું જ્ઞાન જીવને અન્ય મતથી છોડાવે છે અને વ્યવહાર ચોખ્ખો કરે છે. (૪૪)

૧૯. જિનવરના શુદ્ધ સ્વરૂપને ધ્યાવતા પોતાના શુદ્ધ આત્માનું જે સ્વરૂપ લક્ષમાં આવી જાય છે, તેના બળે વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ શુદ્ધ આત્માનું ધ્યાન થઇ જાય છે અને પરમ પદની પ્રાપ્તિ થઇ જાય છે. પર્યાયમાં ફેર છે પણ જિન સ્મરણ પૂર્વક તું શુદ્ધ સ્વભાવમાં લક્ષ જોડીશ તો પર્યાય ફેર પણ ભાંગી જશે (ફેર રહેશે નહિ) અને તું પોતે પરમાત્મા થઇ જઈશ. (૫૬)

૨૦. મોક્ષના સાધક ધર્માત્મા શ્રેષ્ઠ સગાવહાલાં એવા જિનવરદેવનું વારંવાર સ્મરણ કરે છે, તેમના ગુણોનું ચિંતવન કરે છે, એ દ્વારા શુદ્ધાત્માના ઘણા સ્નેહને

પુષ્ટ કરે છે અને રાગને તોડે છે. અરિહંતના સ્વરૂપને ઓળખતા પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ પણ ઓળખાય છે અને તે ઓળખતા મોહનો ક્ષય થાય છે. (૫૬)

૨૧. તારા સ્વરૂપની તું કિંમત કર, કેટલી? – જિનવર જેટલી. તેવી કિંમત થતાં તારું ચિત્ત વારંવાર તેમાં લલચાશે અને તેના (આત્માના) ધ્યાન વડે તું ક્ષણમાં પરમાત્મા થઈશ. પરમાત્મા અને તારામાં ભેદ ન માન, જો ભેદ માનીશ – આત્માને તું રાગ વાળો માનીશ તો તું પરમાત્માથી જુદો થઇ જઈશ અને સંસારમાં રખડીશ.

૨૨. જેમ સર્વજ્ઞ પરના કે વિકલ્પના કર્તા નથી તેમ મારો આત્મા પણ પરનો કે વિકલ્પનો કર્તા નથી.(૫૮)

૨૩. જિન તે જીવ અને જીવ તે જિન, આવા અનુભવમાં ચારે અનુયોગનો સાર આવી જાય છે.(૬૧)

૨૪. તીર્થંકરોએ આત્મા કેવી રીતે સાધ્યો? તેમણે આત્માને પરમાત્મા તરીકે પ્રથમ ઓળખ્યો. “હું પરમાત્મા છું” એથી વિશેષ બીજું શું જોઈએ? પરમાત્મામાં માયાચાર કે વિકલ્પ કેવો? (એટલે કે ન જ હોય) (૬૨)

૨૫. મુમુક્ષુની શૂરવીરતા છાની ન રહે, તેના આત્મામાંથી પરમાત્મપણાના રણકાર ઉઠે કે, “હું પરમાત્મા છું.” એમ પરમાત્મપદના રણકાર કરતો મોહને તોડે છે.(૬૪)

૨૬. મિથ્યાત્વની સજા બહુ આકરી છે,  એના ફળ સહન કરવા બહુ આકરા છે. (૬૫)

૨૭. મોક્ષને ચાહતો હો તો શુદ્ધ બુદ્ધ આત્માની ભાવના કર, તેમાં એકાગ્રતાનો વારંવાર પ્રયત્ન કરી સ્થિર થા,જ્ઞાન ચેતનાને આનંદ સહિત વેદનમાં લે. ભાવના તે અનુભવની માતા છે. (૮૮)

૨૮. જિનેશ્વર અને આત્મામાં કોઈ ભેદ નથી. બંનેનું ધ્યાન સરખું છે. જ્યારે મુમુક્ષુ આત્માનું ધ્યાન ન કરી શકે ત્યારે તેને ધ્યાન કરવા માટે જિનેશ્વર છે. તેમનું ધ્યાન અને ચિંતવન થતાં મુમુક્ષુને યોગ્યતા આવતાં આત્મધ્યાન થઇ શકે છે, માટે મુમુક્ષુએ બંનેને ધ્યાનના ધ્યેય સમજવા. (૭૩)

૨૯. ત્રિકાળ ધ્રુવ સ્વભાવ તે ચૈતન્યનું બીજ છે, તેમાંથી પરમાત્મ પદ પ્રગટે છે. (ટેટા વિનાના) વડમાં બીજ અપ્રગટ પડ્યું છે, તેમ બીજમાં વડ અપ્રગટ પડ્યો છે, પણ છે જ. તેમ દેહમાં દેવ છે, ભલે અપ્રગટ પણે પણ છે જ. તે શક્તિરૂપ જ્ઞાયક બીજમાંથી મોક્ષરૂપ અનંત જ્ઞાન સ્વરૂપ વડલો પ્રગટી શકે તેમ છે.[પુરુષાર્થ કરી પ્રગટાવે તો પ્રગટે.(હ)] (૭૪-૭૫-૧૪૮)

30. જેણે 'સમચિત્ત' થઈને આત્મદેવને દેખી લીધા તેને દેહની ક્રિયામાં કે શુભ રાગમાં મમત્વ નથી, તે (શુભ રાગ તથા દેહની ક્રિયા) હોય પણ તેને મોક્ષનું સાધન માનતા નથી.(૯૫) ચૈતન્યના રસિકને જગતના કોઈ પદાર્થો લલચાવી શકતા નથી. (૧૨૬)

3૧. ચોર હોય છતાં તેની સાથે સામાન્ય કે ધર્મ આદિની વાત કરતાં હોય તે વખતે પણ આ ચોર છે તેવી અંતરંગ શ્રદ્ધા ખસતી નથી, તેમ ધર્મી જીવ ભોગમાં

હોય તે વખતે પણ "હું જ્ઞાયક છું" તે શ્રદ્ધા ખસતી નથી. ભોગથી તે શ્રદ્ધા મેલી થતી નથી. સ્વરૂપનું માહાત્મ્ય (મહાત્મ) તેને ખસતું નથી. (૫૪)

૩૨. ધર્મ રસાયણ – સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ ઉત્તમ ઔષધ. (૯૭)

૩૩. અરે ભાઈ ! શરીરમાં તો લોહી-માંસ-પરૂ-હાડકા-વિષ્ટા અને પેશાબ ભરેલા છે, તેમાં સુખ શાંતિ કે વીતરાગતા નથી ભરી. ઉપરની ચામડી કાઢી નાખ તો તેને જોવા કોઈ ઊભું ન રહે તેવું બીભત્સ શરીર છે. શરીર નરક ઘર છે. આવા શરીરમાં મોહથી અવતરવું તે આત્માને કલંક છે. (૧૦૬)

૩૪. હે જીવ ! બીજું કંઇ પૂછ મા પરમ તત્વમાં ઉપયોગ જોડીને મન-ઇન્દ્રિયો ને છોડી દે. પ્રેમ પૂર્વક વારંવાર અંતરના અભ્યાસ વડે ઊંડા ઉતરી સ્વાનુભવ કરવાનો છે. (૧૦૯-૧૧૦)

૩૫. જેમ દૂધ-દહીં માં ઘી, પાષાણમાં મૂર્તિ, સુવર્ણ પાષાણમાં સોનું છે, તેમ આત્મામાં પરમાત્મપણું શક્તિ રૂપે પડ્યું છે. (૧૧૪)

૩૬. જેમ આકાશ પરથી અલિપ્ત, શુદ્ધ અને પર આધાર રહિત છે, તેમ આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોથી ભરેલો અને પર પદાર્થ-પર ભાવથી અલિપ્ત છે. (૧૧૩)

૩૭. આત્મામાં જ્ઞેય પણે અનંત પદાર્થો પ્રતિભાસે છે, છતાં આત્મા તેનાથી અલિપ્ત છે. જેમ આકાશ અનંત-અનંત છે, મહાન છે, તેમ આત્મા અનંત ગુણયુક્ત મહાન છે. આત્માની વાત બહુ ઊંડી (ઊંચી) છે, અનુભવ કરીને જો તો તેની પરમ

ગંભીરતા ખ્યાલમાં આવે, બાકી ઉપર ઊપરથી તેનો અપાર મહિમા ખ્યાલમાં ન આવે. [અનુભવવાની વસ્તુ અનુભવ વિના ખ્યાલમાં ન આવે.] (૧૧૭-૧૨૩)

૩૮. આત્મમાં આનંદનો સ્વાદ આવે તે જ મોક્ષમાર્ગ છે. (૧૩૧)

૩૯. પૂણ્યનું ફળ સંસાર છે, તેથી પૂણ્ય દુઃખ જ છે. તો તેને ઝેર કહેવું કે અમૃત ? મોક્ષાર્થીને પૂણ્ય પણ ઝેર જેવું લાગે, ત્યાં પાપના તીવ્ર કષાય કેમ સારા લાગે ? રાગમાં પૂણ્ય અને પાપ એવા બે ભેદ ભલે પડો, તેના વિવેક ભલે કરો, પણ તે બંને ભેદ બંધ માર્ગમાં સમાય છે. (૧૪૨-૧૪૩-૧૪૪)

૪૦. શુભ રાગ અને પૂણ્યને જે ઉપાદેય માને તે તેના ફળ રૂપ ઇન્દ્રિય વિષયમાં પણ સુખ માન્યા વગર રહે નહિ. ઇન્દ્રિય વિષયમાં સુખ નથી તેમ માને તે શુભ રાગને હેય સમજે છે.  જેણે ઇન્દ્રિય વિષયમાં સુખ માન્યું તેણે આત્માને હલકો ગણ્યો. (૧૪૫)

૪૧. સુખ તો આત્માનો સ્વભાવ છે, વિષયો તેમાં અકિંચિત્કર છે, પછી ભલે તે (વિષયો) પૂણ્યના હો કે પાપના(ભોગ વિષયના). (૧૪૬)

૪૨. ત્રણ લોકમાં શ્રેષ્ઠ એવું પરમાત્મપણું મારામાં ભરેલું છે તેનો સ્વીકાર કરવો તે શું નાની વાત છે? એના વિશ્વાસના જોરે આત્મા પરમાત્મા થઇ જાય છે, આ મોક્ષનો મંત્ર. મોક્ષનો મંત્ર શું? “જીવ તે જિન અને જિન તે જીવ” આ દશ અક્ષરમાં મોક્ષનો મંત્ર છે. તું તારી પરમાત્મ શક્તિનો વિશ્વાસ કર, ચિંતન વડે તેનું સિંચન કર તો કેવળજ્ઞાન અને મોક્ષ ફળ તારામાં ઉગશે. (૧૪૯)

૪૩. "હું ભગવાન છું" શ્રદ્ધાનો એ સિંહનાદ સાંભળતા વેત જ મિથ્યાત્વ, રાગ-દ્વેષ અને કર્મો ભાગવા માંડશે. તારામાં અને જિનવરમાં જે પર્યાય ભેદ છે તે નીકળી જશે અને તું પરમાત્મા થઇ જઈશ, હા પાડજે, નકાર કરીશ નહિ. (૧૫૦)

૪૪. આત્માના ગુણ ચિંતવનમાં ક્યાંય ભેદ કે રાગની મુખ્યતા નથી, વિકલ્પનું જોર નથી, પણ જ્ઞાયક સ્વભાવના કોઈ અચિંત્ય મહિમાનું જોર છે અને તેના જોરે નિર્વિકલ્પ આત્માનુભવ થાય છે. પરમાર્થ તત્વ એક જ છે, એને બે ગુણ થી ચિંતવો કે ત્રણ ગુણ થી, તોય બાકીના અનંત ગુણ તેમાં સમાઈ જાય છે. ત્રણ, ચાર કે દશ ગુણ થી ચિંતવો તો પણ બાકીના સર્વ ગુણો અભેદ પણે તેમાં સમાઈ જાય છે, કેમકે જ્યાં આત્મા છે ત્યાં સર્વ ગુણો છે.(૧૫૩) ગુણો આત્મામાં જ છે તેથી ગુણોનું ચિંતવન થતાં આત્માનું ચિંતવન થાય છે કારણ કે ગુણો આત્માની બહાર નથી, એક ગુણ ચિંતવન માં પણ જ્ઞાયક તત્વનું લક્ષ છે.(સારરૂપે) (૧૪૩)

૪૫. શુદ્ધાત્માના વિચારનેય બંધનું કારણ કહ્યું – ત્યાં તે વિચારમાં તો જ્ઞાન પર્યાય પણ છે તે કંઇ બંધનું કારણ નથી પણ તેની સાથે જે રાગ રૂપ વિકલ્પ છે તે બંધનું કારણ છે. [વળી તે વખતે મિથ્યાત્વનો અને અનંતાનુંબંધી કષાય નો ઉદય વર્તે તેથી રાગ સાથે છે.(હ)] (૧૭૪)

૪૬. મુનિઓના ક્ષમાદિ જે ઉત્તમ ગુણો છે તે દેશે શ્રાવકને પણ હોય છે. (૧૭૪)

૪૭. જેમ વાઘ પાછળ પડ્યો હોય અને બચવા માણસ ભાગે, આળસુ થઈને ઉભો ન રહે, તેમ સંસાર ગતિમાં વાઘ જેવા મિથ્યાત્વ આદિ પરભાવોથી ડરીને, તેનાથી

વિમુખ થઈને મુમુક્ષુઓ ભાગ્યા, દોડીને સ્વ સન્મુખ આવ્યા તે પરભાવોથી બચ્યા અને મોક્ષરૂપ આનંદ ને પામ્યા.

# ડૉ. હરીભાઇ ની શાસ્ત્ર નોંધ માંથી

## પુરુષાર્થ સિદ્ધિ ઉપાય

આ સંકલન મુખ્યપણે આચાર્યશ્રી અમૃતચંદ્રસૂરી દેવ રચિત 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય' શાસ્ત્ર ઉપર પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામીના પ્રવચનો પર આધારિત છે. પાનાં નંબર "શ્રીમદ્ રાજચંદ્ર જૈન શાસ્ત્ર માળા" દ્વારા પ્રકાશિત 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય' શાસ્ત્ર ની પંચમ આવૃત્તિ ના છે.

આ શાસ્ત્રની ટીકા પંડિત ટોડરમલજી એ કરી તે અધૂરી રહી ગઈ હતી તેને પંડિત દોલતરામજી એ પૂરી કરી હતી.

# અનુક્રમણિકા


| વિષય | પાનાં નંબર |
| --- | --- |
| ૧. નિશ્ચય અને વ્યવહાર | ૧૬૬ |
| ૨. વચનામૃત ૧ થી ૧૦ | ૧૬૬ થી ૧૬૮ |
| ૩. શબ્દાર્થ | ૧૬૮ થી ૧૬૯ |

# ડૉ. હરીભાઇની પુરુષાર્થ સિદ્ધિ ઉપાય ની નોંધ માંથી

## નિશ્ચય અને વ્યવહાર

ઉપદેશદાતા આચાર્યમાં અનેક ગુણ જોઈએ પણ નિશ્ચય અને વ્યવહારનું જાણપણું મુખ્ય જોઈએ – શા માટે ? કારણ કે જીવને અનાદિનો અજ્ઞાન ભાવ છે તે મુખ્ય-નિશ્ચય અને ઉપચાર-વ્યવહાર કથન ના જાણપણાથી દૂર થાય છે.

**"સ્વ આશ્રિત તે નિશ્ચય"** – જે પોતાના જ આશ્રયે હોય તેને નિશ્ચય કહીએ. જે દ્રવ્યના અસ્તિત્વમાં જે ભાવ પ્રાપ્ત હોય તે દ્રવ્યમાં તેનું જ સ્થાપન કરવું, પરમાણુ માત્ર પણ અન્ય કલ્પના ન કરવી તેને સ્વ આશ્રિત કહીએ. તેનું જે કથન તેને મુખ્ય કહીએ.

**"પરાશ્રિતો વ્યવહાર:"** – જે પર દ્રવ્યને આશ્રિત હોય તેને વ્યવહાર કહીએ. કિંચિત માત્ર કારણ પામીને અન્ય દ્રવ્યનો ભાવ અન્ય દ્રવ્યમાં સ્થાપન કરે તેને પર આશ્રિત કહે છે.

## વચનામૃત

૧. પુરુષ = ચૈતન્ય ગુણનો સ્વામી થઇને પ્રવર્તે તે.

અર્થ = પ્રયોજન (સુખની પ્રાપ્તિ)

સિદ્ધિ ઉપાય = પ્રાપ્ત કરવાનો ઉપાય (૮)

૨. સર્વ શુભાશુભ ભાવ કર્મ છે – પર છે. તેને પોતાના માનવા તે મિથ્યાત્વ છે. સાધક અવસ્થામાં સમાધિ સિવાયના પ્રત્યેક ભાવ પર છે. આત્મા તો જેવો છે તેવો જ રહે છે, માન્યતા અવળી કરો કે સવળી, જ્ઞાયક તો ત્રણે કાળે જ્ઞાયક છે. પોતે શુદ્ધ આત્મા જ છે. (૧૨)

૩. કર્મના ઉદયે આવતું સુખ (૧) અંતવાળું છે, (૨) દુઃખ ગર્ભિત છે અને (૩) પાપના બીજ રૂપ (પાપવાળું) છે. (૧૮)

૪. વિવેકી - સમ્યગ્દ્રષ્ટિએ (૧) અન્ય શાસ્ત્ર (જીનવાણી સિવાયના), (૨) અન્ય મત (જિન મત સિવાયના) અને (૩) અન્ય દેવ (જિનેશ્વર સિવાય) માં શ્રદ્ધા ન કરવી. (૧૯)

૫. વિકારથી વિચલિત થયેલા આત્માને શાસ્ત્ર અનુસાર પોતાને અને બીજાને સ્થિર કરવા. (૨૦)

૬. આત્મામાં રાગનું ઉત્પન્ન થવું તે હિંસા છે. જ્ઞાન સરોવર વિકલ્પથી મેલું થાય તેને હિંસા કહે છે. (૨૯)

૭. પર જીવના પ્રાણને પીડા થાય છતાં મુનિના પરિણામ માં કષાય દોષ ન હોવાથી હિંસા નથી. પર જીવના પ્રાણની પીડા ન થવા છતાં પ્રમાદના સદભાવથી કષાયને લીધે હિંસા નામ પામે છે. (૨૯-૩૦)

૮. પ્રમાદ સહિત યોગમાં આત્મઘાતની અપેક્ષાએ હિંસા નામ પામ્યો. (૩૦)

૯. જેનું મન વશ નથી તેનાથી તપ ન થાય. મન વશ ન હોય તેને ઈચ્છાઓ થયા જ કરે છે, કારણ કે તપની વ્યાખ્યા તો “ઇચ્છાનિરોધ તપ:” છે. (૮૫)

૧૦. રાત્રી ભોજનમાં દ્રવ્ય અને ભાવ હિંસા, બંને થાય છે.  વળી રાત્રે ભોજન બનાવવામાં ઘણી હિંસા થાય છે તેથી રાત્રે બનાવેલ ભોજનનો ત્યાગ કરવો.

## શબ્દાર્થ

ઉપાસના – સેવન કરવું. (૨૨)

અર્ચન – પૂજન કરવું. (૭૦)

પરમ જ્યોતિ – સર્વોત્કૃષ્ટ શુદ્ધ ચૈતન્ય પ્રકાશ. (૨)

અનેકાન્ત – સ્યાદ્વાદ. (૩)

ભૂતાર્થ – સત્યાર્થ, જેવું છે તેવા કથનને ભૂતાર્થ કહે છે. (૫)

વિવર્ત – રાગાદિ ભાવ. (૧૦)

જ્ઞાન વિવર્ત – જ્ઞાન (આત્મા), વિવર્ત-રાગાદિ ભાવ. (૯)

સમાહિત – સંયુક્ત, અસમાહિત – અસંયુક્ત. (૧૧)

વિરતિ – પર દ્રવ્યોથી ઉદાસીનતા. (૧૩)

સમ્યગ્ચારિત્ર – પર દ્રવ્યોથી સદાય ઉદાસીનતા. (૧૩)

## पुरुषार्थ सिध्धि उपाय

નમસ્કાર – અંગોને ભૂમિ સ્પર્શ કરી મસ્તક નમાવવું [પંચાંગ નમસ્કાર, અષ્ઠાંગ નમસ્કાર] (ખમાસણા રૂપ નમસ્કાર) (૬૨)

શિરોનતિ – હાથ જોડી શિરને નમાવવું.

આવર્ત (આવર્તન) – હાથ જોડી પ્રદક્ષિણા કરવી. (૬૨)

સમય – એકરૂપ થઇ સ્વરૂપને પ્રાપ્ત થવું તે. (૬૨)

યમ – કોઈ પદાર્થનો જાવજીવ ત્યાગ. (૬૮)

નિયમ – દિવસ, રાત, માસ, વર્ષ સુધી ત્યાગ. (૬૮)

સંલેખના – સત એટલે સમ્યકલેખના એટલે કૃશ કરવું, તે બે પ્રકારે (૧) કાયાનું કૃશ કરવું તે બાહ્ય સંલેખના અને (૨) કષાયનું કૃશ કરવું તે અભ્યંતર સંલેખના

સંલેખના – સન્યાસનું ધારણ. (૭૩-૭૪)

નિષેવ્યમ – સેવન કરવું. (૮૫)

કાયોત્સર્ગ – સામાયિક માં શરીરને સ્થિર કરવું તે. (૮૭)

સમ્યગ્દર્શન – સ્વ સ્વરૂપ નિશ્ચયાત્મક ચેતન પરિણામ.

સમ્યગ્જ્ઞાન – આત્માના પરિચય રૂપ ચેતન પરિણામ

સમ્યગ્ચારિત્ર – પરિચિત આત્મામાં સ્થિરતા રૂપ ચેતન પરિણામ. (૧૦૦)

# ડૉ. હરીભાઇ ની શાસ્ત્ર નોંધ માંથી

## ઇષ્ટોપદેશ

આ સંકલન મુખ્યપણે આચાર્ય શ્રીમદ્ ભગવત્ પૂજ્યપાદ સ્વામી રચિત 'ઇષ્ટોપદેશ' શાસ્ત્ર ઉપર પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામીના પ્રવચનો પર આધારિત છે. પાનાં નંબર 'ઇષ્ટોપદેશ' શાસ્ત્રની પ્રથમ આવૃત્તિ પ્રમાણે છે.

# અનુક્રમણિકા


| વિષય | પાનાં નંબર |
| --- | --- |
| ૧. વચનામૃત ૧ થી ૩ | ૧૭૨ |
| ૨. વચનામૃત ૪ થી ૯ | ૧૭૩ |
| ૩. વચનામૃત ૧૦ થી ૧૫ | ૧૭૪ |
| ૪. ધ્યાન સંબંધી | ૧૭૫ – ૧૭૬ |

# ઇષ્ટોપદેશ વચનામૃત

૧. **द्रव्यादि स्वादि सम्पत्तौ** એટલે શું? આત્માને દ્રવ્યાદિ એટલે દ્રવ્ય ક્ષેત્ર અને સ્વ આદિ, એટલે અસ્તિત્વ, જ્ઞાન, દર્શન આદિ ચૈતન્ય ભાવો અને સંપતૌ એટલે સંપત્તિ પ્રાપ્ત છે. તેથી આત્માને અભેદરૂપ દ્રવ્ય, ક્ષેત્ર રૂપ આકાર અને જ્ઞાન, દર્શન આદિ ચૈતન્ય ભાવો પ્રાપ્ત છે. વળી જેમ સુવર્ણ પાષાણમાં સુવર્ણ પ્રાપ્તિની યોગ્યતા હોવાથી તેને સુવર્ણ માનવામાં આવે છે, તેમ આત્મામાં શુદ્ધ જ્ઞાન-દર્શન આદિની યોગ્યતા હોવાથી તેને શુદ્ધ (નિર્મળ) ચૈતન્ય ભાવ માનવામાં આવે છે. કોઈને સુવર્ણ પાષાણની પ્રાપ્તિ થઇ હોય તે એમ કહે કે મને સુવર્ણ મળ્યું તો તે ખોટું નથી, અપેક્ષાએ યથાર્થ જ છે, તેમ કોઈ જીવ કહે કે હું પરમાત્મા છું તો તે ખોટું નથી, અપેક્ષાએ યથાર્થ જ છે. [આવો ગાથા -૨ નો અર્થ છે. (હ)]

૨. સ્વસંવેદન દ્વારા જ આત્માનું ધ્યાન થઇ શકે.(૪૯) [પછી ભલે તે સ્વસંવેદન અતિ અલ્પ માત્રામાં હોય. "આ હું છું" એવો અસ્તિત્વનો પ્રતિભાસ તે પ્રથમ યથાર્થ સંવેદનની કણિકા છે. તે પહેલાં જે પ્રસન્નતા રૂપ આનંદ છે તે પ્રથમ ભૂમિકામાં ઉપકારક છે, ભલે તે યથાર્થ આનંદ ન હોય અને માત્ર મંદ કષાય રૂપ હોય. આ મંદ કષાય, સ્વરૂપ લક્ષે થયેલા ગણવા.(હ)]

3. ભગવાન આત્માની ઉપાસનાનું પ્રયોજન શું? અજ્ઞાની ગુરુની ઉપાસનાથી અજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તે જ પ્રમાણે શરીરાદિ જ્ઞાન રહિતની સેવાથી અજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, જયારે 'જ્ઞાની' અથવા 'જ્ઞાન સ્વભાવ આત્મા' ની ઉપાસનાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

૪. અધ્યાત્મલીન જ્ઞાનીને શું થાય છે (શું ફળ મળે છે)? અધ્યાત્મયોગી પરીષહ આદિને વેદતો નથી તેથી તેને સંવર સહિત નિર્જરા થાય છે.(૫૪)

૫. વસ્તુનું પરિણામ બાહ્ય કારણોથી નિર્પેક્ષ છે. [જય ધવલ માંથી] તેથી કાર્ય માટે બાહ્ય સામગ્રીને શોધવાની વ્યગ્રતાની જરૂર નથી.[પ્રવચનસાર માંથી] (૫)

૬. "હું અકિંચન છું એટલે મારું કંઈ નથી" એમ ભાવના કરી બેસી રહો (પરિણામો) અને ત્રણ લોકના સ્વામી બની જાઓ. આ યોગીઓને ગમ્યું એવું પરમાત્માનું રહસ્ય બતાવ્યું છે. આવું પરિણમન થાય છે ત્યારે તે પરમ ઉદાસીનતા રૂપ પરિણમે છે અને તેનું ફળ ત્રણ લોક નું  સ્વમીપણું છે. (૬૨-૬૩)

૭. મોહથી બધાય પુદ્ગલો વારંવાર ભોગવી મેં છોડી દીધા છે, એવા એઠવાડ માં મને હવે કેમ સ્પૃહા હોય?(૬૯)

૮. ભાવી ગતિ માટે ઉન્મુખ પદાર્થોની પોતાની ગમન શક્તિ ગતિને સાક્ષાત ઉત્પન્ન કરે છે, જો ઉન્મુખતા ન હોય તો કોઈ તેને કંઇ કરી શકતું નથી. ગતિમાં ધર્માસ્તિકાય માત્ર સહકારી કારણ છે. તેથી વ્યવહારથી ગુરુની સેવા કરવી યોગ્ય છે. [જ્ઞાન થવામાં ગુરુ નિમિત્ત છે.] (૮૧)

૯. જેનું મન રાગ દ્વેષ આદિ તરંગોથી ચંચળ થતું નથી તે જ પુરુષ આત્માના યથાર્થ સ્વરૂપનો અનુભવ કરે છે, આકુલિત ચિત્ત વાળો આત્મ તત્વનો અનુભવ કરી શકતો નથી.(૮૩)

૧૦. આત્મ સ્વરૂપના અભ્યાસ (અનુભૂતિ) માટે (૧) ગુરુના ઉપદેશ દ્વારા હેય ઉપાદેય તત્વોમાં અર્થાત્ સ્વ પરના ભેદ વિજ્ઞાનમાં બુદ્ધિને સ્થિર કરવી તથા (૨) ચિત્તને રાગ દ્વેષ મોહ થી વિક્ષિપ્ત ન કરવું, તેમજ (૩) પ્રમાદનો ત્યાગ કરી એકાંતમાં અભ્યાસ કરવો.(૮૪)

૧૧. જેનું મન શાંતિ સુખથી સંપન્ન છે તેવા જ્ઞાનીને ભોજન પણ દ્વેષ (અશાંતિ) ઉત્પન્ન કરે છે તો વિષય સુખની – ભોગોની તો શું વાત? વિષય ભોગો પ્રત્યે તો મન જતું જ નથી.(૮૫)

૧૨. પર પદાર્થો પર જ છે, તેને કોઈ રીતે પોતાના કરવા અશક્ય છે. તેનો આત્મામાં આરોપ કરવાથી (પોતાના માનવાથી) દુઃખ જ થાય છે. આત્મા આત્મા જ છે તે કદી દેહાદિ રૂપ થતો નથી તેથી તેનાથી સુખ થાય છે, કારણ કે આત્મા દુઃખના કારણો નો અવિષય છે.(૯૬)

૧૩. અજ્ઞાની પુદ્ગલ દ્રવ્યને અભિનંદે છે, તેને પોતાનું સ્વરૂપ માને છે. આવા અજ્ઞાની નો પુદ્ગલ કદી પીછો છોડતું નથી.(૯૭ શ્લોક-૪૬)

૧૪. જીવ ભિન્ન છે, પુદ્ગલ ભિન્ન છે – આટલો તત્વ કથનનો સાર છે. એના સિવાય બીજું જે કહેવાય છે તે તેનો વિસ્તાર છે.

૧૫. જ્યારે તપસ્વીને મોહના કારણે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે, ત્યારે તેણે પોતાનામાં સ્થિત (પરમ શુદ્ધ) આત્માની ભાવના કરવી, જેથી ક્ષણવારમાં રાગ-દ્વેષ શાંત થઇ જશે.(૧૦૪)

# ધ્યાન સંબંધી

ઇન્દ્રિયો અને મનને સંયમિત કર્યા છે એવા જ પુરુષે નિશ્ચય પૂર્ણ આત્માને સ્વસંવેદન દ્વારા ધ્યાવવો જોઈએ, મન-ઇન્દ્રિયો આદિ અન્ય ભિન્ન કરણ દ્વારા નહીં. ધ્યાનનું કારણ-સાધન આત્મા જ છે, પ્રત્યક્ષ જ્ઞાન જ છે. પ્રત્યક્ષ જ્ઞાન સ્વ સંવેદન રૂપ છે – સ્વસંવેદન થી અવિનાભાવી છે. વેદન વિના ધ્યાન કેવું? જે વેદાય છે તેના જ વિચાર રૂપ ધ્યાન સવિકલ્પ દશામાં હોય છે. સ્વના જ વિચાર, સ્વને પુષ્ટ કરતા અન્યના વિચાર કે સ્વમાં એકાગ્રતા-નિર્વિકલ્પતા- સ્થિરતા તે જ ધ્યાન છે.

અગ્ર એટલે આગળ હોય તે – અવલંબન ભૂત વિષય. તે વિષય આત્મા કે પુદ્ગલ કે બીજા કોઈ પણ દ્રવ્ય કે પર્યાય રૂપ વિષય.  એક એટલે માત્ર એક જ [બે કે ત્રણ કે વધારે નહિ], નિર્પેક્ષ શુદ્ધ બીજા સાથે નહિ ભળેલ.

એકાગ્ર એટલે એક જ વિષયમાં લીનતા તે એકાગ્રતા. ધ્યાનમાં આ વિષયો બે પ્રકારે હોય છે. (૧) પર – જેમાં પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ ધ્યાનના વિષયો. (૨) સ્વ – જેમાં આત્મા ધ્રુવ કે આત્મા સંબંધીના વિચારો.(૪૯-૫૦)

**ધ્યાતા = ધ્યાન, ધ્યેય = ધ્યાન, ધ્યાન ક્રિયા = ધ્યાન** ભેદ અપેક્ષાએ ધ્યાતા-ધ્યેય-ધ્યાન ભિન્ન છે. અભેદ અપેક્ષાએ ત્રણે એક રૂપ છે, તેમાં ભિન્નતા નથી. તેથી જે ધ્યાતા છે તે ધ્યેય અને ધ્યાન રૂપ છે, જે ધ્યેય છે તે ધ્યાતા અને ધ્યાન રૂપ છે અને જે ધ્યાન છે તે ધ્યાતા અને ધ્યેય રૂપ છે.(૫૯)

શ્લોક ૨૬ માં નિર્મમત્વ નું ચિંતન કરવું તેમ આજ્ઞા કરી તે ચિંતન કેવી રીતે કરવું તે શ્લોક ૨૭ થી ૩૨ માં બતાવ્યું છે. આ ભેદ જ્ઞાન કરવાનો પ્રયોગ છે. આ પ્રયોગ દ્વારા આત્મ તત્વની અંશે પ્રાપ્તિ થાય છે. જેને આત્મ તત્વની પ્રાપ્તિ થઇ છે એવા યોગીએ એકાંતમાં તત્વનો અભ્યાસ કરવો તેમ ગાથા ૩૬ માં કહ્યું છે. આત્માનો અનુભવ વધતો જાય છે તેના ચિહ્નો શ્લોક ૩૭ થી ૪૧ તથા ૪૨, ૪૪, ૪૭ અને ૪૮ માં કહ્યા છે. આ શ્લોક માં કહ્યું છે કે તેવા યોગીને

(૧) સુલભ વિષયો પણ રુચતા નથી.

(૨) જગતને ઈન્દ્રજાળ સમાન સમજે છે, સ્વરૂપની જ ઈચ્છા કરે છે, બીજે ચિત્ત લાગે તો ખેદ થાય છે.

(૩) એકાંતવાસ ઈચ્છે છે, બોલેલું તરત ભૂલી જાય છે.

(૪) તે બોલે, ચાલે, દેખે છતાં બોલતો, ચાલતો, દેખતો નથી.

(૫) પોતાના શરીરને પણ ભૂલી જાય છે અને અન્ય વસ્તુઓની ચિંતા કરતો નથી. આ અન્ય વસ્તુ શું છે, કેમ છે, ક્યાં છે – આદિ વિકલ્પો કરતો નથી.

(૬) તેને અનિર્વચનીય આનંદ આવે છે, જે આનંદ કર્મોને બાળી નાખે છે.(૬૪)

# ડૉ. હરીભાઇ ની શાસ્ત્ર નોંધ માંથી

## બૃહદ દ્રવ્ય સંગ્રહ

આ સંકલન મુખ્યપણે શ્રીમદ્ ભગવત્ નેમિચંદ્ર સિદ્ધાંતિદેવ વિરચિત 'બૃહદ દ્રવ્ય સંગ્રહ' શાસ્ત્ર ઉપર પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામીના પ્રવચનો પર આધારિત છે. પાનાં નંબર 'બૃહદ દ્રવ્ય સંગ્રહ' ગ્રંથ ની પ્રથમ આવૃત્તિ પ્રમાણે છે.

# અનુક્રમણિકા


| વિષય | પાનાં નંબર |
|---|---|
| ૧. વચનામૃત ૧ થી ૬ | ૧૭૯ |
| ૨. વચનામૃત ૭ થી ૧૬ | ૧૮૦ – ૧૮૧ |
| ૩. વચનામૃત ૧૭ થી ૨૨ | ૧૮૨ – ૧૮૩ |
| ૪. વચનામૃત ૨૩ થી ૨૮ | ૧૮૪ – ૧૮૫ |
| ૫. વચનામૃત ૨૯ થી ૩૩ | ૧૮૬ – ૧૮૭ |
| ૬. સાત - નવ તત્ત્વો નો પરમાર્થ | ૧૮૮ |
| ૭. વચનામૃત ૩૪ થી ૩૮ | ૧૮૯ |
| ૮. વચનામૃત ૩૯ થી ૪૬ | ૧૯૦ – ૧૯૧ |
| ૯. વચનામૃત ૪૭ થી ૫૪ | ૧૯૨ – ૧૯૩ |
| ૧૦. વચનામૃત ૫૫ થી ૬૨ | ૧૯૪ – ૧૯૫ |
| ૧૧. વચનામૃત ૬૩ થી ૬૬ | ૧૯૬ – ૧૯૭ |
| ૧૨. વચનામૃત ૬૭ થી ૭૩ | ૧૯૮ – ૧૯૯ |
| ૧૩. વચનામૃત ૭૪ થી ૭૮ | ૨૦૦ – ૨૦૧ |
| ૧૪. શબ્દાર્થ તથા વિશેષ અર્થ | ૨૦૧ થી ૨૦૬ |

# બૃહદ્ દ્રવ્ય સંગ્રહ

૧. શુદ્ધ સદ્ભૂત વ્યવહાર = અનુપચરિત સદ્ભૂત વ્યવહાર

૨. અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર = ઉપચરિત સદ્ભૂત વ્યવહાર (૧૪)

૩. શ્રદ્ધા એ જ જીવન છે. અશ્રદ્ધા એ જ મરણ છે. સાચો ધર્મ પરલોકની શ્રદ્ધાથી ઉત્પન્ન થાય છે.(ભદ્રંકરવિજય) સદાચાર ધર્મનું સ્થૂળ શરીર છે, સદ્વિચાર ધર્મનું સૂક્ષ્મ શરીર છે.(૧૫)

૪. મતિજ્ઞાનનો વિષય મૂર્ત અને અમૂર્ત બંને છે. મતિજ્ઞાનમાં ઇન્દ્રિય અને મન બંને નિમિત્ત છે. શ્રુતજ્ઞાનનો વિષય મૂર્ત અને અમૂર્ત બંને છે. શ્રુતજ્ઞાનમાં મન નિમિત્ત છે. બહિરંગ નિમિત્ત પ્રકાશ, ઉપાધ્યાય, શાસ્ત્ર આદિ છે.(૧૮)

૫. આ ઘોડો છે – લાલ રંગનો છે -તે જાણવું તે મતિજ્ઞાનનું કાર્ય છે. ઘોડો પાંચ વર્ષનો લાગે છે, તેજ લાગે છે, સારી સીધી ઓલાદનો છે – આ જાણવું તે શ્રુતજ્ઞાનનું કાર્ય છે, તે હંમેશા મતિજ્ઞાન પૂર્વક જ હોય. ઘોડો હોય તો જ પાંચ વર્ષ આદિનો નિર્ણય થઇ શકે. પાંચ વર્ષ, તેજ, સ્વરૂપ કાંઇ ઈન્દ્રિયનો વિષય નથી, પણ મનથી તેનો વિચાર કરી નક્કી થાય છે, તે તર્ક છે – વ્યાપ્તિજ્ઞાન છે. ઘોડાના વિષય સાથે વ્યાપ્ત છે તેથી વ્યાપ્તિજ્ઞાન કહેવાય છે.(૧૯)

૬. વિકલ્પ (વિકલ્પાત્મક જ્ઞાન) એટલે બોધ કરાવનાર પરોક્ષ જ્ઞાન, પ્રત્યક્ષ અનુભવરૂપ નહિ. અનુભવરૂપ જ્ઞાન નિર્વિકલ્પ છે. વિકલ્પ(રૂપ) એટલે બુદ્ધિપૂર્વકનું પરોક્ષ જ્ઞાન, અથવા અંશ જ્ઞાન. વિકલ્પ જ્ઞાનમાં અંશ જ્ઞાન છે, વિકલ્પ માત્ર રાગ

નથી. વિકલ્પ એટલે જ્ઞેય સંક્રાંતિ (સમયસાર) = ભેદરૂપ જ્ઞાન = અંશ જ્ઞાન = પરોક્ષ જ્ઞાન =સાકાર અંશ જ્ઞાન. અહીં જ્ઞાનને વિકલ્પરૂપ કહ્યું છે - 'સ્વર્ગાદિનો બોધ કરાવનાર વિકલ્પરૂપ જ્ઞાન' એમ સ્પષ્ટ લખેલ છે.(૧૯)

૭. અવધિ અને કેવળજ્ઞાનમાં મનનું અવલંબન નથી. મતિ, શ્રુત અને મન:પર્યવ જ્ઞાનમાં મનનું અવલંબન છે. [અવધિ અને મન:પર્યવ જ્ઞાનને દેશપ્રત્યક્ષ કહ્યા છે.] કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે. સ્વ સન્મુખ ભાવ શ્રુત જ્ઞાન પરોક્ષ હોવા છતાં પ્રત્યક્ષ કહ્યું છે, કારણ કે વેદન અપેક્ષાએ પ્રત્યક્ષ છે, વેદન પરોક્ષ નથી. (૨૦)

૮. કેવળજ્ઞાન ના બે પ્રકાર – ત્રિકાળ અનંત અને વર્તમાન પ્રગટભૂત. કેવળ એટલે માત્ર – અનંત એવો અર્થ થાય છે. જ્ઞાનમાં મતિ-શ્રુતાદિ પાંચ ભેદ પર્યાય અપેક્ષાએ છે, તેથી તે જ્ઞાનની પર્યાયનો વિષય છે. ત્રિકાળ જ્ઞાન ગુણ સામાન્ય તે નિશ્ચય નયનો વિષય છે.(૨૩)

૯. ઉપયોગ એટલે ચારિત્ર અપેક્ષાએ શુભ-અશુભ શુદ્ધ આચરણ, તથા ઉપયોગ એટલે જ્ઞાન અપેક્ષાએ જાણવા દેખવા રૂપ જ્ઞાન-દર્શન વ્યાપાર.(૨૨)

૧૦. દ્રવ્ય સંગ્રહમાં વ્યવહાર નય, નિશ્ચય નય અને શુદ્ધ નિશ્ચય નય એવા પ્રકાર પાડ્યા છે. જીવ પરમ શુદ્ધ નયથી નિષ્ક્રિય જ્ઞાયક માત્ર છે, શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી સ્વભાવ ભાવનો કર્તા છે, અશુદ્ધ નિશ્ચય નયથી રાગાદિ વિભાવ ભાવનો કર્તા છે અને વ્યવહાર નયથી શરીર, દ્રવ્યકર્મ-નોકર્મ અને ઘર-નગરનો કર્તા છે. અશુદ્ધ નિશ્ચય નય કહ્યું છે, તે એટલા માટે કે રાગાદિ ભાવ, કર્મોદયના નિમિત્તે છે તેથી

અશુદ્ધ અને નિશ્ચય એટલા માટે કે તપેલા ગોળા માફક રાગાદિ ભાવ જીવ સાથે તન્મય છે.(૨૫-૨૬)

૧૧. સ્વસંવિત્તિ - સ્વ=નિજ સ્વરૂપ, સં=સમ્યક પ્રકારે, વિત્તિ=વૃતિ એટલે કે નિજ અનુભવ(૨૬)

૧૨. ભાવના - શુદ્ધાત્મા ત્રિકાળીની ભાવના રહિતને કર્મબંધ થાય છે(પાનું-૨૭) કર્માદાનિ કર્તાપણું છે તેથી ભાવનાનો અર્થ નિશ્ચયથી શુદ્ધાત્મ પરિણતિ-અનુભવ થાય છે. આ નિશ્ચય અર્થ છે. વ્યવહારથી શુદ્ધાત્માની ભાવનાનો અભ્યાસ-ઘૂંટણ. ઘૂંટણ શા માટે ? એક રસ થવા માટે(હ) (૨૭)

૧૩. ઉપસંહાર=સંકોચ (સંહાર=નાશ=સંકોચ) અને પ્રસર્પત=વિસ્તાર. પ્રસર્પ=પ્રસરવું (૨૯)

૧૪. આહાર, શરીર, ઇન્દ્રિયો, ભાષા, મન અને શ્વાસ - આ છ હોય તો પૂર્ણ પર્યાપ્તિ અન્યથા અપર્યાપ્ત. ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, લેશ્યા, વેદ, કષાય, ભવ્યત્વ, આહાર, સંજ્ઞા, શ્રદ્ધા, સંયમ, દર્શન, જ્ઞાન એ ચૌદ માર્ગણા છે.(૩૭)

૧૫. મોક્ષ થતાં બધા ગુણસ્થાનો નાશ થાય છે. જેનો નાશ થાય તે જીવ સ્વરૂપ કેમ હોય ? માટે અજીવ છે.(હ) (૩૯)

૧૬. નિશ્ચય વ્યવહાર નય રૂપ સાધ્ય-સાધક ભાવ એટલે શું ? નિશ્ચયથી પોતાના શુદ્ધાત્મ તત્વનો અનુભવ-પ્રતીતિ વર્તે છે અને બાહ્યમાં સર્વજ્ઞ પ્રણિત નવ તત્વ, દેવ-ગુરુ-શાસ્ત્ર ની શ્રદ્ધા વ્યવહારે હોય છે. જેને આત્મ અનુભવ છે તે મિથ્યા દેવ,

વસ્ત્ર-પાત્ર સહિત અનેક વેશવાળા માંથી કોઈ ગુરૂ, કે મિથ્યા શાસ્ત્રને માને નહિ. એમાંથી કોઈને પણ માને તો તેને નિશ્ચય સમ્યક્ત્વ હોય જ નહિ. નિશ્ચય વ્યવહારનો સુમેળ જ હોવો જોઈએ.(૪૧)

૧૭. (અ) ચોથે ગુણસ્થાને અપ્રત્યાખાનાવરણ કષાયનો ઉદય અને અનંતાનુંબંધી ની એક ચોકડીનો અભાવ છે.

(બ) પાંચમે ગુણસ્થાને અપ્રત્યાખાનાવરણ કષાય ના ઉદયનો અભાવ અને પ્રત્યાખાનાવરણ નો ઉદય છે. અનંતાનુંબંધી અને અપ્રત્યાખાનાવરણીય એમ બે ચોકડીનો અભાવ છે.

(ક) છઠ્ઠે ગુણસ્થાને અપ્રત્યાખાનાવરણ તથા પ્રત્યાખાનાવરણ કષાય ના ઉદયનો અભાવ છે. સંજ્વલન કષાયનો તીવ્ર ઉદય છે. અનંતાનુંબંધી, અપ્રત્યાખાનાવરણીય તથા પ્રત્યાખાનાવરણીય એમ ત્રણ ચોકડીનો અભાવ છે.

(ડ) સાતમે ગુણસ્થાને અપ્રત્યાખાનાવરણ તથા પ્રત્યાખાનાવરણ કષાય ના ઉદયનો અભાવ છે. સંજ્વલન કષાયનો મંદ ઉદય છે. આઠમે ગુણસ્થાને સંજ્વલન કષાય નો અતિ મંદ ઉદય હોય છે.(૪૨) [ત્રણ ચોકડીનો અભાવ તો છે જ.]

૧૮. બારમે ગુણસ્થાને તથા તેથી ઉપર યથાખ્યાત ચારિત્ર છે. સિદ્ધોને પરમ યથાખ્યાત ચારિત્ર હોય છે.(૪૩) [૧૧મે અંતર મુહૂર્ત યથાખ્યાત ચારિત્ર હોય.]

૧૯. પારિણામિક ભાવ ત્રણ પ્રકારે છે. જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ. જીવત્વના બે પ્રકાર શુદ્ધ જીવત્વ તે શુદ્ધ પારિણામિક ભાવ અને અશુદ્ધ જીવત્વ તે દશ પ્રાણરૂપ

જીવત્વ. એટલે ભવ્યત્વ, અભવ્યત્વ, શુદ્ધ જીવત્વ અને દશ પ્રાણરૂપ જીવત્વ એમ ચાર પ્રકાર પણ કહેવાય.(૪૭)

૨૦. બીજ પદ કોનું ? સમયસાર – પ્રવચનસાર – પંચાસ્તિકાય નું શું છે બીજ પદ ? શુદ્ધ નયે ખરેખર સર્વ જીવો શુદ્ધ છે, એટલે શુદ્ધ આત્મ સ્વરૂપ – જે ત્રિકાળી પરમ શુદ્ધ જ્ઞાયક ભાવરૂપ કારણ પરમાત્મા છે તે બીજ પદ છે. ત્રિકાળી શુદ્ધ જ્ઞાયક ભાવરૂપ બીજપદની ભાવનાથી મોક્ષ રૂપ વૃક્ષ ઉત્પન્ન થાય છે.

ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસમાસ, ઉપયોગ, પર્યાપ્તિ, પ્રાણ, સંજ્ઞા આદિ વીશ બોલથી જય ધવલ – મહાધવલ આદિનું બીજ પદ કહ્યું છે. તેથી બે પ્રકારનું બીજ પદ [૧] નિશ્ચય પ્રધાન ગ્રંથોનું બીજ પદ અને [૨] વ્યવહાર પ્રધાન ધવલ – મહાધવલ ગ્રંથોનું બીજ પદ. અધ્યાત્મ ગ્રંથના બીજપદભૂત શુદ્ધાત્મ સ્વરૂપ જ ઉપાદેય છે.(૪૭)

૨૧. સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પૂર્ણ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર નું કારણ હોવાથી કારણ સમયસાર કહ્યું છે.(૪૮)

૨૨. સિદ્ધના આઠ ગુણો – સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, વીર્ય, સૂક્ષ્મત્વ(નામકર્મ રહિત), અવગાહન(આયુકર્મ રહિત), અગુરુલઘુ(ગોત્રકર્મ રહિત), અવ્યાબાધ(વેદનીય કર્મ રહિત) [પહેલા ચાર ગુણો ઘાતી કર્મના ક્ષયના નિમિત્તે અને પછીના ચાર ગુણો અઘાતી કર્મના ક્ષયના નિમિત્તે હોય છે.]

૨૩. બહિરાત્મા કેવો છે? [૧] ઇન્દ્રિય સુખમાં આસક્ત, [૨] પર દ્રવ્યમાં એકત્વ ભાવનારૂપ પરિણમેલો, [૩] હેય-ઉપાદેય પદાર્થના જ્ઞાન-શ્રદ્ધાન રહિત, [૪] આત્મરૂપ સ્વદ્રવ્ય અને રાગાદિ રૂપ પરપદાર્થના જ્ઞાન શ્રદ્ધાન વિનાનો, [૫] જિનેશ્વર પ્રણિત છ દ્રવ્ય – નવ તત્વ ના જ્ઞાન શ્રદ્ધાન રહિત અને [૬] જેને સ્વભાવ સુખ નથી તેવો છે.(૫૫-૯૫)

૨૪. અંતરાત્મા કેવો છે ? ઉપર દર્શાવેલ બહિરાત્માના લક્ષણોથી વિરુદ્ધ જેના લક્ષણો છે તેવો છે.(૫૫)

૨૫. ચેતના: જ્ઞાન – દર્શન ના ઉપયોગ રૂપ ચેતના છે. તેના ત્રણ ભેદ છે. કર્મ ચેતના, કર્મ ફળ ચેતના અને શુદ્ધ ચેતના. કર્મ ચેતના તે ઇષ્ટ અનિષ્ટ વિકલ્પરૂપ રાગ-દ્વેષ પરિણામ છે. કર્મફળ ચેતના અવ્યક્ત દુ:ખના અનુભવરૂપ છે. શુદ્ધ ચેતનાને જ્ઞાન ચેતના પણ કહે છે. કેવળજ્ઞાન શુદ્ધ ઉપયોગ રૂપ છે અને શુદ્ધ ચેતના રૂપ પણ છે.(૫૮-૫૯)

૨૬. શબ્દના મુખ્ય ભેદ બે છે, ભાષાત્મક અને અભાષાત્મક. તેમાં ભાષાત્મક ના બે ભેદ છે, અક્ષરાત્મક અને અણઅક્ષરાત્મક. અભાષાત્મક બે પ્રકારે છે, વિસ્રસા અને પ્રાયોગિક. પ્રાયોગિક ના ચાર ભેદ છે – તત્, વિતત્, ઘન અને સુષિર.(૬૧)

૨૭. મુમુક્ષુ જીવને સિદ્ધ ભગવાન સિદ્ધ ગતિના સહકારી કારણ છે-નિમિત્ત કારણ છે. જેવી રીતે ધર્માસ્તિકાય દ્રવ્ય સિદ્ધ ભગવાનની માફક નિષ્ક્રિય અને અપ્રેરક હોવા છતાં ગતિ કરતા જીવ તથા પુદ્ગલને સહાયક છે – નિમિત્ત છે, તેવી રીતે

મુમુક્ષુ જીવ પોતાના ઉપાદાનથી સિદ્ધ ગતિ પામે છે તો પણ સિદ્ધ ભગવાન તેને સહકારી-નિમિત્ત કારણ હોય છે.(૬૪)

૨૮. વ્યવહાર કાળ દ્રવ્ય પર્યાયની સ્થિતિ રૂપ છે. આ સ્થૂળ અપેક્ષાએ કાળ છે. જેમકે આ બાળક ચાર વર્ષનું છે, એટલે તે બાળકના શરીરની પર્યાયનો કાળ ચાર વર્ષ છે. જોકે પર્યાય એક સમયની છે, પણ સ્થૂળતાથી તે કાળ દિવસ, માસ, વર્ષ આદિ કહેવાય છે. વ્યવહાર કાળ દ્રવ્ય પર્યાયની નવી સ્થિતિ અને જૂની સ્થિતિ વચ્ચેનો કાળ છે.(૬૯) [વ્યવહાર કાળ એ કાળ દ્રવ્યની પર્યાય છે]

**વ્યવહાર કાળ સબંધી સ્પષ્ટતાઓ**:

(૧) જે દ્રવ્યના પરિવર્તનરૂપ છે (અર્થાત્ દ્રવ્યના પર્યાય સાથે સંબંધવાળી કાળ અવધિરૂપ છે) તે કાળ વ્યવહાર રૂપ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ - તેમાં કાળ તે દ્રવ્યની વર્તમાન વર્તતી પર્યાય છે. આ વ્યવહાર કાળ નથી.

(૨) દ્રવ્યના પરિણામથી જે લક્ષિત થાય છે – જણાય છે તે સમય-મૂહુર્ત-પ્રહર-દિન-માસ આદિરૂપ વ્યવહાર કાળ છે. તે દ્રવ્યની પર્યાયની સ્થિતિ રૂપ છે.

(૩) જીવ અને પુદ્ગલના પરિવર્તન રૂપ જે નવી અને જૂની પર્યાય તેની સમય-ઘડી-દિવસ ઇત્યાદિ રૂપ 'સ્થિતિ' તે વ્યવહાર કાળ છે. દેહની સ્થિતિ પાંચ વર્ષ રહી તો દેહની પર્યાયની સ્થિતિ જે પાંચ વર્ષ તે પાંચ વર્ષ વ્યવહાર કાળ છે. પર્યાયની સ્થિતિ તો એક સમય જ છે, પણ આ સ્થૂળ પર્યાયની સ્થૂળ સ્થિતિની વાત છે. આ સ્થિતિને કાળની સંજ્ઞા આપી છે. स्थितिः कालसंज्ञकाः (૬૯-૭૦)

(૪) રસોઈ કરી તેટલો કાળ તે બહાર ગયેલો. તેના ઘેરથી મારા ઘર સુધી આવ્યો તેટલા વખતમાં આ ચોરીનું કામ થયું. આ પ્રમાણે બહારની ક્રિયા આદિથી કાળનું માપ નીકળે છે. આ વ્યવહાર કાળ છે.(૭૦)

(૫) આ ચીજ આટલો કાળ મારી (પાસે) રહી જેમકે પૈસા, સ્ત્રી, ઘર વગેરે – તે અપરત્વ – દૂર ન રહેવું તે અપરત્વ અને દૂર રહેવું તે પરત્વ, અથવા પહેલા થવું તે પરત્વ અને પછી થવું તે અપરત્વ. વ્યવહાર કાળ પરત્વ અને અપરત્વ લક્ષણવાળો કહેવાય છે.(૭૦)

૨૯. નિશ્ચય કાળ વર્તના લક્ષણવાળો નિશ્ચય કાળ છે. [તે કાળ દ્રવ્ય છે] (દ્રવ્ય)કાળ સર્વ દ્રવ્યના પરિણમન-પર્યાય નું નિમિત્ત છે, તેથી દ્રવ્યની પર્યાય દ્વારા તેના નિમિત્તરૂપ કાળ(દ્રવ્ય)ના અસ્તિત્વનો નિર્ણય થાય છે. 'વર્તના લક્ષણ કાળ' તેથી કહ્યું છે. જેમ કોઈ પુરુષને જૈન સિદ્ધાંતનું જ્ઞાન છે, તો જરૂર જૈન ગુરુ કે ગુરુથી પ્રબોધાયેલા શાસ્ત્રો તેના જ્ઞાનનું નિમિત્ત હોવું જોઈએ. એટલે કે તે પુરુષના જૈન સિદ્ધાંતના જ્ઞાનથી નિમિત્ત એવા જૈન ગુરુનું જ્ઞાન થાય છે. તેવી રીતે સમય આદિ રૂપ કાળનું અસ્તિત્વ સાબિત થાય છે. સમય આદિ તો પર્યાય છે પણ દ્રવ્ય વિના પર્યાય ક્યાંથી હોય ? માટે નિશ્ચય કાળ રૂપ દ્રવ્યનું અસ્તિત્વ સાબિત થાય છે. વળી ઉપાદાન જેવું જ કાર્ય થાય છે – સમય, ઘડી, પળ આદિ કાર્ય છે તો તેનું ઉપાદાન તેના જેવું જ હોવું જોઈએ. માટે નિશ્ચય કાળરૂપ કાલાણું દ્રવ્ય છે.(૭૧)

૩૦. ઉપાદાન કારણ જેવું જ કાર્ય થાય છે તેવું આગમનું વચન છે.(૭૧)

૩૧. ચતુર્વિધ આરાધના એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ. પ્રથમ ત્રણમાં અસ્તિથી કથન છે અને ચોથામાં નાસ્તિથી કથન છે – ઈચ્છા નિરોધરૂપ તપ.(૭૩)

૩૨. એક નિગોદ શરીરમાં ભૂતકાળમાં થયેલા સર્વ સિદ્ધોથી અનંતગણા જીવો દ્રવ્ય પ્રમાણથી જોવામાં આવ્યા છે.(૮૬)

૩૩. એકલા જીવ કે એકલા પુદ્ગલથી સાત અવસ્થા ન થઇ શકે. દરેક અવસ્થા બે દ્રવ્યથી જ થાય. જીવની અવસ્થા પુદ્ગલ દ્રવ્યની અપેક્ષા સહિત જ હોય. અવસ્થારૂપ થવાનો જીવનો ગુણ છે, પણ બીજાના સદભાવ કે અભાવરૂપ અપેક્ષા વિના અવસ્થા થાય નહિ. અહીં અપેક્ષિત પર્યાયની જ વાત છે. નિર્પેક્ષ કારણ શુદ્ધ દ્રવ્ય અને કારણ શુદ્ધ પર્યાયની વાત નથી.

બંને દ્રવ્યનો સંયોગ સંબંધ છે, તાદાત્મ્ય સંબંધ નથી. જીવ અને અજીવ બંનેની સાત સાત પર્યાય થાય છે. ભાવપાપ, ભાવપૂણ્ય, ભાવાશ્રાવ, ભાવબંધ, ભાવસંવર, ભાવનિર્જરા અને ભાવમોક્ષ તે જીવની પર્યાય છે. દ્રવ્ય પાપ, દ્રવ્ય પૂણ્ય, દ્રવ્ય આશ્રવ, દ્રવ્ય બંધ, દ્રવ્ય સંવર, દ્રવ્ય નિર્જરા અને દ્રવ્ય મોક્ષ એ અજીવની પર્યાય છે. આ સાત તત્ત્વો જીવ અજીવના વિશેષો છે.(ગાથા-૨૮) ભાવરૂપ સાત વિશેષો જીવના છે અને દ્રવ્યરૂપ સાત વિશેષો અજીવના છે, બધી પર્યાય છે. સાત તત્ત્વો કહો કે સાત પદાર્થો કહો કે સાત પર્યાય કહો. પર્યાય પણ પદાર્થ જ છે. જીવની સાત પર્યાય અજીવના નિમિત્ત વિના થતી નથી અને અજીવની સાત પર્યાય જીવના નિમિત્ત વિના થતી નથી. બંનેના સંયોગથી બંનેની સાત સાત પર્યાય થાય

છે. આ સાત પર્યાય સાથે જીવ અને અજીવને ભેળવતા નવ તત્ત્વો કે નવ પદાર્થો થાય છે. [પૂણ્ય અને પાપને આશ્રવમાં ગણતા સાત તત્વો પણ કહેવાય છે.](૯૨)

**સાત અથવા નવ તત્ત્વો નો પરમાર્થ:-**

(૧) જીવ અજીવ સાત તત્વો કેમ થાય છે? કથંચિત પરિણામી પણું હોવાથી, સંયોગ સંબંધથી થાય છે.

(૨) સાત તત્વોનું પ્રયોજન શું? હેય ઉપાદેય તત્વોનું પરિજ્ઞાન કરવું તે.

(૩) સાત તત્વોનો કર્તા કોણ? પાપ, પૂણ્ય, આશ્રવ અને બંધ નો કર્તા મિથ્યાદ્રષ્ટિ અને સંવર, નિર્જરા અને મોક્ષનો કર્તા સમ્યગ્દ્રષ્ટિ થાય છે. સમ્યગ્દ્રષ્ટિ પૂણ્યનો પણ કર્તા થાય છે.

(૪) સાત તત્વોના કર્તાપણાનો નય વિભાગ શું છે? વિભાવભાવ પૂણ્ય-પાપ-આશ્રવ અને બંધ નો કર્તા છે. સ્વભાવભાવ સંવર, નિર્જરા અને મોક્ષનો કર્તા છે.

(૫) મિથ્યાદ્રષ્ટિ અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર નયથી દ્રવ્ય કર્મરૂપ આશ્રવ-બંધ-પાપ-પૂણ્યનો કર્તા છે. અશુદ્ધ નિશ્ચય નયથી ભાવ કર્મરૂપ આશ્રવ-બંધ-પાપ-પૂણ્યનો કર્તા છે.

(૬) સમ્યગ્દ્રષ્ટિ અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર નયથી દ્રવ્ય કર્મરૂપ સંવર-નિર્જરા-મોક્ષ નો કર્તા છે અને શુદ્ધ (એક દેશ) નયથી ભાવરૂપ સંવર-નિર્જરા-મોક્ષ નો કર્તા છે. આત્મા પરમ શુદ્ધ દ્રષ્ટિથી અકર્તા છે.

(૭) સમ્યગ્દ્રષ્ટિને વિભાવ અને સ્વભાવ રૂપ પર્યાય થાય છે. ચારિત્ર અપેક્ષાએ એક પર્યાયના બે ભાગ – સ્વભાવરૂપ અને વિભાવરૂપ. સ્વભાવ પર્યાયમાં સંવર, નિર્જરા અને મોક્ષ સમાય છે. વિભાવ પર્યાયમાં પાપ, પૂણ્ય, આશ્રવ અને બંધનો સમાવેશ થાય છે, તેથી સમ્યગ્દ્રષ્ટિ માં નવમાંથી સાત તત્વો એક સાથે ઉપલબ્ધ થાય છે.(૯૩)

૩૪. ઉપાદેય:- અનંત અક્ષય સુખ, તેનું કારણ સંવર-નિર્જરા, તેનું કારણ નિશ્ચયરત્નત્રયી જેની સાથે વ્યવહાર રત્નત્રયી સહચારી છે, તે ઉપાદેય છે.(૯૫)

૩૫. હેય:- દુ:ખ, તે આકુળતા રૂપ છે. તે દુ:ખ નરક આદિ ગતિ તથા ઇન્દ્રિય સુખરૂપ બે પ્રકારે છે. બંને આકુળતા રૂપ દુ:ખ જ છે, તેનું કારણ આશ્રવ અને બંધ, તેનું કારણ મિથ્યા દર્શન-જ્ઞાન-ચારિત્ર તે હેય છે.(૯૫)

૩૬. ભવ્યત્વ પ્રગટ ક્યારે થાય? જયારે સમ્યગ્દર્શન થાય ત્યારે. ભવ્યત્વ નાશ ક્યારે થાય? જયારે સિદ્ધ દશા પ્રગટે ત્યારે.(૯૬)

૩૭. સમ્યગ્દર્શનથી માંડી ને મોક્ષ સુધીનું કારણ ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ભાવની ભાવના છે. વળી સમ્યગ્દર્શન રૂપ સુખ સંવેદન ભાવનાને મુક્તિનું કારણ કહ્યું છે- તે પ્રગટ કરવાની અપેક્ષાએ કહ્યું છે. નિજ શુદ્ધ આત્માની ભાવના એટલે સમ્યગ્દર્શન ની પર્યાય.(૯૭)

૩૮. જીવ અને અજીવ બે દ્રવ્યો તેના વિશેષો એટલે પર્યાયો સાત છે. બધા મળી નવ થાય. તે નવમાં આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ, પૂણ્ય અને પાપ એ જીવ

અજીવના વિશેષો છે. ભાવાશ્રાવ, ભાવબંધ, ભાવસંવર, ભાવનિર્જરા, ભાવમોક્ષ, પૂણ્ય-પાપરૂપ ભાવાશ્રવ તે જીવની પર્યાય છે – જીવના વિશેષો છે. દ્રવ્યાશ્રાવ, દ્રવ્યબંધ, દ્રવ્યસંવર, દ્રવ્યનિર્જરા, દ્રવ્યમોક્ષ તે અજીવના પર્યાયો-વિશેષો છે.(૯૮)

૩૯. જે ભાવથી કર્મને યોગ્ય પુદ્ગલનું આવવું થાય તે ભાવ આશ્રવ. કર્મને યોગ્ય (જ્ઞાનાવરણ આદિ કર્મને યોગ્ય) પુદ્ગલ પરમાણુંનું આવવું તે દ્રવ્યાશ્રવ.(૯૯)

૪૦. સ્વમાં અરુચિ અને બાહ્ય પદાર્થોમાં રુચિ-સુખબુદ્ધિ તે મિથ્યાત્વ. નિજ આત્મા અને પર પદાર્થો વિષે મિથ્યા અભિપ્રાય, મિથ્યા અભિનિવેશ તે મિથ્યાત્વ.

૪૧. અવ્રત:- સ્વરૂપમાં અલીનતા(અસ્થિરતા) અને બાહ્ય વિષયોમાં અવ્રતરૂપ ભાવ (અત્યાગ ભાવ) – નિયમ ન લેવાના, પચ્છખાણ ન કરવાના ભાવ તે અવ્રત. અવ્રતનો અર્થ સ્વરૂપમાં અલીનતા – અસ્થિરતા છે, પણ બાહ્ય વિષયો માં લીનતા એવો નથી. અનંતકાળ થી બાહ્ય વિષયોમાં જતી વૃતિનો અત્યાગ ભાવ તે અવ્રત છે. બાહ્ય વિષયોનો ત્યાગ તે વ્યવહાર વ્રત અને સ્વરૂપ લીનતા તે નિશ્ચય વ્રત.

૪૨. આત્મ પ્રદેશના પરિસ્પંદનમાં જે નિમિત્ત હોય તેવો યોગ ગણાય, મન હોય તો મનોયોગ, વચન હોય તો વચનયોગ અને કાયા હોય તો કાયયોગ. (૧૦૧)

૪૩. પાંચ પ્રમાદ - વિષય(પાંચ ઇન્દ્રિના પાંચ), કષાય(ચાર), વિકથા(ચાર), નિદ્રા અને રતિ.(૧૦૨)

૪૪. દ્રવ્ય આશ્રવ અનેક ભેદવાળો છે તેમ ગાથા ૩૧ માં કહ્યું છે. દ્રવ્ય આશ્રવના મુખ્ય ભેદ તો આઠ છે, તેના પ્રભેદો અનેક છે.(૧૦૩)

૪૫. કર્મની કુલ પ્રકૃતિ ૧૪૮ – ૪૭ ઘાતિકર્મની અને ૧૦૧ અઘાતિકર્મની.(૧૦૪)

૪૬. ભાવાશ્રવ, ભાવબંધ, દ્રવ્યાશ્રવ અને દ્રવ્યબંધ તેમાં ભેદો કેટલા અને શું છે? ભાવાશ્રાવ અને ભાવબંધ બંને પરિણામ છે, તે પરિણામો એક જાતના જ છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ રૂપ છે અને તે પાંચે રાગ-દ્વેષ-મોહ માં સમય છે. આ રાગ-દ્વેષ-મોહ રૂપ પરિણામ જયારે દ્રવ્યાશ્રવનું નિમિત્ત થાય છે ત્યારે તેને ભાવાશ્રાવ કહે છે અને જયારે દ્રવ્યબંધ (ચાર પ્રકારનો – પ્રદેશ, પ્રકૃતિ, સ્થિતિ અને અનુભાગ રૂપ)નું નિમિત્ત થાય છે ત્યારે ભાવબંધ કહેવાય છે. જીવના પરિણામની અપેક્ષાએ બંને એક જ છે-ભેદ નથી, પણ જયારે બંને નિમિત્ત થાય છે ત્યારે ભાવાશ્રવ અને ભાવબંધ નિમિત્ત પામે છે.

દ્રવ્યાશ્રવના ભેદો જ્ઞાનાવરણ આદિ આઠ છે તથા ઉત્તર પ્રકૃતિરૂપ ભેદથી એકસો અડતાલીસ છે અને અસંખ્યાત લોકપ્રમાણ પૃથ્વીકાય નામકર્મ આદિ ઉત્તરોઉત્તર પ્રકૃતિરૂપ ભેદોથી અનેક છે. (ગાથા-૩૧ ની ટીકા)[અથવા અસંખ્યાત જેમાં માત્ર પ્રકૃતિના ભેદો જ સમાય છે]

દ્રવ્યબંધ પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ રૂપ ચાર પ્રકારે છે. યોગથી પ્રકૃતિ અને પ્રદેશ બંધ અને કષાયથી સ્થિતિ અને અનુભાગ બંધ થાય છે. વળી પ્રકૃતિ બંધના પણ જ્ઞાનાવરણ આદિ ભેદો છે તેથી દ્રવ્યાશ્રવના અને પ્રકૃતિ બંધના ભેદો સરખા છે-એક જ છે.(૧૦૬)

૪૭. દ્રવ્ય આશ્રવ અને બંધમાં તફાવત શો છે? આશ્રવમાં પ્રથમ ક્ષણમાં પુદ્ગલ કર્મ સ્કંધો નું આવવું થાય છે, બંધમાં તે પછીની ક્ષણોમાં ત્યાં રહેવું થાય છે.(૧૦૮)

૪૮. ચોથા થી બારમાં ગુણસ્થાન સુધી સંવરભાવ, મિથ્યાત્વ રાગાદિરૂપ સર્વથા અશુદ્ધ પણ નથી અને કેવળજ્ઞાન રૂપ સર્વથા શુદ્ધ પણ નથી. અશુદ્ધ-શુદ્ધ થી જુદી ત્રીજી અવસ્થા છે – જે શુદ્ધ અશુદ્ધ મિશ્ર રૂપ છે, તેમાં શુદ્ધિના અંશો પણ છે.(૧૧૧)

૪૯. બાહ્ય કોઈ પણ પ્રકારના તીવ્ર પ્રતિકૂળ સંયોગો જેની અંતર શાંતિમાં ક્ષોભ ઉત્પન્ન ન કરે કે ભંગ ન પાડે તેને પરિષહજય હોય છે. જ્ઞાનીની અંતર શાંતિમાં પ્રતિકૂળ સંયોગ ભંગ ન પાડી શકે. વજ્ર પડે તો પણ જ્ઞાની ન ચળે. માટે જ્ઞાનીને જ પરિષહજય હોય છે – અજ્ઞાનીને નહિ.(૧૧૫)

૫૦. બોધિ એટલે જ્ઞાન. કોનું? સ્વ અને પરનું. કેવું જ્ઞાન? દ્રવ્યશ્રુતરૂપ પરલક્ષી જ્ઞાન અને ભાવશ્રુતરૂપ સ્વ આશ્રિત જ્ઞાન. કદાચ દ્રવ્ય શ્રુત રૂપ અગિયાર અંગ અને ચૌદ પૂર્વનું જ્ઞાન થાય પણ સ્વસંવેદન પ્રત્યક્ષ ભાવશ્રુત જ્ઞાન અતિ અતિ દુર્લભ છે, તેની પ્રાપ્તિની ભાવના હંમેશા કરવી. બોધ એટલે સમ્યગ્જ્ઞાન તેમાં સમ્યગ્દર્શન અને અંશે ચારિત્ર આવી જાય છે. તેથી બોધિ નું લક્ષણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિને કહ્યું છે. આ જ બોધિ ને (સમ્યગ્દર્શન આદિને ) બીજા ભવમાં સાથે લઇ જવું તે સમાધિ છે.(૧૬૩)

૫૧. ધર્મ – સ્વભાવમાં ધારી રાખે તે ધર્મ, તે સંસાર મુક્તિ અને મોક્ષ પ્રાપ્તિ રૂપ ધર્મ થયો. ધર્મના ભેદ (પ્રકાર) આ પ્રમાણે છે,

(૧) અહિંસા લક્ષણવાળો ધર્મ – સ્વ પરની અહિંસા રૂપ.

(૨) દશ લક્ષણ ધર્મ – ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય.

(૩) નિશ્ચય રત્નત્રયાત્મક વ્યવહાર રત્નત્રયાત્મક – સાધુ કે ગૃહસ્થ ને અંશે હોય.

(૪) ગૃહસ્થ અને મુનિ રૂપ લક્ષણવાળો વ્યવહાર – ગૃહસ્થને અને સાધુને હોય.

(૫) શુદ્ધાત્મ સંવેદન રૂપ મોહ ક્ષોભ રહિત આત્મ પરિણતી રૂપ ધર્મ – પૂર્ણ ધર્મરૂપ અર્હંત કે સિદ્ધ દશા.(૧૬૫)

૫૨. જયારે અંતઃ ક્રોડાક્રોડી પ્રમાણે કર્મની સ્થિતિ રહે છે ત્યારે તેના અનુભાગ પણ ઘટે છે. લતા અને કાષ્ટ જેવા થાય છે.

૫૩. અનુભવ વખતે શું થાય છે? પોતાના અસ્તિત્વનો પ્રતિભાસ અને નિર્ણય – અને સાથે વિલક્ષણ, અદ્વૈત, અપૂર્વ સુખનું શાંતિનું વેદન થાય છે. આવી શાંતિ

પહેલા કદી અનુભવી નહોતી. સમગ્ર રીતે  પોતાને નવા જ રૂપમાં સાધક વેદે છે- જાણે છે-અનુભવે છે. સાધકનો નવો જન્મ થાય છે – પરમેશ્વર રૂપ જન્મ થાય છે જે નિશ્ચયથી પૂર્ણતામાં પરિણમે છે.(૧૮૭)

૫૪. જ્ઞાનના દોષો – સંશય, વિભ્રમ(અનિર્ણય) અને વિમોહ. અથવા બીજી રીતે સંશય, અનધ્યવસાન અને વિપર્યય.(૧૮૮)

૫૫. સમય મૂઢતા – સમય એટલે આત્મા. આત્માના સ્વરૂપ વિષે જે શાસ્ત્રોમાં જુઠ્ઠું નિરૂપણ છે તે મિથ્યા શાસ્ત્રો અને તે શાસ્ત્રોના માનનારા વેશધારી ગુરુઓ – તેમના વિનય પૂજા સત્કાર કરવા તે સમય મૂઢતા છે. અન્ય ધર્મો(દર્શનો) જે એકાંતિક છે તેમનામાં ધર્મ બુદ્ધિ તે સમય મૂઢતા છે.(૧૯૨)

૫૬. સમ્યક્ત્વ રોકનારા – જેને આશ્રયે સમ્યક્ત્વ ન થઇ શકે તેવા મિથ્યાદેવ, તેના આરાધકો, મિથ્યાગુરુ, તેના માનનારા, મિથ્યા ધર્મ તથા મિથ્યા ધર્મરૂપ ક્રિયાઓ-અનુષ્ઠાનો અને તે માર્ગે જનારા લોકો – તે સર્વ નો ત્યાગ સમ્યગ્દ્રષ્ટિને હોય છે.(૧૯૩)

૫૭. શ્રુતજ્ઞાનના પ્રકાર-(વ્યવહાર)

(૧) અગિયાર અંગ તથા ચૌદ પૂર્વ – ચૌદ અંગ બાહ્ય પ્રકીર્ણ [ચૌદ પૂર્વ દ્રષ્ટિવાદ અંગના ભેદ છે. (તે ઉપરાંત બીજા ચાર ભેદ છે.)](૨૦૮)

(૨) પ્રથમાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ

(૩) સંક્ષેપમાં છ દ્રવ્ય, નવ પદાર્થ માં નિશ્ચયથી નિજ શુદ્ધ આત્મા ઉપાદેય છે અને બાકી બધું હેય છે, એમ સંક્ષેપથી હેય-ઉપાદેય ના ભેદથી વ્યવહાર જ્ઞાન બે પ્રકારનું છે.(૨૦૮)

૫૮. સમ્યગ્દ્રષ્ટિ કેવા હોય?

(૧) સંસાર, શરીર અને ભોગોમાં હેય બુદ્ધિવાળા.

(૨) આત્મિક સુખમાં ઉપાદેય બુદ્ધિવાળા.

(૩) સમ્યગ્દર્શન થી શુદ્ધ છે, તે વ્રત રહિત દાર્શનિક કહેવાય છે.(૨૨૦)

૫૯. 'ભવકારણના નાશ અર્થે જ્ઞાની કરે ક્રિયા રોધન. તે શુભ અશુભ ક્રિયા રોધ સમ્યક્ ચારિત્ર જીન કહે' [ ખરેખર તો અંતર્મુખ પરિણતી થતાં ક્રિયા રોધ સહેજે થાય છે – તેને અહીં જ્ઞાની કરે તેમ કહ્યું છે.](૨૨૩)

૬૦. સમ્યગ્દ્રષ્ટિની વિશિષ્ટ ભાવના કઈ છે? સ્વ શુદ્ધ આત્મ તત્ત્વ જ ઉપાદેય છે. આ ભેદ જ્ઞાન રૂપ ભાવના બળવાન છે. મુમુક્ષુને પણ આવી ભાવના ઢીલી પોચી નહિ પરંતુ બળવાન હોવી જોઈએ. 'નિજ શુદ્ધ આત્મ તત્ત્વ જ ઉપાદેય છે' એ વિશિષ્ટ પ્રકારનું ભેદ જ્ઞાન છે. આ ઉપાદેય છે, તેમાં એવો અર્થ ગર્ભિત પણે આવી જાય છે કે તેનાથી અન્ય હોય તે ઉપાદેય નથી.(૨૨૮)

૬૧. જીવાદિ પદાર્થોનું જિનેશ્વર દેવે જેવું સ્વરૂપ કહ્યું છે તેવું જ સ્વરૂપ છે તેમ ગ્રહણ કરવું-શ્રદ્ધા કરવી-તેમાં શંકા ન કરવી તે અજ્ઞાવિચય ધર્મધ્યાન છે.(૨૨૯)

૬૨. અધ્યાત્મભાષાએ સહજ-શુદ્ધ-પરમ-ચૈતન્યશાળી, પરિપૂર્ણ આનંદના ધારક ભગવાન નિજ આત્મામાં ઉપાદેય બુદ્ધિ કરીને, પછી 'હું અનંત જ્ઞાનમય છું', 'હું અનંત સુખરૂપ છું,' ઇત્યાદિ ભાવના રૂપ અંતરંગ ધર્મ ધ્યાન કહેવાય છે. પંચ પરમેષ્ઠીઓની ભક્તિ આદિ તેને અનુકૂળ (અંતરંગ ધર્મધ્યાન ને વ્યવહારથી અનુકૂળ) શુભ અનુષ્ઠાન તે બહિરંગ ધર્મધ્યાન છે. તેવી જ રીતે નિજ શુદ્ધ આત્મામાં વિકલ્પ રહિત સમાધિરૂપ શુક્લધ્યાન છે. અથવા મંત્ર વાક્યોમાં સ્થિત

'પદસ્થધ્યાન છે, નિજ આત્માનું ચિંતન તે 'પિંડસ્થ' ધ્યાન છે, સર્વ ચિદ્રૂપનું ચિંતન તે 'રૂપસ્થ ધ્યાન' છે અને નિરંજન નું ધ્યાન 'રૂપાતીત' ધ્યાન છે. [ ધ્યાનના પ્રતિબંધક મોહ, રાગ અને દ્વેષ છે.](૨૩૧)

૬૩. ભક્તિ આદિમાં ભક્તિ, સ્તવન તથા પંચ પરમેષ્ઠીઓનું ધ્યાન ગર્ભિત છે.

૬૪. ચિદ્રુપ:- ચિત્=જ્ઞાન. માટે (૧) જ્ઞાનરૂપ એવો આત્મા તે ચિદ્રુપ. (૨) જે જ્ઞાનના ધારક છે તેમનું રૂપ – જંગમ કે સ્થાપના – તે ચિદ્રુપ. 'रूपस्थं सर्व चिद्रूपं' તેમાં સાક્ષાત સદગુરૂ કેવળજ્ઞાની કે જ્ઞાની તથા તેમની સ્થાપના રૂપ મૂર્તિ લેવી – તેથી રૂપસ્થ ધ્યાન સદગુરૂ કે તેમની મૂર્તિનું કરવું. સર્વ ચિદ્રુપ એટલે પંચ પરમેષ્ઠી. રૂપસ્થ ધ્યાનનો વિષય પંચ પરમેષ્ઠી. રૂપાતીત ધ્યાનનો વિષય અંજન વિનાનો આત્મા - જ્ઞાયક ભાવ છે.(૨૩૨)

૬૫. પિંડસ્થ ધ્યાન – દેહ પીંડ માં બેઠેલા એવા આત્માનું ચિંતવન, મૂર્તિ પીંડમાં બેઠેલા એવા અરિહંત આદિનું ચિંતવન તે પિંડસ્થ ધ્યાન છે. પદસ્થ, પિંડસ્થ અને રૂપસ્થ એ ત્રણ ધ્યાનના ધેયરૂપ શ્રી અરિહંત – સર્વજ્ઞ દેવ છે.

ઉપર દર્શાવેલા અર્થો અધ્યાત્મ અપેક્ષાએ પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત ધ્યાનના અર્થો છે. આગમ અપેક્ષાએ અર્થો ભિન્ન છે - જે 'જ્ઞાનાર્ણવ' માં શ્રી શુભચંદ્રાચાર્યે લખ્યા છે.(૨૩૩)

૬૬. જાપ: પ્રથમ જે પદનો જાપ કરવો છે તેનો અર્થ જાણવો, જેમકે નમો અરિહંતાણમ્ – તેનો અર્થ અરિહંત ભગવાનને નમસ્કાર હો. પછી અરિહંતના

અનંત ગુણોનું સ્મરણ મનથી કરવું- અને મુખથી ઉચ્ચાર રૂપે નમો અરિહંતાણમ્ બોલવું. ઉચ્ચારથી મંત્ર બોલીને તથા મનથી તેનો અર્થ અને તેમના અનંત ગુણોનું સ્મરણ કરવું તે જાપ છે.  ઉચ્ચારથી મંત્ર બોલાવો તે પણ જાપ છે અને મનથી તેનો અર્થ અને વાચ્યના અનંત ગુણનું સ્મરણ કરવું તે પણ જાપ છે. જાપ વિના ધ્યાનની સિદ્ધિ ન પણ થાય. જાપ સહજ પણે બંધ થાય તે ધ્યાનમાં પરિણમશે. અગર ત્રિગુપ્ત અવસ્થામાં એટલે મનન કર્યા વિના, કાયાને ચલિત કર્યા વિના પરમેષ્ઠી પદનું ધ્યાન કરો, એટલે કે 'णमो अरिहंताणम्' તે પદના અક્ષરોને મનથી સામે જોવાના પ્રયત્નો કરો, તે પદમાં ઉચ્ચાર કે મનથી રટણ કર્યા વિના મનને જોડી રાખો.(૨૩૫)

૬૭. પંચ પરમેષ્ઠી વ્યવહાર ધ્યાનના ધ્યેય ભૂત છે. શુભ ઉપયોગ લક્ષણવાળું વ્યવહાર ધ્યાન – પંચ પરમેષ્ઠી તે ધ્યાનના ધ્યેય છે – વિષય છે.

(૧) અરિહંત ભગવાન પદસ્થ, પિંડસ્થ અને રૂપસ્થ ધ્યાનના ધ્યેય ભૂત છે. અરિહંત પદનો જાપ - તે પદસ્થ ધ્યાન. અરિહંતની મૂર્તિ તે પિંડ છે તેમાં સ્થાપન થયેલા અરિહંતના ગુણોનું ચિંતવન - તે પીંડસ્થ ધ્યાન. અરિહંતની મૂર્તિનું ધ્યાન તે રૂપસ્થ ધ્યાન.

(૨) સિદ્ધ પરમાત્મા પદસ્થ ધ્યાનનું ધ્યેય છે – વિષય છે. સિદ્ધ પરમાત્માની ભક્તિ રૂપ 'णमो सिध्धाणम्' એ પદના ઉચ્ચાર રૂપ લક્ષણવાળું પદસ્થ ધ્યાન છે.

(૩) આચાર્ય પદસ્થ ધ્યાનના ધ્યેય રૂપ છે. 'णमो आयरियाणम्' તે પદના ઉચ્ચાર રૂપ પદસ્થ ધ્યાન છે.

(૪) ઉપાધ્યાય પદસ્થ ધ્યાનના ધ્યેય રૂપ છે. 'णमो उवज्झायाणम्' તે પદના ઉચ્ચાર રૂપ પદસ્થ ધ્યાન છે.

(૫) સાધુ પદસ્થ ધ્યાનના ધ્યેય રૂપ છે. 'णमो लोए सव्व साहूणम्' તે પદના ઉચ્ચાર રૂપ પદસ્થ ધ્યાન છે. આ રીતે પાંચ પરમેષ્ઠીઓ જપ તથા ધ્યાનના વિષય છે.(૨૩૬)

૬૮. સિદ્ધ રૂપાતીત છે, તેથી તેમનું ધ્યાન જે વ્યવહાર ધ્યાન છે તે પરંપરાએ નિશ્ચય રૂપાતીતનું કારણ છે. અરિહંતનું ધ્યાન વ્યવહાર ધ્યાન છે. અરિહંત પદસ્થ, પિંડસ્થ અને રૂપસ્થ વ્યવહાર ધ્યાનના વિષય છે – ધ્યેય છે. સિદ્ધ વ્યવહાર રૂપાતીતના વિષય ભૂત છે – ધ્યેય છે.(૨૪૩)

૬૯. સાધુને (છઠ્ઠા ગુણસ્થાન સ્થિત) જે ચારિત્રની ઓછાશ છે તેની પૂર્ણતા માટેની સાધના સાધુ કરે છે. એટલે સાધુ ચારિત્રને સાધે છે.(૨૫૦)

૭૦. ધ્યાતા કોણ હોઈ શકે? નિસ્પૃહ વૃત્તિવાળા સાધુ - જે તપ, શ્રુત અને વ્રતના ધારક છે, ત્યાગ, વૈરાગ્ય અને ઉપશમ જેમને સહજ રૂપે છે – સહજ થઇ ગયા છે.

૭૧. ધ્યેય: 'यत् किन्चित्' એટલે કોઈ પણ. 'કોઈ પણ' માં શું સમાય છે? પરદ્રવ્ય અને સ્વદ્રવ્ય. પરદ્રવ્ય માં શું સમાય છે? પંચ પરમેષ્ઠી, નવ તત્ત્વ, મંત્ર પદો, છ દ્રવ્યો વગેરે. [નવ તત્ત્વ અને છ દ્રવ્ય માં અપાય વિચય, વિપાક વિચય અને

સંસ્થાન વિચય નો સમાવેશ થઇ જાય છે. નવ તત્વનું શ્રદ્ધાન કરવું એવી આજ્ઞા પણ ગર્ભિત છે. તેથી આજ્ઞા વિચય પણ આવી જાય છે.] પ્રાથમિક પુરુષોએ પર દ્રવ્યના ધ્યાનનો અભ્યાસ કરીને પછી સ્વ દ્રવ્યનું ધ્યાન કરવું.

૭૨. ધ્યાનનું સ્વરૂપ: 'ધ્યાનની ક્રિયા' ગાથામાં ચિન્તયન્ શબ્દ છે. તેનો અર્થ સામાન્ય ચિંતવન કરવું – બીજા બધા વિચારો છોડી – નિરોધ કરી જે ધ્યેય સ્વીકાર્યું હોય તેનો જ વિચાર ચિંતન કરવું. વિચાર શબ્દમાં અનેક પ્રકારના વિચારોનો સમાવેશ થાય. ચિંતનમાં એકજ જાતના – એકજ ધ્યેયનો વિચાર હોય. આમ ધ્યેયમાં એકાગ્ર થવું તે ધ્યાન છે. જે ચિંતન છે તે જ ધ્યાન છે, ચિંતનમાં જેટલી મગ્નતા તેટલું ધ્યાન. જ્યારે મગ્નતા – તન્મયતા વિશેષ હોય ત્યારે સમયનો-વખતનો ખ્યાલ ન રહે, ખાવા-પીવાના કર્યો અવ્યવસ્થિત થઇ જાય. આવી મગ્નતા તે ધ્યાન.

૭૩. સ્વદ્રવ્યનું ધ્યાન – તેની ક્રિયા: જ્યારે પર દ્રવ્યનું ધ્યાન સિદ્ધ થાય પછી સ્વદ્રવ્યનું ધ્યાન કરવું જોઈએ. સ્વદ્રવ્ય ધ્યાન ની ક્રિયામાં પ્રથમ આત્માના સ્વરૂપનું – મુખ્યતાએ નિશ્ચય સ્વરૂપનું ચિંતન હોય. તે ચિંતનની મગ્નતા થતાં ચિંતન સહેજે છૂટી જાય અને મન જેના સ્વરૂપનું ચિંતન કરતું હતું તે આત્મામાં તન્મય થઇ ઓગળી જાય. ચિંતન બંધ થઇ જાય, માત્ર ધ્યાતા અને ધ્યેય – ફક્ત બે રહે, ધ્યાન ક્રિયારૂપ ચિંતન બંધ થાય. ત્રણ માંથી એક બંધ થાય. આવી દશા ફરી ફરી થતાં અને વિશેષ મગ્નતા થતાં ધ્યાતા અને ધ્યેયનો ભેદ ઓગળી જઇ

એકરસ રૂપ એકતા થતાં સમ્યગ્દર્શન થાય છે – તે જ સમાધિ છે – તે જ નિશ્ચય સ્વરૂપ ધ્યાન છે, તે જ પરમ ચિંતન છે, તે જ ચિન્મૂર્તિ એવા ચિત્ માં અયન જવું – લય થવું તે ચિંતન છે.(૨૫૨)

૭૪. ચિન્તયન્ ના અર્થો બે પ્રકારે છે, (૧) સામાન્ય મનના માધ્યમથી બીજા વિચારોનો નિરોધ કરી ધ્યેયનું ચિંતન કરવું. જેટલી મગ્નતા એટલું ચિંતન વિશેષ. (૨) ચિન્તયન્ - ચિન્ રૂપ તેમાં અયન-જવું. ચિન્ રૂપ એવા આત્મામાં એકાગ્ર થવું-લીન થવું-તન્મય થવું-તે રૂપ થવું – આ બીજો અર્થ છે. તેને ભાવના પણ કહે છે. જેની ભાવના કરે છે તેના ભાવરૂપ-સ્વરૂપ રૂપ થઇ જવું તે ભાવના છે. ચિંતન કહો કે ભાવના કહો.(૨૫૩)

૭૫. નિસ્પૃહ: સ્પૃહા વગરનો - ઈચ્છા વગરનો - રાગ-દ્વેષ વગરનો – સમભાવ વાળો – રાગદ્વેષ રૂપ વિકલ્પ વિનાનો.(૨૫૩)

૭૬. અનુભૂતિ તે જ પરમ ધ્યાન છે, તે જ મોક્ષ માર્ગ છે, તે જ પરમાત્માનું દર્શન છે, તે જ પરમ સમાધિ છે, તે જ શુક્લ ધ્યાન છે, તે જ સામાયિક છે, તે જ ચારિત્ર છે, તે જ આવશ્યક છે, તે જ સહજાનંદ છે, તે જ ભેદજ્ઞાન છે, તે જ વીતરાગ ભાવ છે, તે જ પરમાત્મ ભાવના છે.(૨૫૫)

૭૭. ઘૂંટણ શા માટે? એક રસ થવા માટે. પોતે જે માન્યતા, જ્ઞાન અને અનુષ્ઠાન ને હિતરૂપ જાણે છે તેને આત્મસાત્ – આત્મરૂપ કરવા માટે, તે મય બનવા માટે.

૭૮. શુદ્ધ-બુદ્ધ-એક સ્વભાવ – મિથ્યાત્વ, રાગાદિ સમસ્ત વિભાવ રહિત શુદ્ધ અને કેવળજ્ઞાનાદિ અનંત ગુણોથી સહિત બુદ્ધ એવો આત્માનો સ્વભાવ.(૯૧)

# શબ્દાર્થ તથા વિશેષ અર્થ

અનુષ્ઠાન – આચરણ

સો ઇન્દ્રો – ભવનવાસી દેવોના ૪૦ ઇન્દ્રો, વ્યંતર દેવોના ૩૨ ઇન્દ્રો, કલ્પવાસી દેવોના ૨૪ ઇન્દ્રો, જ્યોતિષી દેવોના ચંદ્ર અને સૂર્ય એ ૨ ઇન્દ્રો, મનુષ્યો નો એક ઇન્દ્ર ચક્રવર્તી અને તીર્યંચ નો એક ઇન્દ્ર સિંહ એમ બધા મળી ૧૦૦ ઇન્દ્રો.(૫)

વ્યાખ્યાન – પરમાત્માના સ્વરૂપાદિના વિવરણ રૂપ વૃત્તિ ગ્રંથ. (૭)

અભિધાન – પ્રતિપાદક – વાચક (૮) સૂત્ર પ્રતિપાદક છે.

અભિધેય – પ્રતિપાદ્ય – વાચ્ય (૮) પરમાત્માદિનું સ્વરૂપ પ્રતિપાદ્ય છે.

અનુયોગ – અધિકાર

સામાન્ય – વિવક્ષાનો અભાવ તે સામાન્યનું લક્ષણ છે.

લક્ષણ – સ્વરૂપ (૯)

વિસ્રસા – સ્વભાવ (૧૦,૬૧)

સંસાર ના ૫ પ્રકાર - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ. (૧૦)

વિકલ્પ – ભેદ, પ્રકાર, અંશ [અંશ જ્ઞાન (હ)] ઉપયોગને વિકલ્પ કહ્યો છે.(૧૫) વિકલ્પ - આકાર સહિત સવિકલ્પ અને આકાર રહિત નિર્વિકલ્પ (૧૬) વિકલ્પ એટલે પરોક્ષ જ્ઞાન (૧૯)

નિમિત્ત – કાર્યકાળે સાથે રહેનાર – સહચર (૧૮)

ઉપયોગ – દર્શન જ્ઞાનનો પદાર્થ ગ્રહણ રૂપ વ્યાપાર તથા ચારિત્ર અપેક્ષાએ શુભ-અશુભ-શુદ્ધ અનુષ્ઠાન.(૨૨)

સ્વસંવિતિ – સ્વ=નિજ ભાવરૂપ, સં=સમ્યક્ પ્રકારે, વિતિ=વૃત્તિ(હ) (૨૬) શુદ્ધ આત્માની સ્વસંવેદન ક્રિયા – સ્વાનુભવ (૩૩) - સંવેદન (૪૩)

ભાવના – (૧) શુદ્ધ પરિણતિ કે અનુભવ – આ નિશ્ચયથી અર્થ છે. (૨) શુદ્ધ આત્માનો અભ્યાસ – આ વ્યવહારથી અર્થ છે. (૨૭)

છ પર્યાપ્તિ – આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ-ઉચ્છવાસ, ભાષા અને મન (૩૬)

મન – અનેક વિકલ્પોની જાળરૂપ. (૩૬)

અનંતાનુબંધી કષાય – પથ્થરમાં કોતરેલ રેખા સમાન. (૪૧)

અપ્રત્યાખ્યાના વરણ કષાય – ભૂમિમાં પડેલી રેખા સમાન. (૪૨)

પ્રત્યાખ્યાના વરણ કષાય – ધૂળમાં પડેલી રેખા સમાન. (૪૨)

સંજ્વલન કષાય – પાણીમાં પડેલી રેખા સમાન. (૪૨)

અગિયાર પ્રતિમા – અગિયાર પડીમા(પ્રતિજ્ઞા) અથવા શ્રાવકના અગિયાર સ્થાનો કે જે અપ્રત્યાખ્યાના વરણ રૂપ દ્વિતીય કષાયના ઉદયનો અભાવ થતાં હોય છે તે – દર્શન, વ્રત, સામાયિક, પ્રોષધ, સચિત્તવિરત, રાત્રી ભોજન ત્યાગ, બ્રહ્મચર્ય, આરંભ ત્યાગ, પરિગ્રહ ત્યાગ, અનુમતિ ત્યાગ, ઉદિષ્ટ ત્યાગ. (૪૨)

યોગના પ્રકારો – પંદર છે. મનોયોગના ચાર પ્રકાર સત્ય, અસત્ય, ઉભય તથા અનુભય અને વચનયોગના પણ તે જ ચાર પ્રકાર છે. કાયયોગના સાત પ્રકાર ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રયિક, વૈક્રયિકમિશ્ર, આહારક, આહારક મિશ્ર અને કાર્મણ્ય. (૪૫)

ગત્ – જ્ઞાન (૫૫)

સમુદાય પાતનિકા – સમુદાય ભૂમિકા(૯૨) [સંક્ષેપમાં અધિકારનો વિષય (હ)] પાતનિકા એટલે ઉત્થાનિકા (૮૦)

ચૂલિકા – કોઈ પદાર્થના વિશેષ વ્યાખ્યાનને, કથન કરેલા વિષયમાં અકથિત વિષયના વ્યાખ્યાનને અને કહેલા તથા નહિ કહેલા વિષયના મિશ્ર વ્યાખ્યાનને ચૂલિકા કહે છે. (૯૧)

શુદ્ધ બુદ્ધ – રાગાદિ રહિત શુદ્ધ અને કેવળજ્ઞાનાદિ અનંત ગુણો સહિત બુદ્ધ. (૯૨)

પરમ – ઉપેક્ષા લક્ષણવાળું, નિર્વિકાર સ્વસંવેદન રૂપ શુદ્ધ ઉપયોગનું અવિનાભૂત.

નિર્વિકલ્પ સમાધિ - સંવર નિર્જરા રૂપ એકદેશ શુદ્ધતા. (૯૬)

અનુભાગ શક્તિ (૧)ઘાતીકર્મ સાથે સંબંધ રાખનાર - વેલ, કાષ્ટ, હાડકા અને પથ્થર સમાન. (૨) અશુભ અઘાતીકર્મ સાથે સંબંધ રાખનાર – નીમ, કાળી જીરી, વિષ અને હલાહલ સમાન. (૩) શુભ અઘાતીકર્મ સાથે સંબંધ રાખનાર – ગોળ, ખાંડ, સાકાર અને અમૃત સમાન. (૧૦૭)

ક્ષયોપશમનું લક્ષણ – સર્વ પ્રકારે આત્માના ગુણોનું આચ્છાદન કરનાર કર્મની શક્તિઓને 'સર્વઘાતી સ્પર્દ્ધકો' કહે છે અને વિવક્ષિત એક્દેશથી આત્માના ગુણોનું આચ્છાદન કરનાર કર્મની શક્તિઓને 'દેશઘાતી સ્પર્દ્ધકો' કહે છે. સર્વઘાતી સ્પર્દ્ધકો

ના ઉદયના અભાવને જ ક્ષય અને તેમની જ સત્ રૂપ અવસ્થાને ઉપશમ કહે છે. સર્વઘાતી સ્પર્દ્ધકોનો ઉદયાભાવી ક્ષય સહિત ઉપશમ અને તેમના એકદેશઘાતી સ્પર્દ્ધકોનો ઉદય – એ ત્રણના સમુદાયથી ક્ષયોપશમ કહેવામાં આવે છે. (૧૧૩)

વ્રત – વિકલ્પોની નિવૃત્તિ તે વ્રત. શુભાશુભ રાગ રૂપ વિકલ્પોની નિવૃત્તિ નિજ શુદ્ધ આત્માની ભાવનાથી ઉત્પન્ન રસાસ્વાદથી થાય છે. (૧૧૫)

સંયમ – ઇન્દ્રિય વિષયોનો ત્યાગ અને પ્રાણ ઘાતનો ત્યાગ. (૧૧૭)

વૈરાગ્ય – વિરક્ત ભાવ (૧૩૧)

સંવેગ અને વૈરાગ્ય – ધર્મમાં, ધર્મના ફળમાં અને દર્શનમાં જે હર્ષ થાય છે તે સંવેગ છે અને સંસાર, દેહ તથા ભોગોમાં જે વિરક્ત ભાવ છે તે વૈરાગ્ય છે.(૧૩૧)

પૂર્વ – સિત્તેર લાખ છપ્પન હજાર કરોડ વર્ષ. (૧૪૯)

વાર્તિક – સંગ્રહ વાક્ય અથવા સમુદાય કથન (૧૫૮)

સાંપરાય – કષાય (૧૬૮)

અભવ્ય – અંત:કોટાકોટી પ્રમાણ કર્મની સ્થિતિ રૂપ તથા લતા અને કાષ્ઠ સ્થાનીય અનુભાગરૂપ કર્મનું લઘુત્વ થવા છતાં પણ જીવ આગમ ભાષાથી અધ:કરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તીકરણ નામક અને અધ્યાત્મ ભાષાથી સ્વ શુદ્ધાત્મ અભિમુખ પરિણતી રૂપ એવી કર્મ હનનબુદ્ધિ કોઈ પણ કાળે કરે નહિ. (૧૭૭)
સંકલ્પ અને વિકલ્પ – બાહ્ય દ્રવ્યોમાં 'આ મારા છે' એવી કલ્પના તે સંકલ્પ છે અને અંતરંગમાં 'હું સુખી છું, દુઃખી છું' એમ હર્ષ વિશાદ કરવો તે વિકલ્પ છે.

વાસ્તવિક પણે સંકલ્પ એ જ વિકલ્પ છે, સંકલ્પ વિકલ્પની જ પર્યાય છે. (૧૯૮)

ચારિત્ર – સમ્યક્ ચારિત્ર. (૨૨૩)

અંતર્જલ્પ – અબુદ્ધિ પૂર્વકના રાગ જે ૬ થી ૧૧ ગુણસ્થાન સુધી હોય છે. (૨૩૦)

શુદ્ધમ – અઢાર દોષ રહિત.

અર્હન્ – પાંચ મહા કલ્યાણક રૂપ પૂજાને યોગ્ય છે, તે ઇન્દ્રો દ્વારા પૂજનીય. (૨૩૮)

પંચાચાર – ભૂતાર્થનયના વિષયભૂત, શુદ્ધ સમયસાર શબ્દથી વાચ્ય, ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મ આદિ સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન, પરમ ચૈતન્યવિલાસ લક્ષણ, સ્વ શુદ્ધ આત્મા જ ઉપાદેય છે એવી રુચિ તે સમ્યગ્દર્શન છે; તેમાં જે આચરણ-પરિણમન તે નિશ્ચય દર્શનાચાર છે. તે જ શુદ્ધાત્માને ઉપાધિ રહિત, સ્વસંવેદન

લક્ષણ ભેદજ્ઞાનથી મિથ્યાત્વ રાગાદિ પરભાવોથી ભિન્ન જાણવો તે સમ્યગ્જ્ઞાન છે;તે સમ્યગ્જ્ઞાનમાં આચરણ-પરિણમન તે નિશ્ચય જ્ઞાનાચાર છે. તે જ શુદ્ધાત્મામાં રાગાદિ વિકલ્પરૂપ ઉપાધિથી રહિત સ્વાભાવિક સુખાસ્વાદથી નિશ્ચલ ચિત્ત થવું તે વીતરાગ ચારિત્ર છે; તેમાં જે આચરણ અર્થાત્ પરિણમન તે નિશ્ચય ચારિત્રાચાર છે. સમસ્ત પરદ્રવ્યોની ઈચ્છા રોકવાથી તથા અનશન આદિ બાર તપરૂપ બહિરંગ સહકારી કારણોથી નિજ સ્વરૂપમાં પ્રતપન-વિજયન તે નિશ્ચય તપશ્ચરણ છે; તેમાં જે આચરણ-પરિણમન તે નિશ્ચય તપશ્ચરણાચાર છે. આ ચાર પ્રકારના નિશ્ચય આચારની રક્ષા માટે પોતાની શક્તિ ન છુપાવવી તે નિશ્ચય વીર્યાચાર છે. (૨૪૩)

આચરણ – પરિણમન – ક્રિયા.(૨૪૩)

આરાધના – દર્શન-જ્ઞાન-ચારિત્ર નો ઉદ્યોતન, ઉદ્યોગ, નિર્વહન, સાધન, વિસ્તરણ.

ભાવ નમસ્કાર – આનંદની અનુભૂતિ (૨૫૧)

નિશ્ચય મોક્ષ માર્ગનું લક્ષણ શું? – શુદ્ધ આત્મ અનુભૂતિ [પંચાસ્તિકાય] (૨૫૯)

આહાર – ઔદારિક, વૈક્રયિક, આહારક શરીર તથા છ પર્યાપ્તિ ને યોગ્ય પુદ્ગલનું ગ્રહણ તેને આહાર કહે છે [મોક્ષ શાસ્ત્ર](૨૬૦)

# ડૉ. હરીભાઇ ની શાસ્ત્ર નોંધ માંથી

## પદ્મનન્દિ પંચ વિંશતિ

આ સંકલન મુખ્યપણે આચાર્ય શ્રી પદ્મનન્દિ દેવ વિરચિત 'પદ્મનન્દિ પંચ વિંશતિ' શાસ્ત્ર ઉપર પૂ. ગુરુદેવ શ્રી કાનજી સ્વામીના પ્રવચનો પર આધારિત છે. આ સંકલનમાં પાનાં નંબર 'પદ્મનન્દિ પંચ વિંશતિ' શાસ્ત્રની પ્રથમ આવૃત્તિ પ્રમાણે છે. અહીં વચનામૃત ના આધાર ના શ્લોક નંબર લખ્યા છે તેથી અભ્યાસમાં સરળતા રહેશે.

# અનુક્રમણિકા


| વિષય | પાનાં નંબર |
|---|---|
| ૧. અધિકાર-૧ ધર્મોપદેશામૃતમ | ૨૦૯ |
| ૨. અધિકાર-૨ દાનોપદેશમ | ૨૧૪ |
| ૩. અધિકાર-૩ અનિત્ય પંચાશત | ૨૧૫ |
| ૪. અધિકાર-૪ એકત્વ સપ્તતિ | ૨૧૬ |
| ૫. અધિકાર–૬ ઉપાસક સંસ્કાર | ૨૧૮ |
| ૬. અધિકાર-૭ દેશ વ્રત ઉદ્યોતન | ૨૧૯ |
| ૭. અધિકાર-૮ સિદ્ધ સ્તુતિ | ૨૨૦ |
| ૮. અધિકાર-૯ આલોચના | ૨૨૧ |
| ૯. અધિકાર-૧૦ સદ્ બોધ ચંદ્રોદય | ૨૨૨ |
| ૧૦. અધિકાર-૧૧ નિશ્ચયપંચાશત્ | ૨૨૪ |
| ૧૧. અધિકાર-૧૨ બ્રહ્મચર્યરક્ષાવર્તિ | ૨૨૭ |
| ૧૨. અધિકાર-૧૩ ઋષભસ્તોત્ર | ૨૨૮ |
| ૧૩. અધિકાર-૧૪ જિનવર સ્તવન | ૨૨૮ |
| ૧૪. અધિકાર-૧૫ શ્રુત દેવતા સ્તુતિ | ૨૨૯ |
| ૧૫. અધિકાર ૧ થી ૨૬ ના શેષ વચનામૃત | ૨૩૦ |
| ૧૬. શબ્દાર્થ | ૨૩૧ થી ૨૩૩ |


નોંધ: અધિકાર-૫ 'યતિ ભાવનાષ્ટક' ના ભાવો અન્ય વચનામૃત માં આવી ગયા છે.

# ડો. હરીભાઇની પદ્મનન્દિ પંચ વિંશતિ ની નોંધ માંથી

## અધિકાર-૧ ધર્મોપદેશામૃતમ

૧. ધ્યાન ક્યારે થાય?

(અ) જ્યારે જગતમાં કોઈ કાર્ય પોતાને કરવા યોગ્ય ન લાગતું હોય. ખરેખર તો બાહ્ય - પૌદ્ગલિક કોઈ કાર્ય જીવથી થઇ શકતું જ નથી એવો નિર્ણય થતાં કામ કરવાનું ન રહ્યું.

(બ) ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે વિરક્તતા થતાં ધ્યાન થાય છે. (૨-શ્લોક-૨ )

૨. ધર્મ તે શુદ્ધ આનંદ રૂપ આત્મ પરિણામ છે. (૪, શ્લોક-૭) નિશ્ચય ધર્મ એટલે યોગ રહિત આનંદ પરિણતિ. [યોગ રહિત સામ્ય રૂપ પરિણતિ - સ્વરૂપાચરણ પરિણતિ. ધર્મ એક વખત ઉત્પન્ન થયા પછી નાશ પામતો નથી તેથી નિરાકુળતા, ઉદાસીનતા, આનંદ, સમતા આદિ નાશ પામતા નથી. તેમાંથી પડે તો પણ ગર્ભિત બીજ રહે છે, જે અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળમાં મોક્ષ લઇ જાય છે. (૬)]

3. શુદ્ધ ઉપયોગ એટલે સ્વરૂપ અનુસંધાન. તે બે પ્રકારે છે. પરિણતિ રૂપ અને ઉપયોગ રૂપ. શુદ્ધ આનંદમય આત્મ પરિણતિ તે ધર્મ. (૫, શ્લોક-૭))

૪. અગિયાર પ્રતિમા – (૧) દર્શન, (૨) વ્રત, (૩) સામાયિક, (૪) પૌષધ, (૫) સચિત ત્યાગ (તથા કંદમૂળ ત્યાગ), (૬) રાત્રિ ભોજન ત્યાગ, (૭) બ્રહ્મચર્ય, (૮) આરંભ ત્યાગ, (૯) પરિગ્રહ ત્યાગ, (૧૦) અનુમતિ ત્યાગ, (૧૧) ઉદિષ્ટ ત્યાગ. આ ૧૧ પ્રતિમા પહેલાં શ્રાવકને સાત વ્યસનોનો ત્યાગ હોય છે. (૯, શ્લોક-૧૪)

૫. જીવ શુભ કે અશુભ કર્મોનો અનુભવ કરે છે. [એટલે કે રાગ, દ્વેષ, કામ, ક્રોધ, માન આદિનો અનુભવ કરે છે. (હ)] (૯)

૬. ઉત્તમ પુરુષોનો સંગ કરવો. (૨૩, શ્લોક-૩૪)

૭. સાધુ એકાદ છે. (કળીકાળ ના પ્રભાવથી) (૨૪, શ્લોક-૩૬)

૮. મુનિ ધર્મ અને મુનિઓ વિરલ છે. શ્લોક ૩૮ માં આદરવા યોગ્ય તથા ત્યાગવા યોગ્ય નું યથાર્થ નિરૂપણ છે. જ્ઞાનાચાર આદિ સ્વરૂપ પંચ આચાર, ઉત્તમ ક્ષમા આદિ રૂપ દશ ધર્મ, સંયમ, તપ તથા મૂળ ગુણ અને ઉત્તર ગુણ, મિથ્યાત્વ, મોહ અને મદ નો પરિત્યાગ, કષાયો નું શમન, ઈન્દ્રિયોનું દમન, પ્રમાદ રહિત અવસ્થાન, સંસાર, શરીર અને ઇન્દ્રિય વિષયોથી વિરક્તિ, ધ્યાન, ધર્મ વધારનાર અનેક ગુણ, નિર્મળ રત્નત્રય, તથા અંતે સમાધિ મરણ આ બધા મુનિના ધર્મો છે જે અવિનશ્વર મોક્ષપદ ના અવ્યાબાધ સુખનું કારણ છે. (૨૫, શ્લોક-૩૮)

૯. મહાન પુરુષોએ આ શરીર આદિ સર્વનો ત્યાગ કાળાદિ વિના પણ પ્રથમ યુક્તિએ કરવો જોઈએ. આ ત્યાગકર્મ વ્રત છે. કારણ કે પરમાણું પ્રમાણ પણ બાહ્ય વસ્તુ વિષયક સંયોગ માં રાગ કર્મ બંધનું કારણ થાય છે. તેથી યુક્તિથી દેહાદિ સંયોગોનો ત્યાગ કરવો જોઈએ. (૨૫, શ્લોક-૩૯)

૧૦. જે યતિ પ્રતિજ્ઞા પૂર્વક પોતાના નિયમમાં દૃઢ રહે છે તેનું ચિત્ત શરીરમાં નિસ્પૃહ થાય છે. (૨૮, શ્લોક-૪૩)

૧૧. જો ઇન્દ્રિય વિષયોથી સુખ થતું હોય તો તીવ્ર વિષ પણ અમૃત બની જાય. (૩૩, શ્લોક-૫૬)

૧૨. ઉનાળામાં પર્વતની ટોચ ઉપર, વર્ષા ઋતુમાં ઝાડ નીચે અને શિયાળામાં ચોકમાં મુનિઓ તપ કરે છે. (૩૭, શ્લોક-૬૬)

૧૩. પંચમ કાળમાં મુનિ ની પૂજા જીન પૂજા છે. (૩૮, શ્લોક-૬૮)

૧૪. શુદ્ધ નયનો આશ્રય લેનાર મુનિ ની બુદ્ધિ નિરંતર સ્વરૂપ જ્યોતિનું અવલોકન કરે છે. (૪૩, શ્લોક-૮૦)

૧૫. બાહ્ય રત્નત્રય (વ્યવહાર રત્નત્રય) બાહ્ય પદાર્થો (જીવાજીવાદિ) ને વિષય કરે છે તેથી શુભાશુભ કર્મનો બંધ થાય છે. (૪૪, શ્લોક-૮૧)

૧૬. આત્માનો નિર્ણય કરવો કે રૂચી પ્રગટાવવી તે સમ્યગ્દર્શન છે. (૪૪, શ્લોક-૮૧) દ્રષ્ટિ = સમ્યગ્દર્શન [સમ્યક્ શ્રદ્ધા (હ)] અને સમ્યક્ જ્ઞાન શ્રદ્ધાન = શ્રદ્ધા જ્ઞાન એટલે શ્રદ્ધા (હરિભદ્રસૂરી)

૧૭. ઇન્દ્રિયો નું દમન અને છ કાયની રક્ષા રૂપ સંયમ છે. (૫૦)

૧૮. જે તપ મનને નિયમન માં રાખે તે અભ્યંતર તપ છે. (૫૧)

૧૯. ચિંતન – ઉંડો અભ્યાસ – પરિશીલન દ્વારા વસ્તુ સ્વરૂપને યથાર્થ જાણવું તે પ્રથમ ચિંતન ધ્યાનનો પ્રકાર છે. તેના આજ્ઞા વિચય આદિ ચાર ભેદો છે. જયારે નિર્ણય પાકો થાય છે –(અભ્યાસનું ફળ નિર્ણય છે) પછી એકાગ્ર ધ્યાનની શરૂવાત

થાય છે. પહેલાં ચિંતન રૂપ એકાગ્રતા છે, પછી સ્થિરતા રૂપ એકગ્રતા છે. સ્થિરતા રૂપ એકાગ્રતા પિન્ડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એમ ચાર પ્રકારે છે. પ્રથમ ચિંતન પછી સ્થિરતા રૂપ ધ્યાન થાય છે. નિર્ણય થયા પછી ઉપયોગને ભમાવવા નો કોઈ અર્થ નથી. (હ, ૫૧)

૨૦. મિથ્યાત્વના દુઃખથી એટલે કે મિથ્યાત્વ આદિથી જે તીવ્ર દુઃખ થવાનું છે તેની અપેક્ષાએ તપનું દુઃખ અલ્પ છે, સમુદ્રમાં બિંદુ સમાન. (૫૨, શ્લોક-૧૦૦)

૨૧. વૈરાગ્ય અને ત્યાગ રૂપ બે લાકડાથી બનાવેલ નિસરણી જે દશ સ્થિર પગથિયાં (દશ ધર્મ રૂપ પગથિયાં) વાળી હોય છે તે મોક્ષ મહેલમાં જવા માટે શ્રેષ્ઠ છે. (૫૫, શ્લોક-૧૦૬)

૨૨. જિનદેવે અંગશ્રુત (અંગ પ્રવિષ્ટ) ના બાર અને અંગબાહ્યના અનંત ભેદ બતાવ્યા છે. આ બંને શ્રુતમાં ચેતનને ગ્રાહ્ય રૂપે અને અચેતનને હેય રૂપે દર્શાવ્યા છે. અંગ પ્રવિષ્ટ ના બાર ભેદ આ પ્રમાણે છે. (૧) આચારાંગ (૨) સૂત્રકૃતાંગ (૩) સ્થાનાંગ (૪) સમવાયાંગ (૫) વ્યાખ્યા પ્રજ્ઞપ્તિઅંગ (૬) જ્ઞાતૃધર્મકથાંગ (૭) ઉપાસકાધ્યયનાંગ (૮) અંતકૃતદશાંગ (૯) અનુત્તરૌપપાદિકદશાંગ (૧૦) પ્રશ્ન વ્યાકરણાંગ (૧૧) વિપાકસૂત્રાંગ (૧૨) દ્રષ્ટિવાદાંગ (૬૩, શ્લોક-૧૨૬)

૨૩. સંસાર રૂપ ખાડા માંથી પોતાને કાઢી પોતાની જાતે જ મોક્ષ ધારણ કરે છે તેથી આત્મા જ ધર્મ કહેવાય. (૬૬, શ્લોક-૧૩૩)

૨૪. આત્મ કેવો છે? ક્યાં રહે છે? કોણે જોયો? આદિ જેને સંદેહ થાય છે તે જ આત્મા છે. જડ ને આવો સંદેહ ન થાય. આત્મા નિરંતર અહમ્ 'હું' ઉલ્લેખથી પ્રતીતિ માં આવે છે. (૬૯, શ્લોક-૧૩૫-૧૩૬)

૨૫. નય, પ્રમાણ, નિક્ષેપ દ્વારા આત્માનું સ્વરૂપ જાણીને એકાગ્ર થઇ આત્માનો આશ્રય કરો. (૭૩, શ્લોક-૧૩૯)

૨૬. સમગ્ર ઇન્દ્રિયોનો નિરોધ કરી, પરિગ્રહ છોડી, તેનાથી સ્થિર ચિત્ત થઇ એકાંતમાં ચાલ્યો જા તો તે અંતર આત્માનું અવલોકન કરીશ. (૭૬, શ્લોક-૧૪૪)

૨૭. સમસ્ત ઇષ્ટ અનિષ્ટ ની કલ્પના છોડી દે. ભગવાન આત્માના સ્મરણ માત્રથી પણ જ્ઞાન રૂપી તેજ પ્રગટ થાય છે, કૃત્ય કૃત્યતા અકસ્માત જ આનંદ પૂર્વક પોતાના મનમાં પ્રગટ થાય છે. (૭૬, શ્લોક-૧૪૫-૧૪૬)

૨૮. ભોગોથી ઉત્પન્ન થયેલ સુખ કલ્પિત છે, ખૂજલી વાળાને અગ્નિથી થતાં સુખ જેવું. તે વિષ સમાન દુઃખદાયક છે. (૭૮, શ્લોક-૧૫૦)

૨૯. શુદ્ધ આનંદ સ્વરૂપ આત્માને મનમાં સતત ધારી રાખવાથી રસ નીરસ થાય છે, વિષય નષ્ટ થાય છે, કથાનું કુતુહલ નષ્ટ થાય છે તથા મન દોષો સાથે મૃત્યુ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. (૮૦, શ્લોક-૧૫૪)

૩૦. 'ઉપયોગ' યુક્ત એક આત્મા જ મારો છે, તે સિવાય બીજું કંઇ મારું નથી – આ જાતના વિચાર અભ્યાસથી મોહ હઠી જાય છે, મનની પ્રવૃત્તિ વિકલ્પોમાં હોતી નથી. (૮૦, શ્લોક-૧૫૫)

# અધિકાર-૨ દાનોપદેશમ

૩૧. ઇન્દ્રિયો આત્મ સન્મુખ કેવી રીતે થઇ શકે? જો ઇન્દ્રિયોની પ્રવૃત્તિ આત્મ સન્મુખ હોય તો ઇષ્ટ પ્રયોજન સિદ્ધ થઇ જાય છે, પરંતુ ઇન્દ્રિયોની પ્રવૃત્તિ બાહ્ય પદાર્થો તરફ જઇ રહી હોય તો બાહ્ય તપ કરવા છતાં યથાર્થ સુખની પ્રાપ્તિ થઇ શકતી નથી. તેથી કાનથી ઉપદેશ-શ્રુત-ભક્તિ આદિ શ્રવણ, આંખથી શાસ્ત્ર પઠન, દેવ-ગુરુ દર્શન, જીભથી પ્રભુ ગુણ કીર્તન અને મનથી સ્વરૂપ ચિંતન, પ્રભુ ગુણ ચિંતન, સ્વ-પર ભેદ ચિંતન, સ્વ સન્મુખતા, સ્વ એકાગ્રતા થાય છે. મન - રૂપી તથા અરૂપી બંનેને વિષય કરે છે. સાધુ પુરુષના મનની પ્રવૃત્તિ વિકલ્પમાં હોતી નથી. (૮૧, શ્લોક-૧૫૬)

૩૨. શુદ્ધ તત્વ વચન અગોચર છે, અશુદ્ધ તત્વ વચન ગોચર છે, અશુદ્ધ નય કલ્પિત છે. (૮૨, શ્લોક-૧૫૭)

૩૩. ધર્મ ઉપદેશ સાંભળવાથી ભવ્ય જીવોના સંસાર પરિભ્રમણ નું દુઃખ દૂર થઇ જાય છે અને તેમને અનંત સુખનો લાભ થાય છે. જેવી રીતે અમૃત દુર્લભ છે, તેવી રીતે ઉપદેશ પણ દુર્લભ છે. (૯૮, શ્લોક-૧૯૮)

૩૪. જે ગૃહસ્થ જીવન સ્ત્રી, પુત્ર, ધન આદિના સમૂહથી ઉત્પન્ન થયેલ છે, તે ભયાનક મોહ સમુદ્ર જેવું છે, પાપનો જ સંચય કરે છે. (૧0૩, શ્લોક-૫)

૩૫. જે મનુષ્ય મોક્ષમાર્ગમાં સ્થિત સાધુનું નામ સ્મરણ કરે છે, તેના સમસ્ત પાપ નાશ પામે છે. (૧૦૮, શ્લોક-૧૬)

૩૬. મિથ્યાદ્રષ્ટિ પશુ સમાન છે. ધન હોવા છતાં દાન દેવામાં ઉત્સુક નથી અને પોતાની ધાર્મિકતા પ્રગટ કરે છે, તેના હૃદયમાં કુટિલતા છે. (૧૧૪, શ્લોક- ૩૧)

૩૭. સંપત્તિ પૂણ્યનો ક્ષય થવાથી ક્ષય પામે છે, દાન કરવાથી ક્ષય પામતી નથી. કૂવામાંથી પાણી કાઢવા છતાં પાણી ઘટતું નથી. (૧૧૭, શ્લોક-૩૮)

૩૮. દાન કરવા માટે મુનિ ઉત્તમ પાત્ર છે, શ્રાવક મધ્યમ પાત્ર છે અને અવિરત સમ્યગ્દ્રષ્ટિ જઘન્ય પાત્ર છે. (૧૨૧, શ્લોક-૪૮)

૩૯. નિર્દોષ દાનનો પ્રકાશ સમસ્ત જનોને સુખ આપે છે. (૧૨૩ , શ્લોક-૫૨)

૪૦. દાનનો ઉપદેશ આસન્ન ભવ્ય પુરુષને આનંદ આપે છે. (૧૨૩, શ્લોક-૫૩)

## અધિકાર-3 અનિત્ય પંચાશત

૪૧. જો મૃત્યુનો પણ શોક કરવાનો નથી તો બીજા પદાર્થના વિયોગનો (ધન, સ્ત્રી, કુટુંબ, મિત્ર આદિ) નો શું શોક કરવાનો છે? તે સંબંધો અનિત્ય જ છે.

૪૨. જયારે સ્વભાવથી સંસાર દુઃખમય છે તો આપત્તિનું આવવું તો રહેવાનું જ, તો પછી તેમાં રહ્યા પછી હર્ષ અને વિષાદ કરવાથી કયું પ્રયોજન સિદ્ધ થવાનું? (૧૨૭, શ્લોક-૬ તથા ૧૩૫, શ્લોક-૨૪)

૪૩. જે શરીર દુષ્ટ આચરણ થી ઉપાર્જિત કર્મ રૂપી કારીગર દ્વારા રચવામાં આવ્યું છે, રોગ, મલિનતા અને દોષ થી ભરેલ છે, નશ્વર છે તેમાં વિદ્વાનો કેમ સ્થિરતા શોધે છે? (૧૪૧, શ્લોક-૩૯)

# અધિકાર-૪ એકત્વ સપ્તતિ

૪૪. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે એક ચૈતન્ય સ્વરૂપ જ છે. તેમાં કોઈ ભેદ નથી, ત્રણેય અખંડ આત્માથી અભિન્ન છે. (૧૫૪, શ્લોક-૧૫)

૪૫. શુદ્ધ નિશ્ચય નયની દ્રષ્ટિમાં કેવળ એક શુદ્ધ આત્મા જ પ્રતિભાસિત થાય છે. સમ્યગ્દર્શન આદિ ત્રણે અભેદરૂપ માં પ્રતિભાસિત થાય છે. (૧૫૫, શ્લોક-૧૬)

૪૬. કેવળજ્ઞાન, કેવળદર્શન અને અનંત સુખસ્વરૂપ જે – તે ઉત્કૃષ્ટ તેજ છે, (શુદ્ધ આત્મ સ્વરૂપ છે) તેને દેખાતા, જાણતા, સાંભળતા બધું જ દેખવમાં, જાણવામાં અને સાંભળવા માં આવી જાય છે. તે જ એક ઉત્કૃષ્ટ ‘આત્મતેજ’ વિદ્વાનોએ દેખવા, જાણવા અને સાંભળવા યોગ્ય છે. યોગીઓ ગુરુના ઉપદેશથી, અભ્યાસથી અને વૈરાગ્યથી તે ‘આત્મતેજ’ પ્રાપ્ત કરીને કૃત્ય કૃત્ય થાય છે. (૧૫૫-૧૫૬, શ્લોક-૨૦-૨૧-૨૨)

૪૭. મન, વચન અને કાયાની પ્રવૃત્તિ થી પાપ-પૂણ્ય વધે છે, માટે મુમુક્ષુ તેનાથી ભિન્ન પ્રવૃત્તિ રૂપ આત્માની ઉપાસના કરે છે. (૧૫૮, શ્લોક-૩૦)

૪૮. આત્માનો વાચક શબ્દ પણ આત્માથી ભિન્ન છે, કારણ કે વાચ્ય વાચક ભાવ વ્યવહાર નયને આશ્રિત છે, નિશ્ચય નયને આશ્રિત નથી. (૧૫૯, શ્લોક-૩૬)

૪૯. મનુષ્યપણું, ઉત્તમ કુળ, સંપત્તિ, બુદ્ધિ મળ્યા છતાં વિવેક વિના કાંઈ કાર્યકારી નથી. ચેતન – અચેતન એ બંને ભિન્ન તત્વ છે, તેમના ભિન્ન સ્વરૂપનો વિચાર કરવો તે વિવેક છે. તું વિવેકથી ગ્રહણ કરવા યોગ્ય ચૈતન્ય સ્વરૂપને ગ્રહણ કર, છોડવા યોગ્ય ને છોડ. (૧૬૮, શ્લોક-૭૨-૭૩)

(૧) વિવેક એટલે યથાર્થ સમજણ, કે જે મોક્ષ માર્ગ માટે ઉપયોગી છે. જેમકે નવ તત્વનું પરિજ્ઞાન જ ઉપયોગી છે – બીજી વિદ્યાઓ (જાણો કે ન જાણો) ઉપયોગી નથી.

(૨) વિવેક એટલે સ્વ-પર નો વિચાર કરવો, વિવેચન કરવું અને નિર્ણય કરવો, જેથી ઉપાદેયને ગ્રહણ કરાય અને હેયને છોડાય.

૫૦. જે ચૈતન્ય છે તે જ હું છું. તે જ ચૈતન્ય જાણે છે અને દેખે છે. હું સ્વભાવથી તેની સાથે એકતા પામ્યો છું. (૧૬૯, શ્લોક-૭૬)

૫૧. આત્મા ભિન્ન છે, તેને અનુસરનાર કર્મ મારાથી ભિન્ન છે. આ બંનેના સંબંધ થી જે વિકાર ભાવ ઉત્પન્ન થાય છે તે પણ ભિન્ન છે. (૧૭૦, શ્લોક-૭૯)

૫૨. જે ભવ્ય જીવ આત્મ તત્વનો વારંવાર અભ્યાસ કરે છે, તે અનંત સુખ સ્વરૂપ મોક્ષ ને પ્રાપ્ત કરે છે. (૧૭૦, શ્લોક-૮૦)

# અધિકાર–૬ ઉપાસક સંસ્કાર

૫૩. જો ગૃહસ્થને ધર્મ છે, ભલે દેશે – તો પણ જ્યાં ધર્મ છે ત્યાં સમય છે, આનંદ છે, યથાર્થ જ્ઞાન, દર્શન અને અંશે ચારિત્ર છે જ. તો પછી સાતમાં ગુણ સ્થાને જ શુદ્ધ ઉપયોગ કહેનાર યથાર્થ નથી કહેતા.

૫૪. પંચમ કાળમાં મુનિઓ નો નિવાસ જિનાલયોમાં થઇ રહ્યો છે, તેમના નિમિત્તે ધર્મની પ્રવૃત્તિ હોય છે. (૧૭૬, શ્લોક-૬)

૫૫. જિન પૂજા, ગુરુ સેવા, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન આ છ કાર્ય શ્રાવકે પ્રતિદિન કરવા યોગ્ય છે. (૧૭૬, શ્લોક-૭)

૫૬. જુગાર, માંસ, મદ્ય, વેશ્યા, શિકાર, ચોરી અને પર સ્ત્રી આ સાત વ્યસન મહા પાપ સ્વરૂપ છે. તેમનો ત્યાગ જ હોય. (૧૭૭, શ્લોક-૧૦)

૫૭. જે જીવ ભક્તિથી જીનેન્દ્ર દર્શન, પૂજન અને સ્તુતિ નથી કરતો તેનું જીવન નિષ્ફળ છે. (૧૭૮, શ્લોક-૧૫)

૫૮. માંસ, મદ્ય, મધ અને પાંચ ઉદુમ્બર ફળ (ઉમરડો, કઠુમર, પાકર, વડના ટેટા અને પીપળાના ટેટા) નો ત્યાગ કરવો જોઈએ. સમ્યગ્દર્શન સાથે આ આઠ શ્રાવકના મૂળ ગુણ કહેવાય છે. જો તે હોય તો જ ઉત્તર ગુણો - પાંચ અણુવ્રત, ત્રણ ગુણ વ્રત અને ચાર શિક્ષા વ્રત ટકી શકે. (૧૮૦, શ્લોક-૨૩)

૫૯. શ્રાવકને અગિયાર પ્રતિમા (પડીમા-પ્રતિજ્ઞા) હોય છે.

૬૦. નિરંતર બાર ભાવનાનું ચિંતવન કરવું. તે કર્મ ક્ષય નું કારણ થાય છે. અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આશ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિ દુર્લભ અને ધર્મ ભાવના જીનેન્દ્ર કથિત છે. (૧૮૭, શ્લોક-૪૨ થી ૪૪)

૬૧. શ્રાવકોએ શક્તિ અનુસાર દશ ધર્મનું સેવન કરવું જોઈએ. (૧૯૧, શ્લોક-૫૯)

## અધિકાર-૭ દેશ વ્રત ઉદ્યોતન

૬૨. સમ્યગ્દર્શનના રક્ષણ માટે શું કરવું?

મનુષ્ય ભવ અને નિર્મળ સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી મોક્ષ દાયક તપનું આચરણ (એટલે મુનિનું ચારિત્ર અંગીકાર) કરવું જોઈએ, તે ન કરી શકાય તો શ્રાવકના છ આવશ્યક ક્રિયાને યોગ્ય વ્રતનું પરિપાલન તો કરવું જ જોઈએ. આઠ મૂળ ગુણ, બાર વ્રત, રાત્રિ ભોજન ત્યાગ, મૌન વ્રત આદિ આચરણ પૂણ્યનું કારણ છે તે બધું હોવું જોઈએ. (૧૯૪, શ્લોક-૫ તથા ૬)

૬૩. જે ધન પાત્ર જીવના ઉપયોગમાં આવે છે તેને જ બુદ્ધિમાન મનુષ્ય શ્રેષ્ઠ માને છે. તથા જે ધન ભોગના નિમિત્તે વપરાય છે તે નષ્ટ થાય છે. (૨૦૦, શ્લોક-૧૫)

૬૪. જે મનુષ્ય જિનેન્દ્રદેવનું દર્શન, સ્મરણ, સ્તુતિ કરતો નથી, મુનિને ઉત્તમ દાન દેતો નથી તેનું ગૃહસ્થાશ્રમ પદ પથ્થરની નાવ સમાન છે. (૨૦૧, શ્લોક-૧૮)

૬૫. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થમાં મોક્ષ નો પુરુષાર્થ જ બાધા

રહિત, સુખ યુક્ત અને સ્થિર રહે છે, બાકીના વિપરીત છે. (૨૦૪, શ્લોક-૨૫)

## અધિકાર-૮ સિદ્ધ સ્તુતિ

૬૬. અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, અમૂર્તત્વ, અગુરુલઘુત્વ, અવગાહનત્વ, અવ્યાબાધત્વ સિદ્ધને હોય છે. (૨૦૮, શ્લોક-૬)

૬૭. સિદ્ધ પ્રભુનું આરાધન કરી યોગી સિદ્ધ થાય છે. (૨૧૧, શ્લોક-૧૨)

૬૮. સ્યાત્ શબ્દામૃત ગર્ભિત આગમ સમુદ્રમાં સ્નાન કરવાથી જેની બુદ્ધિ નિર્મળ થઇ છે તે જ સિદ્ધ આત્માનું રહસ્ય જાણી શકે છે, તેને જ સંસાર અવસ્થામાં સંસારી અને સિદ્ધ પદનો ભેદ વિદ્યમાન રહે છે. તેને જ સિદ્ધ પદ ઉપાદેય છે. આ સિદ્ધ સ્વરૂપ મુમુક્ષુ ના હૃદયમાં (મનમાં) નિરંતર છે. આગમરૂપી નેત્રથી છ દ્રવ્યો ને જોઇને તેમાંથી નિર્મળ આત્મ તત્વને ગ્રહણ કરે છે તે જ મુક્તિનું બીજ છે. (૨૧૨ થી ૨૧૪, શ્લોક ૧૪-૧૫-૧૬)

૬૯. જેની બુદ્ધિ હેય અને ઉપાદેય તત્વના જ્ઞાનથી પરિપૂર્ણ છે તે જીવ માસ તુસ નો ભેદ કરનાર મુનિની માફક સ્વ-પરના વિવેકથી જ સંસારથી મુક્ત થઇ જાય છે. (૨૧૪, શ્લોક-૧૭)

૭૦. સિદ્ધોની ગતિ છે તે જ ઉત્તમ ગતિ છે. જે કાંઇ સિદ્ધોનું છે તે જ મને પ્રિય છે, બીજું કાંઇ નહિ. તે સિદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે સિદ્ધોને મારા હૃદય કમળમાં –

મનમાં નિરંતર ધારણ કર્યા છે. (૨૧૮, શ્લોક-૨૮)

## અધિકાર-૯ આલોચના

૭૧. સમયસાર ગાથા-૧ ની ટીકામાં સિદ્ધોની સ્થાપના કરી છે. હું આપને ઉત્કૃષ્ટ જિન પ્રભુ માનું છું, આપને જ નમસ્કાર કરું છું, ચિત્તમાં ધારું છું, સેવા કરું છું, સ્તુતિ કરું છું, આપનું સરણ ગ્રહું છું, આપના સિવાય મને કોઈ સાથે પ્રયોજન નથી. (૨૨૧, શ્લોક-૬)

૭૨. સંસારી સર્વ પ્રાણી અસંખ્યાત લોક પ્રમાણ સ્પષ્ટ - અસ્પષ્ટ વિકલ્પોથી સંયુક્ત છે, તેથી તેટલા જ દોષોથી સંયુક્ત છે. આટલા દોષો નું પ્રાયશ્ચિત આગમ પ્રમાણે કેવી રીતે લઇ શકાય? પરંતુ તે દોષોની શુદ્ધિ પ્રભુ આપની નિકટતા કે આરાધના થી થાય છે. (૨૨૩, શ્લોક-૧૦)

૭૩. હું તો દોષ અનંતનું ભાજન છું. (દોષનું કારણ મોહ છે) જેનો મોહ નષ્ટ થયો છે તેનું મન સ્થિર થાય છે. મન ચંચળ છે, તેની ચંચળતા જવી તે જ તેનું મૃત્યુ છે. જે ચિત્ત નિર્મળ ભગવાનને પ્રાપ્ત કરે છે તેનું (તેના મનનું) મૃત્યુ થાય છે. (૨૨૫, શ્લોક-૧૬)

૭૪. આધિ, વ્યાધી, જન્મ-મૃત્યુ શરીર સાથે સંબંધિત છે, તે મારું શું અહિત કરી

શકે? અનેક આકારો અને વિકારોવાળા વાદળા આકાશને શું કરી શકે? (૨૨૮, શ્લોક-૨૧)

૭૫. હે આત્મન ! તારે લોકથી, આશ્રયથી, દ્રવ્યથી, શરીરથી, વચનોથી, ઇન્દ્રિયોથી, પ્રાણોથી અને વિકલ્પોથી શું પ્રયોજન છે? તે બધા પુદ્ગલ પર્યાયો તારાથી ભિન્ન છે.

૭૬. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ મારું કાંઇ અહિત કરતા નથી, પરંતુ કર્મ અને નોકર્મ રૂપે પરિણમેલ પુદ્ગલ મારું સાંનિધ્ય પામીને બંધનું કારણ થાય છે તેથી મેં તેને વિવેકરૂપ તલવારથી ખંડિત કર્યું છે. (૨૨૯, શ્લોક-૨૪-૨૫)

૭૭. હૃદયમાં આવો સ્થિર વિચાર કરી શુદ્ધિ માટે અધ્યાત્મરૂપ અદ્વૈત ત્રાજવામાં એક તરફ ચડે છે ત્યાં જ બીજી તરફથી તેને દોષિત કરવા કર્મરૂપશત્રુ બળપૂર્વક ચડે છે. આ વિષયમાં એક આપ જ સાક્ષી છો. (૨૩૦, શ્લોક-૨૮)

## અધિકાર-૧૦ સદ્ બોધ ચંદ્રોદય

૭૮. આત્મા કેવો છે ? આત્માનું સ્વરૂપ કેવું છે ?

(૧) નિત્ય – અનિત્ય, સત્ – અસત્, એક – અનેક, સ્થૂળ – સૂક્ષ્મ, કર્તા – અકર્તા, ભોક્તા – અભોક્તા, પરિપૂર્ણ – શૂન્ય આદિ સ્વરૂપ છે.

(૨) આનંદમય (આનંદ સ્વરૂપ), જ્ઞાન સ્વરૂપ, સમતા સ્વરૂપ, અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય સ્વરૂપ છે. (૨૩૪, શ્લોક-૨)

(૩) અવિનશ્વર, દૈદીપ્યમાન, સર્વ પ્રકાશક છે. (૨૩૬, શ્લોક-૫)

(૪) મનથી અગોચર છતાં સ્વાનુભવ નો વિષય છે. (૨૩૬, શ્લોક-૭)

(૫) પોતામાં જ સ્થિત છે, બહાર શોધવું વ્યર્થ છે. (૨૩૭, શ્લોક-૯)

(૬) રાગ-દ્વેષ, બંધ, કર્મ થી રહિત છે. વિકલ્પથી રહિત છે. શુદ્ધ છું કે અશુદ્ધ છું એવા વિકલ્પથી પણ રહિત છે.

(૭) જન્મ – મરણ તથા રોગ થી રહિત છે.

(૮) કષાય રૂપી વાયુથી સ્પર્શાયેલ નથી.

૭૯. પરમાત્મામાં સ્થિત થયેલું મન નિશ્ચયથી મરણ પામે છે, તેથી પરમાત્માને છોડી મન બાહ્ય પદાર્થોમાં વિચારે છે. (૨૩૬, શ્લોક-૮)

૮૦. ઇન્દ્રિય-મન-શ્વાસોશ્વાસ નષ્ટ થઇ ગયા પછી જે નિર્મળ આત્માનું ઉત્કૃષ્ટ સ્વરૂપ પ્રતિભાસિત થાય છે તે સંસારનો નાશ કરે છે. (૨૩૯, શ્લોક-૧૭)

૮૧. અતિશય વિશુદ્ધ પરમાત્મ તત્વ ની જે ભાવના છે, તે અતિશય નિર્મળ મોક્ષપદ નું કારણ છે. (૨૪૦, શ્લોક-૨૦) આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળ જ્ઞાન રે (શ્રીમદ્ રાજચંદ્ર)

૮૨. મુનિને મન-વચન-કાય ગુપ્તિ હોય છે, એટલે મુનિ મન-વચન-કાયા ની પ્રવૃત્તિથી ભિન્ન છે. [ તેને તે દ્રષ્ટા ભાવે જુએ છે. (હ)] (૨૪૪, શ્લોક-૩૨)

૮૩. આગમ અભ્યાસ શા માટે? આત્મ તત્વના પરિજ્ઞાન માટે. (૨૪૫, શ્લોક-૩૬)

૮૪. હેય – ઉપાદેય જાણી જે ઉપાદેય ઉપર વિશેષ લક્ષ આપે છે તે [અસ્તિ ના જોરે (હ) ] સ્વરૂપને પામે છે. (૨૪૬, શ્લોક-૩૯)

૮૫. અજ્ઞાનીને કર્મ અનુસાર અનેક અવસ્થા છે, તેમના તે વિકારો જોઈ યોગી ક્ષોભ પામતા નથી. (૨૪૭, શ્લોક-૪૫)

## અધિકાર-૧૧ નિશ્ચયપંચાશત્

૮૬. વિષયભોગોથી ઉત્પન સુખ સાધુઓને દુઃખરૂપ લાગે છે. (૨૪૯, શ્લોક-૫)

૮૭. વ્યવહારનય અજ્ઞાની ના બોધ માટે છે, નિશ્ચયનય કર્મ ક્ષય માટે છે.

૮૮. આત્માને નિશ્ચય નયે સમ્યગ્દર્શન છે. (૨૫૦, શ્લોક-૮-૯)

૮૯. સજ્જન મનુષ્ય વ્યવહારનય નો આશ્રય લઇ મુખ્ય અને ઉપચાર ભૂત કથન જાણીને શુદ્ધ સ્વરૂપનો આશ્રય લે છે તેથી તે વ્યવહાર ગ્રાહ્ય છે – પૂજ્ય છે. (૨૫૨, શ્લોક-૧૧)

૯૦. જીવ શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ આત્માનું ધ્યાન કરતો શુદ્ધ જ આત્માને પામે છે, અશુદ્ધ આત્માનો વિચાર કરતો અશુદ્ધ આત્માને પામે છે. (૨૫૪, શ્લોક-૧૮)

૯૧. ભૂખ, તરસ, રોગ શરીરને પીડા કરે છે, મને નહિ, કારણ કે સ્વભાવે હું બધાથી

રહિત છું. (૨૫૬, શ્લોક-૨૪) વિકાર, વિકલ્પો મારાથી ભિન્ન છે. કર્મથી ઉત્પન શરીર અને વચનોનો વિકલ્પ [શરીર અને વચનની ક્રિયા (હ)] મારાથી ભિન્ન છે. [મન-વચન-કાયા ના યોગો કર્મ કૃત હોઈ મારાથી ભિન્ન છે. સુખ દુઃખ કર્મની ઊપજ છે તે મારાથી ભિન્ન છે. (હ)]

૯૨. ક્રોધાદિ વિકારો દ્વારા મલીન થયેલ આત્મા સ્વ-પર ભેદજ્ઞાન દ્વારા નિશ્ચયથી નિર્મળ થાય છે તેથી વિવેકીને કર્મ કૃત મલિનતા નો ભય રહેતો નથી. (૨૫૫, શ્લોક-૨૧)

૯૩. ક્રોધાદિ વિકારો ખરેખર આત્માના નથી, જેમ લાલ ફૂલથી થયેલ લાલીમા ખરેખર સ્ફટિકમણિની નથી. (૨૫૬, શ્લોક-૨૫)

૯૪. જેવી રીતે કર્મ આત્માનું સ્વરૂપ નથી તેવી રીતે તેના કાર્યભૂત વિકલ્પો પણ આત્માનું સ્વરૂપ નથી. (૨૫૭, શ્લોક-૨૯)

૯૫. મારામાં જે ચિત્ત (મન) છે તે પરથી ઉત્પન્ન થયેલ છે. વિકારનું કારણ છે તેવા કર્મથી ઉત્પન થયું છે, તેની સાથે મારે કોઈ સંબંધ નથી. (૨૫૯, શ્લોક-૩૪)

૯૬. આત્મ તત્વનું પરિજ્ઞાન આગમથી થાય છે. આગમના વિચારમાં મન કારણ છે, આમ આત્મ તત્વના વિચારમાં મન કારણ છે છતાં નિશ્ચયનયથી અનુભવ દ્વારા જ આત્મ દ્રવ્ય ગમ્ય છે, મન દ્વારા નહિ. (૨૬૨, શ્લોક-૪૪)

૯૭. "હું એકલો છું" આ પ્રકારની બુદ્ધિથી અદ્વૈત અને "હું કર્મ સંયુક્ત છું" તેવી

બુદ્ધિથી દ્વૈત ઉત્પન્ન થાય છે. આ બે માંથી પ્રથમ વિકલ્પ મુક્તિનું કારણ છે, [શુદ્ધ નય પક્ષને મુક્તિનું કારણ કહ્યું છે. (હ)] અને દ્વિતીય વિકલ્પ કેવળ સંસારનું કારણ છે. (૨૬૨, શ્લોક-૪૫)

૯૮. "હું બદ્ધ છું અથવા મુક્ત છું" એવા વિકલ્પ થી દ્વૈત ઉત્પન્ન થાય છે, તેથી યોગી બંને વિકલ્પ રહિત થઇ મુક્ત થઇ જાય છે. [અહીં નયાતિક્રાંત થવાનું કહે છે. (હ)] (૨૬૨, શ્લોક-૪૬)

૯૯. નિશ્ચયથી હું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું (શુદ્ધ ચૈતન્ય પદાર્થ છું), તેના સિવાય કોઈ પદાર્થ મારો હતો નહિ, વર્તમાનમાં છે નહિ અને ભવિષ્યમાં થશે નહિ. આ પ્રકારની અદ્વૈતની ભાવનાથી મન દ્રઢતા પામે છે ત્યારે પરમાનંદ રૂપ પદ પ્રાપ્ત થાય છે. (૨૬૩, શ્લોક-૪૭)

૧૦૦. જ્યાં સુધી ચૈતન્ય સ્વરૂપની ઉપલબ્ધિ નથી થતી ત્યાં સુધી જ બુદ્ધિ આગમના અભ્યાસમાં પ્રવૃત થાય છે. જયારે ઉપલબ્ધિ થાય છે ત્યારે આગમથી ખસી ચૈતન્યમાં લીન થાય છે. (૨૬૪, શ્લોક-૫૦)

૧૦૧. મારે જ્ઞાન સિવાય બીજું કાંઈ પણ કાર્ય નથી. બીજું જે કાંઈ દેખાય છે તે કર્મમળ થી દેખાય છે. [ તે પ્રકૃતિનો વિલાસ છે. (હ)] (૨૬૬, શ્લોક-૬૦) "જેમ નિર્મળતા સ્ફટિક તણી, તેમ જીવ સ્વભાવ રે" (શ્રીમદ્ રાજચંદ્રજી)

ॐ

# અધિકાર-૧૨ બ્રહ્મચર્યરક્ષાવર્તિ

૧૦૨. કામદેવરૂપી સુભટને જે શાંત મુનિઓએ શસ્ત્ર વિના જ સહેલાઇથી જીતી લીધો છે તે મુનિઓને નમસ્કાર હો. (૨૬૮, શ્લોક-૧)

૧૦૩. બ્રહ્મ એટલે નિર્મળ જ્ઞાન સ્વરૂપ આત્મા, તેમાં લીન થવું તે બ્રહ્મચર્ય છે. જે મુનિનું મન શરીર સંબંધે મમત્વ રહિત થયું છે તેને જ બ્રહ્મચર્ય હોય છે. તે ઇન્દ્રિય વિજયી થઇ સ્ત્રીને પુત્રી, બહેન કે માતા માને છે. (૨૬૮, શ્લોક-૨)

વિશેષાર્થ: વ્યવહાર અને નિશ્ચયની અપેક્ષાએ બ્રહ્મચર્યના બે ભેદ કરી શકાય છે. મૈથુન ક્રિયાના ત્યાગને વ્યવહાર બ્રહ્મચર્ય કહેવાય છે, તે અણુવ્રત અને મહાવ્રતના ભેદથી બે પ્રકારનું છે.

૧૦૪. મૂળ ગુણોનું તથા શક્તિ અનુસાર ઉત્પન્ન થતાં શેષ (ઉત્તર) ગુણોનું વિધિ પૂર્વક રક્ષણ કરવું, એ જ્ઞાની મુનિનો બાહ્ય મનોસંયમ છે, આનાથી (આના નિમિત્તે) અંતરંગ સંયમ ઉત્પન્ન થાય છે જે ચૈતન્ય અને ચિત્તના એકરૂપ થઇ જવાથી શાશ્વત સુખ ઉત્પન્ન કરે છે. (૨૭૦, શ્લોક-૫)

૧૦૫. જેમની બુદ્ધિ સંસાર પરિભ્રમણ થી ભય પામી છે તથા જે તપનું અનુષ્ઠાન કરે છે તે સંયમી મનુષ્યોએ સમસ્ત સ્ત્રી ના ત્યાગનો પ્રયત્ન કરવો જોઈએ. મદ્યપાનની જેમ સ્ત્રી સંગ પણ ચિત્તને ભ્રાંતિ યુક્ત કરે છે. (૨૭૦, શ્લોક-૬)

## અધિકાર-૧૩ ઋષભસ્તોત્ર

૧૦૬. હે ઋષભદેવ પ્રભુ ! પુણ્યવાન જ આપના દર્શન, સ્તુતિ, જપ અને ધ્યાન કરે છે. બાહ્ય ચક્ષુ થી પણ આપના દર્શન થતાં મહાન હર્ષ થાય છે તો અંતર ચક્ષુથી દર્શન થતાં તો શું કહેવું!! (૨૭૮, શ્લોક-૨-૩)

૧૦૭. દેવોના નેત્ર પલકારા વિનાના હોય છે. ઇન્દ્રાદિ દેવો ઘણો સમય સુધી એકીટશે પ્રભુના દર્શન કરે છે. (૨૮૦, શ્લોક-૯)

૧૦૮. હે જીનેન્દ્ર ! તમે જ મોક્ષ માર્ગ છો. તમે જ સર્વ પ્રાણીઓને શરણભૂત છો. જન્મ, જરા, મરણ ને નષ્ટ કરનાર છો. (૨૯૪, શ્લોક-૫૨)

૧૦૯. હે જીનેન્દ્ર ! હેય – ઉપાદેય નું નિરૂપણ કરનાર સર્વ શાસ્ત્રનો સાર આપ પરમાત્મા જ છો. (૨૯૫, શ્લોક-૫૫)

## અધિકાર-૧૪ જિનવર સ્તવન

૧૧૦. હે જીનેન્દ્ર દેવ ! આપના દર્શન થતાં મન અને શરીર શાંત થઇ ગયા છે. મારું અંતઃકરણ ઉત્કૃષ્ટ આનંદથી પરિપૂર્ણ થઇ ગયું છે. (૨૯૭, શ્લોક-૧-૩)

૧૧૧. આપના દર્શન થતાં જેની દ્રષ્ટિ હર્ષ પામતી નથી તેની સંસાર પરંપરા ચાલુ

જ રહે છે. આપના દર્શન થયા પછી ય મારું હૃદય બીજા મહાન કાર્યથી વ્યાકુળ થાય છે તો તે કર્મનો દોષ છે. (૨૯૯, શ્લોક-૮-૯)

૧૧૨. જીનેન્દ્રનું દર્શન કરતાં જે કાંઇ થાય છે તે કેવળ સ્વાનુભવનો વિષય છે, વચનનો વિષય નથી. (૩૦૧, શ્લોક-૧૮) અહીં અંતર દ્રષ્ટિથી દર્શનની વાત છે. સ્વરૂપ દર્શન તે જ જિન દર્શન છે.

## અધિકાર-૧૫ શ્રુત દેવતા સ્તુતિ

૧૧૩. હે સરસ્વતી ! તમે જ સર્વજ્ઞ ના જ્ઞાનનું કારણ છો. તમારી કૃપા વિના ચીર કાળ સુધી આગમનો અભ્યાસ કરે તો પણ તત્વનો નિર્ણય થઇ શકતો નથી. (૩૦૯, શ્લોક-૮-૯-૧૧)

૧૧૪. જીનેન્દ્ર ભગવાનની દિવ્ય ધ્વનિ ખરે છે એ જ વાસ્તવમાં સરસ્વતીની સર્વોત્કૃષ્ટતા છે. એને જ ગણધર દેવ બાર અંગોમાં ગૂંથે છે. (૩૧૧, શ્લોક-૧૪)

૧૧૫. હે ભારતી ! વિવેકરૂપી વજ્ર દ્વારા કર્મરૂપ પર્વત નષ્ટ થાય છે તે વિવેકરૂપી વજ્ર તમારું શ્રુતમય શરીર છે. (૩૧૫, શ્લોક-૨૭)

૧૧૬. દ્રવ્યશ્રુતના અભ્યાસથી અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ થઇ સ્વસંવેદન રૂપ તેજ પ્રગટ થઇ અપૂર્વ એવું કેવલજ્ઞાન પ્રગટ થાય છે. (૩૧૫, શ્લોક-૨૮)

૧૧૭. ભાવશ્રુત છે તે નિશ્ચય સરસ્વતી છે.

# અધિકાર ૧ થી ૨૬ ના શેષ વચનામૃત

૧. છઠ્ઠા સાતમાં ગુણસ્થાને સ્થિત મુનિનું મન પણ બહાર જાય છે - બહારના વિકલ્પ કરે, પૂર્વની સ્મૃતિ થાય છે, જોકે જ્ઞાની તેમાં એકત્વ કરતા નથી, છતાં તે વિકલ્પ સિદ્ધિને રોકે છે. (અધિકાર-૯)

૨. હે પરમાત્મા ! આપને પૂજા આદિનું કંઇ પ્રયોજન નથી, પણ મનુષ્ય પોતાના કલ્યાણ માટે આપની પૂજા કરે છે. (અધિકાર-૨૧)

૩. હે દેવ ! જે મનુષ્ય ભક્તિ યુક્ત થઇ આપના નામને પણ સ્મૃતિનો વિષય અથવા વચનનો વિષય બનાવે છે – મનથી આપના નામનું ચિંતન તથા વચનથી કેવળ ઉચ્ચારણ જ કરે છે – તેના સર્વ પ્રયોજન સિદ્ધ થાય છે. (અધિકાર-૨૧)

૪. વૃદ્ધા અવસ્થાથી કાંતિ નષ્ટ થાય, ઇન્દ્રિયો શિથિલ થાય, દુઃખ થાય, વિનાશ થાય તો થાવ, પણ મારી જિનેન્દ્ર ના વિષયમાં ભક્તિ બની રહો. (અધિકાર-૨૧)

૫. હે પ્રભુ ! આપની કૃપાથી મારી દુષ્ટ વૃત્તિઓ નાશ પામો અને રત્નત્રય ની પ્રાપ્તિ થાવ. હું આપના ચરણ યુગલનું શરણ પામી ચૂક્યો છું તેથી ધન્ય છું, પૂણ્યનું સ્થાન છું, આકુળતા રહિત શાંત છું, જ્ઞાતા છું. (અધિકાર-૨૧)

૬. સંસાર સંબંધી કોઈ પણ વસ્તુ રમણીય નથી તેનો અમને ગુરુના ઉપદેશથી નિશ્ચય થયો છે. (અધિકાર-૨૨)

૭. મોહના ઉદયરૂપ વિષ મિશ્રિત સ્વર્ગનું સુખ નશ્વર છે તો બીજા તુચ્છ સુખ ના

સંબંધમાં તો શું કહેવું ? તે અત્યંત વિનશ્વર અને હેય છે તેથી હું એવા સંસાર સુખ ચાહતો નથી. (અધિકાર-૨૨)

## શબ્દાર્થ

ધ્યાન – ચિત્તને એક જ પદાર્થમાં જોડવું, નિયમન કરવું. (૨)

શુદ્ધોપયોગ – સ્વરૂપ અનુસંધાન અને શુદ્ધ પરિણામ. (હ)

વ્યસન – ખરાબ ટેવ. (૧૦) સન્માર્ગ થી ભ્રષ્ટ કરે તે પ્રવૃતિઓ. (૨૨) દુ:ખ, જે દુ:ખ વ્યસ્ત છે.

સંસ્કાર - વાસના (૬)

અભ્યાસ – પરિશીલન (૮) ઊંડું ચિંતન [દરેક પડખેથી વસ્તુને જાણવી તે અભ્યાસ. (હ) ]

૧૧ પ્રતિમા – ૧૧ શ્રેણીઓ (૮)

નિર્વેદ – વિરક્તતા (૧૨)

વ્યુત્સર્ગ તપ – અહંકાર મમકારનો ત્યાગ. (૫૧)

ચારિત્ર – કર્મ આશ્રવથી રહિત થવું. (૪૦)

દ્રષ્ટિ – સમ્યગ્દર્શન [સમ્યક્ શ્રદ્ધા (હ) ] (૪૪)

વ્યવહાર રત્નત્રયી – બાહ્ય રત્નત્રયી (૪૪)

લીલા – ચેષ્ટા, ક્રિયા (૧૨૭)

જાળ – સમુહ (૧૩૪)

જટિલ – સંપૂર્ણ (૧૩૪)

વિધિ – નસીબ

બોધ - સમ્યગ્જ્ઞાન (૧૫૨)

દગ – દ્રષ્ટિ, શ્રદ્ધાન (૧૫૩)

દર્શનમ - આત્મ સ્વરૂપનો નિશ્ચય (૧૫૪)

દર્શન-જ્ઞાન-ચારિત્ર – ચૈતન્ય સ્વરૂપ જ છે.

સામ્ય – સ્વાસ્થ્ય, સમાધિ-યોગ- ચિત નિરોધ, શુદ્ધોપયોગ (૧૨૬)

વિવેક – ચેતન અને અચેતન બંને ભિન્ન તત્વો છે તેમના ભિન્ન સ્વરૂપનો વિચાર કરવો તે વિવેક.

કેવળ - શુદ્ધ (૧૫૪) શુદ્ધ નિશ્ચયનય માટે કેવળ શબ્દનો ઉપયોગ કર્યો છે.

ગહન – દુરધિગમ્ય (૧૬૫)

ધર્મ અન્વેષણ – ધર્મ શોધ (૧૭૩)

બોધિ – સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ની પ્રાપ્તિ (૧૮૯)

અનર્થ દંડ – પાપોદેશ, હિંસા દાન, અપધ્યાન, દુ:શ્રુતિ, પ્રમાદ ચર્યા (૧૯૩)

માનસમાં – હૃદયમાં, મનમાં (હ) (૨૧૩)

શુદ્ધ બોધાત્મક - શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ (૨૨૨)

આધિ – માનસિક કષ્ટ (૨૨૬)

વ્યાધિ – શારીરિક કષ્ટ (૨૨૬)

ઉપાધિ – એકાએક આવી પડેલ કષ્ટ અકસ્માત આદિથી, કોઈ સ્વજનના મૃત્યુથી.

ભેદ અસિ – વિવેકરૂપ તલવાર (૨૨૭)

ઔષધી બત્તિ – ઔષધમાં પલાળેલ રૂની વાટ, અંજનશલાકા, (આંખમાં દવા નાખવા વાપરી શકાય) (૨૭૨)

અવિવેક – મોહ કર્મ જનિત ( મોહવશ હિત અહિત નો ખ્યાલ ન આવવો)

વિવેક – પરમાર્થે ચેતન અચેતન અને હિત અહિત નો ખ્યાલ રહેવો.

સેવા – ભક્તિ (૩૩૮)

આરાધ્ય – પૂજ્ય, પૂજનીય (૩૪૫)

# ડૉ. હરીભાઇ ની શાસ્ત્ર નોંધ માંથી

## સર્વાર્થ સિદ્ધિ

આ સંકલન શ્રીમદ્ ભગવંત પૂજ્યપાદ સ્વામી રચિત 'સર્વાર્થ સિદ્ધિ' શાસ્ત્ર ના પોતાના વારંવાર ના અધ્યન અને ચિંતવન ઉપર આધારિત છે. પાનાં નંબર 'સર્વાર્થ સિદ્ધિ' શાસ્ત્ર ની દ્વિતીય આવૃત્તિ પ્રમાણે છે.

શ્રીમદ્ આચાર્ય ભગવંત ઉમાસ્વામીજી રચિત મહાન ગ્રંથ 'તત્વાર્થ સૂત્ર' કે જે જૈનના ચારે ફીરકા ને માન્ય છે, તેની ઉપર અનેક ટીકા ગ્રંથો ની રચના આચાર્ય ભગવંતો એ કરી છે તે પૈકી 'સર્વાર્થ સિદ્ધિ' સૌથી પ્રાચીન અને શ્રેષ્ઠ ટીકા ગ્રંથ છે.

# અનુક્રમણિકા


| વિષય | પાનાં નંબર |
|---|---|
| ૧. આગમાર્થ | ૨૩૬ |
| ૨. વચનામૃત ૧ થી ૩ | ૨૩૭ |
| ૩. વચનામૃત ૪ અને ૫ | ૨૩૮ |
| ૪. વચનામૃત ૬ થી ૯ | ૨૩૯ |
| ૫. વચનામૃત ૧૦ થી ૧૬ | ૨૪૦ |
| ૬. વચનામૃત ૧૭ થી ૧૯ | ૨૪૧ |
| ૭. વચનામૃત ૨૦ થી ૨૩ | ૨૪૨ |
| ૮. વચનામૃત ૨૪ થી ૨૭ | ૨૪૩ |
| ૯. વચનામૃત ૨૮ થી ૩૩ | ૨૪૪ |
| ૧૦. વચનામૃત ૩૪ અને ૩૫ | ૨૪૫ |
| ૧૧. વચનામૃત ૩૬ થી ૪૨ | ૨૪૬ |
| ૧૨. વચનામૃત ૪૩ થી ૪૮ | ૨૪૭ |
| ૧૩. શબ્દાર્થ | ૨૪૮ થી ૨૫૪ |

# ડૉ. હરીભાઇ ની સર્વાર્થ સિદ્ધિ ની નોંધ માંથી

## આગમાર્થ

દ્રષ્ટિ = દર્શન = દેખવું

૧. દર્શન શબ્દનો વ્યુત્પત્તિ લભ્ય અર્થ છે – पश्यति

दृश्यतेऽनेन द्रष्टिमात्रं वा दर्शनं  તેના ગુજરાતીમાં અર્થ આ પ્રમાણે છે –

पश्यति = જે દેખે છે, दृश्यतेऽनेन = જેના દ્વારા દેખાય, द्रष्टिमात्रं = દેખવું માત્ર

દર્શન એટલે દેખવું અને જ્ઞાન એટલે જાણવું. (૪)

૨. જ્ઞાન શબ્દનો વ્યુત્પત્તિ લભ્ય અર્થ છે – जानाति

ज्ञायतेऽनेन ज्ञातिमात्रं वा ज्ञानं  તેના ગુજરાતીમાં અર્થ આ પ્રમાણે છે –

ज्ञानं = જે જાણે છે, ज्ञायतेऽनेन = જેના દ્વારા જાણે છે, ज्ञातिमात्रं = જાણવું માત્ર

3. ચારિત્ર શબ્દનો વ્યુત્પત્તિ લભ્ય અર્થ છે – चरति

चर्यतेऽनेन चरणंमात्रं वा चारित्रं  તેના ગુજરાતીમાં અર્થ આ પ્રમાણે છે –

चारित्रं = જે આચરણ કરે છે, चर्यतेऽनेन = જેના દ્વારા આચરણ કરાય છે, चरणंमात्रं = માત્ર આચરણ કરવું (આચરણ માત્ર) (૫)

૪. તત્ત્વ = ભાવ, અર્થ = પદાર્થ (૬-૮) ભાવ દ્વારા ભાવવાળા પદાર્થનું કથન કરાય છે, કેમકે ભાવ ભાવવાળા પદાર્થથી અલગ પ્રાપ્ત થતો નથી, હોતો નથી.

# વચનામૃત

૧. સમ્યગ્દર્શન પોતે ન સરાગ છે કે ન વીતરાગ છે.[એ તો માત્ર શ્રદ્ધાગુણની વિશુદ્ધ પર્યાય છે. સરાગતા અથવા વીતરાગતા નો સંબંધ કષાયના સદ્ ભાવ કે અભાવ સાથે છે.] ૧૧મા તથા ૧૨મા ગુણસ્થાને વીતરાગ સમ્યગ્દર્શન ખરેખર છે. રાજવાર્તિકમાં ક્ષાયિક સમ્યગ્દર્શન ને વીતરાગ સમ્યગ્દર્શન કહ્યું છે, કેમકે તેના સદ્ ભાવ વિના ક્ષાયિક ચારિત્ર (૧૨મુ ગુણસ્થાન) પ્રાપ્ત થતું નથી. વળી ઉપશમ સમ્યગ્દર્શન વિના ઉપશમ ચારિત્ર (૧૧મા ગુણસ્થાન) ની પ્રાપ્તિ થતી નથી. તેથી અન્યત્ર (બીજા શાસ્ત્રોમાં) ઉપશમ સમ્યગ્દર્શન ને વીતરાગ સમ્યગ્દર્શન કહ્યું છે. [આ વાતનો સ્વીકાર કરતાં ક્ષયોપશમ - વેદક સમ્યગ્દર્શન હંમેશા સરાગ સમ્યગ્દર્શન જ છે (હ)] વેદક સમ્યગ્દર્શન તો સરાગ અવસ્થામાં જ મળે છે. વળી ક્ષાયિક સમ્યગ્દર્શન સરાગ અવસ્થામાં પણ હોઈ શકે છે, તેમ ઉપશમ સમ્યગ્દર્શન સરાગ અવસ્થામાં પણ હોઈ શકે છે. [કારણ કે તે વખતે ત્રણ કષાયનો ઉદય ચાલુ છે (હ)] (૮-૯)

૨. ચૈતન્યના પ્રકાર અનેક છે – દર્શન ચેતના, જ્ઞાન ચેતના. જ્ઞાન ચેતનાના મતિજ્ઞાન ચેતના, શ્રુતજ્ઞાન ચેતના આદિ ભેદ છે.

૩. સમતા રમતા ઊર્ધ્વતા – અજીવનું લક્ષણ જડતા છે. 'તનતા મનતા વચનતા જડતા જડ સમ્મેલ લઘુતા ગુરુતા ગમનતા એ અજીવ કે ખેલ, જ્ઞાયકતા સુખભાસ વેદકતા ચૈતન્યતા એ સબ જીવ વિલાસ'. વિલાસ=ખેલ=રમત (૧૧)

૪. દ્રવ્ય – (૧) જે ગુણ દ્વારા પ્રાપ્ત થયું હતું.

(૨) જે ગુણોને પ્રાપ્ત થયું છે.

(૩) જે ગુણો દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

(૪) જે ગુણોને પ્રાપ્ત કરશે.

ભાવ – વર્તમાન પર્યાયથી યુક્ત દ્રવ્યને ભાવ કહે છે. (૧૩)

૫. મતિ, અવધિ, મન:પર્યય અને કેવળ આ ચાર જ્ઞાન પ્રમાણ જ્ઞાન છે, તેમાં નય લાગુ પડતો નથી. વળી તે સ્વાર્થ એટલે તેનો જેવો અર્થ થાય તે પ્રમાણે જ્ઞાન કહેવાય, જેમકે મતિ તેને મતિજ્ઞાન કહેવાય એટલે કે પ્રત્યક્ષ જ્ઞાન છે. સ્વાર્થ = પ્રત્યક્ષ.

શ્રુતજ્ઞાન ના દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત એવા બે ભેદ છે. દ્રવ્યશ્રુત પરોક્ષ પ્રમાણ રૂપ છે અને ભાવશ્રુત પ્રત્યક્ષ પ્રમાણ રૂપ છે. દ્રવ્ય શ્રુત જ્ઞાનને ઉપચારથી શ્રુત જ્ઞાન કહ્યું છે. દ્રવ્યશ્રુત ઈન્દ્રિયનો વિષય છે, ભાવશ્રુત ઇન્દ્રિયાત્મક છે. [વળી શ્રુત જ્ઞાનમાં નય હોય છે તેથી] નય શ્રુતજ્ઞાન અને પ્રમાણ શ્રુતજ્ઞાન એવા બે ભેદ પણ પડે છે.

પ્રમાણ સામાન્ય જ્ઞાન છે અને નય વિશેષ જ્ઞાન છે, તેથી નય દ્વારા વસ્તુનો-પદાર્થનો વિશેષ નિશ્ચય (નિર્ણય) થઇ શકે છે. દા.ત. શરબત પીધું – તે તો સ્વાદ જાણ્યો – તે સામાન્ય જ્ઞાન થયું, પણ શરબત માં નાખેલી પ્રત્યેક વસ્તુનો ભિન્ન

ભિન્ન સ્વાદ લે તો વિશેષ જ્ઞાન થાય અને શરબતનું પણ વિશેષ જ્ઞાન થાય એટલે કે સૂક્ષ્મ જ્ઞાન થાય. (૧૫-૧૬)

૬. સમ્યગ્દર્શન – સ્વામી કોણ? – જીવ. અધિકરણ કોણ? – જીવ. ક્ષાયિક સમ્યગ્દર્શન ની જઘન્ય સ્થિતિ સંસારી જીવને અંતર્મૂહૂર્ત કહી છે ત્યાં એમ સમજવું કે અંતર્મૂહૂર્ત પછી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લેશે. (૧૬)

૭. <u>ક્ષાયિક</u> સમ્યગ્દર્શન કોને થાય? (૧) તિર્યંચને થાય , તિર્યંચિની ને ન થાય. (૨) મનુષ્ય ગતિમાં સ્ત્રી-પુરુષને થાય. (૩) દેવોમાં પણ ભવનપતિ, વ્યંતર તથા જ્યોતિષ દેવોની દેવાંગના ને તથા સૌધર્મ અને ઈશાન સ્વર્ગની દેવાંગના ને **<u>ક્ષાયિક</u>** સમ્યગ્દર્શન નથી થતું. [ક્ષયોપશમિક સમ્યગ્દર્શન થઇ શકે.] (૧૭)

૮. ઉપશમ સમ્યગ્દર્શન કે ઉપશમ ચારિત્ર નો જઘન્ય કાળ એક સમય તથા ઉત્કૃષ્ટ કાળ અંતર્મૂહૂર્ત છે. ચાર ઉપશમકો એટલે આઠ-નવ-દશ-અગિયાર ગુણસ્થાન નો કાળ પણ અંતર્મૂહૂર્ત હોય છે. (૪૦)

૯. મતિજ્ઞાન – (૧) ઇન્દ્રિયો અને મન દ્વારા – મનના નિમિત્તથી – જેનાથી પદાર્થો જાણી શકાય છે, તે મતિ જ્ઞાન માત્ર બાહ્ય નિમિત્ત થી થતું નથી. જો માત્ર બાહ્ય નિમિત્ત થી જ્ઞાન થાય તો કીડી, મંકોડા આદિને મનુષ્ય જેટલું જ્ઞાન થવું જોઈએ, પણ એમ થતું નથી. જ્ઞાન થવામાં જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ મુખ્ય નિમિત્ત છે. (૨) મનન કરે તે મતિજ્ઞાન [ઈહા મતિજ્ઞાન (હ)] (૩) મનન માત્ર મતિજ્ઞાન. મતિજ્ઞાનના પર્યાયવાચી નામ – સ્મૃતિ, સંજ્ઞા, મતિ, ચિંતા, અભિનિબોધ વિ. (૬૬)

૧૦. માર્ગનું સેવન કેવળજ્ઞાન માટે છે તેથી માર્ગને કેવળજ્ઞાન કહી દીધું છે.(૬૬)

૧૧. શ્રુતનો બે પ્રકારે અર્થ થાય (૧) સાંભળવું (૨)વિશેષ જ્ઞાન.(૮૩)

૧૨. અજ્ઞાનના સદભાવથી કારણ વિપરીતતા, સ્વરૂપ વિપરીતતા તથા ભેદાભેદ વિપરીતતા ઉત્પન્ન થાય છે. અન્ય દર્શનોની ભિન્ન ભિન્ન માન્યતા હોવાથી આ ત્રણ દોષ ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શન થતાં આ વિપરીતતા – દોષો દૂર થાય છે. સમ્યગ્દર્શન નું કાર્ય સાત તત્વોના જ્ઞાનમાં શ્રદ્ધા ઉત્પન્ન કરવાનું છે.(૯૭)

૧૩. નૈગમ નયને ઉપચાર નય કહ્યો છે, કેમકે તેની પ્રવૃત્તિ મુખ્યતાથી ઉપચાર રૂપ છે. તેને અર્થ નય પક્ષ કહ્યો છે. સંગ્રહનય, વ્યવહારનય તથા ઋજુસૂત્રનયને અર્થનય કહ્યા છે. શબ્દનય, સમભિરૂઢનય તથા એવંભૂતનયને શબ્દ નય કહ્યા છે. શબ્દની મુખ્યતાથી આ ભેદ છે. (૧૦૩)

૧૪. દ્રવ્ય આત્મ લાભ હેતુક પરિણામ – દ્રવ્યના સ્વરૂપની પ્રાપ્તિનું કારણ તે પારિણામિક ભાવ. ઔદયિક આદિ પાંચ ભાવમાં જીવનું સમગ્ર સ્વરૂપ આવી જાય છે – આનાથી બહાર ક્યાંય જીવ નથી.(૧૦૫)

૧૫. યોગ્યતા = ઉપાદાન. કાર્ય ઉપાદાનથી થાય છે – યોગ્યતાથી થાય છે – પણ સાથે ઉચિત નિમિત્ત હોય છે, તે વિના કાર્ય થતું નથી.(૧૦૬)

૧૬. જે પરિણમાવે છે તે પારિણામિક છે એટલે કે જેના નિમિત્તથી ઉત્પાદ વ્યય થાય છે તે પારિણામિક છે.(૧૧૩)

૧૭. ઉપયોગ એ જ્ઞાન અને દર્શન ની પ્રવૃત્તિ સ્વરૂપ છે, તેની નિરંતર પ્રવૃત્તિ ચાલે છે. (૧૧૬)

૧૮. બે ઇન્દ્રિય થી પાંચ ઇન્દ્રિય પ્રાણીઓને અપર્યાપ્ત અવસ્થામાં શ્વાસોશ્વાસ, મન અને વચનબળ – આ ત્રણ પ્રાણ હોય જ નહિ.

બે ઇન્દ્રિયને અપર્યાપ્ત અવસ્થામાં કાયબળ, આયુબળ, સ્પર્શ તથા રસના – આ ૪ પ્રાણ હોય છે. (પર્યાપ્તને ૬ પ્રાણ હોય)

ત્રણ ઇન્દ્રિયને  અપર્યાપ્ત અવસ્થામાં કાયબળ, આયુબળ, સ્પર્શ, રસ તથા ઘ્રાણ – આ ૫ પ્રાણ હોય છે. (પર્યાપ્તને ૭ પ્રાણ હોય)

ચાર ઇન્દ્રિયને અપર્યાપ્ત અવસ્થામાં કાયબળ, આયુબળ, સ્પર્શ, રસ, ઘ્રાણ તથા ચક્ષુ – આ ૬ પ્રાણ હોય છે. (પર્યાપ્તને ૮ પ્રાણ હોય)

પાંચ ઇન્દ્રિયને અપર્યાપ્ત અવસ્થામાં કાયબળ, આયુબળ, સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ તથા શ્રોત – આ ૭ પ્રાણ હોય છે. (પર્યાપ્તને ૯ પ્રાણ હોય) (૧૨૩) [સંજ્ઞી પર્યાપ્તને ૧૦ પ્રાણ હોય છે.]

૧૯. દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય :-

[અ] દ્રવ્યેન્દ્રિયની નિર્વૃતી એટલે રચના બે પ્રકારે છે. (૧) અભ્યંતર રચના જીવના પ્રદેશોની અને (૨) બાહ્ય રચના એટલે પૌદ્ગલિક રચના જીવના પ્રદેશના આકારે (પુદ્ગલથી થાય છે.)

[બ] ઉપકરણ – જે (દ્રવ્યેન્દ્રિયની) રચનાને ઉપકાર કરે તે ઉપકરણ. ચક્ષુઇન્દ્રિય માટે (૧) નેત્રનું કૃષ્ણ અને શુક્લ મંડળ તે અભ્યંતર ઉપકરણ. (૨) ભ્રમર, પાપણ વગેરે બાહ્ય ઉપકરણ. [ તે પ્રમાણે બધી ઇન્દ્રિયો માટે સમજી લેવું.]

ભાવેન્દ્રિય બે પ્રકારે હોય છે (૧) લબ્ધ રૂપ અને (૨) ઉપયોગ રૂપ. લબ્ધિ એટલે (વિશેષ) યોગ્યતા. ચાર જ્ઞાનની લબ્ધિ એકી સાથે હોઈ શકે છે પણ ઉપયોગ રૂપ એક જ્ઞાન થાય છે તે ક્ષયોપશમ જ્ઞાન. (ક્ષયોપશમ ની પર્યાય નહિ) (૧૨૫)

૨૦. શરીરની રચના-ઉત્પત્તિ ને જન્મ કહે છે. જે સ્થળે શરીરની રચના થાય તેને યોની કહે છે. જેની શરીર રચના ગર્ભમાં થાય તે ગર્ભજ. ગર્ભજ ના ત્રણ પ્રકાર છે, જર્યુજ, અંડજ અને પોત.(૧૩૪)

૨૧. જન્મના ત્રણ પ્રકાર – સંમૂર્છન, ગર્ભજ અને ઉપપાદ. યોનિના નવ પ્રકાર- સચિત, અચિત, શીત, ઉષ્ણ, સંવૃત, વિવૃત, સચિત્તાચિત, શીતોષ્ણ અને સંવૃતવિવૃત. તેના ભેદ ચોર્યાશી લાખ છે. (૧૩૫)

૨૨. દરેક સંસારી જીવને તેજસ તથા કાર્મણ્ય શરીર તો હોય જ અને તે બંને શરીર વિગ્રહ ગતિમાં પણ સાથે જ હોય. (૧૪૦) [આ ઉપરાંત ત્રીજું શરીર દેવ તથા નારકીને વિક્રીય શરીર અને મનુષ્ય તથા તીર્યંચ ને ઔદારિક શરીર હોય છે.]

૨૩. નરકની જમીનની અંદર કુવા જેવી પોલ ને નરક કહે છે, આ પોલમાં નારકી રહે છે. (૧૪૯)

૨૪. લેશ્યા ઔદયિક ભાવનો એક પ્રકાર છે. કર્મ(મોહનીય આદિ) નો ઉદય તે દ્રવ્ય કર્મનો ઉદય છે. લેશ્યા બે પ્રકારે છે – દ્રવ્ય અને ભાવ. દ્રવ્ય લેશ્યા તે દ્રવ્ય કર્મ છે તેથી દ્રવ્ય લેશ્યાનો એક સરખો ઉદય હોય છે પણ ભાવ લેશ્યા અંતર્મુહૂર્ત (અંતર્મૂહરત) માં ફરે છે.(૧૫૦)

૨૫. જીવનો સંકોચ થાય તો પણ જીવ અસંખ્યાત પ્રદેશી જ રહે છે. નિગોદમાં પણ એક પ્રદેશ જેટલો થતો નથી, અસંખ્યાત પ્રદેશી જ રહે છે. જેમ ચામડું ભીનું હોય ત્યારે વિસ્તાર પામે અને સુકાય ત્યારે સંકોચ પામે તો પણ તેના પ્રદેશો તો જેટલા હોય તેટલા જ રહે છે. તેમ જીવ પણ જે શરીર સાથે રહે છે તે પ્રમાણે તેનો સંકોચ વિસ્તાર થાય છે. (૨૦૮)

૨૬. કાળ દ્રવ્યનો વર્તના ગુણ છે અને સમય તેની પર્યાય છે. જેમ જ્ઞાન(ઉપયોગ) એ જીવનો અસાધારણ ગુણ છે અને જીવનું લક્ષણ છે, તેમ વર્તના એ કાળ દ્રવ્યનો અસાધારણ ગુણ છે અને તે કાળ દ્રવ્યનું લક્ષણ છે. (૨૩૫)

૨૭. શુભ અશુભ કર્મ બંધનું કારણ છે માટે શુભયોગ કે અશુભયોગ માનવું બરાબર નથી. આમ માને તો શુભ કર્મથી અશુભ એવા જ્ઞાનાવરણ આદિ કર્મનો બંધ પડે તે બનશે નહિ. માટે શુભ પરિણામના નિમિત્તથી જે મન-વચન-કાયાની ક્રિયા શુભ થાય તે શુભયોગ છે. તેજ પ્રમાણે અશુભ પરિણામના નિમિત્ત થી મન-વચન-કાયા ની અશુભ ક્રિયા થાય તે અશુભયોગ છે. શુભયોગ તે ભાવ પૂણ્યાશ્રવ છે અને અશુભયોગ ભાવ પાપાશ્રાવ છે. (૨૩૯)

૨૮. જ્ઞાન દર્શનનો તથા તેના સાધનોનો નાશ કરવો, વિચ્છેદ (અંતરાય), વિનય અને પ્રશંસા ન કરવા (આસાદન), અજ્ઞાન સમજી નાશની ઈચ્છા કરવી (ઉપઘાત), જ્ઞાનનું ન આપવું (માત્સર્ય), જ્ઞાનનો અપલાપ કરવો (નિહ્નવ), જ્ઞાનના કીર્તન વખતે તે પ્રત્યે ઈર્ષા ભાવ રાખવો (પ્રદોષ) [આવા વર્તન ને કારણે ભવિષ્યમાં જીનવાણી પ્રાપ્ત ન થાય.] (૨૪૫)

૨૯. સત્ નો અનાદર દર્શન મોહનું કારણ છે. સત્ નો અનાદર એટલે દેવ, ગુરુ, શાસ્ત્ર અને ધર્મનો અનાદર. (૨૪૮)

૩૦. હિંસા,અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય તથા પરિગ્રહ આ દોષો છે. આ દોષો પાપનું (અપાયનું) તથા (અવદ્ય) નિંદા નું કારણ છે – એવી ભાવના કરવી, એવો વિચાર ફરી ફરી કરવો જેથી દોષોથી પાછા પડાય (સૂત્ર ૯) વળી તે દુઃખ રૂપ છે, દુઃખ ના કારણો છે – એવી ભાવના પણ કરવી.(સૂત્ર-૧૦) (૨૬૧)

૩૧. સંવેગ અને વૈરાગ્ય નું કારણ જગત સ્વભાવનું તથા શરીર સ્વભાવનું ચિંતન છે.(૨૬૩)

૩૨. ઈચ્છાપૂર્વક કષાય સહિતની હિંસા તે હિંસા છે તથા ઈચ્છાપૂર્વક કષાય સહિત બીજાને દુઃખ દેવાની પ્રવૃત્તિ તે પણ હિંસા છે.

૩૩. નામ કર્મની ૪૨ પ્રકૃતિ અહીં કહી છે, જો ભેદ કરવામાં આવે તો ૯૩ થાય. આયુની-૪, ગોત્રની-૨, વેદનીયની-૨ અને ઘાતીની-૪૭, કુળ-૧૪૮ છે. (૨૯૫)

૩૪. પ્રકૃતિ અને પ્રદેશ બંધનું સંક્રમણ થાય છે અને સ્થિતિ બંધ તથા અનુભાગ બંધનું ઉત્કર્ષણ-અપકર્ષણ થાય છે. સંક્રમણ મૂળ પ્રકૃતિનું થતું નથી – અવાન્તર પ્રકૃતિનું થાય છે. (૩૦૫)

૩૫. સૂત્ર ૮ માં સંવરના માર્ગથી ચ્યુત ન થવા માટે પરિષહો સહન કરવા તેમ પાઠ છે. ટીકામાં સંવર માર્ગના સતત અભ્યાસરૂપ પરિચયથી કર્માગમન દ્વારને સંવૃત કરે તે કર્મની નિર્જરા કરી મોક્ષ પ્રાપ્ત કરે છે – તેમ લખ્યું છે. સંવર માર્ગ તો શુદ્ધ પરિણામ રૂપ છે અને સ્વરૂપમાં વારંવાર સ્થિર થવાના અભ્યાસથી કર્મ આવાગમન બંધ થઇ નિર્જરા થાય છે, સ્વરૂપમાં સ્થિરતામાં દુઃખ સહન કરવાનું નથી તેથી અહીં સૂત્રમાં 'પરિષોઢવ્યા' શબ્દ છે. દુઃખ સહન કરવાથી સ્વરૂપ સ્થિરતા ન થાય. સ્વરૂપ સ્થિરતાથી પરિષહ ને જીતવાનું કહ્યું છે. ક્ષુધા પરિષહની ટીકામાં ભિક્ષા લાભ કરતાં અલાભને વિશેષ ગુણકારી માનવો અને ક્ષુધાજન્ય બાહ્યનો વિચાર પણ કાઢી નાખી તેનો જય કરવો. વળી પિપાસા પરિષહ ની ટીકામાં સ્પષ્ટ લખ્યું છે કે સમાધિરૂપ જળથી પિપાસા શાંત કરવી. શીત પરિષહ માટે ટીકામાં લખ્યું છે કે જ્ઞાન ભાવનારૂપ ગર્ભાગાર માં નિવાસ કરી શીત પરિષહ જય કરવો. ટૂંકમાં કહીએ તો, સ્વભાવ ભાવમાં સ્થિરતા કરી પરિષહો જીતવા એમ કહેવાનો આશય છે. આ અભ્યાસમાં સ્થિરતા ન થાય તેવા કોઈ વખતે શાંતિથી દુઃખ સહન કરવાની વાત આવી જાય છે. મુખ્ય રૂપથી તો મુનિને પરિષહ જય હોય છે.

૩૬. ક્ષુધા, તૃષ્ણા, શીત, ઉષ્ણ, દંશ મશક, નગ્નતા, અરતિ, સ્ત્રી, ચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણ સ્પર્શ, મળ, સત્કાર-પુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને અદર્શન એ બાવીશ પરિષહો છે.

૩૭. પ્રજ્ઞા તથા અજ્ઞાન - આ બે પરિષહો જ્ઞાનાવરણીયના સદભાવમાં હોય છે. (સૂત્ર-૧૩). પ્રજ્ઞા પરિષહ એટલે પોતાને (સાધુને - જ્ઞાની સાધુને) જ્ઞાન થોડું હોવા છતાં માને કે હું બહુ જ્ઞાની છું અને અજ્ઞાન પરિષહ એટલે પોતાને જ્ઞાન ઓછું હોય તેથી સંતાપ થાય તે. (૩૩૦)

૩૮. અદર્શન(ચલ-મલ-અવગાઢ રૂપ) પરિષહ દર્શનમોહની સમ્યક્ મોહનીય ના સદભાવમાં અને અલાભ વિર્યાન્તરાયના સદભાવમાં હોય છે. (સૂત્ર-૧૪)

૩૯. નગ્નતા, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના તથા સત્કાર-પુરસ્કાર- આ સાત પરિષહો ચારિત્ર મોહનીયના સદભાવમાં હોય છે. (સૂત્ર-૧૫)

૪૦. ક્ષુધા, તૃષ્ણા, શીત, ઉષ્ણ, દંશ મશક, ચર્યા, નિષદ્યા, શય્યા, વધ, રોગ, તૃણ સ્પર્શ તથા મળ – આ અગિયાર પરિષહો અશાતા વેદનીયના સદભાવમાં (એટલે કે ઉદયથી) હોય છે.(સૂત્ર-૧૬) (૩૨૦-૩૨૧)

૪૧. પરિષહો શાંતિથી સહન કરવા – પરિષહો ઉપર જય મેળવવો તે પણ તપ છે. સંવરના માર્ગથી ન પડવા તથા નિર્જરા માટે પરિષહો સહન કરવા.(સૂત્ર-૮) નિર્જરા તપથી થાય છે, તેથી પરિષહો સહન કરવા તે પણ તપ છે.(૩૨૪)

૪૨. દુ:ખમાં એકાગ્ર થવું તે આર્ત ધ્યાન

૪૩. ક્રૂર ભાવમાં કે ક્રૂર ભાવના નિમિત્તે થતાં કર્મમાં એકાગ્ર થવું તે રૌદ્ર ધ્યાન. પરને પીડા કરવાના ભાવમાં એકાગ્ર થવું તે રૌદ્ર ધ્યાન.(૩૪૧)

૪૪. આર્ત ધ્યાન મનનો વિષય છે – સતત કોઈ માટે ચિંતાયુક્ત રહેવું. (૩૪૨)

૪૫. સ્મૃતિ સમન્વાહાર એટલે વારંવાર વિચાર કરવો (ગુજરાતી મોક્ષશાસ્ત્ર સોનગઢ). સ્મૃતિ એટલે યાદ – મનમાં યાદ આવવું – તે સંબંધીનો વિચાર આવવો. સમન્વા એટલે સારા મન દ્વારા – સ્વસ્થ મન દ્વારા, અને હાર એટલે એક પછી એક હારબંધ – ફરી ફરી – વારંવાર. સમન્વાહાર એટલે ચિંતા સાતત્ય = ચિંતા દૂર કરવાનો સંકલ્પ, દૂર કરવાનો પ્રબંધ તથા તે વાતની સ્મૃતિ થવી, તે દૂર કરવા સબંધી ચિંતા કરવી વિચારણા કરવી.

૪૬. મુમુક્ષુઓનુ – જ્ઞાનીઓનું ધર્મ સંબંધી જે ચિંતન છે તે પણ આજ્ઞા વિચય ધર્મધ્યાન છે. પ્રભુ આજ્ઞા યથાર્થ છે તે દૃઢ કરવા નય, પ્રમાણ, નિક્ષેપ તથા અનુભવનો સહારો લઇ સતત ચિંતન કરે છે તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે.(૩૪૪)

૪૭. પ્રણિધાન એટલે વીતરાગને અંતરમાં સ્થાપી સર્વ ભાવે સમર્પણ કરવું.(૩૬૧)

૪૮. કાળ લબ્ધિ – [૧] અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ જે ભવ્ય જીવને સમ્યક્ત્વ પ્રગટ કરવા બાકી રહ્યો હોય તે કાળ લબ્ધિ.(૧૦૭) [૨] જે સમયે જે કાર્ય થાય તે તેની કાળ લબ્ધિ.(મો.મા.પ્રકાશક) [૩] કર્મની સ્થિતિ સંખ્યાત હજાર સાગરોપમ ઓછી અંતઃ કોડા કોડી સાગર કર્મ બાકી રહે તે કાળ લબ્ધિ. [૪] એક કાળ લબ્ધિ ભવની અપેક્ષાએ છે – જે ભવ્ય છે, સંજ્ઞી છે, પર્યાપ્ત છે, સર્વ વિશુદ્ધ છે.(૧૦૮)

## શબ્દાર્થ

૧. વૃત્તિ = પદ ઉપરની વિસ્તૃત વ્યાખ્યા (પ્રસ્તાવના)

૨. સ્વામિત્વ = આધિપત્ય (૧૬)

3. અધિકરણ = આધાર – અધિષ્ઠાન (૧૬)

૪. અધિગમ = પદાર્થનું જ્ઞાન

૫. નિર્દેશ = કથન કરવું. [કોનું કથન કરવું? સ્વરૂપનું] (૧૬)

૬. અનુશાસન = શિક્ષા [શિસ્ત]

૭. જગ શ્રેણી = સાત રજુ લાંબી અને એક પ્રદેશ પ્રમાણ પહોળી આકાશ પ્રદેશ પંક્તિ.(૨૫) [આકાશ પ્રદેશની લાંબી અને પહોળી પંક્તિ, શ્રેણી X શ્રેણી=પ્રતર]

૮. જગપ્રતર = જગતશ્રેણી X જગતશ્રેણી = જગત પ્રતર (૨૫)

૯. કોટિ પૃથક્ત્વ = ૪ થી ૮ કરોડની સંખ્યા [3 થી વધુ અને ૪ થી નીચેની સંખ્યા]

૧૦. સામાન્ય સંખ્યા = તે તે ગુણસ્થાનમાં બતાવેલ જીવની સંખ્યા (૨૭)

૧૧. કેવળજ્ઞાન = અસહાય જ્ઞાન – બાહ્ય અભ્યંતર તપ દ્વારા માર્ગ સેવન (૬૬)

૧૨. પ્રત્યક્ષ = [પ્રતિ + અક્ષ] અક્ષ એટલે આત્મા. આત્માને બાહ્ય ઇન્દ્રિય આદિ નિમિત્ત વિના જ્ઞાન થાય તે. (૭૨)

૧3. ઇન્દ્ર = આજ્ઞા અને ઐશ્વર્ય વાળા (૭૫)

૧૪. લિંગ = નિમિત્ત, ગુઢ પદાર્થોનું જ્ઞાન કરાવે તે લિંગ (૭૫)

૧૫. નિમિત્ત = કારણ – પ્રત્યય (૮૭)

૧૬. દ્રવ્ય = સામાન્ય, ઉત્સર્ગ, અનિવૃતિ (૮૮)

૧૭. પર્યાય = વિશેષ, અપવાદ, વ્યાવૃતિ (૮૮)

૧૮. નિબંધ = જોડવું – સંબંધ

૧૯. લબ્ધ રૂપ જ્ઞાન = પ્રાપ્ત રૂપ જ્ઞાન [ભલે તે ઉપયોગ રૂપ ન હો. જીવને એકી સાથે ચાર જ્ઞાન હોઈ શકે છે પણ ઉપયોગ રૂપ એક જ્ઞાન હોય છે બાકીના લબ્ધ રૂપ હોય છે.] (૯૫) અને લબ્ધરૂપ પર્યાય = નિશ્ચળ પર્યાય, જ્ઞાનની જ્ઞાનધારા રૂપ લબ્ધ પરિણતિ.(હ)

૨૦. વિપર્યય = મિથ્યા (૯૬)

૨૧. સત = વિદ્યમાન      અસત = અવિદ્યમાન (૯૬)

૨૨. તત્વ = જે વસ્તુનો જે ભાવ તે તત્વ (૧૦૬)

૨૩. સંસરણ = પરિવર્તન (૧૧૬)

૨૪. રૂચક પ્રદેશ = જે સ્થિર રહે છે તેવા આઠ રૂચક પ્રદેશ. (૧૨૫)

૨૫. દશ પ્રાણ – મન, વાણી, કાયા, પાંચ ઇન્દ્રિયો, શ્વાસોશ્વાસ અને આયુષ્ય.

૨૬. છ પર્યાપ્તિ – આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન.(૧૨૩)

૨૭. સંજ્ઞા = સંસ્કાર (હ) (૨), મતિજ્ઞાન (૭૪), નામ, જ્ઞાન, આહાર આદિની ઈચ્છા. (૧૩૦)

૨૮. યોગ = વચનવર્ગણા, કાયવર્ગણા તથા મનોવર્ગણા ના નિમિત્તથી આત્મ પ્રદેશનું ચલન(કંપન) તે યોગ.(૧૩૧)

૨૯. વિગ્રહ = શરીર - વિગ્રહ ગતિ એટલે શરીર માટે કરવામાં આવતી ગતિ, તેને વ્યાઘાત (કુટિલતા) પણ કહે છે. વિગ્રહ ગતિમાં કાર્મણકાય યોગ હોય છે. તેમાં કર્મ ગ્રહણ થાય છે પણ નોકર્મરૂપ પુદ્ગલ ગ્રહણ થતાં નથી. (૧૩૨)

૩૦. આહાર = ત્રણ શરીર તથા છ પર્યાપ્તિ ને યોગ્ય પુદ્ગલ ગ્રહણ.(૧૩૩)

૩૧. સમ્મૂર્ચ્છન = ચારે દિશામાંથી શરીર યોગ્ય પુદ્ગલનું શરીર રચવા માટે ગ્રહણ.

૩૨. શરીર = શીર્યંતે – ગળે છે તે શરીર. (૧૩૪)

૩૩. સંસ્થાન = આકૃતિ [આકાર]

૩૪. સંખ્યાતીત ને અસંખ્યેય કહે છે અને જેનો ગુણાકાર અસંખ્યાત છે તેને અસંખ્યગુણા કહેવાય છે. (૧૩૮)

૩૫. લબ્ધિ = તપ વિશેષ થી પ્રાપ્ત રિદ્ધિ (૧૪૨)

૩૬. પર = ઉત્કૃષ્ટ (૧૬૩)

૩૭. અનુભવ = ઉપભોગ

૩૮. અવગાહના = આત્મપ્રદેશોમાં [અથવા આકાશના પ્રદેશોમાં] વ્યાપીને રહેવું.

૩૯. માર્ગણા = જે ધર્મ વિશેષોથી જીવનું અન્વેષણ (શોધ) કરવામાં આવે તે ધર્મ વિશેષો તેને માર્ગણા કહે છે. તેના ચૌદ ભેદ છે. ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞીત્વ અને આહારત્વ.

૪૦. પૂર્વ = ૭૦૫૬૦૦૦ કરોડ વર્ષ. વિદેહમાં એક કરોડ પૂર્વનું આયુષ્ય હોય. (૧૬૫) પલ્યોપમ ના ત્રણ પ્રકાર છે, વ્યવહારપલ્ય, ઉદ્ધારપલ્ય અને અદ્ધારપલ્ય. [તેના વિશે માહિતી માટે શાસ્ત્ર માં જુઓ પાનું ૧૭૦.]

૪૧. આર્ય = ગુણવાળા કે ગુણવાળા દ્વારા માન્ય. તેના બે ભેદ રિદ્ધિ પ્રાપ્ત આર્ય અને રિદ્ધિ રહિત આર્ય. મનુષ્યના બે ભેદ આર્ય અને મ્લેચ્છ. ષટખંડાગમ માં મનુષ્યના બે ભેદ કર્મભૂમિજ અને અકર્મભૂમિજ (ભોગભૂમિજ) છે.(૧૬૭-૧૬૮)

૪૨. પરિગ્રહ = લોભ કષાયના ઉદયથી વિષયોનો સંગ કરવો તે પરિગ્રહ. (૧૮૫)

૪૩. પારિણામિક = પરિણામનાર [જેના ઉત્પાદ-વ્યય નથી તે ધ્રુવ] (૨૨૯)

૪૪. અપ્રશસ્ત = હિંસારૂપ – અશુભ (૨૩૫)

૪૫. પરિણામ = સમયે સમયે બદલવું તે પરિણામ.  તદભાવ – પરિણામ (૨૩૭)

૪૬. પ્રચય = પરિણમન ક્રિયા (૨૩૭)

૪૭. પરિસ્પંદન = હલન ચલન (૨૩૮)

૪૮. આલંબન = નિમિત્ત (૨૩૯)

૪૯. સંપરાય = સંસાર. (૨૪૦)    સાંપરાય = કષાય

૫૦. વીર્ય = દ્રવ્યની શક્તિ વિશેષ – બળ. (૨૪૨)

૫૧. નિસર્ગ = સહજ. પ્રવર્તન અર્થ પણ થાય, મન-વચન-કાયાનું પ્રવર્તન (૨૪૪

૫૨. નિક્ષેપ = ૧) સ્થાપના (૨૪૪) – ૨) ભેદ, નામ, દ્રવ્ય ભાવ

૫૩. નિહ્નવ = જ્ઞાનનો અપલાપ (૨૪૫)

૫૪. સંયમ = પ્રાણી અને ઇન્દ્રિય ના વિષયમાં અશુભ પ્રવૃત્તિનો ત્યાગ (૨૪૮)

૫૫. ઉદય = વિપાક (૨૪૯)

૫૬. અપાય = સ્વર્ગ અને મોક્ષની પ્રયોજક ક્રિયાનો વિનાશ કરવા વાળી પ્રવૃત્તિ

૫૭. સંવેગ = મોક્ષ, તેનો ઉપાય અને ફળમાં પ્રીતિ(હ), સંસારથી ભય (૨૬૩)

૫૮. સત્વ = જીવ (૨૬૩) [સત્વેષુ મૈત્રી]

૫૯. પ્રમાદ = કષાય સહિત અવસ્થા (૨૬૪), સારું કાર્ય કરવામાં આદરભાવ નો અભાવ તે પ્રમાદ (૨૮૩) - ૫ ઇન્દ્રિય વિષય, ૪ કષાય, ૪ વિકથા, નિંદા, આળસ.

૬૦. સંકલ્પ = આ મારું છે – તે સંકલ્પ, [નિર્ધારિત અધ્યવસાન] (૨૬૮)

૬૧. શીલ = ગૃહસ્થના બાર વ્રતમાંથી પ્રથમ પાંચ અણુવ્રત સિવાયના જે વ્રત છે તે શીલ વ્રત કહેવાય છે. તે પાંચ અણુવ્રત ની રક્ષા કરે છે. (૨૭૫) વળી શિયળ, સંયમ, બ્રહ્મચર્ય વ્રત ને પણ શીલ કહે છે.

૬૨. અહિંસા = રાગની ઉત્પત્તિ ન થવી તે અહિંસા.(૨૭૪)

૬૩. કંદર્પ = તીવ્ર રાગ સહિત અસભ્ય વચન બોલવા.(૨૭૯)

૬૪. સચિત્ત = ચિત્ત સહિત, ચેતના સહિત દ્રવ્ય.(૨૮૦)

૬૫. અનાદર = (આવશ્યક) ક્રિયામાં અનુત્સાહ.(૨૮૦)

૬૬. આશંસા = ચાહના (૨૮૧)

૬૭. અનુગ્રહ = પોતાનો અને પર નો ઉપકાર કરવો.(૨૮૧)

૬૮. અતિસર્ગ = ત્યાગ (૨૮૧)

૬૯. અવિરતિ = છકાયની હિંસા અને છ ઇન્દ્રિય વિષયોની પ્રવૃત્તિ-૧૨પ્રકાર(૨૮૪)

૭૦. ભવ્ય = જેના અનાદિ સાંત ભવ થાય તે (૨૯૦)

૭૧. અભવ્ય = જેના અનાદિ અનંત ભવ થાય તે (૨૯૦)

૭૨. શુભ = પ્રશસ્ત (૩૦૭)

૭૩. ગુપ્તિ = સંસારના કારણોનું ગોપન તે ગુપ્તિ, ગોપન = રક્ષણ (૩૧૧)

૭૪. સંસાર = ભવાન્તરોની પ્રાપ્તિ (૩૧૬) પંચ પરાવર્તન રૂપ સંસરણ

૭૫. ધર્મનું લક્ષણ અહિંસા.(૩૧૯)

૭૬. સંવૃત = રોકવું, સંકોચવું, ખેંચી લેવું – કાચબો અંગોને સંકોચે છે તેમ (૩૨૨)

૭૭. ચલ, મળ, અગાઢ એવા દોષ (૩૩૧)

૭૮. આમ્નાય = ઉચ્ચારની શુદ્ધિ પૂર્વક ફરી ફરી પાઠન-બોલવું.(૩૩૯)

૭૯. વ્યુત્સર્ગ = બાહ્ય અભ્યંતર ઉપાધિ નો ત્યાગ.(૨૩૯)

૮૦. ઋત = દુઃખ અને આર્ત = પીડા (૩૪૧)

૮૧. ચિંતા = ચિંતવન. ચિંતા કરવી = ચિંતવન કરવું, વિચાર કરવો.(૩૪૨-૩)

૮૨. મનઃધાન = નિરંતર ચિંતા કરવી, ઓતપ્રોત થવું, એકરૂપ થવું.(૩૪૩)

૮૩. વિચય = વિવેક વિચારણા(૩૪૪) વિચારણા એટલે નય પ્રમાણ આદિથી સતત ચિંતન.

૮૪. ઉદય = કાળ પ્રાપ્ત કર્મ પરમાણુ ના અનુભવને ઉદય કહે છે.

૮૪. ઉદીરણા = અકાળ પ્રાપ્ત કર્મ પરમાણુ ના અનુભવને ઉદીરણા કહે છે. ઉદયાવલી ની બહાર સ્થિત પરમાણુઓ કષાય સહિત અથવા કષાય રહિત યોગ સંજ્ઞા વાળા વિશેષ વીર્ય દ્વારા ઉદયાવલી માં લાવી ઉદય પ્રાપ્ત પરમાણુઓ સાથે અનુભવ કરવો.

૮૫. શ્રુત કેવળી = પૂર્વ વિદ (૩૪૭)